
પ્રાર્થના

આચાર્ય વિરાગચન્દ્રસાગર



પ્રાર્થના

: આલેખક :

પૂ. આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.ના વિનેય

પૂ. આ. શ્રી જિન-હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના પ્રભાવક શિષ્યરત્ન

પૂ. આચાર્યશ્રી વિરાગચન્દ્રસાગરસૂરિજી મ.સા. "હેમાંશ"

: પ્રકાશક :

આગમોદ્ધારક પ્રતિષ્ઠાન

અયોધ્યાપુરમ્ તીર્થ

પ્રાર્થના

ISBN : **978-93-48101-73-0**

લેખક : હેમાંશ

સ્વર સંવેદન : જ્હોની શાહ, મુંબઈ

ચિત્રાંકન : અંકુર સૂચક

પ્રકાશક : આગમોદ્ધારક પ્રતિષ્ઠાન, અયોધ્યાપુરમ્ તીર્થ

આવૃત્તિ : પ્રથમ – વિ.સં. ૨૦૮૨, ઈ. સ. ૨૦૨૬

પ્રત : ૩૦૦

કિંમત : ₹ ૪૯૯.૦૦

All rights reserved and protected under International Copyright Conventions. No part of this book may be reproduced, recreated, modified or utilised in any form or by any means, electronic or mechanical, including photocopying, recording, republishing, posting on any and all social media platforms or otherwise for any commercial purpose or by any information storage and retrieval system without prior permission in writing from the publisher.

પ્રાપ્તિસ્થાન : ૧ **જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ્**
નવાગામ ઢાળ, તા. વલભીપુર,
જિ. ભાવનગર-૩૬૪૩૧૩
મો. ૯૮૨૪૭૪૧૦૬૨, ૭૫૬૭૨ ૨૫૩૪૫

૨ **જ્ઞાનની બારી**
જી-૧, લાભ કોમ્પલેક્ષ, સત્તરતાલુકા સોસાયટી,
સી.યુ. શાહ કોલેજ સામે, નવજીવન, અમદાવાદ.
મો. ૯૪૦૮૩૭૧૨૦૬

મુદ્રક : **કિરીટ ગ્રાફીક્સ-અમદાવાદ**
મો. ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧

પ્રાર્થનાનું સમર્પણ
સમર્પણ ની પ્રાર્થના.

પ્રીતીમય હૃદયને જેમાંથી
સતત પ્રાર્થના ઉગે છે.

કરુણામય પરમને જ્યાંથી
સતત પ્રસાદ વરસે છે...

મારા સદ્‌ગુરુ પૂ.આ. ગુરુદેવશ્રી જિનચન્દ્રસાગરસૂરિ મ.
પૂ.આ. ગુરુદેવશ્રી હેમચન્દ્રસાગરસૂરિ મ.ની કૃપાને
જેમણે મારા પૂ. પિતાજીને સંયમ આપ્યું.
મારા પૂ. પિતા – મુનિરાજ શ્રી કૈલાસચંદ્રસાગરજી મ.ની
પ્રાર્થનાને જેમણે મને સદ્‌ગુરુનું શરણું આપ્યું...

સ...મ...પ...ણ...

પ્રાર્થનાપ્રેમી પરિવાર



“श्रद्धा” से “अर्पण”

संपूर्ण

“समर्पण”

विनायक्या परिवार

खिड़किया (म.प्र.)



અનુપ્રેક્ષાની અનુકરણીય વાત



આ. હેમચન્દ્રસાગર સૂરિ.

જિનશાસનમાં સ્વાધ્યાયનું પાસું ખાસું ઊંચું બતાવ્યું છે. એટલું જ નહિ દેખીતી રીતે કોઈ તપ નહિ હોવા છતાં એને શ્રેષ્ઠ તપ તરીકે નવાજ્યું છે. આવું ફરમાવતાં મહાપુરુષના શબ્દો છે,

'स्वाध्यायः परमं तपः' । સ્વાધ્યાય એ શ્રેષ્ઠ તપ છે. આવા સ્વાધ્યાયને મેળવવાના પાંચ રસ્તા છે :

(૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્તના, (૪) અનુપ્રેક્ષા, (૫) ધર્મકથા...

વાચના : એટલે ગુરુદેવ પાસેથી વિધિપૂર્વક અને વિનયપૂર્વક જે પાઠ લેવો એ...

પૃચ્છના : મેળવેલા પાઠમાં કંઈ ન સમજાય અથવા મૂંઝવણ થાય એને દૂર કરવા ગુરુદેવને વંદન-બહુમાન પૂર્વક સમાધાન માટે પૂછવું અથવા સ્પષ્ટીકરણ કરવું તે...

પરાવર્તના : ગુરુદેવ પાસે જે સૂત્ર કે અર્થનો પાઠ લીધો હોય એ લાંબા સમય ટકી રહે એ માટે એ પાઠનું વારંવાર પરાવર્તન-પુનરાવર્તન અર્થાત્ એ લીધેલા પાઠનું વારંવાર સ્મરણ કરવું જેથી કરેલો અભ્યાસ સિદ્ધ થઈ જાય... એને શાસ્ત્રકાર ભગવંતોએ સરસ ઉપમા આપી છે. 'સ્વનામવત્' અર્થાત્ જે રીતે મનુષ્યને પોતાનું નામ યાદ રહે કે ભરનિદ્રામાં પણ એનું નામ દેતાં સફાળો જાગી જાય છે એ રીતે કરેલો સ્વાધ્યાય સ્થાયી થઈ જાય....

અનુપ્રેક્ષાઃ આ બહુ મહત્વનો સ્વાધ્યાય છે. આમાં આપણો ક્ષયોપશમ (આત્મજ્ઞાનનો ઉઘાડ) જેટલો વધારે એટલી આપણી ચિન્તન શક્તિ વધારે. એ સમજવા આપણે ત્યાં ગણધર ભગવંતોનું સ્મરણ થઈ આવે છે કે જ્યારે એ પુણ્યાત્માઓ સંસારનો સર્વપરિત્યાગ કરે ત્યારે એની પ્રક્રિયામાં વેષ પરિવર્તન અને કેશલુંચનનું વિધાન જે આવે છે તે ક્ષણે એમના પરમગુરુ તીર્થંકર પરમાત્મા ઉત્તમ કક્ષાના ચંદનાદિ પદાર્થોમાંથી બનાવેલા દિવ્ય વાસચૂર્ણને ઉત્તમ થાળમાં ઇન્દ્ર મહારાજા પ્રભુની સામે ધરે છે. એમાંથી એક મુઠ્ઠીભરી એ વાસચૂર્ણ ગણધર ગુરુદેવના શિર પર પ્રક્ષેપ કરે છે એના પ્રભાવથી એ ગણધર ભગવંતોનો જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનો એવો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ થાય છે. જેના પ્રભાવે આત્માની

જ્ઞાનશક્તિ પ્રકાશિત થાય છે. અને એ જ પ્રકાશનાં ઉજાસમાં ચૌદ પૂર્વ તથા આખી દ્વાદશાંગીની રચના કરાઈ છે. એ એટલું અગાધ જ્ઞાન હોય છે કે જેનો કોઈ પાર ન પમાય ! અને ત્યારથી એના આધારે આ જિનશાસન ચાલે. જેને આજે પચીસોથી વધુ વર્ષ થયાં. છતાં એ પરંપરાગત રીતે આજે પણ સુરક્ષિત છે. એનું કારણ આ અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાય છે.

આત્મા પર વળગેલા જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મની જેટલી પણ આડ દૂર થાય એટલો જ્ઞાન પ્રકાશ વધુ પ્રકાશિત થાય છે. એટલી આપણી જ્ઞાન શક્તિ, સ્મૃતિ શક્તિ વધે છે.

આ દ્વાદશાંગીના રચયિતા પૂજ્ય ગૌતમસ્વામી આદિ અગિયારે ગણધર ભગવંતોના અનુપ્રેક્ષા નામના સ્વાધ્યાયના આધારે દ્વાદશાંગી રચાય છે. આ સ્વાધ્યાય સૂત્ર અને અર્થથી માત્ર કંઠસ્થ કરવાનો હોય છે, લખવાની - વાંચવાની પરિપાટી આ સ્વાધ્યાયમાં નથી હોતી! શિષ્ય ગુરુ પાસે આવે વિનમ્ર ભાવે વંદન કરી શિક્ષા ગ્રહણ કરતાં હોય એ પણ ત્રણ વાર એ પાઠ કંઠસ્થ કરી સંભળાવે. પછી એ પાઠનું વિસ્મરણ ન થાય એની પૂરી સાવધાની વરતતા હોય છે. આમ જ પરંપરા ચાલતી રહી છેક ૯૮૦ વર્ષ સુધી...

તે અરસામાં પૂજ્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પૂર્વધર મહાપુરૂષ થયા. તેઓશ્રીએ તત્કાલીન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈ વિચાર્યું કે ગણધર પ્રભુ શ્રી સુધર્માસ્વામીજીની રચેલી દ્વાદશાંગી અત્યારે છિન્ન ભિન્ન બનેલી છે. જો એની સુરક્ષાનો વિકલ્પ નહિ વિચારાય તો પરમાત્માના ગણધર ભગવંતો રચિત દ્વાદશાંગી નામશેષ થઈ જશે. એનો બીજો વિકલ્પ અપનાવવો જ પડશે. એ માટે તત્કાલીન જેટલા પણ શ્રુતધરો હતાં તે સર્વને વલભીપુરમાં સંમિલિત કર્યા. એમાં ૫૦૦ આચાર્ય ભગવંતોની સંખ્યા હતી. અને સર્વાનુમતિથી શેષ બચેલા શ્રુતને તાડપત્રી પર ઉલ્લેખિત કર્યા. આ જબરદસ્ત શકવર્તી કાર્ય ૧૩ વર્ષ સુધી ચાલ્યું. લગભગ એક અબજથી વધુ શ્લોક તે વખતે લખાયાં. ત્યારથી શ્રુતને પત્રો પર લખવાનું શરૂ થયું.

તે પછી વારંવાર ક્ષેત્રીય-માનવીય આક્રમણો થયાં છતાં સંતોષ માનવા જેવી વાત એ હતી કે આત્મકલ્યાણ માટે આવશ્યક શ્રુત આજે પણ ઉપલબ્ધ છે. એમાં વળી તકલીફની વાત એ આવી કે મૂળભૂત આગમિક પદાર્થોના આધારભૂત જે શાસ્ત્રો/આગમો છે એમાં હસ્તક્ષેપ થવા લાગ્યો ને આગમોનું વાસ્તવિક સ્વરૂપ બદલાવા લાગ્યું. એથી મૂળભૂત પાઠોમાં હસ્તક્ષેપ થતાં ભવિષ્યમાં મોટી તકલીફ ઉભી થવાની વકીને દૂર કરવા પૂર્વધર

મહાપુરૂષ પૂજ્ય દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીનો આદર્શ લઈ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય ભગવંતશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે દૂરંદેશિતા વાપરી આગમ-શાસ્ત્રોને ત્રણ પ્રકારે સુરક્ષિત કરી દીધાં.

૧. આગમોને ટીકા, ભાષ્ય, ચૂર્ણિ સાથે છપાવવા.,

૨. મૂળ આગમોને આરસ-પહાણની શિલામાં ઉત્કીર્ણ કરાવી પાલિતાણામાં આગમ મંદિર બનાવ્યું.,

૩. આગમોને તામ્રપત્રો (તાંબાના પત્રો) પર ઉત્કીર્ણ કરાવી સુરતમાં આગમ મંદિર બનાવ્યું... આ રીતની આગમ સુરક્ષા કરી આવનાર આપત્તિને નિર્મૂલ કરાવી દીધી અને અવિચ્છિન્ન પરંપરાને સુરક્ષિત બનાવી દીધી...

મૂળમાં આપણી વાત એ છે કે પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં આ ચોથો અનુપ્રેક્ષાનો સ્વાધ્યાય ગાયના આંચળ જેવો છે. એને જેમ-જેમ દોહીએ તેમ-તેમ નવું ચિન્તનનું દૂધ પ્રગટ થતું જ જાય, એવું કામ છે અનુપ્રેક્ષાનું.....!

ધર્મકથા : પાંચમો સ્વાધ્યાય છે ધર્મકથાનુયોગ. ઉપરના સ્વાધ્યાયોમાં જે તત્ત્વ પ્રસ્તુત કરવામાં આવ્યું એની કઠિનાઈઓને દૂર કરવા માટે કથાવસ્તુનો જે ભાગ એને ધર્મકથાનુયોગ કહેવામાં આવે છે. જેમ કડવી દવા લેવા માટે નાસમજદાર વ્યક્તિ કે બાળ જીવ તૈયાર ન થાય તો પિપરમિન્ટ ચોકલેટ દ્વારા એ દવા વિના વિરોધ સહજતાથી ગળી જાય એમ તત્ત્વની દુર્ગમ વાતોને સમજવા માટે ધર્મકથાનુયોગ વિહિત માન્યો છે. એ જ્ઞાતાધર્મકથા નામના આગમ આદિ સૂત્રોમાં ગુમ્ફિત છે...

આવાં ચાર અનુયોગ (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુયોગ, (૪) ધર્મકથાનુયોગ... આ ચારેય અનુયોગને પોતાનામાં સમાવી ઉદિત થએલી વિચારધારા અહીં આ પુસ્તકમાં પ્રસ્તુત છે. સુવિનીત આત્મીય શિષ્ય આ. વિરાગચન્દ્રસાગર સૂરિજી સારા એવા ચિન્તક અને પ્રવક્તા સ્વરૂપે ઉભરી રહ્યા છે. આ પુસ્તકમાં એના ચિન્તનના ચમકારાં ચમકી રહ્યા છે. એકવાર આ પુસ્તક ઉદ્યાનમાં દિલચસ્પીથી જ લટાર લગાવજો. આમાં તમને લગભગ એવા ત્યાશી [૮૩] છોડ જોવા મળશે... જેના પર તમને વિવિધ ભમરાઓનું ગુંજન માનવાની મોકળાશ મળશે. એકાદ પણ ગુંજન તમારી સંવેદનાના તારને ઝંકૃત કરી જશે ને તો ય તમે મસ્તીથી ડોલી ઉઠશો...

• • •



પ્રાર્થના એટલે આસુંભીનો ઊજાસ...

“ધરતીનું ગજુ નથી આભને આંબી શકે,

ધરાનું ભાગ્ય ખરું આભને આમંત્રણ આપી શકે.”

પ્રાર્થનાનો ભાવ આ જ રીતે વ્યક્ત થતો હોય છે.

બિંદુનું ભાગ્ય સિંધુને આમંત્રણ આપવા માટે હંમેશ તત્પર જ હોય છે.

આચાર્યશ્રી અહીં અદૃશ્યના સાક્ષી થયા હોય તેવું પ્રતીત થાય છે.

પ્રભુરૂપી આભની વાત છે. અને આ આભના હસ્તાક્ષર પોતાના હૃદયમાં અંકિત થાય તેવી ઉત્કંઠા પ્રાર્થના સ્વરૂપે અહીં વિસ્તરી છે.

માનવ આનંદ માટે બહાર ભટકે છે. પણ જ્યારે સાચી તૃષ્ણા અંદરથી ઝરણાની જેમ ફૂટી નીકળે છે, ત્યારે તે પ્રાર્થના આંસુ બની છલકાય છે. જે સહજ હોય છે. કોઈ પ્રયાસ નથી હોતો. જેમ ફૂલ ખીલવામાં કોઈ પ્રયાસ નથી હોતો. આ સંગ્રહ કવિહૃદયનો પમરાટ છે.

એક પ્રાર્થનામાં સર્જક ‘કરુણાનિધાન’ને પોતાના ‘હું’ના ઘોંઘાટને શાંત કરવા કહે છે. ‘હું’ અને ‘તું’ની યાત્રાનો લોપ થવો એ જ પ્રાર્થના. ‘હું-કાર’થી ‘ઓમકાર’ સુધીની યાત્રા એ આ સંગ્રહનો આત્મા છે. બધી જ પ્રાર્થના કુમળા બોરસલ્લીના ફૂલની જેમ ધીમી-ધીમી મ્હેંક્યા કરે છે.

મનુષ્યની સાધના તેની પ્રકૃતિ મુજબ અલગ-અલગ હોય છે.

“સબકી પૂજા એક સી, અલગ અલગ હર રીત,

મસ્જિદ જાયે મૌલવી, કોયલ ગાએ ગીત.” (નિદા ફાઝલી)

અહીં આચાર્યશ્રી શબદના માણિગર છે. તેથી તેમની અભિવ્યક્તિ પ્રાર્થના સ્વરૂપે વહે છે. આ વહેવું ભીંજવી દે તેવું છે. મારી અંદરના ચિત્રકારને ઝંકૃત કરી દે છે. પ્રાર્થનાના ભાવો સ્પર્શે કે મારી આંગળીઓ તુલિકા બની નૃત્ય કરવા લાગે.

પ્રાર્થના અને ચિત્રોની જુગલબંધીથી સર્જાતું આ વિશ્વસંગીત ‘પથ્થરથી પુષ્પ બનવાની’ સહિયારી યાત્રા બની જાય છે.

આ પ્રાર્થનાઓમાં કવિવર ટાગોરના ગીતની સોડમ અનુભવાય છે. વિશ્વપ્રેમ, વિશ્વકલ્યાણ અને અંતરની શુદ્ધિ એ આ સંગ્રહનું હાર્દ છે.

આ પ્રાર્થનાઓ ખૂબ નાજુક છે. નાજુકાઈથી ભાવકને યાત્રા કરાવે છે.

આ યાત્રા છે. આકારથી નિરાકારની.

આ યાત્રા છે. પરિઘથી કેન્દ્ર તરફની.

આ યાત્રા છે સ્થૂળથી સૂક્ષ્મ તરફની.

પ્રાર્થના થકી પ્રત્યાહારની ભૂમિકા રચાય છે.

આ પ્રાર્થનાના આધારે ચિત્ર સર્જવામાં મારે પણ કર્તા મટી જવું પડે. તો જ ચિત્રકારિતાને ન્યાય મળે, આ પ્રાર્થનાને ન્યાય મળે. આવી તક મને આપી એ માટે આચાર્યશ્રીનો પણ ઋણી છું. કલ્યાણમિત્ર શ્રેણિકભાઈનો પણ આભાર.

૭ ઓક્ટોબર, ૨૦૨૫ **અંકુર સૂચક**
અમદાવાદ

•



પરમને પામવાના પગલાં



	૧.	શબ્દની દિવ્યતામાં દિવ્ય-વિચાર...	૧
	૨.	તૂને અપના હી ગમ દેખા હૈ તૂને કિતના કમ દેખા હૈ...	૨
	૩.	સાધના નમ્રતાની	૩
	૪.	થોડી ફુરસત કાઢી પ્રભુ ! તું આવ !!!	૪
	૫.	પ્રગટ્યો પૂરણ વચન-રાગ	૬
	૬.	“તું મને દેજે મારા પર આસ્થા ને આદર...”	૧૧
	૭.	તારું તેજ મારું તિમિર હરે...	૧૪
	૮.	તારા ઉપકારથી જ મારો ઉદ્ધાર	૧૫
	૯.	પાત્રતાનો પુરુષાર્થ પુરુષાર્થની પાત્રતા	૧૮
	૧૦.	ક્રૂરતાથી સાવધાન !!!	૧૯
	૧૧.	સંપર્કથી સ્પર્શની યાત્રા	૨૧
	૧૨.	‘હું તારા પગનું ઝાંઝર, થવું મારે તારા હૈયાનો હાર.’	૨૨
	૧૩.	પ્રભુ ! તું મારામાં ઊતર	૨૯
	૧૪.	સંકલ્પનો કાયા-કલ્પ	૩૧
	૧૫.	સાચી-તાજગી	૩૨
	૧૬.	પ્રાર્થના બનાવે એકમેક પ્રભુમાં	૩૩
	૧૭.	‘તારું શરણું મારું આંગણું...’	૩૫
	૧૮.	“મારી સ્તુતિઃ કંઠની કોરી રમત”	૩૯
	૧૯.	“તું મારું ધાર્યું ન કરે તો સાચો”	૪૧
	૨૦.	“તારા ચરણનું હું છું ઝરણ”	૪૩
	૨૧.	“હું ડંખીલું - કલંકી પંખી તારા આકાશનું”	૪૫
	૨૨.	“તું આપજે મારી આસ્થાને અખૂટ-આયખું”	૪૭
	૨૩.	હવે...’	૪૯
	૨૪.	અનંત-મિલન	૫૨
	૨૫.	ક્ષમાપના	૫૩

	૨૬. સઘળા સમાધાનનું રહસ્ય શ્રી નવકાર	૫૪
	૨૭. પ્રાર્થના એ જ ભક્તોનો પ્રાણ	૫૫
	૨૮. પ્રભુ ! તારો વિશ્વાસ આખા વિશ્વ પર આખું વિશ્વ તારા વિશ્વાસ પર.	૫૭
	૨૯. શાશ્વતનું અનુસંધાન આનંદનો આધાર	૬૦
	૩૦. કરવો છે ચૈત્યનો સાક્ષાત્કાર	૬૧
	૩૧. તારંગાનાથનો રંગ	૬૩
	૩૨. તુજ ચરણે સંકલ્પ-પુષ્પ	૬૪
	૩૩. કૃપા-દૃષ્ટિ તારી મારા માર્ગે હરિયાળી	૬૬
	૩૪. હયાતીની સાબિતી મને મળી ગઈ !	૬૮
	૩૫. ઉત્તમનો આવિષ્કાર	૭૦
	૩૬. તું મને શબ્દોનું સંયોજન નહિ પણ શબ્દોનું સંવેદન આપ...	૭૨
	૩૭. મનમાં આવજો રે નાથ !	૭૪
	૩૮. મારી વફાઈ એ જ મારી અમીરાઈ !!!	૭૬
	૩૯. ...તું થંભાવી દે... તું શમાવી દે...	૭૮
	૪૦. મને તારું સાંનિધ્ય-સામીપ્ય આપજે ને !	૮૦
	૪૧. "તું હા કહે તો હું ચૂપ..."	૮૨
	૪૨. શાશ્વતતાનો પગરવ	૮૭
	૪૩. પ્રત્યેક ક્ષણ જીવન છે	૮૯
	૪૪. પથ્થર થી પુષ્પ બનવાની સાધના	૯૦
	૪૫. તારું સાંનિધ્ય-મારી આત્મ-નિર્ભરતા	૯૩
	૪૬. તારા સાચા ભક્ત મારે બનવું છે...	૯૫
	૪૭. તારા વચનમાં પણ તું મળે	૯૬
	૪૮. હે પરમકૃપાળુ પરમાત્મન્ ! તું જ	૯૮
	૪૯. હું તારા હૃદયમાં ક્યારે વસીશ ?	૧૦૦
	૫૦. "ધ્યાન રાખજે મારી સાથે તું ભયમાં ન મૂકાય"	૧૦૨
	૫૧. સર્વ-સ્વીકાર	૧૦૬
	૫૨. અર્પણ - આનંદનો ઉત્સવ	૧૦૭
	૫૩. તું કાયાપલટ નહિ, કાયા-કલ્પ કર...	૧૧૧
	૫૪. તારા ભરોસે મૃગજળથી જળ સુધીની યાત્રા	૧૧૩

૫૫. ઉત્તરાધ્યયનનો પ્રસાદ ૧૧૭
૫૬. “હું” તારા હોવાની નિશાની ૧૨૨
૫૭. બિનશરતી પ્રાર્થના = સફળતા ૧૨૪
૫૮. શુદ્ધિની પ્રાર્થના એટલે પ્રાર્થનાની શુદ્ધિ ૧૨૬
૫૯. “બધું તારું નહિ તો કાંઈ નહિ, થોડું પણ તારું જ !” ૧૩૧
૬૦. પ્રભુ ! મને પૂર્ણતાની પ્રતીતિ કરાવ... ૧૩૪
૬૧. તું આવે પછી પ્રતીક્ષાની મુક્તિ ૧૩૬
૬૨. “બસ; પત્યું” ૧૩૭
૬૩. જે થવું હોય તે થાય ૧૪૧
૬૪. પ્રભુ ! તું કેમ આમ કરે છે ? ૧૪૩
૬૫. “તું મારો પ્રણત-પાળ” ૧૪૪
૬૬. “મૈત્રીયોગ” ૧૪૬
૬૭. તને..... સંભળાય છે ??? ૧૫૦
૬૮. “એ - માનવી” ૧૫૬
૬૯. “થોડો આનંદ ધર્યાનો-થોડો મેળવ્યાનો આનંદ.” ૧૫૭
૭૦. પ્રભુએ પોતાનો દીક્ષાકાળ જાણ્યો... ૧૬૧
૭૧. પૂર્ણતાની પ્રતીતિ ૧૬૫
૭૨. ચાહવુ એટલે જીવવું ૧૬૭
૭૩. ચાલ ! તો આજે સાંભળી લે... ૧૬૮
૭૪. નમવું એટલે જીવનની ઊંચાઈ ૧૬૯
૭૫. તારી પ્રીત કરતાં મને શીખવ !!! ૧૭૪
૭૬. વિરહની વેદના પ્રાર્થનાનું ચૈતન્ય ૧૭૬
૭૭. તારા હોવાથી જગ આખું તીરથધામ ૧૮૦
૭૮. તારી મહાનતામાં મારી મહત્તા ૧૮૨
૭૯. હવે મારાથી કેમ રહેવાય? તું આવજે ! ! ! ૧૮૬
૮૦. તું “મહામૈત્ર” છું... ૧૯૦
૮૧. તારી હાજરી મારું કલ્યાણ ૧૯૫
૮૨. તારે પણ વરસ્યા જ કરવાનું છે... ૧૯૭
૮૩. હદ થઈ હવે !!! ૨૦૨

।। ॐ ह्रीं श्रीं अर्हं नमः ।।

પ્રાર્થના-સામ્રાજ્ય

પૂજ્યપાદ આગમોદ્ધારક આ.દે.શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજા

પ્રાર્થના-સૃષ્ટિ


શાસન-સુભટ પૂ. મહો. શ્રી **ધર્મસાગરજી** મ.સા.

આગમ-વિશારદ પૂ.પં. ગુરુદેવ શ્રી **અભયસાગરજી** મ.સા.



"નથી કોઈને તુચ્છ ગણ્યા કે નથી કોઈને પામર
એને આઠે પહોર ઉકલતા ઈશ્વરના હસ્તાક્ષર."

દિલીપ જોષી..



(હરિગીત)

સંયમ જીવનનો પથ મળે, પ્રભુની પરમ કૃપા ગણું...
સદ્‌ગુરુની છત્રછાયા મળે, પ્રભુની પરમ કૃપા ગણું...
કર્મો ગળે સાધના ફળે, પ્રભુની પરમ કૃપા ગણું...
પરમ કૃપા, પરમ કૃપા, પ્રભુની મળે મુજને અહો!



શબ્દની દિવ્યતામાં દિવ્ય-વિચાર...

શબ્દથી વિચાર
વિચારથી શબ્દ
બંને પરસ્પર એકબીજાથી ગૂંથાયેલા છે.
શબ્દથી વિચારો ગૂંથતા ઉપર પણ
ઊઠી શકાય છે, નીચે પણ ઉતરી શકાય છે.
ગૂંથાવું કે ગૂંચવાવું એનો નિર્ણય
મૂળ આત્મામાં રહેલો છે. આત્મા
પાસે જો શુદ્ધ ધ્યેય હશે તો શબ્દ અને
વિચારો પ્રવાહમાં વહેશે અને ઉત્થાનમાં-
સર્જનમાં નિમિત્ત બનશે, નહિ તો એ જ
સંહાર પણ કરી શકે અને પતન પણ
નોતરી શકે અને બોલાયેલા
શબ્દ પર પણ ધ્યાન આપો. અંદર અને
બહાર તે શબ્દો શું સર્જી રહ્યા છે વનરાજી કે તારાજી. ?
કોઈ શબ્દ અને વિચાર ન હોય તો અથવા
શબ્દો અને વિચારોના ખળભળાટથી મુક્ત
થવું હોય તો કોઈ બુદ્ધ પુરુષના શબ્દો જ
રટવાનું શરૂ કરી દો, એ શબ્દો તમારું જીવન બનાવશે.
તમે જે શ્રદ્ધા રાખો છો એ જ છો,
તમે જેમાં શ્રદ્ધા રાખો છો તેમાં જ છો. શબ્દો
અને વિચારો ભીતરથી આવે ને બહાર જાય,
બહારથી આવે ને ભીતર જાય. ક્યાંથી એ
આવે છે અને ક્યાં જાય છે એનું પૂરું
નિરીક્ષણ કરતા રહો. તમને દબાવવા નહિ
દિવ્ય બનાવવા માટે છે એ જોજો..



તૂને અપના હી ગમ દેખા હૈ
તૂને કિતના કમ દેખા હૈ...

દેખવું એ માણસનો સ્વાભાવ છે પણ જો દેખવામાં આંખો
બંધાઈ ગઈ તો પોતાના સિવાય કાંઈ જ ન દેખી શકે,
એ દુનિયા દેખે તો માત્ર પોતાને જ જુએ, બીજાનું
દેખવામાં આંધળો બની જાય છે. કાંઈ પણ હોય માત્ર
ફેરફૂદડી, પોતાની આસપાસ પોતાનું
માત્ર અસ્તિત્વ સાચવવા મથતો માણસ બીજાના અસ્તિત્વ
સાથે અન્યાય કરી બેસે એની ખબર પણ પડતી નથી
બસ, એ જ પડતીનું નિમિત્ત છે. પડેલા દુઃખેથી દેખતો
બીજાને સતત દઝાડતો જ રહે છે. દુઃખનો હિસ્સો સહુને
વહેંચવા નીકળે છે. સુખ બીજાનું લૂંટવા નીકળે છે.
એ માણસ આત્મઘાત અને પ્રત્યાઘાતમાં જ જીવતો
હોય છે. જો માત્ર પોતાનું દેખવું એટલે દરિયા-ખેડુને
ખાબોચિયામાં જીવવું, સૂરજને તણખલાથી ઢાંકી
દેવો, સમજની જ્યોતને સ્વાર્થની શ્યામલ મેશથી
લપેટી દેવી. દેખાઈ શકે પણ માત્ર પોતાનું જ દેખનારને
દેખાતું નથી... છે છતાં નથી, નથી છતાં છે. બીજા છે
છતાં નથી. પોતાનું દુઃખ નથી છતાં છે...



સાધના નમ્રતાની

ચરણ-નમન...

એ ભક્તના જીવનની એક આનંદ-પ્રદ ઘટના છે...

આમે'ય ઝુકવું એ એક મોટી સાધના છે...

ઝુકવું એ નમ્રતા છે...

ઘૂંટણીયે પડવું એ તો કાયરતા...

સત્યને શરણે જવું એ જ સમર્પણ...

અસત્યથી ગભરાઈ અસત્ય સામે ઝૂકી જવું એ આત્મ-ભોગ છે...

નમ્રતા એ શિખર અને તળેટી સર કરવાની યોગ-સાધનાનું બીજું નામ છે... જે સૂક્ષ્મ-વિવેક માંગી લે છે...

કોઈના પગમાં પડી
હૃદયમાં ચડવું એ સાધના છે...
કોઈના માથે પડી પગે-ઠેબે ચડવું
એ તો અકસ્માત છે...

થોડી ફુરસત કાઢી પ્રભુ ! તું આવ !!!

હે અરિહંત ! પ્રભુ આમંત્રણેશ્વર !
ધરતીનું ગજું નથી આભને આંબી શકે.....!!!
ધરાનું ભાગ્ય ખરું આભને આમંત્રણ આપી શકે?
તપતી ધરાનું, તરસતી ધરાનું આમંત્રણ આભને કાને પડે અને
એ આવી ચડે ધરતીના આંગણે
"મારી તાકાત તો નથી, હું તારી પાસે આવું
પણ મારી લાયકાત જરૂર છે તને બોલાવી શકું..."
"સાત રાજ અળગા જઈ બેઠા પણ ભગતે અમ મનમાં પેઠા."
ભલે તું દૂર-દૂર હોય પણ...
ભક્તિથી તું મારી ભીતરમાં જ બેઠો છે... ગુણને લઈને...
તારી ભક્તિ તને આમંત્રણ જ છે. ઇજન છે. ઇશારો છે.
હવે તું આવશે જ...
તું લહેરખી નહિ, ઝંઝાવાત થઈને આવજે.
મારી અસ્થિરતાની રજકણોને દૂર ધકેલી દેજે.
તું ઝરમર નહિ ધમધોકાર થઈને આવજે.
વિષયોના ગ્રામનું નામોનિશાન મિટાવી દેજે.
તું ચિનગારી નહિ અગન થઈને આવજે.
અહંકારને ભડથું કરી દેજે.
તું વહેણ નહિ ઘોડાપૂર થઈને આવજે.
વિકારના વૃક્ષને જડમૂળથી ઉખેડી ફેંકજે.



તારું નામ આપી મારું નામ લઈ લે. તારું રૂપ આપી મારું રૂપ લઈ લે. તારું સ્મરણ આપી મારું સ્મરણ લઈ લે. તારું જ્ઞાન આપી મારું જ્ઞાન લઈ લે. તારી પાસે છે તે બધું મને આપી દે, અને મારું બધું લઈ લે. જેમ દીપક પ્રકાશ આપી અંધકાર લઈ લે-તેમ.

તારું બધું અતુટ-અખૂટ-અતુલ,
મારું બધું ખંડ-ખંડમાં વહેંચાયેલું...
તું ક્યારેક તો ઊતર મારી ભીતર...
ઝરણમાં દરિયો હશે.
સંભાવના તપાસી તો જો...
તું બૂઝેલા મુજ જીવનમાં આવ
ક્યાંક તો હજી અંગાર હશે...
જીવન-ભંગારમાં ક્યાંક તો ઝવેરાત હશે.
શું હોય છે નકરી વાત કર,
થોડી પ્રતીક્ષા પ્રભાત હશે.
ભલે લખું અજ્ઞાની થઈ પણ
ક્યાંક તો સાચી વાત હશે.
ઘણું થયું તું ક્યારે આવશે ?
થોડી ફુરસદ કાઢ. તારે ક્યાં ખોટ છે ?





પ્રગટ્યો પૂરણ વચન-રાગ

આ. વ. ૧૦

પન્ના-રુપા, પાલિતાણા

હે કરૂણાનિધાન નાથ વીર !

તારું શીલ-સ્વભાવ પરમ સહજ
ખળખળ વહી જતી સરિતા સમ નિર્દોષ નિર્બંધ
તારી શૈલી પરમ સરળ પરમ સરસ
નાજુકાઈથી-નમ્રતાથી રસાયેલી, મૌનથી કસાયેલી
હૃદય સોંસરી ઉતરી જાય તેવી
ન એમાં "હું" કારનો ઘોંઘાટ
ન એમાં હિંસાનો સૂક્ષ્મ-પણ કઠોર સ્પર્શ કે કટુ-સ્વર...
નરી મધુરતા, મનોહરતાનો ફુવારો...
તને થયેલી ચરમ-સીમાની અનુભૂતિને જરા પણ આક્રમક થયા વિના
હળવે-હળવે ઝરમર-ઝરમર વરસાવ્યાં કરી.
બસ ! વાણીના વરસાદમાં ભક્ત મયૂરો નાચ્યાં કરે ને નાહ્યાં કરે...
સરવાળે આહ્લાદ થયા જ કરે...
તારા સ્વરૂપની શુદ્ધતા...

તારા સ્વભાવની સહજતા...

તારી શૈલીની સરસતા પામવાની અમ જીવનમાં તાલાવેલી-તમન્ના જાગી ઊઠે...

તું જ, તારી કૃપા જ અમારા જીવનમાં સહજવતી-સરસ્વતી-સરળવતી થઈ પ્રગટો...

જે-જે ભક્તોએ તો વચનનો પ્રસાદ ચાખ્યો

એ તો એના બંધાણી થઈ ગયા...

તુજ વચનના અભ્યાસમાં અને અનુભવ માટે મચી પડ્યા...

પછી જીવનમાં પ્રભુતા છલકાવા લાગી...

આવી જ આનંદભરી સ્થિતિ જોઈ લાલચ જાગી...

વીરનો સાધુ જ નહિ આખો સંઘ પ્રભુ વીરના વચન-પ્રવચન પ્રત્યે જબરો-જોમવંતો પક્ષપાત ધરાવે છે.

જુઓ તો ખરા પક્ષપાતનો જબ્બર પુરાવો...

"તુજ વચન રાગ સુખ આગળે નવિ ગણું સુરનરશર્મ,

કોડી જો કપટ કોઈ દાખવે નવિ તજુ તો એ તુજ ધર્મ..."

ઉપા. યશોવિજયજીને કેવો વિશ્વાસ... એમની બીજી આત્મ-વિશ્વાસી કડી...

"जिनशासन-श्रुतनिधिं मुक्त्वा परं नाश्रये"

સંઘ અને સાધુ તારા વચન વગર જીવી જ ન શકે...

કોઈપણ વચનને કદાપિ કોઈપણ કાળે-કિંમતે કોઈપણ કપટથી છોડવા તૈયાર નથી...

સાધુનું તો એક-એક પગલું તુજ વચન કેડી પર હોય છે...

'सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खु..'

સૂત્રના માર્ગે ચરે તે જ ભિક્ષુ...

વિચરે-વિચારે-આચરે તે જ ભિક્ષુ...

સંઘનું અંગ જો શ્રમણ છે...

તો શ્રમણનું તો અંગે-અંગ આગમ છે...

તારા વચનમાં શબ્દે-શબ્દે છલોછલ ભરેલી કરુણા...

સંઘ-શ્રમણ-શ્રાવક-સાધકના હૃદયની કઠોરતાને ઢીલી કરે છે.

પ્રભુ વચનમાં પથરાયેલું કૈવલ્ય અમારી મતિ-ભ્રંશતા, મૂર્ખતા, મતિ-મંદતાને સાફ કર્યા જ કરે, કર્યા જ કરે...

વચનોને સંઘના અસ્તિત્વને પુષ્ટ બનાવવા વરસાવે રાખીને તે જે ઉદારતા દાખવી

આ ઉદારતા તારા પ્રેમ-પ્રસાદ અને પ્રજ્ઞા-પ્રસાદને પામેલા પૂજ્ય-પૂર્વજોએ પણ

સાચવી.

એના જ બળે તો આજે તારા પ્રવચનો વિદ્યમાન છે...
આ ઉદારતા સંઘની કંજૂસાઈને હડસેલ્યા જ કરે છે...
શું કહીએ તારી પરમ-વિશુદ્ધ વાણીના ઐશ્વર્યને!!!...
તારી એક-એક મુદ્રાઓ તારા વચનમાં હાજરા-હજૂર છે...
બસ! અમારો અહંકાર હવે મોળો પડે...
અમે મૌન થઈ આત્મ-સમર્પણથી, આત્મ-કર્ણથી સુણતાં રહીએ.
તો એમ થાય!
વચન વરસ્યાંને સીધો થયો વીરનો સાક્ષાત્કાર!!!
વીરમાં જ નહિ વીરના વચનમાં પણ દેવાધિદેવત્વનું દિવ્ય-દર્શન થાય.
અને અમારા દર્શનમાં દિવ્યતાનો સંચાર થાય...
અમે અહં-દૃષ્ટિથી નહિ
અહૅં-દૃષ્ટિથી જોતાં થઈએ.
પછી પાછા **ગુરુદેવ યશોવિજયજી** વહારે આવે છે...
"ઋષભ જિનરાજ મુજ, આજ દિન અતિ ભલો...
ગુણનીલો જેહને તુજ નયણે દીઠો!
દુઃખ ટળ્યા, સુખ મળ્યા, સ્વામી તુજ નીરખતાં;
સુકૃત સંચય હુઓ પાપ નીઠો..."
તારા નયન દેખવા એ તો ભાગ્યવાનની નિશાની!
નયનથી દેખવું એ તો પરમ ભાગ્યવાનનું પ્રતિક!
साधवः शास्त्र चक्षुषः... સાધુ તો શાસ્ત્રની આંખે દેખે!
શાસ્ત્ર એ બીજું કોઈ નહિ ખુદ-સાક્ષાત્ મહાવીર પ્રભુ!
પછી... ચોમેર સુખ-સુખની સુવાસ પ્રગટે...
તારું વચન-કમળ ખૂલે-ખીલે પછી શું?
સુખ ન સોડાય-સુગંધાય એમ બને?
પણ તારું વચન-કમળ કેવું!
ચંદ્ર-વિકાસી કમળ ચંદ્ર દેખતાં મહોરી ઊઠે!...
સૂર્ય-વિકાસી કમળ સૂર્ય નીરખતાં પાંગરી ઊઠે! તેમ
તારું વચન-કમળ તને દેખતાં ખીલી ઊઠે, ખૂલી ઊઠે!...

જે હૃદયાચલે ભગવત્-અર્હત્નો ઉદય થાય અને વચન-અર્થ-મહાર્થનો પરમાર્થ ખૂલવા અને ખીલવા માંડે...

કોણ કહે છે ! તારા વચનો કરમાયેલાં છે ?

તારા વચન પંકજો કરમાયેલાં નથી... અપિતુ બીડાયેલાં છે...

જ્યાં સુધી અર્હત્-ઉદય ઊગતાં ન દેખે ત્યાં સુધી શાના ખૂલે ?... તારા વચન પંકજો કરમાયેલાં નથી... કારણ કે કરમાયેલાં પુષ્પ પાછા ફેર મહોરતાં નથી.

બીડાયેલા પુષ્પ તો જરૂર પાંગરે... પમરાટ ફેલાવે જ...

આ જ વાત સૂરિપુરંદર શ્રી સાધકને સમજાવે છે.

"भगवद् बहुमानाद् एव अभयादि धर्म सिद्धिः"

હે પ્રભો વીર ! હવે યાચું શરણ તિહારો ! ! !...

તને તો તીર્થંકર નામકર્મનો ઉદય થયો... આ ઉદયથી આ વિશ્વને એકમાત્રને માત્ર સુખ જ આપનારું જિન-શાસન મળે છે...

હવે ! અમને તો તીર્થંકર બહુમાન ધર્મનો ઉદય થાય...

અને અંતરના વિરાટ્ વિશ્વને એકમાત્ર સુખ આપનારું જિનશાસન ફળે

એ જ પ્રાર્થના...

"तव्वयण सेवणा आभवमखंडा ! ! !"

" सारंवीरागम जलनिधिं सादरं साधु सेवे ! ! !

જ્યાં સુધી ભવમાં છું ત્યાં સુધી ભાવથી તુજ વચનની સેવના મળે... પાલના મળે... મળશે શેનાથી ? "तुहप्पभावओ भयवं !" તારા પ્રભાવથી મળશે ! ! !

"આટલું કૈં કમ નથી, કે પ્રભુના પ્રસાદમાં,

જે ન સમજ્યાં ભેદ કઠી, એ સમજતાં જ રહ્યાં..."

તારા પ્રસાદ-સંવાદ માત્રથી ઇન્દ્રભૂતિ જેવાના ભેદ-ભરમો ભોંય-ભેગા, ધૂળ-ભેગા થઈ ગયાં એ કંઈ કમ છે.

એટલે જ પછી તે બધા જ તારા શરણમાં આવી ગયા ને ભગવાન ભીના થઈ ગયા...

આવા પ્રસાદની પ્રતીક્ષા-રત સતત તારો ભક્તવર્ગ હોય છે... તારો એ પ્રસાદ આજે પણ ભેદ મિટાવી અભેદ સાધી આપે તેમ છે... પણ અમને એની સાથે બાંધી આપે એવી તારી એ વાણીને નમસ્કાર...

નમો વિશ્વહિતાય... જૈન વાણી...

વિશ્વહિત કરનારી... જિનની વાણીને નમસ્કાર હો !...

વિશ્વહિત કરનારી... જિનની વાણીને નમસ્કાર હો!...
વિશ્વહિત કરનારી... જિનની વાણીને નમસ્કાર હો!...
તારા વચન-આદરનો આવિષ્કાર થાઓ!!!...
તારા વચનના રાગને આછી-પાતળી પણ પ્રગટાવતી પ્રાર્થના
તારા ખોળેથી પ્રગટી....
તારા ખોળે જ અર્પી...
અમારી પ્રાર્થના, મૂળમાં એક જ વાત!
હવે કાંઈ કરો...
'તાહરી આણ હું શિર ધરું, આદરું તાહરી સેવ રે!!!'

"તું મને દેજે મારા પર આસ્થા ને આદર..."



હે વિશ્વાસનિધિ !
મને જેટલો વિશ્વાસ મારા પર
મને એટલો વિશ્વાસ તારા પર
મને જો મારા પર અવિશ્વાસ
તો મને અવિશ્વાસ તારા પર...
તારા પર વિશ્વાસ કે મારા પર વિશ્વાસ મને તો એક જ લાગે છે.
ક્યારેક મને મારી જાત ઉપર આવો અવિશ્વાસ થાય છે. આ અવિશ્વાસ મને આખાય વિશ્વને વિશ્વાસઘાતી તરીકેની શંકા જન્માવે છે.
આવું કેમ ? આ અવિશ્વાસ કેમ ઊભો થયો ?
મેં મારું સમૂળગું તારા ચરણે સોંપ્યું...
ત્યારે તો એવી અદ્ભુત-મજબૂત આત્મ આસ્થા ઊભી થઈ...
મને કોઈ કાંઈ પણ કરી શકે તેમ નથી...
મારું કામ ક્યારે/ક્યાંય અટકી શકે તેમ નથી...
તારા ચરણે આવ્યો કે ફાવ્યો.
મારે કોઈની'ય શક્તિ ઉછીની માંગવાની નહિ.
મારો અનંત-શક્તિશાળી સાથે દોસ્તીનો સંબંધ સારો જામ્યો છે...
મારી પાસે અખૂટ-શક્તિનો ભંડાર ભરેલો છે... છલોછલ છે...
હવે મારી સઘળી સમસ્યા પલવારમાં હલ.
આવો અવ્વલ દરજ્જાનો આત્મ-વિશ્વાસ હતો, જ્યારે હું તારા ચરણે હતો...
પાછો કોઈ ફટકો પડ્યો કો'ક ઝાટકો લાગ્યો...
તરત મેં તારા ચરણોમાંથી મારું સ્થાન ખેંચી લીધું...
મને જોરદાર-જોરાવર-જબરો અવિશ્વાસ થયો મારી જાત પર...
આ સિવાય તો આવું વિચારાય જ કેમ?
તારા ચરણોમાં તો મારો વિશ્વાસ દમદાર-જોરદાર હતો...
આ ફટકો પડતાં જ મારા વિશ્વાસનો દમ નીકળી જાય બહાર...

હું મારી જાતને કોસ્યા કરું... હું જ મારી જાતને ખાયા કરું...
મારી પાસે કાંઈ નથી. મારું કોઈ નથી... ખાલી છું... ખોખલો છું... નમાલો છું...
નપાવટ છું... આવા પડઘા મારા અંતર-ગુંબજમાં પડ્યા કરે...
હું પણ વધુને વધુ નીચે જ પડ્યા કરું છું... મારી વિશ્વાસ-માત્રા ઘટતી જાય છે...
આખી વિચારસરણી વકરી જાય છે...
સારાંશ "તારા ચરણમાં મને અડગ-આસ્થા, દુનિયાનો કોઈ ચમરબંદી બંદી બનાવી શકે તેમ નથી."
જ્યારે આવો રણકાર ન હોય તો મારે સમજી જ લેવાનું - મને તારા પર વિશ્વાસ નથી રહ્યો હવે. મને મારા પર સત્કાર નથી રહ્યો હવે...
કાયરતા ભરી કલ્પનાનું વિચાર-વિશ્વ આ વાતની જ ચાડી ખાયા કરે છે.
એટલું જ પ્રાર્થું છું... તું મને તારા પર-તું મને મારા પર હવે એ વિશ્વાસ આપ કે કોઈ પણ કાળે, કોઈ પણ હાલે તે આસ્થા ડગે નહિ, પડે નહિ.
પરમાત્મ-શ્રદ્ધાથી જ આત્મ-શ્રદ્ધા વધે છે...
પરમાત્માનું પીઠબળ આપણને અદીઠ ભોમકા પર પણ ડગ ભરવાનું બળ આપે છે.
કૂવાનું જ પાણી હવાડામાં આવે છે...
પ્રભુ-શ્રદ્ધાનો કૂપ જ નથી તો જીવનનો હોજ આત્મ-આસ્થાથી ક્યારેય છલોછલ થઈ શકે ખરો ?
એ વિના જીવનનું ખેતર ક્યાંથી હરિયાળીથી ભરી-ભરી ઊઠે?
સૌન્દર્ય ક્યાંથી મહોરી ઊઠે ? માટે જ મારે તને કહેવું છે -

"મને તારા પર શ્રદ્ધા વધે તો જ
મને મારા પર શ્રદ્ધા વધે."

હું તારી શ્રદ્ધામાં આગળ વધુ, તો મારી શ્રદ્ધામાં આગળ વધુ...
બન્ને પર શ્રદ્ધા વધે એવું જ કરજે...
આવી પડેલી આપત્તિ એ આપત્તિ નથી પણ આપત્તિના આવરણ પર આવેલા તારા આશીર્વાદ છે. એવું વિચાર-બળ દેજે જે મને આ આપત્તિ સામે ધીરતાપૂર્વક ઊભો રાખે...
આથી'ય મોટી આપત્તિને આવકારવાનું સત્ત્વ પ્રગટે...
"આ આપત્તિ તે આટલી જ આપી..." એ જ તારી કૃપાનું કિરણ છે... "આનાથી વધુ ન આપી." એવું હકારાત્મક સાંત્વન દેતું સાત્ત્વિક વલણ દેજે...
તો જ મને પડતો ફટકો પણ તારી શ્રદ્ધાના મૂળીયાને વધુ ને વધુ દૃઢ - મજબૂત બનાવશે...
અશ્રદ્ધા ન દઈશ તેમ અંધ-શ્રદ્ધા પણ ન દેતો...

અલ્પશ્રદ્ધા, અયોગ્ય-શ્રદ્ધા બંને હાનિપ્રદ છે...
યોગ્ય શ્રદ્ધા જ સુખ-પ્રદ, લાભપ્રદ છે...
એવું ન બને કે તારી પર શ્રદ્ધા મૂકીને હું નિષ્ક્રિય થઈ જાઉં...
હમણાં જ એક વાક્ય વાંચેલું...
"પ્રાર્થના કરો ત્યારે બધો આધાર ઈશ્વર પર,
પ્રયત્ન-પુરુષાર્થ કરો ત્યારે બધો આધાર આપણા પર."
એટલે તારી પ્રાર્થનાનું પીઠબળ લઈ મારે મચી પડવાનું... મંઝિલ સર કરવા...
પરમાત્મ-શ્રદ્ધાથી વધી આત્મ-શ્રદ્ધા આનું નામ...
અંધ-આત્મ-આસ્થા (અભિમાન જ કહેવાય) સર્વનું સર્વત્ર અપમાન કરાવે...
કોઈનો ક્યારેય સત્કાર નહિ માત્ર તિરસ્કાર કરાવે!
તારા વિનાની આસ્થા આસ્થા નહિ, અભિમાન...
તારી સાથે-અહં સાથે સંકળાયેલો હોય તે કદીય અહમ્‌ધારી
હોય ખરો? જરાય નહિ...

તારા વિના આસ્થા પણ હોય ખરી... જરા'ય નહિ...
તું મને મારી આસ્થા જ દેજે... અભિમાન નહિ...
તું મને મારો આદર જ દેજે... અહંકાર નહિ...
કાને ધરજે
મારી દર-ગુજર...
ઘટતું કરજે....



તારું તેજ મારું તિમિર હરે...



પરમ-જલ ! પરમ-જ્યોતિ ! અરિહંત !
તને જોયા પછી મારી નજર જ્યારે મારી અંદર જાય છે
ત્યારે કંઈક અનુભવાય છે...
મારી આંખો પર અનરાધાર અંધકાર
મારા અંગો પર ધોધમાર અંગાર
જલ-પ્રલય વખતે ફરી વળતાં પાણીની જેમ ,
મારા આખા'ય અસ્તિત્વ પર તિમિર અને તાપ ફરી વળ્યા
છે...
મારું જીવન નગરની જેમ ડૂબી રહ્યું છે...
મારું જીવન વનની જેમ જલી રહ્યું છે...
વેદના-વ્યથા-વિકાર અને વિનાશ-લીલા ચોમેર
મને ઘેરી વળી છે...
આ બંધનની પીડાએ.... તારી મુક્તિની ક્રીડાએ
મને પ્રાર્થના કરવા વિવશ બનાવ્યો !
હરી શકે તો તારું તેજ મારું તિમિર હરી શકે !
ઠારી શકે તો તારો ભેજ મારો તાપ ઠારી શકે !
તું જ મારો બેલી છે... હક્કારો પર તારી કૃપા વરસેલી છે...
અંત-હીન આગો અનંતની ઠરેલી છે...
મારી વાત જેવો નાતો મારા ગુરુદેવોએ બાંધી આપ્યો છે...
"यः परात्मा परं ज्योतिः"
તું પરમ જ્યોતિ છે...
"સકલ-કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો ! દુરિત તિમિરભાનુ કલ્પવૃક્ષોપમાન્, ભવજલનિધિપોતઃ
સર્વસમ્પત્તિ હેતુઃ સ ભવતુ સતતં વઃ શ્રેયસે"
ખૂબ પુષ્ટ અને પૂરતી છે... રોજ બોલાતી આ કડીઓ મારા માટે
તું જ મારા જીવનમાં પડેલી શાંતિ-શક્યતા ઉગાડી શકે તેવી વર્ષા છે...
તું જ મારા આત્મામાં પડેલા જ્ઞાનને ઉજાગર કરી શકે તેવો સૂરજ છે...
મારી અજ્ઞાનતા પર તારું જ્ઞાન-તેજ પાથરી દે...
મારી આસકિત તારા ભાવ-ભેજથી પલાળી દે...

તારા ઉપકારથી જ મારો ઉદ્ધાર



હે હૃદય !
શાને આટલી દોડધામ
શાને આટલી ધમાલ
શાંત થા... સ્થિર થા...
સાંભળ... ધ્યાનથી ભાળ-નિહાળ...
પ્રભુ અરિહંત !
પ્રત્યેક પળે હર એક સ્થળે
તારા જેવા જીવો માટે જ
અમંદ ગતિથી
અનહદ પ્રીતિથી
અખંડ દૃષ્ટિથી
અમૂલ્ય જીવન-સૃષ્ટિથી
પાવનતા પ્રસારી રહ્યાં છે...
એમાં જરા'ય પ્રમાદ નથી...
એમાં જરા'ય પક્ષપાત નથી...
બસ,
માત્ર એકસરખો પ્રસાદ... નર્યો પ્રસાદ
પ્રભુના પરમ ભક્ત...
તારા પૂજ્ય ગુરુદેવશ્રી કલિકાલસર્વજ્ઞ શ્રી અંતર-સંવેદન મૂકે છે...
"अद्भुता सर्वात्मसु कृपा"
કૃપા ક્યાં-કોના પર-ક્યારે-કેવી રીતે ?
એક જ નાદ ગુરુદેવનો "सकलाऽर्हत्" સ્તોત્રનો...

"नामाऽऽकृति द्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम्;
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥"

મંત્ર-મૂર્તિ-જીવન અને પ્રવચનથી દરેક પળ અને સ્થળ પર ત્રણ કાળમાં ત્રણ ભુવનમાં જીવમાત્રને પાવન કરતાં જ રહે બસ...
તારે એ પ્રસાદને પ્રમાદ વગર માત્ર પરમાત્માને પ્રાપ્ત કરવા આત્મામાંથી પરમાત્મત્વ પ્રગટ કરવા સાદ દેવો જ રહ્યો... ઝીલવો રહ્યો. આ ઉપકાર વિના તારો ઉદ્ધાર અસંભવ છે...

પૂ. ભક્તરાજ કહી રહ્યાં છે... મારા હૃદયને સાંભળ-સાંભળ...
"જિન ઉપગાર થકી લહે રે લાલ... ભવિજન સિદ્ધિ જગીશા"
તારા ઉપકારથી જ મારો ઉદ્ધાર છે.
પણ રસ્તો કયો ?
પૂ. દેવચન્દ્રજી યોગીરાજ ઘણાં માર્ગ આપે છે...
પણ આ વાત ગહન-સઘન રીતે કહી રહ્યાં છે...
"શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે પ્રભુ નામજી...
અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત સુખ ધામજી..."
આશયની શુદ્ધતા
લઈશ તો પ્રભુથી જ લઈશ...
લઈશ તો પ્રભુ પાસે જે છે એ જ, બીજું નહિ...
ઉપયોગમાં સ્થિરતા
સતત માત્ર એનું જ પ્રભુ-સ્મરણ...
સંપૂર્ણ માત્ર એને જ પ્રભુને સ્મરણે...
બસ, પછી જે મળશે તે અનંત-અમૃત
જે સુખ માટે તું આટલી દોડધામ કરે છે...
પણ
સુખ કોનાથી ?
સુખ શું છે ? એ ખરેખર ન સમજવું તે પોસાઈ શકે ખરું ?
ન જ પોસાય ! ! !
તારું કલ્યાણ તારા માટે ખૂલ્લું છે.
તું કલ્યાણ માટે ખુલ્લો થા...
ટકોરો દરવાજે વાગે છે... ખોલવો તારે જ રહ્યો...
અત્યાર સુધી તારી પ્રકૃતિ માંગવાની રહી છે...
સુખ માંગવાનું નથી હોતું, મેળવવાનું હોય છે...
દરિયા પાસે માંગવાનું નહિ
પણ મેળવવા માટે ઝંપલાવાનું હોય છે.
સાગરમાંથી અમૃત મેળવવા સાગરને મથવો પડે છે.
સાગરમાંથી રતન મેળવવા સાગરમાં ઝંપલાવું પડે છે.
એમાં સાગરનો કોઈ નિષેધ કે વિરોધ નથી હોતો...

સવાલ તો તારી સભાનતા અને સજ્જનતાનો છે....

તું હવે સાગરની શક્તિ માટે સભાન બન... પ્રમાદ ખંખેર... તું હવે સાગરશી શક્તિ મેળવવા-સંપત્તિ પામવા સજ્જ બન, પુરુષાર્થ કર.

ઓ હૃદય! પ્રભુ અને પ્રભુશાસન સિદ્ધ જ છે. તેને સ્વીકારવા તું પ્રયત્ન કર.

"સિદ્ધે ભો! પયઓ णमो जिणमए"

પ્રયત્નપૂર્વક તું જિનમતને / સિદ્ધ જિનમતને નમસ્કાર કર...

તું જેને નમસ્કાર કરે છે એ તો સાચા જ છે પણ પ્રભુનું પ્રેમાળ ઉદ્‌બોધન તો એ છે.... તારો નમસ્કાર....

સાચો નમસ્કાર કરવા મથ- ખૂબ મથ...

તું નબળો ન બન...

નબળું હૃદય તકની રાહ જુએ છે...

ઉત્તમ હૃદય ચારે બાજુ બસ તક રાહ જોતી જ ઊભેલી જુએ છે... તક તૈયાર જ છે. ઝડપવાની હોય છે.

બસ, હવે! કલ્યાણની- તકની રાહ જોવાની... વાંઝીયા દોડ... સમય-વેડફાટ બંધ કર...

આ તક તો છે બસ, દીપક પેટાવી દે...

પછી જ્યોત જાળવી રાખવા તારે ઉપાસના કરવી પડશે... ભોગ આપવો પડશે...

નિર્ણય કર... નિશ્ચય કર...

પ્રભુથી માંગવા કરતાં

પ્રભુથી મેળવવા વધુ ને વધુ પ્રયત્ન કર...

બીજાને ઓળખવા કરતાં પોતાની જાતને જાણવાનો- જગાડવાનો પુરુષાર્થ કરવા જેવો છે...

આ કલ્યાણ કાગળ-કલમ પરની કોરી રમત નથી.

આ તો કીર્તન અને કૌવત માંગે છે...

બસ પછી

"મોક્ષે ચિત્તં ભવે તનુ "

જાતની જાતરાએ નીકળી પડો મારા દોસ્ત! આવી યાત્રા જ પૃથ્વીનું સોનેરી ખીણમાં રૂપાંતર કરશે...

એ જ સંસારમાંથી મુક્તિ ભણી જવા રસ્તો કરી આપશે! અરે ! પાછું ભૂલ્યો રસ્તો તો છે... ગતિની પ્રતિજ્ઞા કર... હવે માત્ર મંજિલ પર નજર કર...



પાત્રતાનો પુરુષાર્થ
પુરુષાર્થની પાત્રતા

એક ઘાસ-તરણું વસુંધરામાં ઉગવાની પાત્રતા ધરાવે છે.
એક નાનું ઝરણું પૃથ્વી પર સરવાની-સાગરમાં ભળવાની પાત્રતા ધરાવે છે.
એક નાનકડું કોડિયું કાજળ-ઘેરા અંધકારને દૂર કરવાની પાત્રતા ધરાવે છે.
હે પ્રભુ! તારો આ નાનો બાળ પણ તારા હૃદયમાં સ્થાન
પામવાની પાત્રતા ન ધરાવી શકે?
મારી પ્રાર્થના તારી ભીતરમાં પ્રવેશ પામવાની ધગશ-હિંમત અને ધીરજ પેદા કરશે...
પછી બસ, તારા હૃદયમાં મારો પ્રવેશ થઈ જશે.
તારી પ્રાપ્તિ કરતાં મારી પાત્રતાનો વિકાસ જરૂરી છે.
નાની સરખી પાત્રતા પણ મહાનતા મેળવી શકે છે.
અપાત્રતા ક્યાંય પણ ટકી શકતી નથી, વધી શકતી નથી, ભળી નથી શકતી.
મારી ભીતર પાત્રતાનું પ્રાગટ્ય થાય એ જ પ્રાર્થના...
બાકી ભીતરમાં આનંદ-સમૃદ્ધિ તો અમાપ બેઠી છે પણ એને
પિછાણવાની, પિછાણ્યા પછી પ્રગટ કરવાનો પુરુષાર્થ...
એ'ય પાછો પૂર્ણત્વને આંબે ત્યાં સુધી અણથક...
નિઃસ્વાર્થ ભાવે કરવો એ જ સૌથી મોટી સાધના છે.
મારી નજર હંમેશાં પૂર્ણતા તરફ હોય છે પણ
પાત્રતા પુરુષાર્થ તરફ નથી હોતી
નાના-નાના રેતી-કણિયા કિનારો રચે છે.
સમયની ક્ષણોએ અનંત ભૂતકાળ સર્જ્યો છે એમ
પાત્રતાને પામવાનો મારો રોજનો નાનો-નાનો પુરુષાર્થ
મારા આનંદ-ખજાનાની ચાવી છે અને
જ્યારે ખૂલી જશે પછી...
"દેવચંદ્ર જિનચંદ્ર તણો, અનુભવ કરો રે!
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે!"



ક્રૂરતાથી સાવધાન !!!

"આંખો ક્યાંક જઈ ચડે... યા તો
આંખોમાં કશુંક આવી પડે..."
આવું જોડણું સતત મારી નયન-બેલડી જોતી રહે છે...
આંખોમાંથી કો'ક ને કો'ક જોડણી નીકળતી રહે છે... ટપકતી રહે કાગજ પર... કોઈ કાઠ્ઠા હૃદયના નામના માણસને જોયો, કો'ક અનામી કસાઈ જોયો...
જેના હૃદયના બંને કાંઠા કોરાકટ...
કાંઠા વચ્ચે વહેતી પ્રેમની સરિતા સૂકાઈ ગઈ છે, શોષાઈ ગઈ છે...
આવો માણસ દુનિયાને કોરી ને કાળી કરવામાં ખલનાયકની ભૂમિકા અદા કરતો રહે છે...
જે કો'ક ની કતલ કરવા જતા પહેલા પોતાની મૂડી એવી માણસાઈને બેરહમીથી ખતમ કરી નાંખે છે તેને બિચારો કે બદમાશ શું કહેવું મોટો પ્રશ્ન ?
પોતાની ક્રૂરતાને કો'ક જીવના જીવનને ઉજાડવાના બહાને ટોપલે ભરી ગાડીમાં ઠસોઠસ મૂકી હેરાફેરી કરતો રહે છે.
ત્યારે એને જોઈ આપણું હૃદય ક્રૂર થાય છે એ યંત્ર-માનવ પર...
એ એની ક્રૂરતા સતત ચોમેર વેરતો રહે છે...
હેરોઈનની હેરાફેરી પર જમી રાખનારી સરકાર...
ક્રૂરતાની રાષ્ટ્રમાં થતી ખુલ્લેઆમ હેરાફેરીની
જરાય દરકાર ન રાખે તો એ સરકાર શાની ?
એને જોઈને મને પણ જરીક ક્રૂરતા થઈ આવે...
એની ક્રૂરતા પર...
શું થાય નથી રહી શકાતું...
શું આ ક્રૂરતા પર કોઈ કરવેરો નહિ !
કેવો કળજુગ જળી રહ્યો છે...
માનવતાને સ્થાને બર્બરતાની બહુમતિ...
પછી બધાયની મતિ બગડવા લાગી.
એને બધાનો વિચાર નથી.
આપણે પણ એ ટોળામાં ખૂબ હોંશે-હોંશે
હોશ ખોઈને જોડાઈ ગયા હોય એમ લાગે છે...
હૃદયના ખૂણા-ખૂણા કૂણાં-કૂણાં હતા.



હવે કઠણ-કઠણ ભણી જઈ રહ્યાં છે...
શાને થશે હવે હૃદય આપણા કૂણાં-કૂમળાં...
માનવની જાગીર માનવ જ જાળવી શકતો નથી...
ક્રૂરતાને સાચવી રાખે છે...
માનવતા જ ઠેકાણે નથી... પછી આગળની માંડીએ ને!!!
આહાર આપણા અભડાયેલા...
પછી વિચારોનું વલોણું કરવાની મથામણ...
આચાર પર લાંબી-લાંબી ગોઠડીઓ શે થઈ શક્શે...
આહાર-વિચાર-આચાર વચ્ચે માત્ર પ્રાસ જ નથી, બીજું ઘણું બધું છે...
આ ત્રિપુટી એકબીજાની પૂરક છે... વ્યક્તિત્વની પોષક-પ્રેરક છે...
કો'કના જીવન-આધારને ધક્કો મારી જીવન હોઈ જ ન શકે એ તો માત્ર ધમાલ જ કહેવાય...
જીવન કો'ક નો આધાર બને પછી કો'કનો આધાર લેવાના હકદાર થઈએ...
આપણે તો કો'ક જીવના જીવન ઉધાર લઈ જીવી રહ્યાં છીએ...
ઉધાર જીવન... કેટલી મોટી ટ્રેજેડી!
માંસ-લોહીથી ખરડાયેલા વિસ્તારમાંથી પસાર થવું પડે એ આપણી કેવી નાલેશી!
એની ગંધ આવતા નાક દબાવીએ છીએ તેમ એ હત્યા-વેપાર માટે પણ હવે આપણે આંખ મીચામણા કરતા રહીએ છીએ...
આ ક્રૂરતાએ આપણા જીવન પર પણ પગપેસારો કર્યો હોય એવું નથી લાગતું?
કો'કની સાથે તોછડું વર્તન કરવા- અન્યાય આચરવા
કો'કને હડધૂત કરવા... વિશ્વાસને તોડી નાંખવા
દૂષિત આહાર કરવા... મજેથી જીભ ખુશ કરવા
ચટાકેદાર વાનગી આરોગતાં વગર લેવે દેવે કોઈના માટે
ખોટો અભિગમ પળમાં બાંધી દઈએ છીએ...
આ બધા માટે થોડીક ક્રૂરતાથી માનવતાને જરૂર અળગી કરવી જ પડે છે...
વિચારોનું વર્તુળ જ્યાં સુધી આવી રીતે ખરડાતું રહેશે...
ખોડંગાતું-લંગડાતું રહેશે ત્યાં સુધી આપણે
આપણા મૂળ સ્થાનથી જાણે-અજાણે દૂર થતા રહીશું...
ખૂબ સાવધ થવાની જરૂર છે,
આ સાવજોની દુનિયામાં સક્ષ્મનોએ...



સંપર્કથી સ્પર્શની યાત્રા



દૂર કરે દળદાર અંધકાર
દિવ્યતાના ખોલે દ્વાર... પ્રભુ તારો નમસ્કાર..
એકવાર પ્રભુ તારા સંપર્કમાં આવું... એકવાર તારો સ્પર્શ પામું
પછી હું ક્યારેય પણ મારી લઘુતાથી ડરીશ નહિ...
મારી મુશ્કેલીને માત્ર તારો સંપર્ક કેલીમાં બદલી નાંખશે.....
મારા પ્રયત્નમાં સ્વસ્થતાના પ્રાણ પૂરાશે...
ન હોય એમાં અતિરેક કે આળસ...
ન હોય થોકબંધ થાક કે કંટાળાનો બકવાસ...
તારી જ્યોતિની નાનકડી પણ પ્રતીતિ મારી હયાતીને હળવી-હળવી બનાવશે...
મારા માટે હવે એવું કશું બાકી નહિ, જે મારે બહાર લાવવાનું કે માંગવાનું રહેશે...
જો તારા વચનને સાંભળીને ભૂખ-તરસ છૂટી જતી હોય તો
તારા વચનને ઝીલવામાં મને કેવા સંતોષનો અહેસાસ થાય...

"संतोषपाहन्न रए स भिक्खु।"

સ્વના-તોષના સરોવરમાં જ મહાલતો મનોહંસ બીજે શું કરવા નજર દોડાવે જ્યાં ઠેર-ઠેર કેવળ તારી કૃપાના કમળો જ મહોરી અને મ્હેંકી રહ્યા હોય...
તારા સિવાય મારું બીજું કોણ હોઈ પણ શકે ?
"જ્યાં જઈએ ત્યાં પુરણ સઘળે દીસે છે તું હી જ તું હી રે ! ! !"
તારા મારા વચ્ચે કોઈ પણ નડતર ન હોવું એ જ...
"પ્રભુ ! તું જાણે છે મારી રજેરજ...
બસ, મને તો જોઈએ તારી ચરણરજ..."
"નિશદિન સૂતાં-જાગતાં હીયડાંથી ન રહે દૂર,
જબ જબ ઉપગાર સંભારીએ તબ ઉપજે આનંદ પૂર રે !"
તારા ઉપકાર સમંદરથી વહી આવતું આનંદ પૂર સ્મરણથી આવે છે...
"કોઈ કહે કે પ્રેમ પર ટૂંકાણમાં બોલો
તો ! દરિયા તરફ આંગળી ચીંધી દઈએ એટલે ઘણું..."
"तम्हा अणाबाह सुहाभिकंखी गुरुप्पसायाभिमुहो रमेज्जा..."

ઉપકારને લેવામાં સંતોષ નથી... બોલવામાં સંતોષ નહિ પણ મર્યાદા છે એટલે થોડા ઉપકારના સ્મરણમાં પણ અપાર આનંદ વહી આવે...

આ. સુ. ૧૩
માટુંગા (મુંબઈ)

‘હું તારા પગનું ઝાંઝર,
થવું મારે તારા હૈયાનો હાર.’

પરમેશ્વર-પ્રેમેશ્વર પ્રભો અરિહંત !
ઘણી વાર તારું સંવેદન સ્ફુર્યું...
ઘણી વાર મારું નિવેદન વિસ્તર્યું...
ક્યારેક તારો આભાર ઝીલાયો...
ક્યારેક મારી માંગનો ભાર ઝડપાયો...
પણ આજે તો થયું, ક્યારે થાય પ્રાર્થના ને ધ્યાન
કોરો કાગળ ફોરી કલમ
નીરાંતની પળ, નીરવ સ્થળ આટલું જ..... ના.
પ્રાર્થના માટે તો નિર્મળ મન.
પ્રાર્થના માટે તો અંદર ગૂંજતો નાદ જોઈએ.
પ્રાર્થના માટે તો અંતર્યામીનો વરસતો પ્રસાદ જોઈએ.
પ્રાર્થનાને શબ્દોનો શણગાર નહિ,
પ્રભુનો સાચો સાક્ષાત્કાર જોઈએ.
શબ્દોમાં મૂકવાને મન જીવતી જબાન જોઈએ...
વાણીના પોતને સહજતા વણતો ભીતર એક વણકર જોઈએ...
પ્રગટાવવા ઈશ્વરને જીવનમાં-ચિંતનમાં ઈશ્વરની જરૂરિયાત જોઈએ...
પાપોની થવી કબૂલાત જોઈએ...
અંધકારમાંથી ઉજાસ ભણી જવા તલસાટ જોઈએ...
પ્રભુને હૃદયથી ચાહવાને તરવરાટ જોઈએ.
સંસારનો કંટાળો જ નહિ, પ્રભુને ધરવા નિર્ભેળ આનંદ જોઈએ...
પ્રેમનો-પ્રણિધાનનો સળગતો પાવક જોઈએ...
અહં-અભિમાનની રાખ થવી જોઈએ...
પછી જે બચે છે એ જ ઈશ્વર...
નહિ ભક્ત, નહિ ભગવાન્



અભેદ... અદ્વૈત...
ભક્ત કંઈ લેખક કે વિવેચક નથી કે
કાગળના મેદાનમાં શબ્દોની ભાડૂતી મેદની ઉમેરી દે...
એ કંઈ જ્ઞાની નથી કે શબ્દોમાં મદનો ભાર ઉભરાવી દે...
પીગળવાને બદલે થીજવા માંડે...
સંવેદન માટે સંબોધનનો અવાજ જોઈએ...
તારી સાથેનો સદાનો સંવાદ જોઈએ...
તને અને મને સંભળાય એ સંવાદ માટે
ઘોંઘાટ બહારનો શાંત જોઈએ...
તને જેમ મને મળવાની લત-તડપ-વ્યસન
તેમ મને પણ તને મળવાની તલપ-અભિપ્સા જોઈએ...
આનંદ-યોગી આનંદ ઘનજી આજ જ વાત ઉચ્ચારે છે...
"જુગટીયા મન જુગટુને, કામીને મન કામ;
આનંદઘન એમ વિનવે રે, એસા ધરો પ્રભુજી કા ધ્યાન..."
બીજે ક્યાં'ય કે બીજું કોઈ ન ગમે, ન પચે ન રુચે તો
તારી પાસે આવવું એ તો સ્વાર્થ છે... યાચના છે.
તારા સિવાય ક્યાંય ન ગમે
તારા સિવાય ન કોઈ પચે ન રુચે
એ જ મારી સાધકતા, એમાં જ મારી સાર્થકતા...
"તું અમૃત તો શાને ઝેર પીવું..."પ્રાર્થના એટલે તો અમૃતના હાથે અમૃત પીવું.
અમી-ઘૂંટનો ઓડકાર એટલે પ્રાર્થના...
બધી જ પ્રાર્થના કાગળના ખોળે ઝીલાવી જ જોઈએ
એવો નિયમ નથી પણ દરેક પ્રાર્થના હૃદયના ખૂણે-ખૂણેથી નીકળવી જોઈએ...
આવો કોઈ અંતરમાંથી અવાજ ન ઊઠે તો...
કો'ક ભક્ત કવિના... કો'ક નિર્મળ-મનની પ્રાર્થનાના શબ્દ-મૃગનાભિમાંથી કૃપાની
કસ્તૂરીની સુગંધ માણવી એ જ આપણુ કીર્તન-કર્તવ્ય.
ફરી ફરી રટણ...
ફરી ફરી સંવેદન... અનુભવ...
ભક્તો-ઉપાસકો પાસે માત્ર પ્રભુને રાખવા એક અલાયદું મંદિર નથી હોતું પણ એવી

અખૂટ-અખંડ શ્રદ્ધા પણ હોય છે...
તે જ શબ્દોમાં સજીવનતા-સર્વકાલીનતા બક્ષે છે...
શબ્દો મટીને પ્રભુના પ્રીતિ સેતુ
ભક્તની પ્રીતિના કેતુ બની રહે છે...
મારી એ જ પ્રાર્થના...
મારા હૃદયથી આવા જ શબ્દો નીકળે...
આ વાત પણ આમ તો ખોટી લાગે છે...
નીકળે નહિ સરી પડે સહજતાથી...
ઉપાધ્યાય-ભક્ત-શ્રેષ્ઠ શ્રી ગુરુદેવ યશોવિજયજી મ. ની અનુભૂતિ છે-
"સઙ્ગનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહી માંહે મહકાય..."
પ્રભુ ! સજજનની પ્રીતડી છુપાવી પણ શકાતી નથી...
અને સજજનને આભાસી-બનાવટી પ્રીતડીથી છળી પણ શકાતો નથી...
આભાસી પ્રીતડી થોડો સમય મહકાયા પછી પાછી હતી એની એ...
સાચી પ્રીતડી તો જ્યાં સુધી પ્રેમી ત્યાં સુધી પ્રેમ.
તું તો સજજન-શિરોમણી. એથી વધુ તો મારો સ્વજન શિરોમણી છે.
સ્વજનમાં સૌથી પહેલું તારું સ્થાન-માન...
જીવનમાં પ્રથમ પણ તું, પરમ પણ તું...
જ્યારે, જેમાં તું પૂરણ રૂપે ભરાઈ જાય તો પ્રગટ પણ તું...
તારા ઉતરાણ પછી તારા ઉગ્યાં પછી ભક્ત-હૃદય
એવું તે ઉત્કટ અને ઉત્તેજન સભર થઈ પડે છે.
પૂજ્યશ્રી કહે છે...
પરિમલ કસ્તૂરીની શું મહેંક્યા વગર રહે ખરી. ?
ઓર વધુ ભાવોની ઉત્કટતા જોઈ અનુભૂતિ વધુ તીવ્ર બને છે...
તારી વ્યાપકતા... વિરાટતા... વિશાળતા...
મારે દબાવવી હોય તો મારી અહંની-અજ્ઞાનની આંગળીથી દબાઈ - છૂપાઈ જ ન શકે
"આંગળિયે નવિ મેરુ ઢંકાયે" મારા જીવન-મનન ચિંતનમાં તારી ઉંચાઈ છતી થયા વગર ન જ રહે...
"છાબડીયે રવિ તેજ" તારી પરમ-પ્રજ્ઞાનો પ્રકાશ શું કોઈ છીછરાપણાની છાબડીએ ઢાંકી

શકાય ? હરગિજ નહિ...
તારા તેજને ઢાંકવાનો વાંઝીયો પ્રયત્ન ન જ કરી શકાય. તને તો રવિથી અધિકો કહ્યો...
ગુરુ- ગણધરો તારી નામ-સ્તવનામાં...
"आईच्चेसु अहियं पयासयरा..."
ઓલા મહામના શ્રી માનતુંગાચાર્યજી
તારી મૌલિકતા-મહત્તાના મહિમાને કંઈક આવી જ ગણે છે...
"सूर्यातिशायि महिमासि मुनीन्द्र लोके"
હે મુનીન્દ્ર ! સૂરજને ઓળંગી જતો તારો મહિમા આ લોકમાં પ્રસર્યો છે...
તારા આ પ્રકાશમાં અંધકાર-અજ્ઞાનનો ન રહી શકે...
અહંકારના અંધકારમાં લૂંટવા આવતા આત્મ-સાધના-સિદ્ધના આનંદને દોષોના ચોરો રંઝાડી એ ન શકે...
તર્ક સમ્રાટ-ભક્તિરાજ શ્રી સિદ્ધસેનદિવાકરજીની અનુભૂતિ...

मुच्यन्ते एव मनुजाः सहसा जिनेन्द्रः।
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि।।
गोस्वामिनि स्फूरित तेजसि दृष्टमात्रे
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ।।

તારી એક માત્ર કરુણા દૃષ્ટિ-કૈવલ્ય દૃષ્ટિ પડતાંની સાથે મારી મુશ્કેલી-મુસીબતોથી મુક્તિ.
દિનકરનું એક કિરણ ધરતી પર ફેલાતાં જ ચોર ઊભી પૂંછડીએ ભાગી જ જાય છે ને...!!!
હા ! પણ પ્રભુ એક શરતઃ તારી દૃષ્ટિ પી શકે, પામી શકે તેવી દૃષ્ટિ તો જોઈએ જ ને...
ઘુવડ ક્યાં કદી સૂર્ય-તેજ થી પરચો-પારખુ કરે છે...
આંધળુ ઘુવડ જ્યારે ને ત્યારે ડંફાસ મારે છે.
તમે જાણો છો કે મારો દુશ્મન કોણ ? સૂર્ય
આવું બને તો સૂર્યનો શો વાંક ?
અંધ ગામમાં જો અથડામણો-હુલ્લડો ફાટી નીકળે એમાં અંધારને બદનામ ન જ કરાય.
મારે પ્રજ્ઞા-પ્રકાશની આશા પ્રકાશમયથી જ રખાય.
મારે પાપ-પલાયનની આશા પ્રકાશમય થી જ રખાય.
જુઓને કો'કે કહ્યું છે-
"મીણબત્તીને સૂરજ કીધા કર્યુ
લ્યો જુઓ અંજામ અંધારું થયું..."

તારી ઊંચાઈ ન ઢંકાય...
તારો ઉજાસ ન અવરાય
તો તારી ઉદારતા-ઉત્તમતા-ઉપકારિતા મારા જેવા તુચ્છનું પાત્ર શેં ઝીલશેની પ્રીતિ-અનુભૂતિ થઈ ઉગી.
"અંજલિમાં જિમ ગંગ ન માય, મુજ મન તિમ પ્રભુ હેજ..."
આખાય વિશ્વમાં છાયી જનારી તારી કરુણા-ગંગા...
મારા નાના-સા હૈયાની મટકીમાં કેવી રીતે ભરવી?
એ તો ઉભરાયા વગર રહેશે જ નહિ.
તારો ઉજાસ...
"લખ લખ તારા તેજ તમે તો વહાલભરી વરસાવ્યું...
મેં ઉંબરના ટમટમ દીવડા-વાટે થોડું વસાવ્યું..."
તારો ઉપકાર તો કેવો...
"विश्वोपकारकीभूत-तीर्थकृत्कर्मनिर्मितिः ।
सुरासुरनरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥"
તારી કરુણા આખા'ય વિશ્વમાં છવાય એટલી છે...
તું મારા ત્યાં આવે તો તારી એ વિશ્વ કરુણા પણ મારા ઘરે આવે જ ! પણ,
"તમે ઘેરે હે ઉદાર! લાવ્યા આખી ગંગા વાળી
કોરીમોરી એક મટૂકી ભરી લીધી મેં ખાલી..."
મારા અનાદિ કાળના અમૃત દુકાળનો અંત...
તું તો આખે આખો ઠલવાઈ જાય.
પણ મારી ક્ષમતા જોઈએ તારાથી આખે આખા ભરાઈ જવાની...
ન ભરાઈ શકું એટલે એ બહાર પ્રગટ્યા વિના રહે જ નહિ...
"હુઓ છીપે નહીં અધર-અરુણ જિમ ખાતા પાન- સુરંગ...
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ..."
તારો મારા માટેનો પ્રેમ તો અભંગ હતો જ ને રહેવાનો... એ બહાર દેખાયો... સાક્ષાત્ થયો... તારા પરમ-પાવન શાસનના રૂપમાં...
હવે તો મારો પ્રેમ પણ અભંગ
પાન ખાઈને હોઠ રંગીલા બનાવ્યા વગર ન જ રહે.
પ્રીતી પીધીને હૈયું રસીલું બન્યા વગર ન જ રહે અને

એ રસ પ્રાર્થનામાં પ્રગટ્યા વગર ન જ રહે...
ભક્તના હૈયા બે પ્રકારના હોય છેઃ- એ બે સ્તરમાં પસાર થતા હોય છે...
એક પગના ઝાંઝર જેવું અને એક હૈયાના હાર જેવું...
પગનું ઝાંઝર રણઝણ્યા વગર રહે નહિ... હૈયાનો હાર ચૂપચાપ હૈયામાં જ રહ્યાં કરે...
એટલે!!!
જ્યાં સુધી તું બોલતો નથી ત્યાં સુધી મારે બોલ્યા વગર રહેવાય જ નહિ. એ જ પ્રીતીની પ્રથમ શરત છે...
ગુરુદેવ શ્રી હેમચંદ્રાચાર્ય કે ગુરુ શ્રી યશોવિજયજી...
तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे जन्मिनां जन्मनः फलम् ।।
તારી સાથે વાતમાં ગળાડૂબ-હૈયાડૂબ ડૂબવું.
બોલવું-બોલતાં રહેવું એ જ મારા જીવની-મારી જીભની સાર્થકતા..
"પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા...." 'પણ ક્યાં સુધી બોલતા રહેવાનું ?
'હું તારા પગના બદલે હૈયામાં હાજરા હજૂર ન થાઉં ત્યાં સુધી... જ્યાં સુધી તું નહિ બોલે ત્યાં સુધી....
તું એક વખત બોલશે પછી...
ઝાંઝર હાર ને હૈયામાં રમ્યા કરે.. જુઓ, આ જ ભક્તની ચરમ નિસ્બત છે...
પ્રથમ નિસ્બત પ્રભુને બોલાવવા, એના ગુણ ગાવા.
ચરમ નિસ્બત પ્રભુ બોલ્યા એટલે પત્યું...
આ જ કલિકાલસર્વજ્ઞશ્રીએ તને કહ્યું હતું ને-

'तव प्रेष्योऽस्मि दासोऽस्मि
सेवकोऽस्म्यस्मि किङ्करः।
ओमिति प्रतिपद्यस्व
नाथ नातः परं ब्रूवे ।।

તારો પ્રેષક છું, દાસ-સેવક-કિંકર છું... આવી રટણા, જિન-રટણા ગણું છું. બસ, પછી તું એકવાર 'હા, કહે નાથ પછી મારે કાંઈ કરવાનું-બોલવાનું-માંગવાનું ન રહે...
પછી જે કાંઈ કરવાનું તે તારે...
"આજ મારા પ્રભુજી સામું જુઓને સેવક કહીને બોલાવો રે...
એટલે હું મનગમતું પામ્યો રુઠડાં બાળ મનાવો રે..."

તારા એકવાર બોલ્યા પછી બોલવા જેવું કે રુઠવા જેવું કાંઈ હોય પણ નહિ...
માના ખોળે ગયા પછી બાળક રડતો બંધ થાય એ જ એનું સાચું માતૃત્વ... તારા સ્વીકાર પછી ભક્ત રખડતો-રડતો બંધ થાય એ જ તારું સાચું ઈશ્વરત્વ-પરમાત્મત્વ...
તે હા પાડી એટલે મારું કામ પત્યું... તે કહ્યું
"અપ્પા સો પરમપ્પા.."
પરમાત્મા થયા પછી... મુક્ત થયા પછી...

સવ્વે સરા નિઅદંતિ-જ્યાં શબ્દો પાછા ફરે તેમ નથી.
તક્કા જત્થ ન વિજ્જઇ- જ્યાં તર્ક નથી.
મઇ જત્થ ન ગાઇઆ- જ્યાં મતિ નથી...

હવે હું રાહ જોઈશ... ઝાંઝરમાંથી હાર થવાની... એ જ મારો જીવનધર્મ... હાર નહિ થાય ત્યાં સુધી હું હારીશ નહિ.. થાકીશ નહિ. તારી પાસે રણ-ઝણ, કલશોર કરતો જ રહીશ.
"પર્વતના હૈયામાં કલ્લોલની વાગતી વાંસળી
એની સાબિતી લઈને વહી જાય ઝરણું..."
તારા હૃદયના પથ્થરમાં પ્રીતિની વાગતી વાંસળીની સાબિતી-ઈજન દેતું મારી પ્રાર્થનાના શબ્દોનું રણ-ઝણ
તારા ચરણે ધરું અને વિરમું... ફરી બોલીશ એ વિના રહેવાય કેમ ?

પ્રભુ ! તું મારામાં ઊતર



હવે તને એક વાત કહી દઉં કે
તું એટલો બધો દૂર-બહુ દૂર જતો રે કે
તું મને દેખાય જ નહિ.
ન દેખવું ન દાઝવું
મારાથી તું આટલો દૂર ન જ જઈ શકે
તો, તું મારામાં સમાઈ જા.
મારે તને દેખવો જ ન પડે...
બસ; પછી બધું તારે જ દેખવાનું
...દેખ પણ તારી...રેખ પણ તારી...ભેખ પણ
તારો...
આમ નહિ, હવે તને જ ક્યાં સુધી દેખવો ?
હવે તે જેવું દેખ્યું એવું દેખવા ભાવ છે.
તારી નજરથી તું મને દેખ એવી આરઝૂ નથી કરી !
"નાથ ! નેહ નજરે નિહાળો...'
"નિગાહ રખકે નિર્મલ કીજીએ.."
હું તને જ દેખ્યા કરું એવું પણ નહિ...
"નેહ નજર સે નિત નિત નિરખત..."
"નયન ચકોર વિલાસ કરત હૈ"...
મારે તને કહેવું છે પૂ. ગુરુદેવશ્રી યશોવિજયજીની કડીથી.
"તેરે નયન કી મેરે નયન મેં દીયો છવિ ઉતારી..."
તારી નજર મારા પર પડે એમ નહિ પરંતુ મારામાં ઉતરે...
એટલે ! ભક્તિરસાચાર્ય શ્રી આનંદઘનજી કહે છે-

"નયણ તે દિવ્ય વિચાર"

"એના આવ્યા પછી સઘળે અમર-અમર
વિના તારી નજર તો બધે નશ્વર-નશ્વર"
શું મને તું ઈશ્વર થઈ નશ્વરમાં રખડતો રાખીશ.
કે અમર-વિશ્વની સહેલગાહ પણ કરવા દઈશ.
તું આ વિશ્વમાં તારું અમર-દર્શન, દિવ્ય-દર્શનમાં એકાધિકાર

રાખવા માંગે એમ માનવા હું તૈયાર નથી.
“લીલા લહેરે દે નિજ પદવી તુમ સમ કો નવિ ત્યાગી”
શક્રસ્તવની નિજસમફલદની સંપદાને વ્યક્ત-ગાતું આ સ્તવન-પદ છે...
“બુદ્ધાણં બોહયાણં”
તું જે દેખે એનાથી સંતોષ નથી.
બીજા પણ એ જ દેખે એવી તારી તત્પરતા.
બસ! હવે તો છોડ્યું તારા ઉપર, ક્યાં જવું તારા હાથની વાત
આખરે ઈશ તો તું જ ને !!!
પણ આટલી વાત યાદ રાખજે
દૂર દૂર જઈશ તો!
તને-મને બન્નેને નુકસાન છે...
તું ઈશ, નહિ જઈશ આટલો વિશ્વાસ તો
રાખીશ, રાખીશ ને રાખીશ...





શ્રા. વ. ૪, પૂના

સંકલ્પનો કાયા-કલ્પ

હે પ્રભો ! સંકલ્પેશ્વર અરિહંત...

મારે આ વિશ્વમાં સડો ઊભો કરવા કેટલાંક ખાનગી પણ ખૂંખાર સંકલ્પો
કરવા પડે છે...

હું સારો બનવા નહિ...

સારો દેખાવા જ મથીશ...

મારો દેખાવ બધે પહોંચી વળે...

એ માટે પ્રચાર પર જ આધાર રાખીશ. પ્રભાવ કે વિચાર પર નહિ...

હું તો ફસાઈશ... બીજાને પણ સંકજામાં લઈ લઈશ... કરોળિયા માફક...

નિષ્ઠા-ઈમાન-અને ગૌરવ ઉપર ઉપર

અંદર તો બસ; બધું ઈતર-ઈતર...

હે ! સંકલ્પેશ્વર પ્રભો !

તારું દુનિયાના સંકલ્પ પર સ્વામિત્વ છે... મારા આ કાતિલ સંકલ્પ ક્યારેય ફળે જ નહિ... એ જ આશા સાથે તારા આશરે છું...

ક્યારે સંકલ્પનો કાયા-કલ્પ થાય ???

ને હું સારો જ બનવા મથીશ.

હું વિચાર-પર જ મદાર રાખીશ...

હું મારા બંધનોથી છૂટો થઈશ...

બીજાને છોડાવી ન શકું તો કાંઈ નહિ,

કોઈને મારા છાટકામાં જકડીશ નહિ જ...

વેષ-પલટો થયો હવે

વૃત્તિ-પલટો થાય તો ભયો-ભયો...

'कारणं न वेषमात्रात् मुक्तिः ! ! !

માત્ર વેષમાં રહેતાં-મહાલતાં મને

મુક્તિ અપાવી દે

એ જ....



સાચી-તાજગી

હે પ્રભો અરિહંત ! ! !

ચક્ષુ મારા તુજ દર્શનના ભિક્ષુ
કાન તુજ સુણવા ગુલતાન
હાથ મારા તુજ હાથે નાથ
પણ તુજ ભણી અણથક
ખેદ શાના કરું હું નાહક
નામ તારી હયાતીનું વાહક
રોમ રોમ તુજ નામનું ચાહક
હયાતી તારી કહેવાતી ઓછી
અનુભવાતી ઝાઝી
તારા હોવાથી જ મારું હોવું
તુજ વિણ હવે કશું ન જોવું
તારે જ લેવું ને તારે જ દેવું
તારામાં મારું સદા રહેવું.

તુજ સ્મરણામાં થાતી એવી રમણા
તૂટી જતી રણમાં જળની ભ્રમણા
તુજ સાથે પળ-પળ હસુ થાતી
જિંદગીમાં જાણે વસંત લહેરાતી.
ભીતર થાય તરબતર.
એક એવા રસથી.
શ્વાસ-શ્વાસ લેવાય કસથી
સઘળું'ય સફળ-વિમળ-અચળ
નથી કોઈ અંદર કે બહાર
ચોતરફ બસ એક કિરતાર.
તું આખો આવે રોમરોમથી
જોડાયો હું વિશુદ્ધ વ્યોમથી
રહે હવે ના કોઈ પસંદગી
એ જ તો છે સાચી બંદગી.
ત્યારે વરતાય સાચી તાજગી.



પ્રાર્થના બનાવે એકમેક પ્રભુમાં

હે આત્મન્ !
તું રોજ લખજે એક પ્રાર્થના
તું રોજ થશે એકમેક પ્રભુમાં...
“મુજશું રમો એકમેક શું ! ! !”
શું કરું જ્યાં સુધી તું મારામાં એકમેક થઈને રહે નહિ
ત્યાં સુધી મારે તને પ્રાર્થના લખવી જ રહી, કરવી જ રહી.
પછી ભલે ને એક ને એક હોય.
મારી તો એક જ ટેક તું થાય મારામાં એકમેક...
જ્યાં સુધી તારો આદર નથી,
ત્યાં સુધી અનેક બીજા પણ કામો આદરું કાંઈ ફળ નહિ... ખાલી વેઠ...
કર્મમાં તું આવે તો કર્મયોગ બને...
હું ભક્ત બનું... ભક્તિ આવે ને આસક્તિ જાય...
કર્મમાંથી આસક્તિ જાય એ પણ કર્મયોગ...
આસક્તિનો આતાપ હૃદયને સૂકું બનાવી નાંખે...
ભક્તિની ભાગીરથી હૃદયને ભીનું-ભીનું કરી આપે...
ભક્તિ સાથેનો નમસ્કાર યાદ રહે વારંવાર, થયા કરે વારંવાર
ભીની માટીમાંથી કીડી જાય ને તો’ય કીડીના પગની લિપિ વંચાય...
સૂક્કા-ભઠ રણમાં ઊંટોના ઊંટો નીકળી જાય ને
જરી વારમાં પગલાં ભૂંસાઈ જાય
માટે સ્તો લોકો રણમાં ભટકે છે...

હું એક નમસ્કાર કરું. ભીની માટી પર કીડી જેવો...
અમીટ છાપ ઉપસી આવે... પાપનો શ્રાપ મીટી જાય... મારું દળદર ફીટી જાય..
રણમાં ઊંટ તો ક્યારેય ન આવે નમસ્કારના...
મને રણ બનતો રોક...
મારા નમસ્કારને ઊંટ બનતો રોક...
ભીની માટી પર ઊંટ જેવા પ્રણામ પસાર થાય તો મારો તો બેડો પાર થઈ જાય...
ત્યાં સુધી દેજે ભીનું-ભાવનું હૈયું...
ત્યાં સુધી દેજે કીડી સમું નમન...
સિદ્ધ-સ્તવ માં તારા સ્તવનું સાફલ્ય બતાવ્યું છે...
'इक्कोवि नमुक्कारो... तारेइ नरं व नारि वा...'
એક જ નમસ્કાર ભવ ઉતારી દે, નર હોય કે નારી...
ભાવનો સાગર જોઈએ, ભવ-સાગર તરવો હોય તો...
તારો આવો નમસ્કાર મારો વાળ વાંકો કરી શકે તેમ નથી.
સૂક્કા નમસ્કારો શેક્યો પાપડ તોડી શકે તેમ નથી...
એમાં પ્રભુનો કે પ્રણામનો કોઈ કસૂર નહિ...
કસર ને કસૂર મારો કે જેને નમસ્કારને વૈફલ્ય અપાવ્યું...
બાકી ગુરુ શ્રી ભદ્રબાહુ ભગવંત ટંકાર કરે છે...
'चिट्ठउ दूरे मंतो, तुजऊ पणामो वि बहुफलो होई...'
તારો મંત્ર તો દૂર જ રહે... તને કરેલું પ્રણામ દુઃખ દુર્ગતિને દફનાવી દે...
"બધી હવાનું નામ શ્વાસ નથી હોતું,
બધા બિંદુનું નામ આંસુ નથી હોતું;
હોવો જોઈએ અંતરનો ઘરોપો,
બધા શબ્દોનું નામ પ્રાર્થના નથી હોતું"

ઘરોપો નહિ તો
ઝૂરાપો...
મારાપો.. આપો...
સંતા પાપ કાપો...!!!



‘તારું શરણું મારું આંગણું...’

હે પ્રભો ! અરિહંત...
તું ક્યાં છે એ પ્રશ્ન નથી... પરંતુ તું ક્યાં નથી ?...
મારી પાસે તારી પાસે આવવા પગ નથી, યા તો છે તો મને તારો ખપ નથી...
માટે જ જગતને પૂર્ણ દેખવાના બદલે અપૂર્ણ દેખું છું.
બસ, આ અપૂર્ણ દર્શન મારી અપૂર્ણ દૃષ્ટિની પ્રતીતિ છે.
હું તને હવે મારી આંખે દેખું એના કરતાં
હું તને તારી આંખે જ દેખું એવું દર્શન-દાનનું વરદાન દે...
પૂજ્ય ભક્ત શ્રી સાગરજી મ.નું માર્મિક વાક્ય જ મારી આ પ્રાર્થનાનું બીજ છે. આ રહ્યું એ વાક્ય !
“જ્યા સુધી આપણી દૃષ્ટિમાં તારકતા નથી ત્યાં સુધી
તારક ની દૃષ્ટિથી જ જોવું જોઈએ”
તારી દૃષ્ટિ પાછળ જ મારી સૃષ્ટિ સત્ય અને સૌંદર્યથી મહોરી ઊઠશે...
ભક્ત એટલે જ હંમેશ પ્રભુથી, પ્રભુને, પ્રભુ માટે જ દેખતું ચૈતન્ય...
માટે જ સ્તો આ “થી”, “ને”, “માટે” એક થતાં ભગવાન ભક્ત થઈ જાય છે.
મારે સહુમાં તને જ દેખવો છે...
વિશ્વમાં રહેલા કોઈપણ રૂપ પાછળ તારું દર્શન છે !
વિશ્વમાં રહેલા કોઈપણ શબ્દ પાછળ તારું શ્રવણ છે !
વિશ્વમાં રહેલા કોઈપણ સ્પર્શ પાછળ તારો સ્પર્શ છે !
મહત્ત્વની વાત તો કોઈપણ આત્મામાં “તું જ” છે એ આનંદ...
“જ્યાં જઈએ ત્યાં પૂરણ સઘળે દીસે છે તું હી જ તું હી રે...”
“તું હી તું હી તું હી તું હી, તુંહી જે ચિત્ત ધારે
યાહી હેતુ જે આપ સ્વભાવે ભવજલ પાર ઉતારે...”
તત્ત્વ-દર્શનનો પ્રથમ માર્ગ છે તવ દર્શન-તારું દર્શન...
તારું દર્શન થતાંની સાથે જ અપૂર્ણતા ઓઝલ થઈ જાય છે...
કારણ તારામાંથી અપૂર્ણતા ઓઝલ થઈ ગઈ છે...



પછી જે દર્શન થાય તેમાં દોષ ન હોય...
પછી જે શ્રવણ થાય તેમાં ખોટું ન હોય...

પછી જે સ્પર્શ થાય તેમાં વિકાર ન હોય...

પછી જે આત્મા દેખાય તે અવગુણી ન હોય...

જ્યાં અપૂર્ણતાને ખતમ કરવાની, ખસેડવાની વાત કરાઈ હોય ત્યાં જો પૂર્ણની આવ-જા થતી હોય... કેવું કહેવાય!!!

બસ, તારી આવ-જા હવે સહેવાતી નથી!

તું એકવાર આવીને મારી આંખોમાં જડબેસલાક બેસી જા,

પછી જો આખું વિશ્વ મારા માટે ઈશ્વર થઈ જશે...

"ब्रह्मलोकस्य शांतिर्भवतु..."

પણ પહેલાં પ્રતીતિ કરવી પડશે ને કે 'લોક એ પણ બ્રહ્મ છે.'

એ બ્રહ્મ વિના શી રીતે થશે...

મારે બ્રહ્મને મેળવવો છે... મારે બ્રાહ્મણ થવું છે...

તને મેળવવા મારે જાગવું જ જોઈશે...

તારી પ્રાપ્તિમાં જાગૃતિ જોઈએ!

તું મળે નહિ-પમાય નહિ-ત્યાં સુધી તને પામવાની પણ જાગૃતિ જોઈએ.

માટે જ... એક ભક્તે કહ્યું છે કે-

"તારી પ્રતીક્ષામાં પણ આનંદ છે.

કારણ એ આનંદની જ પ્રતીક્ષા છે..."

આનંદ હંમેશાં જાગરણમાં જ વસે છે...

મારી પાસે પૂર્ણતા નથી, નથી હાજર સત્યતા...

તું મારામાં પૂર્ણતાના અંશ રૂપે...

તું મારામાં સત્યતાના અંશ રૂપે હાજર થાય એટલે હાશ...

વિકાસ તો અંશથી જ થાય પણ શરત એટલી જ...

વિકાસ અંશે-અંશમાં વ્યાપે નહિ ત્યાં સુધી તો

પૂરેપુરું જીવન અને નજર

પરમ-પૂર્ણને-પરમ સત્યને સોંપી જ દેવી પડે.

આ જ તો ઉદ્ગાર છે... પોકાર છે...

પરમ ગુરુદેવ ઊર્ધ્વગામી પૂ. કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજીના...

''यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम्।

तावन्मयि शरण्यस्त्वं मा मुञ्च शरणं श्रिते॥"

તારા જેવી પરમપદવી-પરમપૂર્ણ સત્ય-પદ ન મેળવું... પણ આ તો પ્રાપ્તવ્ય છે... મંઝિલ છે...
મેળવવાનો પંથ કયો ? માર્ગ કયો ? 'ત્વદનુભાવજામ્'...
તારી કૃપા-પ્રતાપ-તારો પ્રેમ એ જ તો તારી પદવી મેળવવાનો પંથ છે..
છેવટે પ્રાર્થના પણ કરે છે... માંગણી મૂકે છે !
જ્યાં સુધી તારા સુધી પહોંચું નહિ... ત્યાં સુધી તારો પંથ પગ-ચરણ મૂકું નહિ..
તું મને મૂકીશ ? મારે તો અત્યારે જ તારી જરૂરીયાત છે... પૂર્ણ થવા માટે !
પૂર્ણ થયા પછી શી જરૂર ! ! !
જુઓને ! પેલા પરમ તાર્કિક પણ ભક્ત ગુરુ શ્રી ઉપા. યશોવિજયજી..

"ગુરુત્ત્વં સ્વસ્ય નોદેતિ, શિક્ષાસાત્મ્યેન યાવતા ।
આત્મ તત્ત્વ પ્રકાશેન, તાવત્સેવ્યો ગુરૂત્તમઃ ॥"

આ બંને મહાપુરુષોએ માર્ગથી મંઝિલની ખેવના રાખી છે...
આ બંને મહાપુરુષોએ વચ્ચે પંથ-પથ દર્શન કરાવ્યું છે...
બન્નેએ જ્યાં સુધી-ત્યાં સુધી, યાવત્, તાવત્નો ઉપયોગ કર્યો જ છે...
પૂર્ણતા પ્રગટે નહિ ત્યાં સુધી ગુરુ-પરમગુરુ જોઈએ જ...
પૂર્ણતા પ્રગટે પછી ગુરુ-પરમગુરુ પોતે રહે જ નહિ ને જતાં જ રહે !
એ કોઈ સત્તા-લાલચુ નથી કે શોષણખોર નથી કે સંસારની જેમ સદા તમને પાંગળા-અપૂર્ણ- આંધળા-અસત્ય રાખી મૂકે...
એમના શરણમાં જતાંની સાથે આપણી કૃતાર્થતા-કૃતકૃત્યતાનો દોર શરૂ થઈ જાય છે...

જે કૃતાર્થ હોય-કૃતકૃત્ય સત્ય હોય
તે કૃતાર્થ-કૃતકૃત્ય કરે જ સત્યને...

જ્યારે સંસાર હરહંમેશ અપૂર્ણ અસત્ય છે... તો એ આપણને અપૂર્ણ અસત્ય જ રાખે ને...
માટે સ્તો આખા જગતને તારા ચરણ જ શરણ છે...
ભક્તો સવારે દોડી દોડી તારા ચરણે આવે
યા તો કહીએ જ્યારે દોડી આવે ત્યારે
એમના જીવન-અંધકાર ફેડાય, પરોઢનો પ્રકાશ પથરાય... ફેલાય...
સ્ફૂર્તિ-મસ્તીથી જીવન ભરાઈ જાય...
પૂ. તાત્ત્વિક – ભક્ત શ્રી દેવચંદ્રજીએ કહ્યું છે -

"જન્મ કૃતારથ તેહનો, દિવસ સફળ પણ તાસ...
જગત શરણ જિનચરણ, વંદે ધરીય ઉલ્લાસ..."

અંતે અંતરથી એટલું જ કહીશું ! ! !
તારા શ્રેષ્ઠ કોટિના ભક્તોના...
'ते हि नो दिवसो गताः...'
તે દિવસો ગયા કે તારો પંથ ઝાલી રાખવો પડે !
હવે પૂર્ણ થઈ ગયા... સાધ્ય સાધી લીધું...
મારા જેવા કનિષ્ઠ ભક્તો માટે
"ते दिवसाः कदा आगमिष्यन्ति ?"
એ દિવસો ક્યારે આવશે...
મારે ત્યાં પૂર્ણતા-સત્યતા રમતી હશે...
અરે ! વાત છોડો !
એ દિવસો ક્યારે આવશે કે !
હું પરમ પૂર્ણ-સત્યના આંગણે-ચરણે જ રમતો હોઈશ...
નહિ તો પછી...
"જો તુમકો છોડી ઓર કો ધ્યાવત
કુણ પકડે તસ છેડો;
જ્યું કુરકુટ રોહણગિરિ છંડી
શોધિત લે ઉકેરો !
હાલ હું આંગણે નહિ
પણ ઉકરડે !
હવે રડે કંઈ નહિ વળે ! આંગણે જવું જ પડશે...
જગત શરણ જિનચરણ
એ જ મારું ભવોભવ શરણ !
એ સ્તો મારું આંગણું,
મારું શરણું...



“મારી સ્તુતિઃ કંઠની કોરી રમત”

મારા વિચારોમાં તારી પરિશુદ્ધ પ્રભુતાઈનું પુષ્પ પાંગરે તો મારી પ્રપંચી પ્રભુતાઈ જેમ પાનખરે પાન ખરે તેમ ખરી પડે.

તારી એ પ્રભુતાઈ નીખરે ત્યારે જ હું પ્રભુ નામના પરમ-પ્રદેશમાં ડગ ભરું!

મારું પ્રત્યેક પગલું તારા પગલે પગલે પડે.

હું ધીમે-ધીમે પ્રભુતાના ધામમાં પ્રવેશું!

હાલનો અહેવાલ આપું!

મારા વિચારો હજુ તારામાં પ્રભુતા છે કે નહિ એવી શંકા-કુશંકાની અટવીમાં અટવાયા કરે છે.

તારી શુદ્ધ પ્રભુતા સામે મારામાં રહેલી અશુદ્ધ પ્રભુતા યુદ્ધે ચડે છે.

હું ઈશ્વરતાની શોધમાં છું. ઈશ્વરતાના બોધમાં નહિ...

માટે જ કો'ક એવો જીવડો પોતાની માનેલી પ્રભુતાને ફગાવનારો, તારી પ્રભુતાનો દીવો પોતાના હૈયે ઝગમગાવનારો ભક્તિભરી વાત કરે તો એની વાતનો રદ્દિયો દેવા તૈયાર થઈ જાઉં છું.

એ ભક્તના પ્રભુતાના અંશને હું નવાજી શકતો નથી ! તો પછી શે' હું મારા આત્માને તારાથી સજાવી શકીશ... સીધી વાત છે...

હું વર્તમાનમાં શુદ્ધ પ્રભુતાને સ્વીકારી શકતો નથી... તો પછી ભવિષ્યમાં શુદ્ધ પ્રભુતાના આગમનને કેવી રીતે આવકારું ? બલકે એને તો નકારું જ છું...

એના જ પરિણામ રૂપે મારા જીવનના ત્રણે'ય પાસા મનનાં-વચનનાં-કાયાનાં-હિંસાના દૂષણથી ખરડાઈ ગયા. મારા ચેતનના મોક્ષ-વ્યાપારનું વાતાવરણ ખોરવાઈ ગયું.

"જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ અણાગએ કાલે,

સંપઈઅ વટ્ટમાણા સવ્વે તિવિહેણ વંદામિ" ગાથાની સ્તુતિ માત્ર કંઠની, કોરા કંઠની શબ્દ રમત થઈ ચૂકી છે. અહીં તો નહિ તારો સ્વીકાર કે નહિ તારા જેવા થનારાનો આવકાર... માત્ર મારા અહંથી પળે-પળે શણગાર... માટે જ તો...

"જે તને સ્વીકારી શકતો નથી, તે તારાથી જીવને જીવનને સજાવી શકતો નથી...

મારા હાલ અહેવાલ પૂરા થયા !

"શું કરવું આગળ, એનો લખજે કાગળ,
અત્યારે છે વાદળ, તું હશે તો થશે ઝળહળ..."

'त्वमेव भूषणं मम, अहमेव दूषणं मम."





"તું મારું ધાર્યું ન કરે તો સાચો"

મન માંગે છે માન, ત્યારે મળે છે અપમાન...

બીજાના છેદોને કાગડાની જેમ ચૂંથવાની ચતુરાઈ મારા સ્વભાવમાં વણાઈ છે.

પણ... પ્રસંગો એવા આવી પડે કે મારી ભૂલ નીકળે ને મારે માફી માંગવી પડે...

સેવેલી મહત્ત્વાકાંક્ષાને પહોંચી વળવાના પ્રયત્નો કરું ને વિઘ્નો આવી પડે,
પાણી ફરી વળે.

તો, બીજી બાજુ ધાર્યું હોય ને સફળતા માથે ચડે.

લોકો પૂજે, લોકો નવાજે મોટા લાવલવાજે લેવા આવે... મારું માન-મલાજો સાચવે...

કોઈની સામે મને માન મળે સામેનાને ઠપકો તે વખતે હું ઠાવકો-શાણો બની જાઉં.

બે પ્રકારે વહી રહી છે જીવન-સરિતા... ધાર્યું થાય, ધાર્યું ન થાય...

ધાર્યું થાય તો માનના મોજાં આભ-આભ ઉછળે.

પાર ન પડ્યું તો અંદરો-અંદર પરિણતિના પાણી ખળ-ખળ ઉકળે!

પાર પડે તો મુસ્કુરાના, પાર ન પડે તો મુરઝાના...

ચાલ્યા કરે છે આ સાઇકલ... પલ-પલ...

ધારવું ભલે ક્રિયાપદ પણ મારો તો મુદ્રાલેખ!

ધાર્યા કરવું, એને પાર-પાડવા કમર કસવી..

પછી કરવી પડે કપટ લીલા તો કરવાની આ દારુણ સ્થિતિ છે !

તારી સ્તુતિ મને એક દૃષ્ટિ આપી ગઈ. બોલ કઈ ?

“ધારેલું સહું કામ સિદ્ધ કરવા છો દેવ સાચા તમે”

આજથી મારે ધારવું છે કે મારે કંઈ પણ ધારવું જ નહિ...

આને સિદ્ધ કરવા આપ શક્તિશાળી છો ! તું જ આ કરી શકે તેમ છે...

બાકી બધા તો મારું ધાર્યું કરે છે... ને મારો માન-મલાજો વધારે !

પણ મારું ધાર્યું ન કરે તેવો તો તું જ છે ! તું જે દેખે છે એ જ થાય. એમાં મીનમેખ નહિ રતિભાર !

ટૂંકમાં, તારી આ સ્તુતિ-પંક્તિથી મેં ધાર્યું કે -

મારે મારું ધાર્યું કરવા કંઈ ન કરવું, તારું કહ્યું જ કરવું કે મારું ધાર્યું કંઈ ન થાય...

જો થાય તો મારું અભિમાન આગેકદમ, આગેકૂચ કરે એમાં
મારો ભવિષ્યમાં કૂચો નીકળી જાય...

જો મારું ધારેલું પાર પડે તો મારા અહંનો પાર ન રહે.

તારો ઉપકાર ! મારું ઇચ્છ્યું પાર નથી પડતું ! કદાચ પડતું હોય તો હવે તો ન જ પડે ! આ તો માત્ર એક લખાણ છે પણ એ ઊંડાણથી નથી લખાયું...

હજુ ધારેલું પાર-પડે તો હર્ષ થાય... હાશ થાય...

અન્યથા હાય થાય ને લાય લાગે છે લાય !

હવે એવી વિશાળ દૃષ્ટિ દે કે મારે કંઈ નથી થવું...

મારે તો માત્ર તારા જ થવું છે ! એ જ મારો મંત્ર બને...

મારે તો માત્ર તારા જ થવું છે ! તારા ! પૂરેપૂરા તારા !

તું મારું ધાર્યું ન કરે માટે સાચો !...

તારે તો મારા માટે જરૂરત હોય તે જ કરવું...

તારું ધાર્યું થાય મારા માટે... તે જ મારા સારા માટે !





“તારા ચરણનું હું છું ઝરણ”

મારા નાથ !

કેટલાક દિવસો એવા હોય છે કે સાચવી ન શકું એટલી ઊર્મિઓ પ્રગટે !

કોઈક પ્રભાતો એવી હોય કે તારી મુલાકાતો વચ્ચે હોઉં છું કોરોધાકોર !

ક્યારેક આર્દ્ર, તો ક્યારેક શુષ્ક...

આવી હાલક-ડોલક સ્થિતિમાં ખૂબ ભય લાગે છે

કે મારાથી દૂર ન થઈ જાય મારો દાદો... !!!

બાકી તું તો કરુણાનો ફુવારો મારી દરેક સંવેદનાને આપે છે દાદ...

અત્યારની હાલત લખું...

તારું નામ જપું, તારી પ્રાર્થના લખું પણ કંઈ હૃદયને અડતું નથી...

શું કરું ? કેમ આમ થાય છે ? એનો ઉપાય બતાવ...

મારે તો દરેક પળમાં, દરેક સ્થળમાં...

તારી સાથે જોડાઈને જ રહેવું છે. જડાઈને રહેવું છે...

“आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि...”

કંઈ સૂઝતું નથી જાણે તારી દીધેલી જ્યોત કોઈ બૂઝવી ગયું...

પ્રભુ મારી એક જ તો સંપત્તિ છે... તારે ચરણે રહેવું...

તારા ચરણ વિના હું રણ અને તારા ચરણનું હું છું ઝરણ...

એકડો ઘૂંટું છું હે દેવ! તારી પાસે, તારી સમીપે રહેવાની પડે ટેવ! આ ભાવ સાથે સતત અને સખત રીતે જોડાવું છે!

અત્યાર સુધીનું જોડાણ કેમ ભંગાણને આરે?

મારી કચાશ! મારી કડવાશ!

મેં તારી આજ્ઞા ફગાવી એની આ સજા છે! તો તારા આ ગુનેગારને જાણ તો કરવી'તી, તો તો! સજામાં પણ મજા માણત. કારણ સજા પણ મારા સ્વીકારનું લક્ષણ છે.

કંઈ પણ કર! હે ઈશ્વર! મને હવે અવિનશ્વર આનંદ દે!

તારી સાથેનો રોજિંદો સંવાદ દે! સહવાસ દે!

તું અબોલા ન લે "અબોલડા શાના લીધા છે રાજ"
કરવો હોય તો કરી નાંખને એકવાર ઝઘડો!

પણ આ તારા અબોલા ખૂબ યાતના આપે છે

ને તારા ઝઘડાં નરી સાંત્વના...

બસ તારે, હવે તો કોઈ ભીની સંવેદના મોકલજે... તને એ જ પાછી આપીશ! સૂકી તો ઘણી છે, મારે તો જોઈએ ભાવભીની.. ભાવભીની...

એ તો મારા ભગવાન વિના કોઈ ન આપે!





“હું ડંખીલું - કલંકી પંખી તારા આકાશનું”

મારી રીતભાત કાંઈ અનોખી લાગતી હશે !

હું પૂરેપૂરો ઝઘડાખોર-લડાયક !

દુનિયાથી અને દુનિયાદારીથી પણ લડતો-ઝઘડતો રહું છું...!

ત્યાંથી આગળ વધુ તને પણ નથી છોડતો, તારી સાથે પણ લડું-ઝઘડું...

મારું કામ કઢાવવાનું હોય ત્યારે પાછું “મુખ મેં રામ બગલ મેં છૂરી” એ જ દુનિયા સાથે “મધુ-કાપટ્યં” મીઠું-કપટ ખરું...

તારી સાથે પણ મારો વર્તાવ આવો જ છે... તારી સ્તવના પણ કરું છું.., મારું કામ કરાવવા, તારો થવા નહીં !

કોઈના માટે કંઈ કરી છૂટવાની ભાવના નથી... તો તારા માટે કંઈક છોડવાની ઝંખના પણ નથી... કેવી ઠગાઈ છે મારી...

આમાં જ હું હોંશિયાર...!

ડબલ-ઢોલકી જેવી મારી જીવન-શૈલી... એ મારી પહેલી વિશેષતા...

પણ તું તો વીતરાગ !

નથી તને મારા ઝઘડાથી દર્દ...

નથી તને મારી સ્તવનાથી હર્ષ...

જગતને તો જરૂર ફરક પડે છે ! એ મારાથી દૂર થતું જાય છે ! પણ તું તો નહિ જ થતો... એવું મારું માનવું છે !

હું તો મારી કલ્પનાની પાંખોથી તારા આકાશમાં ઊડ્યા કરું... મનમાં આવે તો ધરા પર ક્યાંક લપાઈને બેસું... જાઉં મારી પાંખો સંકેલી તરુ પર...

એનાથી આકાશને શું ? કશું જ નહિ...

પંખી ગમે ત્યારે ઊડે, ગમે તેમ ઊડે ! એમાં આકાશની વિશાળતામાં ફર્ક ન જ પડે... ધરાવાસીને ચોકકસ ફરક પડે !

પંખીથી હર્યું-ભર્યું આકાશ ! આંખોને ગમે પાંખોવાળું આકાશ...

એમાં'ય હંસ-સારસ-ચકોર-ચક્રવાક જેવા ઉત્તમ-કુલના પંખી તો આકાશના સૌન્દર્યમાં નીખાર લાવે... કાગડા-ગીધડા જેવા તો ગગનની સ્વચ્છતામાં દાગ લગાવે... હું એ કાગડાને-ગીધડાની જાતિનો.

ઉડું તો માંસના લોચા ને ઉકરડામાં આસક્તિ

હંસ-સારસ તો મસ્તીથી ઊડે નભમાં ને વંસુધરાના સૌન્દર્ય પર નજર... સરોવર પર, જળને કમળ પર, મોતીના ચારા પર...

આકાશની અને ધરાની સુંદરતાની મજા માણે ઉત્તમ-પંખી...

આકાશના બંને કલંક ને ધરાનું કલંક જેની આંખોમાં તે અધમ-પંખી...

તારા આવા ઉત્તમ-પંખી-ભક્તોથી તું ખૂબ સુંદર-સોહામણો ! લોભામણો... !!

જોને વણઝાર ! આનંદઘનજી, દેવચંદ્રજી, યશોવિજયજી, અનુપમાજી, ઉદયરતનજી, મોહનમુનિજી, વિનયવિજયજી, ધર્મરતનજી, માણેકમુનિજી કેટકેટલાય છે !

તારા પ્રેમ-ઘેલા પંખીનો માળો, જેનો તારી સાથે જામ્યો મેળ...

હું અધમ એમાં ભળી તારા સોહામણા આકાશને દઉં છું મેલ...

ઉત્તમ ગગન-વિહારીની નજરુ સારી...

અધમ ગગન-વિહારીની આંખ્યું વિકારી...

એકે તારી શોભા વધારી, મેં તારી આભા(શોભા) ઘટાડી પણ તારામાં ક્યાંય વેદના ન નિહાળી...

મારી લડાયકતા પછી મારી નાલાયકતા, બે વાત થઈ...

વાત-વાતમાં લડે એ લાયક થોડો હોય !

હું જગત સાથે જગત-નાથ સાથે વગર લેવા-દેવાએ ઝઘડી પડું ! ભૂલ મારી

લડવાનું પણ મારે આ કેવી બીમારી... !!! મારી સ્થિતિ કેવી બિચારી...

નાલાયકતાનો શિરમોર..!

મારી નાલાયકી બદલી દેજે ને લાયકાતમાં... ઉત્તમ - પંખીમાં !

મારું માનસ રહે ધરાના માનસ સરોવર પર

મસ્તી મળે નભના ઊંડાણની

જોડાણ જામે તારું ને મારું !

અધમ ને ઉત્તમ તો તું જ બનાવે છે એમ મારું સાંભળવું છે !...

ના નહિ કહેજો રે મુજને સાહિબા
હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી
માફ કરજો મુજ વાંક....



"તું આપજે મારી આસ્થાને અખૂટ-આયખું"

હે મારા અંતર્યામી !

કેટલાંકને લખતાં લખતાં લકવો લાગે ને અક્ષરો બગડી જાય... મને લખવાનો લકવો લાગ્યો છે' એટલે લખવાનું જ સૂઝે પણ અબૂઝ એટલે મારી-મચડીને શબ્દોના ઘોડે ચડી જવાનું ને દોડધામ કરવાની... ખૂબ સારું છે ! મારો ઘોડો તારા ચોગાનમાં ચક્કર મારે છે ! આંટા-ફેરા કરે ! એની એ વાતો ઘસી ઘસીને કહ્યાં કરે છે ! બબડાટ જ કહો ને ! પણ મારી નજરે તરવરે પેલી પંક્તિ -

"तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे जन्मिनां-जन्मनः फलम् ॥"

મળેલી વાણી પ્રભુ-પ્રાર્થના માટે વીણી વીણીને સ્તુતિ બનાવે તે જ આ ભવ-વનમાં ભટકતા પ્રાણીના જન્મની સફળતા છે ! પછી ભલે અજ્ઞાનતાએ ક્યાંકથી તાણી-તાણીને લાવવી પડે એ પ્રાર્થનાની વાણી... પણ કરવી તો પ્રાર્થના જ બીજું કાંઈ નહિ... એ "હિ" શબ્દ સૂચવે છે.

એ પ્રાર્થના મળેલી સરસ્વતીને પવિત્રતા બક્ષે છે, એને શિલ્પમાં ઢાળે છે. માટે જ હું રોજ તારી સામે એક આરઝૂ રજુ કરું...

જન્મ એ એક ભયંકર રોગ છે... જન્મ પાછળનું પૂંછડું એટલે જશ અને જમ

આ જન્મમાં જો શ્રદ્ધા ન જન્મે તો જન્મ બાતલ થાય. મારી આ પ્રાર્થનાથી તું શ્રદ્ધા જન્માવ... મારી આ પ્રાર્થનાના ગર્ભમાં તારી પ્રીતિ અને પ્રતીતિ પ્રગટે... એ પણ કેવી ? સાથે ને સાથે માંગી જ લઉં છું...

હું માંગણનો મહારાજા... માંગવા સિવાય મારે મન કંઈ હોતું જ નથી!
મારું આયખું ભલે આઘાત કે ઘાત, મૃત્યુને શરણે જાય...
પણ મારી શ્રદ્ધાનું આયખું તો તું અખૂટ દેજે! હોં!
શાસ્ત્ર પણ કહે છે કે આયુષ્ય બે પ્રકારના : સોપક્રમી, નિરુપક્રમી.
અકસ્માત નડતાં મરી જવાય = સોપક્રમી,
અકસ્માત નડતાં મરે જ નહિ = નિરુપક્રમી.
આયખું સોપક્રમી ચલાવી લઈશ. મનુષ્યનું આયુષ્ય સોપક્રમી મારે ચાલશે! પણ આસ્થાનું આયખું તો અખૂટ-અતૂટ નિરુપક્રમી... કોઈપણ ચમરબંધી ન એને મારી શકે કે કોઈપણ અકસ્માત અચાનક એને હણી શકે. કારણ...
"પ્રભુ સેવાથી ક્ષાયિક સમકિત"
ક્ષાયિક સમકિત એટલે અખંડ આયુષ્યવતી શ્રદ્ધા...
"સંગ લહ્યો અબ તેરો" - શું કમાલ કરે છે, કારણ અકાટ્ય આપે છે...
અમરની પ્રાર્થનાના ગર્ભથી તો અમર શ્રદ્ધા જ જન્મે!
પેલા શરીરનાં જન્મની પાછળ જરા ને જમ ઊભા રહે છે!
પણ શ્રદ્ધાના જન્મની પાછળ જરા અને જમ ઊભી પૂંછડીએ ભાગે છે... નાસે છે...
"જન્મ-જરા મરણાદિક ભ્રમણા વારત ભવ ભય ફેરો."
એ આગળની પંક્તિમાં જ છે...
પૂરા ઉસ્તાદ નીકળ્યા સ્તવનકાર - ભક્ત સૂરિરાજ જ્ઞાનવિમલજી...
પહેલા અઘાતી અકસ્માતે પૂરું થનારું આયખું માંગ્યું...
પછી એવી વસ્તુ માંગી કે એ આપોઆપ આ અકસ્માતી આયખું હટી જાય છે.
મારો મતલબ પણ આવો જ છે કે આવો મહામૂલો મનખો નહિ મળે ત્યાં સુધી
પ્રાર્થનાની પાછળ પડીશ... તારી પાછળ એ પ્રાર્થનાઓ લઈ પાછળ પડીશ...!
ગમે તેમ - ગમે તેવી રીતે તારી પ્રાર્થના કરવાની...
પ્રાર્થનાથી પ્રગટે તારી પૂર્ણ પ્રીતિ અને પ્રતીતિ...
અને આ ભવ-અટવીની થાય સમાપ્તિ ઇતિ શ્રી!
એટલે તને મારી વાચાળ પ્રાર્થનાને, શબ્દોની માયાજાળને સાંભળવામાંથી મળે છૂટકારો!
મને થાય હાશકારો તું પણ મુક્ત મારાથી...
હું પણ મુક્ત મારાથી...
ચાલ! તારે, પાછો કાલે તારા દ્વારે...



ચૈ. વ. ૧૨
તારંગા

હે પ્રભો !
તને કાગળ લાખ્યો મળ્યો કે નઈ ?
એમાં ભાષા વાપરી મૌનની
કેમ આમ ?
અરે, તું જો
મૌનથી જ બોલતો હોય તો
હું શું કામ આમ ન કરું ?
શબ્દોનો ઉપયોગ શાને કરું ?
મૌનની લિપિના અર્થ અપાર
તારે જેવા ખોલવા હોય
તેવા
ખોલજે ને બોલજે...
કાગળ તને કોરો લાગે ?
ના આમ નથી.
મને તો અર્થ-સભર ભાસે.
તારી ને મારી
મારી ને તારી
મૌનથી થતી આપ-લે રહસ્ય-પૂર્ણ
મારી પ્રેમ-નજર



તારી રહેમ-નજર.
અમર અને અજર.
આ અંગત જ રહે
સર્વગત રહે નહિ
એ જ આપણો મત
તારી-મારી વચ્ચે
મૌનનો અનેરો સંવાદ
મૌનથી અનેરું સંવેદન
મુનિતામાં મસ્તી
મૌનમાં જ મુનિતા

મને મસ્ત મૌન દે
તારી ચૂપકીદી
મારી કાકલૂદી
સદીઓ પુરાણી...
સદી ગઈ છે હવે...
બન્નેમાં બન્ને ચૂપ
તારી કૃપા
મારી બંદગી
હવે મારું માનવું ટળે કે હું કેમ ચૂપ... ?
હવે મારું કહેવું ટળે કે તું કેમ ચૂપ... ?
બન્ને ચૂપકીદીનો ઉત્તર મળ્યો...
મૌન એ જ પ્રેમ
મૌન એ જ રહેમ
મૌન હું કરું તું કરે
બન્નેમાં ફેર...
પણ મૌન અફર
તારું મૌન પૂર્ણતા પછીનું
મારું મૌન પૂર્ણતા પહેલાનું...

તું ઉપર, હું નીચે
તું ઉપરથી કરુણા નીચે વહાવે
હું નીચેથી ઉપર સમર્પણ
તું નીચેથી અમને ઉપર ખેંચે
હું ઉપરથી તને નીચે...
તારી કરુણા-કૃપાનો
અવતરણ-યજ્ઞ...
તારી કરુણાનું...
સાક્ષાત્ સ્વરૂપ તારી કૃપા...
તારી કરુણા અનંત
તારી કૃપા-અનંત...
તારવાનું ભાવન કરુણા...
તારવાનું શાસન કૃપા...
આ અવતરણ સમર્પણથી
મારું સમર્પણ અનંત કરી દે...
પછી બધું જ તારું ને મારું એક...
તું ઉપર ને હું નીચે
પણ બન્ને મૂળમાં તો
ઊર્ધ્વગામી છેક


અરે ભૂલ્યો !
તું ઊર્ધ્વગત !
હું ઊર્ધ્વગામી !
તુજ કૃપાનો જ કામી...
હે મુજ અંતર્યામી !
તારી કૃપાને જ તો પામી –
આજે આ પ્રાર્થના આવી...
આવી પ્રાર્થના આવતી રહે
એ જ...
અભિલાષા...
અભ્યર્થના...
તુજ ચરણમાં રહું સમર્પણથી...
મૂળ-વાત મારી
તને શબ્દથી જ ન બોલાવું
પણ મૌનથી'ય બોલાવું...
કાગળ લખ્યો છે મૌનથી ! ! !

ચાલ,
હવે મૌનના મારગડે...
તું અને હું
પ્રાર્થનાના ઓરડે...
બીજું કોઈ નહિ
હવે આંખ જ નહિ
પણ અંતર પણ રડે...
મારે ત્યાં આંખ અને અંતરના
આંસુનો કારમો દુકાળ
કાળ
પાડે
બધાનો દુકાળ
ન કદી
કાળનો દુકાળ
તારી કૃપા વરસાવ.
અહંથી થીજેલા આંસુ પીગાળ
મારું હૃદય પલાળ...



અનંત-મિલન

મથે સાગર
    કિનારાને સાગર કરવા
ઊભો કિનારો
    સાગરને આખેઆખો પોતાનો કરવા.
અંતે થાકે એટલે ઓટ આવે સાગરમાં
    કોરો લાગે કિનારો
    થાકે પણ કંટાળે નહિ...
બંનેના મિલન-વિરહનું રહસ્ય શું આ જ છે?
એકનો અનંત પ્રેમ.
એકની અનંત પ્રતીક્ષા
બસ; પ્રભો એ જ તો તારી કૃપા... મારી પ્રાર્થના...
એ પણ પવિત્ર પ્રશ્ન? તું જવાબ દેવા આવીશ ત્યારે
સાગરમાં ભરતી જ આવી હશે...
કિનારામાં સાગર ભળ્યો જ હશે....
        એક આખો દિવસ...
        સાગરની લહેર
        મહેર માણતાં
        સાગરના ઘૂઘવાટ
        કિનારાના તલસાટ
            નો...
        આસ્વાદ...
        પ્રતિસ્વાદ...



ક્ષમાપના



આત્મીય...
અંતરને ખોલવાની કળા
આનંદને ખીલવવાની પળ
ક્ષમાપના....
એકબીજાના અંતર વાંચીએ અને વાચા દઈએ...
એટલે આપણું પર્વ સફળ
આપણું હૃદય નિર્મળ
માંગેલો પ્રેમ જો ઉત્તમ છે
તો;
વણમાંગ્યે મળતો પ્રેમ મહાન છે...
એમ જ...
કોઈ માફી માંગે અને આપણે આપીએ એ સજ્જનતા.
કોઈ માફી માંગે એ પહેલા માંગી દઈએ એ સહૃદયતા...
આવી સહૃદયતા અમારા જીવન-આકાશમાં ઊગે એ જ પ્રાર્થના સાથે...
આપની ક્ષમાપનાના અંતર્નાદ સાંભળી...
આ ક્ષમાપના અમે આપની આગળ ધરી છે...
“તસવીરના ચહેરા જોયા અમે ઘણાં...
તાસીર અંતરની વાંચવા જેવી હતી...
માત્ર આંસુ જ જોયા અમે...
આત્મીયની આંખ વાંચવા જેવી હતી...
અમે જ્યારે-ત્યારે, જ્યાં ને ત્યાં શંકા જ વાવી.
વાવણી શ્રદ્ધાની થોડી કરવા જેવી હતી...
મંઝિલ દિલની દૂર ન હતી
પ્રયત્ને શિથિલતા થોડી દૂર કરવા જેવી હતી.”
આજે તમારી ક્ષમાએ અમારા દિલ-દરવાજે દસ્તક દીધાં...
અમે એના એ જ દસ્તક પાછા દીધાં...
આ ક્ષમાપના.
અમારી ભીતરનો પ્રસાદ નથી
પણ
આપની આત્મીય ક્ષમાનો પ્રતિસાદ છે...



સઘળા સમાધાનનું રહસ્ય શ્રી નવકાર

હે માનનીય માનવ...!

તું માન કે ન માન પણ કાન દઈને સાંભળ...
પ્રાણી-જાતિ કષ્ટના કિનારે ખડી હોય...
પીડા અને પાપના પનારે પડી હોય...
શાંતિથી છૂટી પડી હોય...
શુદ્ધિ થી વિખૂટી હોય...
ત્યારે સમસ્યા સામે સેંકડો ખડી હોય જ ને.

આત્માને અજ્ઞાનની... પર્યાવરણને પ્રદૂષણની...
સમાજને સમજની... શરીરને રોગની...
રાષ્ટ્રને સુરક્ષાની... શક્તિને વિવેકની...
શાસનને સંગઠનની... બુદ્ધિને શુદ્ધિની...
આરાધનામાં આનંદની સાધનાને સિદ્ધિની
ધનને નીતિની હૃદયને હાશની
ગરીબને અન્નની પૃથ્વીને પાણીની
શ્રીમંતને આરામની યુવાનને સમજણની
પરિવારને પ્રીતિની વડીલને આદરની...
બાળકને સંસ્કારની વૃદ્ધને સહારાની

આ સમસ્યાના વાવાઝોડામાં, વાવંટોળમાં આપણી જીવનનૈયા...
માણસ માનસથી તૂટી પડ્યો છે...
માણસ સમાજથી છૂટી રહ્યો છે... તે સમયે

મહામંત્ર નવકારનો જાપ એટલે
શક્તિના સમૂહની ઓળખ અને અનુભવ...
મહામંત્ર નવકારનો સમૂહ-જાપ એટલે
સમૂહની શક્તિનો પરિચય અને પરચો
સઘળા સમાધાનનું રહસ્ય.
આજનો અવાજ શ્રી નવકારનો જાપ...

સહકાર આપ!!!
હાશકાર પામ!!!



પ્રાર્થના એ જ ભક્તોનો પ્રાણ

હે ઉપકારેશ્વર નાથ! અરિહંત !!!
તારી સાથેનો ક્ષણભર પણ સહવાસ અક્ષર-અક્ષય કરી દે છે...
માટે સ્તો ભક્તોને પ્રાર્થનાનું પ્રણ... અને
પ્રાર્થના એ જ ભક્તોનો પ્રાણ...
હું પણ આ પંથે પગ માંડુ છું...
જે આવે તેમ વાત માંડુ છું... રીત નથી પ્રીત જરૂર છે...
હું મનફાવે તેમ તારી સાથે વાત કરું છું...
અને મનફાવે તેમ મારી જાત ઉઘાડી કરું છું તો...
ક્યારેક છોછ હોય, સંકોચ હોય...
ક્યારેક ઢાંકપિછોડો પણ હોય...
આંખ મીંચામણા હોય, રીસામણા હોય, મનામણા'ય હોય...
કંઈ નક્કી નહિ... ક્યારે શું અને કેવું કરી બેસું!
સંસારમાં પડી ગયેલા અસ્થિરતાના સંસ્કાર નમસ્કારમાં પણ આડે આવે છે.
હે કિરતાર!
"ભક્તિ મારગ છે દોહિલડો કિમ મન સ્થિર કરું?"

તારા વિના ભક્તોનો/મારો કોઈ આધાર નથી...
દુર્લભતાને સુલભતામાં - વલ્લભતામાં પલટાવી દેવામાં
"દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી આનંદઘન મહારાજ..."
પેલા પરમાર્હત્ કુમારપાલજીને પણ તારો આ પરચો થયો છે...
"निमील्य नेत्रे मनसः स्थिरत्त्वं, विधाय यावज्जिन चिन्तयामि ।
त्वमेव तावन्न परोऽस्ति देवो, निःशेष कर्मक्षय हेतुरत्र !" ॥
મનને સ્થિર કરી... આંખો મીંચી તે તને કહે છે...
જ્યાં સુધી તારું ચિંતન કરું ત્યાં સુધી તું જ મારા
સંપૂર્ણ કર્મનો છેદ ઉડાડનાર છે... એમાં કોઈ બે મત નથી...
મન-સ્થિરતા તારાથી... ચેતનની સ્થિરતા'ય તારાથી જ ને...
કર્મ સંયોગો જેવા ફંગોળાઈ ગયા - ફેંકાઈ ગયા - ફેંદાઈ ગયા કે
સત્-ચિદ્-આનંદમય આ આત્મા સદા માટે સ્થિર...
તારી સાથે મનોયોગ...
તારી સાથે આત્મયોગ....
મને પણ આ જ જોઈએ છે.
ક્યારેક તને પોકારું છું તો ક્યારેક પડકારું છું...
ક્યારેક તને સ્વીકારું છું તો ક્યારેક ધિક્કારું છું...
ક્યારેક તને સત્કારું છું તો ક્યારેક તિરસ્કારું છું...
બસ; અવઢવમાં જ જીવન વિતાવું છું...
પણ તને કદીય વિસારું નહિ...
ગમે તેમ કરી તારી સાથે પળ વિતાવું છું...
કારણ ! તું એક સકલ બ્રહ્માંડનું એવું અસ્તિત્વ છે...
જે અખિલાઈ-પોતાની સાબિતી - હયાતી રાખ્યાં જ કરે છે...
એ'ય તારું અસ્તિત્વ-વ્યક્તિત્વ માત્ર તારા માટે જ
હેરાનિયત માટે જ નહિ, એક માત્ર ઉપકાર માટે છે.
કરુણા માટે છે....
ત્રણ લોકના આત્મા માટે તું હિતરત છે... તું માત્ર આત્માના જ
હિત માટે પ્રયત્નરત છે.



પ્રભુ ! તારો વિશ્વાસ આખા વિશ્વ પર
આખું વિશ્વ તારા વિશ્વાસ પર.

હે પ્રભો ! અરિહંત...
જીવનનો મોટો ભાગ નાસભાગમાં જાય છે...
ભાગ-વિભાગ પાડવામાં જાય છે...
ભીતરમાં એકલતાનું રણ વિસ્તરતું જાય છે...
મૃગલા માફક ઝાંઝવાના જળને સહાયની સરિતા સમજી દોડ્યાં કરું છું...
ક્યાંક... ક્યારેક તો આ એકલતાની તરસ છીપાશે : પણ...
રણમાં એવું બનતું જ નથી... એથી ઊલટું અહીં તો સામા કાંઠે ફરફરતી લીલાસ દેખાં દે છે ને આ કાંઠે ખાલી વલખાં મારતી આશ હોય છે...
હરણાંની માફક લાશની જેમ ઢળી પડું છું...
હૈયામાં તૃપ્તિની તમન્ના હોય છે. હાશનું નામ હોય છે... આંખ સામે બળબળતો લૂ ઝરતો અંજામ હોય છે...
બેફામ આ ઝાંઝવા નરી એકલતાને વધુ ને વધુ ધારદાર કરી રહ્યાં છે...
તરસ વધારી રહ્યાં છે...
એકતાનું ક્યાંય કોઈ સ્થાન નથી, ભાગ-વિભાગ...
કોઈનું પણ અસ્તિત્વ મારામાં આખેઆખું ઓગળી શકતું નથી...

હું કોઈનામાં ભળી શકતો નથી... કોઈને કોઈ ભાગ-તિરાડ આડ રહી જ જાય છે... બે'ય બાજુથી માર મળી રહ્યો છે...

ઘણાં લોકો પાસે જાઉં છું. મારી એકલતાના મસીહા બને... પણ તેઓ ક્યારે દગો દઈ દોટ મૂકી દે છે એ'ય કળી શકાતું નથી... અશરણતા વધુ ને વધુ આકરી-અકારી થતી રહે છે. તેઓ અંગત-આત્મીય બની શકતાં નથી. ન પૂરા ખુલી શકે, ન ખીલી શકે... મને એમ ભાસ્યાં કરે, તેઓ વધુ ગુમ અને ગૂઢ થઈ જાય છે... તેઓ જ પોતાની ગુમતાને ઉદારતાથી ઉપસાવી શકતા નથી તો મારી ગંદી-ગુમતા શેં ઉખેડી શકશે ?

મને રણમાંથી ખળખળ વહેતા ઝરણ પાસે મૂકી શકે એવા મિત્રો અને મંડળો શું કામના જેના વચ્ચે બેઠાં પછી પણ વહાલપનો કર્ણ-મધુરો ટહુકારો સંવેદી ના શકાય?

આથી વધુ સારું એ રહેશે કે મારી પાસે કોઈ આવે જ નહિ એ

હું વધુ ને વધુ પીડાતો રહીશ તો મારી પીડાનું પાપ પારકા માથે થોપી એક ઓર વધુ પાપ કરીશ, જે મને આગળ ઓર હેરાનગતિ દેશે...

આનંદ માટે મળેલા જીવનમાં આઘાત

જે મારો પોતાનો જ કરેલો ઘાત છે...

આને હું સામેવાળાના માથે વિશ્વાસઘાતના નામે મૂકું એ તો અસત્ય આરોપનું મહાપાપ ગણાશે...

સાથે સાથે પ્રભુ ! તારી પાસે એ પણ માંગી લઉં...

જો હું પણ કોઈની સામે પૂરો ખૂલી શકવાની શક્તિ ન ધરાવતો હોઉં... કોઈને પણ સર્વસ્વ અર્પવાની ઝિંદાદિલી ન જાગતી હોય તો...

એટલી તાકાત દેજે કે

હું નિખાલસતાથી કહી દઉં ભાઈ ! હું તારા માટે જરા'ય ભરોસાપાત્ર નથી...

આધારપાત્ર નથી... મારાથી તને માત્ર ભય આઘાતનો કાતિલ-જાલીમ ગુનો જ સાંપડશે...

તારાને મારા વચ્ચેની ભેદરેખા મને ક્યારેય પણ રખડતો મૂકી શકે છે રઝળતો - રડતો કરી શકે છે...

મને કોઈ એક વ્યક્તિ પર વિશ્વાસ મૂકતાં આવડતું નથી...

મને કોઈ એક વ્યક્તિનો વિશ્વાસ જીતતાં આવડતું નથી...

તારા પર આખું વિશ્વ વિશ્વાસ રાખે છે...

તું આખા વિશ્વ પર વિશ્વાસ રાખે છે...

એમ ન બની શકે તો કાંઈ નહિ. પણ એટલી શક્તિ તો આપ !!!

મારા પર એક વ્યક્તિ વિશ્વાસ રાખે.

હું એક વ્યક્તિ પર વિશ્વાસ મૂકું...

આટલું કરું તો મારા જીવન-વિશ્વનો વૈભવ બદલાઈ જશે!
બસઃ તારા આ બીજદાનથી... અંશદાનથી...
'તુમ સમ અમને જોગ ન જાણો તો કાંઈ થોડું દીજીએ રે...!'
મારું વિશ્વાસનું - વાત્સલ્યનું વિશ્વ વિસ્તરતું જશે...
વહેમનું અને વેરનું રણ સંકેલાતું જશે...
અંશથી અનંતની દુનિયામાં પગ મૂકતો જઈશ.
હવે મારે વિશ્વાસ તારા પર જ મૂકવો રહ્યો...
કારણ તું જ પૂર્ણ વિશ્વસનીય છે...
તું જ પૂર્ણ વિશ્વાસુ છે...
પણ હું તારા પર વિશ્વાસ નથી મૂકી શકતો!
એકની આશ પર નથી કાયમ... રોજ રોજ દારોમદાર બદલે છે...
હું કોઈને વિશ્વાસ નથી આપી શકતો કારણ મારા પર મને જ વિશ્વાસ નથી...
એમ મને પિછાણવો કઠિન છે...
રોજ સ્વયંનો ચિતાર બદલે છે...
હા પ્રભો...! જરૂર મારા આવા ક્રૂર-કરારથી આઘાતી એકરારથી ભાંગી પડશે...

જો આમ ન કરું તો એ પોતાની દડમજલ મારા ભરોસે કાપવાનું વ્રત લઈ લેશે તો હું એને જરી'ય સહાય કરવાની તરફેણની મનઃસ્થિતિમાં નહિ હોઉં... કારણ કે હું એને મારાથી જુદો માની રહ્યો છું...

તે આધારરૂપ એકતાના પાયા પર રચાતી ઇમારત છે... હું જ એકમેક નહિ થયો હોઉં તો એનો આધાર બની જ નહીં શકું!... મારી સહાય વિના પછી જ્યારે પડશે ત્યારે ચૂરે-ચૂરા થશે... લાય-લાય લાગશે!

હું અહંકાર નથી કરતો કે મારો ભરોસો/સહાય આટલી બધી જોરદાર છે... સામેવાળો મારા વિના ખંડ-ખંડ થઈ જશે પણ મારા પર મૂકેલો ભરોસો મજબૂત હશે અને એ જ્યારે તૂટશે ત્યારે એ એની શ્રદ્ધાના ખંડનથી શીર્ણ-વિશીર્ણ થશે... મારી શક્તિના જવાથી નહિ...

એ એવા સંયોગમાં મૂકાય એ પહેલાં મારે અત્યારે જ મારા પર થોડો પણ ભરોસો રાખનાર વિશ્વાસુ જીવોને કહી દેવું એ વધારે સારું નહિ?...

આવી બેવડી ઉલઝનથી ભોગ બનેલું મારું જીવન...
કેવી રીતે યોગ-માર્ગ-ઉત્થાન સાધી શકે...?
ઉલઝન ઉકેલ હવે તારે હાથ છે... વિશ્વવ્યાપી પ્રભુ અરિહંત!





શાશ્વતનું અનુસંધાન
આનંદનો આધાર

હે ! ઉપકારેશ્વર નાથ અરિહંત !

મને પ્રાર્થનાનું પ્રણ... પ્રાર્થના જ મારો પ્રાણ...

પણ રીત જરી'ય ન આવડે... !

હું મનફાવે તેમ તારી સાથે વાત કરું, મારી જાતને ઉઘાડી કરું...

ક્યારેક છોછ હોય, સંકોચ હોય...

ક્યારેક તને પોકારુ, ક્યારેક તને પડકારું...

પણ તને જરી'ય ન વિસારું...

જગતની દૃષ્ટિએ તું એક કદી ન વિખરાય એવું પરમ તત્ત્વ છે...

આનંદી અસ્તિત્વ છે...

જાતની દૃષ્ટિએ તું કદી ન વિસરાય એવું પરમ તત્ત્વ છે...

આવી સ્મૃતિની – સતત સ્મરણની દિશામાં ડગ ભરવા એ જ યોગ-પ્રવેશનો પંથ છે...

જગતમાં તો તું અવિશીર્ણ – શાશ્વત તત્ત્વ છે પણ...

શાશ્વતતાના તારા અનુસંધાન વિના... સ્મરણ વિના ક્યારેય આનંદનો આધાર પામી શકાતો નથી... માટે જ ઉદયરતનજી ! એક સ્તવનના નંદનવનમાં મજાની પુષ્પકળી-કડીપુષ્પને જતન કરીને ઉછેરે છે....

"તુમ વિણ કો' દીસે નહિ રે, ભવિ જનને સુખકાર રે... ! "

પણ એ પહેલાંની પંક્તિ... આ પંક્તિને પ્રગટાવતું મજબૂત પીઠબળ છે. એ છેઃ

"ચંદ્રપ્રભુ ચિત્તમાં વસ્યા રે, જીવન-પ્રાણ આધાર રે

નિશદિન સૂતા જાગતા રે, ચિત્ત ધરું તારું ધ્યાન રે..."

તારી સાથે ચિત્ત-સંપર્ક એ તો જગતના જીવનનો આધાર તું છે એવું સત્ત્વ જગાવે છે...

ભા. સુ. ૧૪
માટુંગા

કરવો છે ચૈત્યનો સાક્ષાત્કાર



હે પ્રભો ! અરિહંત સર્વત્રેશ્વર ! ! !
આખી જિંદગીમાં
માત્ર કરવો છે એક જ નમસ્કાર...
માત્ર તને જ કરવો છે નમસ્કાર...
તારા ક્યાં નથી વરતાતા અણસાર
આખા જગમાં તારા જ તારા વિસ્તાર...
તું જ મારા જીવ-જીવનનો આધાર...
જોયા જગે મેં જડતાણાં ચમત્કાર...
કરવો હવે ચૈતન્યનો સાક્ષાત્કાર...
તારી જ કરવી છે સાધના
તને જ કરવી છે પ્રાર્થના...
મારા મૂળથી ફળ સુધી વિસ્તારેલા વૃક્ષમાં તારો જ પ્રાણ-વાયુ, પરમ-વાયુ
બસ, એને જ મારે ઉછેરવો છે...
સાધનાની ઝંખના આપ.
પ્રાર્થનાની રસના આપ.
તપ આપ, તડપન આપ.
તારી પાસેથી મારે કેટલું લેવું એનું માપ આપ.
જે માંગુ બધું તે આપોઆપ.
માંગવામાં હવે નથી ખાવી થાપ...
નમન આખું આપ,
નમ્રતાસભર જીવન આપ તું અહંતા વગર...
પાલન આપ તું મમતા વગર...
સભર-સભર કરી મને તું, તો તું જ હશે ત્યાં આપોઆપ.
ખંડે-ખંડે, અંશે-અંશે, જૂજવે-જૂજવે નામે ઓળખાય...
યોગે-યોગે તું જ અનુભવાય...
સૂર-ધ્વનિના નોખા-નોખા રાગ એક

કડી જુદી-જુદી કવિતાની પણ કવિભાવ એક
નાભિમાં પાંગરતા સહસ્ત્ર-દલની પાંખડી જુદી પણ કમલ એક જ...
એને ઉઘાડનારો તું સૂરજ એક જ...
સકળ સૃષ્ટિમાં અકળ અવિચળ અને અમળ તું જ...
મારે તને ગણી જ નથી લેવો પણ વણી લેવો છે.
મારે તને જપ જ નથી કરવો પણ જીવી લેવો છે...
એ જ મારા અસ્તિત્વની સાર્થકતા...
એમાં જ તારા સ્વામિત્વની સમર્થતા...
જ્યાં સુધી મારી ભીતર તું સિદ્ધ થઈ પળે-પળે ઝળહળે નહિ
ત્યાં સુધી વહેતી રહો મારી સાધના અણથક...
ત્યાં સુધી વિલસતી રહો મારી પ્રાર્થના લખલૂટ...
એક ઘડી મારે લેવો નથી શ્વાસ કે વિરામ...

સ્મરણના ગાંડીવથી
સમર્પણના તીરથી
જાગરણની તીવ્રતાથી કરવો છે.
શું ?

ગર્ભ-સૂચિ વહેરાતાં થતા તાડનો વિનાશ.
મીનાક્ષ વીંધાતા મીનનો પ્રણાશ...

મોહ-મીનાક્ષનો લક્ષ્યવેધ...
મળશે મને સાધ્ય એક...

મને નહિ રહે પછી
જન્મ-મરણનો અતિરેક...

તુજ દર્શનની હૈયે ઈચ્છા
મિલન ઝંખના જાગી.
તુજ વિણ મુજને કાંઈ ન સૂઝે
લગની એવી લાગી...



તારંગાનાથનો રંગ

પ્રભુ મને એ દિવસ માટે વસવસો છે.
જે દિવસે તું મારા હૃદયમાં સ્તુતિ થઈ બેસે નહિ...
મારા હૈયે તું પ્રાર્થના થઈ આવે નહિ...
તને સાદ દેવો અને દેવનો પ્રસાદ લેવો...
એ જ ભક્તનું જમા-પાસું...
તારા પ્રાસાદમાં આવું છે...
લોકો તને તારંગાના નાથ અજિત કહે છે.
તારા મહેલનું નામ અજિત-પ્રાસાદ...
તારા પ્રાસાદમાં આવું તને સાદ
ન આપું તો
તારો પ્રસાદ ન પામું તો ?
તારંગાના નાથ તારા રંગે રંગાવું છે...
મારા અંગે તારો રંગ ચડો...
ભક્ત તો વિશ્વાસ સાથે કહે છે...
દેહ અને આતમા વચ્ચે શ્વાસની પાતળી કડી છે...
જે બન્ને ને જોડી રાખે છે...
આત્મા અને પરમાત્મા વચ્ચેના જોડાણને
વિશ્વાસની કડી જોડી રાખે છે.
કડી હોય તો. કહી શકાય.
"મેં પહેર્યું તારું ધ્યાન અંગે-અંગ,
ન જોઈએ માદળિયું કે નંગ..."





તુજ ચરણે સંકલ્પ-પુષ્પ

હે ! મંત્ર કિરતાર નવકાર ! હે જીવનના આધાર નવકાર !
હે ! સંસારના સાર નવકાર ! હે કરુણાના પારાવાર નવકાર !
તુજ ચરણે બાળના નમન વાર હજાર...
આજે આતમમાં આનંદ અપાર...
જીવનમાં સમજની ઊગી છે સવાર...
મન થયું મંત્રમાં એકાકાર...
મંત્ર સાથે કીધો પુણ્ય કરાર...
હે નવકાર !
પ્રબળ પુણ્યથી અને પ્રચંડ-પુરુષાર્થથી તારો ભેટો થયો
જીવન-જીવવાની અને ત્રિભુવનને સમજવાની ભેટ મળી
માના ખોળે બેઠેલા બાળને જેવી નિરાંત અને નિર્ભયતા મળે બસ તેવી જ
સમાધિ અને સમૃદ્ધિ હે મંત્ર-માતા ! તારા ખોળે મને મળી...
હવે ગમે તે થાય તને છોડીશ નહિ... તું મને છોડીશ નહિ...
આજે મને તારો ટેકો થયો...
તને કોઈ પણ ક્ષણે-પળે કે સ્થળે ચૂકીશ નહિ...

જીભ મારી તને રટયાં કરશે...

જીવ મારો તને જપ્યાં કરશે...

જીવન મારું તને પામ્યાં કરશે...

તું જ મારી પ્રીતિ તું જ મારી પ્રતીતિ

તું જ મારી શાંતિ તું જ મારી ઉત્ક્રાંતિ

તું જ મારી સૃષ્ટિ તું જ મારી દૃષ્ટિ

તું જ મારી ઋદ્ધિ તું જ મારી બુદ્ધિ

તું જ મારી શુદ્ધિ તું જ મારી સિદ્ધિ

તારા હૃદય-પ્રવેશથી, તારી જીવન-પ્રતિષ્ઠાથી

હું અજ્ઞાન-અંધકારમાં અથડાઈશ નહિ...

હું અહંકારમાં આળોટીશ નહિ...

વહેમ ટાળીશ, વિશ્વાસ પ્રગટાવીશ...

વેર બાળીશ, વાત્સલ્ય જન્માવીશ...

તું અક્ષય છે... મને અક્ષય કરીશ...

તું સનાતન છે... મને સનાતન કરીશ...

તું ઈશ્વર છે... મને ઈશ્વર કરીશ...

તારી આરાધનાથી સહુની પીડા દૂર કરવાનો સંકલ્પ કરું છું...

તારી ઉપાસનાથી સ્વયંના પાપો દફનાવવાનો સંકલ્પ કરું છું...


તારી સ્તવનાથી સદ્ગુણને પામવાનો સંકલ્પ કરું છું...

ટૂંકું-ટચ મારો સંકલ્પ એક જ છે...

મારું જીવન-સઘળું તને સમર્પણ કરું છું...

તારા સમર્પણના નિર્મળ-જળથી મારા સંકલ્પનું કલ્પવૃક્ષ ફળશે-ફળશે અને ફળશે....

"गुह्यातिगुह्य गोप्ता त्वं, गुहाणास्मत्कृतं जपः।
सिद्धिः श्रयति मां येन, त्वत्प्रसादात् त्वयि स्थितम् ।।"




કૃપા-દૃષ્ટિ તારી
મારા માર્ગે હરિયાળી



હે પ્રભો ! અરિહંત
પરોઢ જેમ સૂરજને ધરતી પર દોરી લાવે છે.
પ્રાર્થના તારા અનુભૂતિ-સૂરજને ધરતી પર દોરી લાવે છે.
તારા આવવાના આનંદ પછી એવું દુનિયામાં છે શું કે તારી પાસેથી માંગુ ?
તારા સિવાય કાંઈ માંગવાથી હું તારા મૂલ્યને શા માટે ઘટાડું ?...
મારી માંગણી કદાચ તુચ્છ-ક્ષણજીવી-કામચલાઉ હોય. તેથી તારી અપારતામાં, અનંતતામાં, આનંદમયતામાં લેશ ફર્ક પડવાનો નથી.
પણ; એથી જરૂર મારી મૂલ્યતામાં કડાકો બોલાશે...
માટે હું તારા વિના કાંઈ માંગતો નથી...
તારી કૃપા-દૃષ્ટિ મારો માર્ગ હરિયાળો બનાવશે...
તારી સેવા એટલા માટે જ કરું છું...
તારામાં હવે પરિવર્તન કરવા જેવું કશું જ બચ્યું નથી.
મારી પ્રાર્થના તારામાં નહિ પણ મારામાં સુધારણા-રૂપાન્તરણ થાય માટે કરું છું...
તારામાં જે કાંઈ છે મારામાં એ જ છે...
પણ એને ઉગાડવું... આવરણ ઉગારવું... નાથ ! તારા હાથમાં છે...
પ્રાર્થના... આ મહાન કાર્યને પ્રેમથી પાર પાડે છે...
પુરુષાર્થ માટે પ્રેરે છે... જે મને તારા સિવાય કશામાં નહિ જ રમવા માટે ઉત્સાહિત-ઉદ્યત કરે છે...
મને તારી પાસે જે છે... એથી'ય તારામાં જે છે એમાં રસ-રુચિ જાગે એ જ પ્રાર્થના છે...
એ જ મને તારો ભેટો કરાવશે...

તારી સમૃદ્ધિ અહીં રહી જશે... તારી પરમ શુદ્ધિ તારી પાસે રહેશે...
માટે જ શ્રી દેવચંદ્રજી ગુરુવર્યના અંતરનો રણકાર છે...
“તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;
તેહને તેહી જ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન...”
મારી અશુદ્ધતામાં, અશાશ્વતતામાં જ બહુમાન હોય ધ્યાન હોય તો
મારું સ્થાન પણ ત્યાં જ હોય...
શુદ્ધતામાં શાશ્વતતામાં રમણતા હોય તો હું પણ ત્યાં જ હોઉં...
આ અદ્ભુત-તાન મને સંસારના તણાવમાંથી મુક્ત કરે છે...
માટે જ બસ, તું હી તું હી તું હી
મેં
તેરો હી તેરો હી તેરો હી...





હયાતીની સાબિતી મને મળી ગઈ !

હે પરમ-ગુરુ ! પરમ-પ્રભુ ! અરિહંત-દેવ !
ઘણી-ઘણી વાર એવું બને છે...
આવ્યો હોઉં સ્તુતિ કરવા અને કરી દઉં સવાલ...
મારો સવાલ હતો.
પ્રભુ ! તારી સેવા/પૂજા કોને કહેવાય ?
તું જવાબ આપે તે પહેલાં
એક નાનું બાળ તારા ચરણે ઝૂકી ફુલ મૂકી ગયું...

પ્રભુ ! તારી સ્તુતિ/પ્રાર્થના કોને કહેવાય ?
તું જવાબ આપે તે પહેલાં
આંખો મીંચી એક ભક્ત હૃદય નાચી ઉઠયું, ટહુકી ઉઠયું...
"પરમ પુરુષ પરમારથ દર્શી, તું દીયે ભવિક કું પરમાનંદા"
"દૂર જાવે પ્રભુ તુમ દરશન સે, દુઃખ દોહગ દારિદ્ર અઘ દંદા"
વાચક જશ કહે સહસ ફલત હૈ, જો ગાવત તુમ ગુણ કે વૃંદા"
હિમાલયના બે ઉત્તુંગ ગિરિ-શૃંગો વચ્ચે કુતૂહલી બાળક ડોકિયું કરે તેમ સૂર્ય ઊગ્યો...

સૂરજ હિમાલયમાં ઊગે ત્યારે માત્ર ઉજળિયાત-અજવાળું જ નથી પાથરતો પરંતુ સૂરજના નર્મ-ગર્મ કિરણોથી પીગળીને ઝરણું વહી નીકળે છે.

પ્રકાશ-પ્રવાહ બંને એક સાથે ધરતીના સૌંદર્યને વધારનારા સોહામણા પરિબળો....

બસ! આ જ વાત છે... જિજ્ઞાસા સાથે પૂછાયેલો પ્રશ્ન અજ્ઞાનના મર્મમાં ઘાત કરી જ્ઞાનનું અજવાળું-પ્રકાશ પાથરે છે. પ્રકાશ સાથે અહંકારની થીજી ગયેલી હિમનદી પીગળે છે અને નમસ્કારનો નિનાદ કરતું ઝરણું ફૂટી નીકળે છે....

વિશ્વમાં આ અદ્ભુત યોગ તારાથી સધાય છે...

તું પરમ-ગુરુ છે. પરમ-પ્રભુ છે....

સૂરજની જેમ તારામાં ગુરુતા અને પ્રભુતાની અદ્ભુત-અદ્વૈત-અભેદતા રચાયી છે...

સવાલ છે... તારા અદ્વૈતનો મારા હિમાલય પર ઉદય નો...

ગુરુ શિષ્યના અજ્ઞાનને ઉલેચે છે...

પ્રભુ સેવકના અહંકારને ઉખેડે છે...

શિષ્ય પ્રશ્નથી ગુરુની પ્રજ્ઞાને પામે છે....

સેવક પ્રાર્થનાથી પ્રભુના પ્રસાદને પીવે છે... વહાવે છે...

પ્રજ્ઞા-પ્રસાદને પામવા શિષ્યત્વ-સેવકત્વ સાધવું જ રહ્યું...

શિષ્ય હોય તે જ પૂછી શકે, પૂછે તે શિષ્ય હોય જ...

સેવક હોય તે જ પ્રાર્થી શકે, પ્રાર્થે તે સેવક હોય જ...

મારા આજે બે'ય કામ થયા હોય તેમ લાગે છે...

મારો સવાલ જ મારી સ્તુતિ બન્યો હોય તેમ લાગે છે...

આમ તો મારા સવાલનો ઉકેલ તું આપે તે પહેલા તારા ભક્તોએ જ દઈ દીધો... આમ કેમ પણ! એવું બને જ...

ભક્ત અને ભગવાન એક જ હોય છે....

ભક્તની દરેક અભિવ્યક્તિ ભગવાનની હયાતીની સાબિતી છે... તારા ભક્તોના જવાબથી હું ક્યાં છું એનો ક્યાસ નીકળી ગયો.... મારી કચાશનો ખ્યાલ મળી ગયો....



ઉત્તમનો આવિષ્કાર

હે વિશ્વેશ્વર અરિહંત !

વિશ્વનો એક એક જીવ મહત્ત્વની વ્યક્તિ છે...

એક એક સત્ત્વ આનંદ અને અનંતની શક્તિ છે...

એક એક જીવ-શિવ, પામર-પરમની વ્યક્ત વિભૂતિ-અભિવ્યક્તિ છે...

જીવમાં નહિ જગતના ખૂણે-ખૂણે પરમ છવાયેલો છે... છાયેલો છે...

એક એક જીવ એ કોઈ બહારનો ભાગ નથી. એ હું પોતે જ છું...

પછી મારે એનો ભોગ શે લેવાય ?

મારે તો એને કોઈપણ ભોગે આગળ ધરવો જોઈએ...

એની સેવા અને સુરક્ષા કરી હું ઉપકાર નથી કરતો.

એ મને ઋણ મુક્ત થવાનો અવસર આપે છે...

મારા માથે ચડેલું ભવોભવનું દેવું ઉતારવાનો અવસર આપે છે....

મારો એના ઉપર નહિ, એનો મારા ઉપર ઉપકાર છે...

હવે મારે નથી લેવો જગનો ઉપકાર....

નથી જતો કરવો ઋણ મુક્ત થવાનો આ અવસર....

આ ભાવનાની પરાકાષ્ઠાને સર કરીએ તો અરિહંત-પદ મેળવાય....

પ્રભુ વિશ્વેશ્વર થયો માત્ર વિશ્વનું હિત આગળ કરીને !

જીવ્યો માત્ર વિશ્વના હિત માટે !

આડે આવતા અંતરાય ખસેડવા કમર કસી...

હવે મારે તને આગળ કરવો જ પડશે...

તે અમને મહત્ત્વ આપ્યું, વિશ્વે તને સર્વસ્વ આપ્યું !

તારો મહિમા અપાર...

ગજબ છે આ તારી કરુણા... હંમેશાં ઉત્તમનો આવિષ્કાર કરે છે...

સ્વીકાર કરે છે...

તું જેને સર્વસ્વ રીતે સ્વીકારવા તૈયાર હતો

એને આ સ્વાર્થી સર્વસ્વ તરીકે અપનાવવા તૈયાર નથી....

ગજબ છે ! પછી એ તારા સૂત્રો આજે તુજ રૂપે વંચાય છે...

"એગે આયા..."

"अत्तसम मन्नेज्ज छप्पिय काये..."

"जं हन्तुं इच्छसि तं अप्पाणमेव जानीहि...."

"अप्पा सो परमप्पा"

"सव्वभूयप्पभूयस्स..."

શું કમાલ છે ! તારી હાજરી તારા શાસન રૂપે આજે પણ હાજર છે ! ! !

તારો ધર્મ હંમેશ માટે વિશ્વનું હિત આગળ ધરવાનો હતો અને રહેશે ! ! !

"पुनतस्त्रिजगज्जनम्"

મારો ધર્મ હંમેશ વિશ્વહિતેશ્વર ને આગળ ધરવાનો રહેશે !

મારા દરેક કાર્યમાં મારે તને કોઈપણ ભોગે આગળ ધરવો જ પડશે !

ત્યાં નહિ આવે મારો સ્વાર્થ-સ્પૃહા...

જે જગતની ઉત્તમ કરુણા-મૂર્તિથી અલગ પડ્યાં છે એ સૂકાઈ ગયા...

શુષ્ક થયાં... શેકાઈ ગયા... અનાનંદની આગમાં ઉદ્વેગના ઉઝરડાથી...

મારો સ્વાર્થ-સ્પૃહા મને આજે તારાથી દૂર જ રાખે છે !

પ્રભો ! મારી અશ્રદ્ધા-અંધશ્રદ્ધાની હાલક-ડોલક થતી નાવ તું સુકાની થઈ સંભાળજે ! ! !

તારી કરુણા મારી તુચ્છતાને તરછોડી ઉત્તમતાને પ્રગટાવશે એ જ આશા...

જે લોકો હિતને ચાહે છે તે લોકો જીવનના દરેક અંગમાં તને રાખે છે...

તું એમને ઉત્તમતા અને પૂર્ણતા આપે છે ! ! !

આ પ્રાર્થના.... મારા અર્થશૂન્ય જીવનને અર્થસભર કરશે...

મારી એકલતાને-રિક્તતાને આનંદથી રસભર-રસપ્રચુર કરી દેશે... ! ! !

પ્રાર્થના....મને તારી સાથે સંવાદ કરાવશે !

ભીતર અશ્રદ્ધા-અનાત્મભાવનો ઘોંઘાટ હટાવશે ! ! !

માત્ર આતમ-આનંદ માટે જીવવું હશે તો હું

તારો ભક્ત કહેવાઈશ...

માટે આત્મા માત્ર માટે જીવવું પડશે, કારણ

તારા સંતાન છીએ !

તું માત્ર આત્મા માટે નહિ, સ્વ માટે નહિ, પરંતુ

આત્મા માત્ર માટે સર્વજીવ માટે છે.... !



તું મને શબ્દોનું સંયોજન નહિ પણ શબ્દોનું સંવેદન આપ...



હે વિચારનિધિ !
તારી નજીકમાં આવું છું... હું મારી નજીકમાં આવું છું....
એ ભાગ્યશાળી હોય જે તારી નજીકમાં હોય...
તારી સમીપમાં આવતા તું એવા અનેરા વિચારનો ફેરો ફેરવે છે....
હું એ વિચાર સાથે બંધાઈ જાઉં છું... પછી મારા વિચાર ફેરવવાનું કામ કોઈ કરી શકે તેમ નથી...
તારા આપેલા વિચારનો ફેરો કર્યા પછી
તારા એ વિચારના આધારે, વિચારના અણસારે,
મારું મન વિચારને વિસ્તારે....
કપડાં પર ટપકતાં પાણીના બિંદુઓ ધીમે-ધીમે પોતાનો વિસ્તાર વધારે...
તું મારા કાળજાના કાપડ પર વિચાર-બિંદુઓ ટપકાવ્યા કરે...
હું એ વિચારો ને ટપકાવ્યા-ફેલાવ્યા કરું....
જો તારા માટે મારું મન કોઈ વિચાર ન ઊભો કરે તો હૃદય-કાળજું મારું કોરું-કોરું રહે !
તારા બદલે જો કોઈ બીજું (સંસાર) વિચાર ટપકાવી જાય તો ખોરું-ખોરું... ખારું-ખારું...
તું જ મીઠા-મધુરા જળનો સાગર...
સંસાર તો ખારાઉશ જળનો સાગર... જેવું પાણી એવું કપડું ફેલાવે...
ખેર ! અત્યારે તો તારી સાથે જ વાત કરવી છે...
હૃદય ક્યારે કાપડના ગુણધર્મ જેવો ગુણધર્મ ગુમાવી બેસે તો...
એ વિચાર બિન્દુઓ સરકી જાય... કાં તો સૂકાઈ જાય છે...
હવે મારે તો એક દરખાસ્ત મૂકવી છે.....
તું હૃદયના વિચારને ફેલાવવાનો ગુણધર્મ ટકાવી રાખ....
મારા વિચારની ગુણવત્તાને પણ ટકાવી રાખ... મારું મન તારા ચરણે ટેકવી રાખ...
હમણાં તો મારા વિચારોનો સ્વાદ ચાખ... મોળો મશ.. મીઠાશ નહિ... જરા'ય ! ! !
તારા ગુણોનો વિચાર-વિસ્તાર ક્યારેક ગહરાઈમાં ગયા વિના જ કરી લઉં...

ઉપર-ઉપર છબ-છબીયાં કર્યા કરું...

"વાહ! પ્રભુ વિષેના મારા વિચારો કેવી વિશેષતાથી ઓપે છે." આવી આત્મ-તોષના, આત્મ-વંચના કર્યા કરું... 'ચોરી ઉપર શિર જોરી'

"મારી પોતાની આ શીળી સંવેદના છે."

આવી કો'ક પરિશુદ્ધ આત્મ-ઠગાઈ કરું...

જ્યારે વિચારોમાં મૂલ્યવાન અંશો તો ખૂણે પડી રહે... શબ્દો જ વિસ્તર્યા કરે... એ શબ્દો જ છાપરે ચડે... એનું અપમાન નહિ થતું હોય? એ તો શબ્દકોશમાં હોય ઠસોઠસ...શબ્દ-ભાવ અને ભાવ-શબ્દ જ બને ઠોસ...

મારો વિચાર-અસાર માત્ર શબ્દનો વિસ્તાર

બહોળો ફેલાવો ફકત-શબ્દનો...

હું ખાલી શબ્દાળુ પણ શ્રદ્ધાળુ તો નહિ જ...

શ્રદ્ધા વિનાના શબ્દો શબ સરીખા બની જતા હોય છે... જે શબ્દોમાં ભગવદ્-ભક્તિ, પ્રભુ-પ્રીતિનો પ્રાણ ભળે તેને જ પ્રાર્થનાનું નામ મળે...

તે વિના શબ્દો પ્રાર્થનાને પાત્ર નહિ, માત્ર પ્રાર્થનાનું નામ...

ભાવ-વિખૂટા શબ્દો ભલે ખૂબ અલંકારો ભરેલા હોય પણ ભારે જ પડે, હળવા નહિ...

વિશ્વાસ વહારે થાય ત્યારે છૂટા-છવાયા શબ્દો પણ ભક્તનો સહારો થાય

મને તું શબ્દોનું સંયોજન નહિ

શબ્દોનુ સંવેદન આપ...

મારું સંવેદના-વિહીન, પ્રાર્થના-પંગુ મન મળતા તારા મોટા ગુણોના વિચારોના સાર પણ માર ખાઈ જાય છે....

કેટલાક ભક્તો નાના સરખા ગુણનો સાર-સભર વિસ્તાર કરે છે....

બસ, અંતે હે પ્રભુ!

તું મારા વિચારોને વિશેષ બનાવ...

તું મારી સંવેદનાને સરસ બનાવ...


તું મારા શબ્દોને પ્રાર્થના બનાવ...



ભા. વ. ૧૨

અયોધ્યાપુરમ્

મનમાં આવજો રે નાથ !



હે નાથ ! અરિહંત પ્રભો !

તારી પ્રીતિમાં મને અવધિ અને અંકુશ ગમતાં નથી.

તારી સાથે પ્રીતિથી તૃપ્તિ થતી નથી અને અભિલાષા વિરમતી નથી... મારી એ જ કાંક્ષા-કામના અને ભાવના છે...

તું મારામાં રહે... તું મારામાં રમે... જેમ સકળ ભુવનમાં રમે છે તેમ... આવો આવો મારા નાથ મનમાં આવો મને આ મનથી મૂકાવો...

તારાથી અળગા થવું એટલે કરમાઈ જવું... મૂરઝાઈ જવું... મૂંઝાઈ જવું... તારા પરમ-ભક્તનો આ રણકાર છે. જેમ વૃક્ષ વહેરાતાં લાકડું બની કપાઈ જાય છે...

"પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા,
વાચક જશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે !"

તું અમૃત-અજર-અમર, તારા વિનાની સફર મૃત્યુની સફર...
તારી સાથે યોગ સાધવો, તને વળગવું એ તાજા અને સાજા રહેવાની સફર...
તારા યોગ વિના અવર કાંઈ પણ મળે તેવી આશા સેવું નહિ...
તારું ધ્યાન એટલે તારામાં મારું અને મારામાં તારું સ્થાન...
તને સમર્પણ એટલે તારું અવતરણ, મારામાં તારું પ્રગટીકરણ...
આ જ ગુરુદેવશ્રી યશોવિજયજી કહી રહ્યાં છે...
"સાત રાજ અળગા જઈ બેઠાં પણ ભગતે અમ મનમાં પેઠા..."
ભક્તિ=ભળવું.... ભક્તિથી તું અહીં આવી પહોંચે....

છે તું મારામાં જ પણ મને તારા હોવાની ખબર પહોંચે... મને તારા હોવાની અસર પહોંચે...

ભક્તિ મારા અહંકારને સાફ કરી દે છે... પછી...

મહારાજા કુમારપાલની હૃદયની ઊર્મિ આ જ ઉચ્ચારે છે...

मुक्तिं गतोऽपीश ! विशुद्ध चित्ते

गुणाधिरोपेण ममासि साक्षात्;

भानु र्दवीयानपि दर्पणेंशु,

संगान्न किं द्योतयते गृहान्तः ?

સૂરજ જે દૂર-દૂર પ્રકાશે છે પણ કિરણ તો ધરતીના કણ-કણને પોષે છે... પુષ્ટ કરે છે, શુદ્ધ કરે છે...

ભલે ને તું દૂર રહ્યો... તું ભલે ને સાત રાજ દૂર હોય...

તું તો સદોદિત આદિત્યવર્ણાય...

પ્રકાશ-પોષણ તારા પણ-અમારા કાજળ-ઘેરા અંધારાકાળજે ભક્તિના દર્પણથી આવી પહોંચશે જ...

દર્પણ ક્યારેય દર્પ-અભિમાન રાખતું નથી. જે હોય છે તે છતું - રજૂ કરે છે. કશું છુપાવતું નથી, છાવરતું નથી...

ભક્તિથી મળેલી વિશુદ્ધિ અમૃતની ઉપર રહેલા મૃત ને, કર્મ-સંયોગને બતાવશે. ભીતર ધબકતા શાશ્વત સત્-ચિત્-આનંદમય-ચૈતન્યને બતાવશે... પછી તું મને સાક્ષાત્ હાજરા-હજૂર છે !


"દ્રવ્યથી દાદા વેગળા, ભાવથી હિયડાં હજૂર"

"નામ ગ્રહંતા આવી મીલે, મન ભીતર ભગવાન"

તારું ધ્યાન મને એવું આપ...

તું આવી ચડે-પ્રગટે આપોઆપ...

પેલું દશ્ય પછી ભીતર ઊઠેલી ઊર્મિ....



મારી વફાઈ એ જ મારી અમીરાઈ !!!

ધરતીએ નભનું ધ્યાન ધર્યું રાતભર
ગગને બધા જ સિતારા દઈ કરી ધરા ફૂલોથી રસભર-સુગંધભર...
તારા એ ગણી નથી શકાતા...
તો શું ફુલ પણ થોડાં ગણી શકાય છે...!
કોણે કહ્યું તારા દિવસે દેખાતા નથી... દેખાય છે !...
એ તો ! તારા તો સૂરજને દેખવા ધરા પર ઊતરી આવે છે...
ફુલ એ ધરતીના તારા
તારા એ ગગનના પુષ્પો...
તર્કના આકાશે પુષ્પ ન જડે, ન ઝળહળે ધરતીએ તારા
હૃદયમાં જરૂર જડી આવે...
જો તું આકાશ છે...
તો હું ધરા બનું ને ધ્યાન ધરું તારું...
અવર ન ધ્યાવું...
તું મારામાં અને હું તારામાં
નહિ કોઈ ભેદ હવે મારા-તારામાં...

એકપક્ષી પ્રેમ હોતો નથી, નથી હોતો પક્ષપાતી વિનાશી...
એ તો હોય છે અક્ષય-અભંગ... "ભાંગે સાદિ અનંત"
"ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ-છેદ કરશું હવે ટેકે..."
મારે એ ટેક કરવી છે... જો ટેકો હોય તારો... હોય મને સથવારો...
"તું વ્યાપ્યો સકળ વિશ્વમાં, હવે એને કળવા-મથવું છે,
તૂટી કડી એ સંબંધની, ફરી સ્વમાં હવે સાંકળવા મથવું છે..."
રોજ રોજ હું માંગુ છું... મને ધ્યાન આપ... બહુમાન આપ...
તું આપશે તો તારું કંઈ ઘટશે ?
"ખોટ ખજાને કો નવિ, દીજીએ વાંછિત દાનો રે"
દેવને દેવામાં,
દેવદાસને લેવામાં ફાયદો છે...
શાની ખબર છે ? ગુસ્તાખી માફ...
તું મને કંઈ ધનમાં આપે છે ત્યારે
તારી અને મારી અમીરાઈ વધે છે....
તું આપશે તો !
હું બીજે ભટકતો-ભડકતો બંધ થઈશ...
મારી વફાઈ વધશે...
મારી વફાઈ એ જ મારી અમીરાઈ ! ! !
છે ને એ જ વફાદારીની કડી .....
".... વાચક જશ કહે અવર ન ધ્યાઉં..."





ફા. સુ. ૧૪
અયોધ્યાપુરમ્

...તું થંભાવી દે... તું શમાવી દે...

હે પ્રભુ! અરિહંત! શાંતિશ્વર!!!
જ્યારે હું ખદબદતો હોઉં, જ્યારે હું ઉકળતો હોઉં
ત્યારે તારું મારામાં હોવું મુશ્કેલ છે
પણ જો હું શૂન્ય બનું, હું શાંત બનું
ત્યારે તો તું મારામાં જ હોય, હોય ને હોય જ...
ખરું કહું તો!!!
તું હોય તો જ હું શૂન્ય અને શાંત બની શકું...
શાંતમાંથી અનંત તરફ વહી શકું...
વિષયો મારામાં નર્યો ઘોંઘાટ કરે છે માટે હું શૂન્ય નથી, અપૂર્ણ છું...
કષાયો મારામાં નિષ્ઠુર ધમાલ કરે માટે હું શુદ્ધ નથી, અશાંત છું...
પરમ-પવિત્ર તારું વચન મારા આખા'ય સંસાર-વૃક્ષનું મૂળ બતાવે છે...
એ જેટલું અંદર ફેલાયેલું હોય એટલું જ એ બહાર વિસ્તરેલું હોય છે...

“जे गुणे से मूलट्ठाणे, जे मुलट्ठाणे से गुणे”

વિષયો એ ગુણ છે સંસારના, અપૂર્ણતાના...

કષાયો એ મૂલ છે સંસારના, અશાંતતાના...

મારામાં હાલ ગુણો છે. વિષયોમાં સુખનું અજ્ઞાન ગાઢ છે.

વિષયોના સુખનો અહંકાર ગૂઢ છે.

વિષયોના સુખમાં આસક્તિ ગુરુ-ભારે-ગુર્વી છે.

આ સંસાર વૃક્ષનો ફેલાવો છે.

આ જેટલું બહાર ફેલાયેલું હોય એટલું મૂલ-દૃઢ-વ્યાપક હોય ભીતરથી...

કષાયો જ એનું મૂળ-સ્થાન છે... કષાયો એટલે અશાંતતા...

અપૂર્ણતાથી અશાન્તતા અને અશાન્તતાથી અપૂર્ણતા... સંસાર ચકરાવે હું ચડ્યો.

બસ પ્રભુ! મારા ગુણોને મારા મૂલોને તું આવીને નાશ કરી દે...

ઘોંઘાટીયા-ધમાલીયા ચક્રને થંભાવી દે...

વિષયોથી ખદબદતા ચક્રને થંભાવી દે...

વિષયોથી ખદબદતા

કષાયોથી ઉકળતા મારા અસ્તિત્વને તું શમાવી દે...





મને તારું સાંનિધ્ય-સામીપ્ય આપજે ને !

હે અરિહંત... પરમાત્મન્.... કૃપેશ્વર !
તને પણ એમ થતું હશે આ તો જબરો છે....
જડની જેમ મનમાં આવે ત્યારે મારા ચરણે આવીને બેસે છે...
જીભો-વાતોડિયાની જેમ મન ફાવે તેમ બોલે છે....

જ્યારે ને ત્યારે, જેમ-તેમ બેસવું-બોલવું એ જ એનું વ્રત લાગે છે... આવી હૃદય સ્થિતિને લઈને ભક્તો ગાતા હશે !

"પ્રભુ ! મેરે અવગુણ ચિત્ત ના ધરો"
"પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો"
"મુજ અવગુણ સામું મ જુઓ, બિરુદ તમારું સંભાળો..."
"મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે
તારક તો જાણું ખરો, જૂઠા બિરુદ શું ધારે.."

અમારો તો અવગુણ જ, સંસારને તે હેરાન કરવો-જૂઠો કહેવો પણ તને પણ હેરાન કરવા આવીએ છીએ... જૂઠ્ઠો કહેવા આવ્યા છીએ.. ભલે પછી તું તકલીફમાં મૂકાય...! તારી તેજસ્વી સત્યતા ન જોખમાય એ તારી તાકાત...

મારા અવગુણોને અવગણી મારા જેવા નાલાયકને તારી સમીપમાં મૂકી દે ને! મને તુજ સમ કરી દે ને!

બસ, પછી પત્યું... સંસારને અને સંસારસ્વામી એવા તને શાંતિ...

કોઈ પણ રસ્તે તોફાનને શાંત પાડવું એ પરિવારના સ્વામીની ફરજ નહિ ?

"જેમ તેમ કરી પ્રભુજી તારજો, હું છું સેવક તારો..."

હું તારાથી દૂર છું એટલે જ હું તોફાની છું ...

પરમ-શાંતનું સાંનિધ્ય મને મળી જાય પછી ધાંધલ-ધમાલ શમ્યા વગર રહે ?

મને તારું સાંનિધ્ય-સામીપ્ય આપજે ને!

જેમ-જેમ હું તારી સમીપમાં આવતો જઈશ તેમ-તેમ અપૂર્ણતાની આંધી શમતી જશે...

મારું પુષ્પ પાસે જવું એ પુષ્પની સમીપતા છે.

હું પુષ્પ છું એવું અનુભવવું-માણવું એ પુષ્પની સમાનતા છે.

મને તારી સમીપમાં તો લે જ પણ તારી સમ પણ કર..

તારી પાસે આવવું એ તો પ્રથમ અનુષ્ઠાન છે... ભક્તિયોગનું

તને અનુભવવો એ તો મધ્યમ અનુષ્ઠાન છે... ભક્તિયોગનું.

તુજ રૂપે મારું થવું એ તો ચરમ અનુષ્ઠાન છે ભક્તિયોગનું

પરમને મેળવવાના ત્રણે-ત્રણ અનુષ્ઠાન મેળવવા ભક્તને તલપ લાગેલી હોય છે.. તલપ જેટલી વધે તેટલી તીવ્રતાથી સફળતા વરે છે...

તારી સહાનુભુતિ વિશ્વના પ્રત્યેક જીવને મળે છે...

તારી સહાનુભુતિ તો તારા વાત્સલ્યનો પરચો આપે છે...

તારી સમાનુભૂતિ એક માત્ર ભક્તને જ થાય છે...

તારી સમાનુભૂતિ તો તારી વિશુદ્ધિના દર્શન કરાવે છે...

હે પરમ! મને તારા ત્રણે અનુષ્ઠાનમાં, પસાર ન કરે તો કાંઈ નહિ... પણ પ્રથમ અનુષ્ઠાનમાં જરૂર-જરૂરથી રાખજે!

"તુમ સમ અમને જોગ ન જાણો, તો કંઈ થોડું દીજીએ રે
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે.."

દરેક ભક્તની પ્રથમ પ્રાર્થના તો તારી ચરમ કક્ષાની અનુભૂતિ કરવાની જ હોય પણ પછી, એમ લાગે કે એ ઝીરવવાની તાકાત ભક્તની નથી!

તો પછી.. માંગણી મૂકે....





“તું ઠા કહે તો હું ચૂપ...”

હે સ્વામિન્! સર્વસહ

કંઈ કળાતું નથી... જરીય કળ વળતી નથી...

તારું મૌન સહી શકાતું નથી... તારું વચન સમજી શકાતું નથી...

તારી પાછળ કેટલાય વખતથી પડ્યો છું... પણ...

હાલ જોઉં તો ત્યાં ને ત્યાં જ ઊભો છું... શું દોડું છું પણ આગળ વધાતું જ નથી....

તારી ને મારી દૂરતા જરીય ઓછી નથી થતી...

તારી આ દૂરતાનું દહન થાય, અંતરની દુષ્ટતાનો અગ્નિસંસ્કાર થાય નહિ ત્યાં સુધી મારી પ્રાર્થનાઓ કે જિદ્દો જે કહો એ ચાલતી જ રહેવાની...

તારી આ રોજ-રોજની પ્રાર્થનાઓમાં બીજી પ્રાર્થનાનું બીજ મળી આવે છે. તારી અને મારી વાતો નું વૃક્ષ મોટું ને મોટું થતું જાય છે...

પણ અંદર બળતી ભડ-ભડ જ્વાળાઓ શમે નહિ ત્યાં સુધી વાતોનું વૃક્ષ પણ શું કરે? જ્યાં સુધી આ દૂરીનો દાહજવર છે ત્યાં સુધી સ્તુતિનો ચંદન-લેપ ચાલુ રાખવો પડશે જ! હું જ નહિ... દરેક ભક્તનું આ કામ હોય છે...

તારી મારી વચ્ચે આવતા અંતરાયોને ફંગોળવાના રસ્તા તારી પ્રાર્થનાથી જ મેળવે છે...

જ્યાં સુધી તું હાજરા-હજૂર થતો નથી ત્યાં સુધી તેઓ જરૂર પ્રાર્થનાને ભેટતાં રહે છે... પ્રાર્થના-પ્રાર્થનામાં ફેર હોય ને!!!

કેટલીક પ્રાર્થનાઓ હાર્દિક હોય, માર્મિક હોય, મૌલિક હોય, મૌખિક હોય પણ મારી પાસે શું છે આમાંનું... તે 'હું' ને 'તું' જાણીએ જ છીએ ને!!!

આમાં તારી સામે મૌખિક કે મૌલિક પ્રાર્થના કરવાની નેમ છે...

પણ... એવી સ્વરૂપ-યોગ્યતા મારા હૃદયમાં હોવી જોઈએ ને!!!

કે પ્રાર્થના વાસ્તવ-વાસ્તવ કરી શકું...!

હા, પણ એટલું જરૂર વિશ્વાસ સાથે કહી શકું...!!!

મારી દરેક પ્રાર્થનાઓમાં મારો એક ને એક મૌલિક અંશ હોય છે...

બાકી બધો એનો શણગાર....

કેટલીક પ્રાર્થનાઓ મને એવી જકડી દે છે ને કે એ કાગળ પર ઊતરે નહિ ત્યાં સુધી જપ વળે નહિ...

મારી પ્રાર્થનાઓનો શણગાર... હું ભક્તોની પ્રાર્થનાની શૃંગાર-મંજૂષામાંથી મેળવું... મને થયેલી મૌલિક સંવેદના હૃદયમાં દૃઢ કરું...

હે શણગાર પ્રેમી!!! તું જ્યાં સુધી મળશે નહિ ત્યાં સુધી આ પ્રાર્થનાઓની સાજ-સજાવટ છોડીશ નહિ...

રોજ તારા દ્વારે એક સુગંધી ટકોરો લઈને આવીશ...

તારા દ્વાર ઊઘડશે એવા વિશ્વાસ સાથે બેસીશ, ધીરતા ખૂટશે એટલે પાછો વળીશ.. પાછો ફેર ઉગમતે પ્રભાતે એક ઊગતી પ્રાર્થના લઈને આવીશ... પણ જ્યાં સુધી તું નહિ મળે, તારો જવાબ નહિ મળે, તારું મૌન સાંભળવાની તાકાત નહિ મળે ત્યાં સુધી શાંતિથી બેસીશ નહિ....

આવે છે તારા શ્રાવકભક્તો તારી પાસે શક્તિ મુજબનો તારો પૂજાપો લઈને તારી પૂજા કરવા... જીવનને પૂજ્ય-પૂજામય બનાવવા...

એમ... હા... સાધુભક્ત પણ પોતાની શક્તિ મુજબની ભાવ-સામગ્રી સાથે આવશે... એની પાસે જેટલી માર્મિકતા-હાર્દિકતા હશે એટલી પણ લક્ષ એક જ તારી પૂજા...

હા... તારા પેલા સંવિગ્ન-ગીતાર્થ મહાપુરુષો જેટલી ભાવ-સામગ્રીથી તારી પૂજા કરવાની શક્તિનો'ય પરિચય કરીએ !

કેવા-કેવા ઉચ્ચ-ભક્તો ઉચ્ચભાવો સાથે આવ્યા!

પૂ. વાચક શ્રી ઉમાસ્વાતિજી મ., ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મ., પૂ.આ.શ્રી અભયદેવસૂરિ મ., પૂ.આ. શ્રી શીલાંકાચાર્યજી મ., પૂ.આ.શ્રી બપ્પભટ્ટસૂરિ મ., પૂ. આ.શ્રી મલધારી

હેમચન્દ્રાચાર્યજી મ., પૂ. કલિકાલસર્વજ્ઞશ્રી શ્રી હેમચન્દ્રાચાર્યજી મ., પૂ. ઉપા.શ્રી યશોવિજયજી મ., પૂ.વિનયવિજયજી મ., પૂ આનંદઘનજી મ., પૂ. દેવચન્દ્રજી મ., પૂ. ધર્મસાગરજી મ., પૂ. ઉદયરતનજી મ., પૂ. ધર્મરતનજી મ....

કેટલા નામ લખું... જે નામ નહિ લખાયા એવા તો કેટલાય હશે...

કેવી ગાતાર્થતા-માર્મિકતા-જ્ઞાત-તત્ત્વતા... (જ્ઞાનાવરણીય ક્ષયોપશમની ભૂમિકા)

કેવી સંવિગ્નતા- હાર્દિકતા-આપ્ત-તત્ત્વતા... (મોહનીય ક્ષયોપશમની ભૂમિકા)

મારે મન તો સ્વપ્ન જ બીજું કાંઈ નહિ...

તેઓના હૃદયમાં એક વાત જરૂર-જરૂરથી હતી... ભગવાન શ્રી હરિભદ્રાચાર્યની...

"असारो जीवलोकः..." આ સંસાર અસાર છે...

"जीवलोके सारः एतद्-एव सतत्त्वम् सैष गुणज्ञता..."

"પ્રભુ અને જિનશાસન જ સાર-તત્ત્વ છે... એ જ ગુણ-શ્રેષ્ઠ શિખર છે...

સંસારના એક-એક પાસાને પૂરેપૂરું સમજવાનું...

પણ જરાય એક અંશને ન સ્પર્શવાનું...

તારા એક-એક ગુણના મર્મને સમજવાનું અને એક-એક મર્મને સમજવાનું... સ્પર્શવાનું...

પ્રભુ આવી સામગ્રી મારી પાસે નથી મને માફ કરજે... પણ... તને છોડીશ નહિ...

કેટલાક ભક્તો એવા છે... બરોબર તારી લગોલગ બેઠા...

પોતાનું તત્ત્વ પામી બેઠાં છે... તને પામતા-પામતા... હવે એમને કોઈ જરૂર નથી પ્રાર્થનાની...

કંઈ મેળવવાનું શેષ હોય તો પ્રાર્થના બચે ને...

સાદ પાડીને તને હું બોલાવું...

એટલી ક્યાંથી દૂરતા લાવું?... એમ તો ભાવનો પ્રભાવ હાથવગો છે...

હવે શાને ભાવની પ્રાર્થના કરવી... બસ, પછી ખતમ-ખેવના...

જિનશાસનના બેતાજ-બાદશાહ... કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી... જેમણે શબ્દને પામવાનું અનુશાસન તો આપ્યું... શિક્ષા આપી... પણ પ્રભુને સ્પર્શવાનું-તારું સંવેદન કરવાનું અનુશાસન ન આપ્યું... જેને વીતરાગ-સ્તોત્રનું નામ આપ્યું...

એના એક-એક શ્લોકમાં પ્રભુના સંવેદનનો મારગડો ફૂટે છે... એકે એક શ્લોકે શ્લોકે તારા ગુણનો મર્મ-સ્પર્શનો ભંડાર ખૂલે તેમ છે... એમણે પણ આ જ વાત મૂકી છે...

"तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः;
ओमिति प्रतिपद्यस्व, नाथ नातः परं ब्रुवे ॥

હું તો કહું તો મોકલેલો છું , અહીં સુધી તે જ લાધ્યો છે મને!!!

હું દાસ છું... સેવક છું... તારા ચરણોની ધૂળ છું... હે કિરતાર !!!
એવું હું બોલું છું... બોલ્યા જ કરીશ... અટકીશ નહિ... મને તીવ્ર અસંતોષ રહેશે જ... તરસ્યો ને તરસ્યો જ...
બસ, તું મને એકવાર હા કહીને સ્વીકાર...
બસ, પછી પ્રાર્થના પર તને હેરામણી-સતામણી પર પૂર્ણ-વિરામ...
તું મને સ્વીકારે... નજીકમાં લઈ લે... એટલી જ તમન્ના છે...
પછી...પછી કાંઈ નહિ...
મારું પણ આ જ કહેવું છે... આટલું ખૂબ છે... મને સ્વીકાર તો કર !...
મારી દરેક પળની એક પ્રાર્થના એ જ પળની હોય છે...
ક્યારે એ પળ મળે ને તું મને સ્વીકારે...
પછી હું પણ પેલા ભક્તિ-સમ્રાટ શ્રી યશોવિજયજી મ. ની માફક ગાઉં...
'આનંદ કી ઘડી આઈ, સખી રી મોરી"
પોતાની સખી-ભક્તિને કહે છે... મારા આનંદની પળ આવી...
જેના માટે તારી સખાઈ કરી હતી એ પળ આવી ગઈ...
અરે ! એની પ્રતીતિ-સાબિતી શું ?...
"કરકે કૃપા પ્રભુ દરિશન દીનો, ભવકી પીડ મિટાઈ..."
ખૂબ અર્થ-ગંભીર છે... હાલ મારા પૂરતો અર્થ તારવું...
પ્રભુએ 'હા'કહેવા મને દરિસણ આપ્યા અને ભવની પીડ ભાંગી ગઈ...
હવે સંસાર પર પૂર્ણ-વિરામઃ પછી પ્રાર્થના પર પૂર્ણ-વિરામ...
મને તે તુજ દરિશન દીધું... શુદ્ધ આત્મતત્ત્વનું-પરમાત્મતત્ત્વનું...
મને તે તુજ ભક્તોનું દરિશણ દીધું શુદ્ધિ તરફના અંતરાત્માનું...
મને તે મુજનું દરિશણ દીધું-અશુદ્ધિ તરફના બહિરાત્માનું...
તારું શરણ ગમન -> પરમાત્મતત્ત્વનું... દર્શન-સ્પર્શન આત્મતત્ત્વ કૃતકૃત્ય હોય...
સુકૃતાનુમોદન -> અંતરાત્માનું... દર્શન-સ્પર્શન આ તત્ત્વ જ સુકૃત કરે...
દુષ્કતાનું નિંદન -> બહિરાત્માનું... દર્શન-સ્પર્શન આ તત્ત્વ જ દુષ્કાર્ય કરે...
આવું મને તારી તારા નિકટવર્તી, તારા દૂરોગામી એવા મારું દર્શન થયું એટલે મારી ભવભીડ ભાગી...

હાલ મને આ એકે તત્ત્વનું દર્શન-સ્પર્શન નથી...

એ અવાજ આ પ્રાર્થનાનો આયામ છે...

એમાં આ ત્રણે તત્ત્વને પામવા પુરુષાર્થ જ માંગુ છું... જો આ ન હોય તો હું... કેવો...

મને માફ કરજે... તું જ મારા પાપોને સહી શકે તેમ છે... વંઢોરી શકે તેમ છે, બીજો કોઈ નહિ.

રોજની રોજ એની એ વાત કરવા લાંબી ચોડી...

ચીટકુની જેમ ચોટી રહેતા મને!!!

પણ... તું જ્યા સુધી 'હા' નહિ કરે ત્યાં સુધી બોલ્યા વગર નહિ રહું...

તું જ્યારે મને તારા ખોળામાં સમાવી લે એટલે...

હું ચૂપ થયા વગર નહિ રહું...!!!

રોજ રોજ હું પ્રાર્થના-પૂજા કરું છું...

કેટલીક વાર એવું બને કે... બોલું નહિ... શબ્દોચ્ચાર ન થાય પણ... મૂંગામંતર હોઠ અમારા ને હૈયું પાડે સાદ... એવું પણ થાય... ક્યારેક એવું થાય...

હૈયાની ભાષા હૈયું ઉકેલે.. હોઠોએ રહેવાનું ચૂપ
હોઠ બોલ્યા કરે હૈયું ચૂપ હોય... અળગું હોય...
હાલ તો એવું જ થાય છે...

પાણીની તરસ છીપાવ્યા પછી તરસ પર કવિતા લખતા કવિની જેમ..

તારા દરિશણ વિના, સમર્પણ વિના પ્રાર્થના કરતો હોઉં બન્ને બની શકે... પણ પ્રાર્થના ન હોય એમ ન બની શકે!

તું આ પ્રાર્થના બંધ થાય એવું ન કરતો...
હોઠની કે હૈયાથી, પ્રાર્થના કરાવતો રહેજે...
ન કરાવવી હોય તો... જલ્દી હા કહેજે...
અત્યારે તો એની જ રાહ જોતો રહું છું!!!

હા
ન
કહે ત્યાં
સુધી

"અવર ન ધંધો આદરું રે
નિશદિન તોરા ગુણ ગાઉં રે...."
તારા અને તારા ભક્તોના
મારા તો અવગુણ ગાઉં રે...



લિ.
એક
પ્રાર્થના ઘેલો...



શાશ્વતતાનો પગરવ

હે પ્રભો અરિહંત !

એક એવી ઘડી ન વીતે જેમાં તારી શાશ્વતતાનો પગરવ ન હોય..

એક એવો ભાવ ન સંવેદાય જેમાં તારી વીતરાગતાનો અંશ ન હોય..

એક એવો શબ્દ ન પ્રગટે જેમાં તારી સત્યતા પડઘાતી ન હોય...

એક એવું કર્મ ન હોય જેમાં તારો કૃપા-પ્રાસાદ ન હોય... (આજ્ઞા)

એક એવું દર્શન ન થાય જેમાં તારું હોવું ન હોય...

હું બધું જ ઈચ્છું પણ તારા વિના કંઈ પણ ઈચ્છું એ તો મારું મૃત્યુ છે...

કારણ તું તો મારો પ્રાણ...

પ્રાણના બદલામાં કદી કશું યાચી ન શકાય...

પ્રાણ વિના બધું જ વાસી-વાસી, તારા થકી બધું તાજું-તાજું...

જો કદાચ તારા વિના મારી પાસે કોઈ ચમક-દમક હશે તો મારા પર આ સંસાર કોઈ આધાર રાખશે નહિ...

પરપોટા પર નૌકાનો ભાર કોઈ રાખતું નથી.

મોતીના મોલમાં ક્યારેય કોઈ ઝાકળ ખરીદતું નથી.. તારા બદલે આગિયા કોઈ ઝંખતું નથી...

બસ તો, હું રાહ જોઈ બેઠો છું તું આવે ને પછી જ હું મારા અસ્તિત્વનો દાવો માંડુ કે દાવ પર લગાડું...

જીવનમાં મનોહરતા કરતાં મૌલિકતા સાથે સંબંધ રાખવો...મૌલિકતા વિનાની મનોહરતા માત્ર છળ જ બની રહે છે....

બંસીનું કોમળ હોઠથી કેળવાયેલી ફૂંકનું યોગ-મિલન થતું નથી ત્યાં સુધી ક્યારેય સંગીત રેલાતું નથી...

તારી સર્વજ્ઞતાને તારા કૈવલ્યને કરુણાથી ઉપજેલા આર્હન્ત્યના યોગથી જે કલ્યાણ-માધુર્ય રેલાણુ એની અસર...

કેટલાયને જગત્-મુક્તિ મળી ગઈ...

તો શું? તું હવે મને સ્પર્શી મારી હયાતીને પૂરી ખુલ્લી કરી દે... મને જ નહિ... વિશ્વના જીવ-માત્રને તું આ દઈ દેજે... તું હવે એવું ઘર ન દેતો જેમાંથી તાજી હવા આવવાની બારી ન હોય...

મારું પ્રત્યેક કર્મ-જ્ઞાન તારી ભક્તિની હવાથી ભીંજાયેલું હોય... કર્મમાં કષ્ટ ના હોય અને જ્ઞાન અભિમાનની ધમણ ફૂલીને ફાટતું ન હોય...

તારા સ્મરણની બારીથી તારા સંવેદનની-અનુભૂતિની ભીનાશ-મીઠાશ ન હોય - ખેર! મારી અલ્પતાનો તરાપો લઈ તારી અનંતતાનો દરિયો પાર કરવાની મારી ઝંખના છે... શું સફળ થશે???



અ.વ.૧૦ (૨)
અયોધ્યાપુરમ્



પ્રત્યેક ક્ષણ જીવન છે

"समयं गोयम ! मा पमायए..."
હે ગૌતમ! ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કર...
ક્ષણનો સરવાળો જીવન છે...
પ્રત્યેક ક્ષણ જીવન છે...
પ્રત્યેક ક્ષણ મુક્તિ માટે છે...
પ્રમાદ મૃત્યુ છે.
પ્રમાદ બંધન છે.
પ્રમાદ દુઃખ છે.
પ્રમાદ જરા છે.
વરસોમાં દિવસો શોધવા કરતાં
પળોમાં યુગોને વાવી શકીએ છીએ...
એક બીજ વાવવું...
એ અનેક બીજ એકઠાં કરવા કરતાં મહાન-પુરુષાર્થ માંગે તેવી સાધના છે પણ સિદ્ધિમાં અનેક બીજો સાથે વૃક્ષ-છાયા-પુષ્પ-ફળ ઘણું બધું આપોઆપ મળે છે માટે
અપ્રમાદ એ જ જીવન છે
અપ્રમાદથી જ મુક્તિ છે...
માટે મેં તને કહ્યું...
"खणं जाणेहि पंडिए"
પછી... શું ?
અલ્પ પણ "मा पमाअए"
પછી અપ્રમાદ પછી અનંત-પ્રમોદ...મારી પ્રમાદરૂપ ધૂળ તેને મારા તરફ આવવા દેતી નથી...
હૃદય ! ધૂળ શાંત કર અને પ્રભુને આવવા દે... !



પથ્થર થી પુષ્પ બનવાની સાધના

શ્રા.વ.૮
પાલિતાણા

જ્યારે આત્મામાં પરમાત્માનો પ્રવેશ થાય છે
ત્યારે આત્માનો અંતરાત્માની કક્ષામાં પ્રવેશ થાય છે.
એ પળ પનોતી બને છે ભક્ત માટે, જે પળે પ્રભુ ઓઝલ થાય.
એ તો સતત ઈશ્વરનું સંનિધાન ઝંખે...
એ પળ ભક્ત માટે પુનિત છે, જે પળે પરમેશ્વરનું પ્રાગટ્ય થાય.
જ્યારે હૃદય-પ્રવેશ થાય પછી અંતરાત્મા
પોતાના બધા જ ભાવો પ્રભુને સોંપતો રહે છે...
એને દીધા વગર ચાલે નહિ... અને ભક્તની કક્ષામાં ભગવાને જ મૂક્યો છે.
પાછો અંદર ઉતરે તો જરૂર લાગે, મારી પાસે કંઈ છે જ નહિ.
છે તો સામાન્ય...
ખૂબ સુંદર-કાવ્યમય ભાષામાં છતો થાય છે.
"જે કાંઈ દઈ શકું તે તો સામાન્ય એ પછી ફૂલ હોય કે ગીત."
રવીન્દ્રનાથ ટાગોરનું આ મસ્ત કાવ્ય સમર્પણ-ભાવનું સૂચક છે...

બસ ભક્તનો પોકાર હોય.
હે નાથ!
તારા ચરણે, શરણે આવ્યો છું. મારે તને મારું બધું જ આપવું જોઈએ...
આપવા માટે મારી પાસે સામાન્ય જ છે કાંઈ પણ ખાસિયત નથી...
પ્રભુ! તારા ચરણે આવ્યા પછી મારી પાસે જે કાંઈ પણ હોય.
સામાન્ય હોય, સકુંચિત નહિ, પ્રફુલ્લિત જ હોય...
સમર્પણ-ભાવ એટલે બધું જ હોઈ શકે, સંકોચ નહિ...
જેની આગળ કશું છૂપાવા જેવું હોય નહિ તે ભગવાન.
જે કશું છૂપાવે નહિ તે ભક્ત...
"મેરે મન કી તુમ સબ જાનો, ક્યાં કરું આપસે બ્યાન."
"પ્રભુ મેરે અવગુણ ચિત્ત ન ધરો",
"મુજ અવગુણ સામું મ જુઓ..."
એનું જમા પાસું અને ઉધાર પાસું પૂરેપૂરું ખુલ્લું જ હોય!
પ્રભુ પણ એના સામાન્યને અસામાન્ય કરી દે, કારણ...
એનો લાડકવાયો પુષ્પની જેમ ખીલી ઊઠયો છે...
ગીત-સંગીતની જેમ લયમાં બંધાઈ ચૂક્યો છે.
"ઘણાં પુષ્પો જે પ્રગટીને લય થયાં."
મારી પાસે જે કાંઈ દ્રવ્ય છે,
તે ભલે સામાન્ય પણ મારા ભાવોએ એ પદાર્થને પુષ્પ બનાવી દીધો છે...
અહંભાવ પદાર્થને પથ્થર બનાવે છે...
સમર્પણભાવ પદાર્થને પુષ્પ બનાવે છે...
પરમાત્માના ચરણે પુષ્પ ચડાવાય...
પદાર્થ પ્રભુ ચરણે જાય ને પુષ્પ બની જાય...
અંહભાવ શબ્દને ગાળ બનાવે છે.
સમર્પણભાવ શબ્દને ગીત બનાવે છે.
જે શબ્દો પ્રભુના ચરણે જાય તે ગીત કહેવાય...
બન્નેમાં કદાચ સામાન્યતા હોય પણ
હાર્દિકતા એને દિવાન-એ-ખાસ બનાવે છે.
જીવનનો સમર્પણભાવ જિંદગીના એક ખંડ-ખંડને

મઘમઘતા ઉપવન જેવું બનાવી દે.
ત્યાં પંખીઓ ટહુકા-ગાન-સમારંભો યોજતા જ રહે...
બસ! પ્રભો મારો અસામાન્ય એવો સમર્પણ-ભાવ તું સાચવ...
પછી મારો પદાર્થ એ પુષ્પ
મારી પરિણતિ એ ગીત.
તું એમાં ભળે પછી બધું ખૂલ્યું-ખૂલ્યું... ખીલ્યું-ખીલ્યું...
કશું આમ નહિ પણ ખાસ...
તારો મારામાં પ્રવેશ થાય પછી મારો બેઠેલો અસામાન્ય પ્રગટ થાય.
મારું મસ્તક મુગટ બની જાય...મારું કાર્ય કાવ્ય બની જાય...
મારા શબ્દ ગીત બની જાય... મારી વૃત્તિ વાત્સલ્ય બની જાય...
આ જ અર્થમાં! શ્રી દશવૈકાલિક અદ્ભુત સૂત્ર આપે છે...
તું ન હોય તો અમારું ખાવું-પીવું-બેસવું-ઊઠવું બધું જ સામાન્ય...
તું હોય તો અમારું ખાવું-પીવું-બેસવું-ઊઠવું બધું જ અસામાન્ય...

जयं चरे जयं चिठ्टे...
जय मासे, जयं सए ।
जयं भुंजन्तो, भासन्तो
पावं कम्मं न बन्धई ।।

મારી પ્રવૃત્તિ તારા ચરણે ધરું...
તારી કૃપાથી મારા જીવનને જીવંતતાથી ભરું...
તું આવ તો આ જિંદગી સંપૂર્ણ થઈ શકે
બાકી અહીં ઘણું-ઘણું તારા વિના'ય છે...





તારું સાંનિધ્ય-મારી આત્મ-નિર્ભરતા

હે પરમકૃપાળુ પરમેશ્વર...!
તને તો વંદન કરવાનું થાય છે
પણ તારા ભક્તોને પણ વંદન કરવાનું મન થઈ જાય છે...
કોઈ ભક્ત માથુ અને અહમ્ નમાવી ઊભો હોય...
હૈયું નાથમાં જોડી... હાથ જોડી... આંખો મીંચી સ્તબ્ધ હોય...
પોતે દોરેલા વિકલ્પના-કલ્પનાના ચિત્રોને ભૂંસી નાંખે છે...
અંતર-પટ પર છવાઈ જાય, અંતર એનું ખોવાઈ જાય છે...
વિરાટ-સમ્રાટના ગુણ-સામ્રાજ્યમાં-આનંદમય બ્રહ્માંડમાં પોતાના સ્વને બધાથી જુદો કરી મૂકે છે...
બસ, એક જ, અનંત જ, આનંદ જ આનંદ...
પ્રભુના પરમ-પ્રેમપૂર્ણ સાંનિધ્યનો સ્વાદ-આહ્લાદ...
આ સાંનિધ્યના સ્વાદને દુનિયાનો કોઈ વર્ણાક્ષર વર્ણવી શક્યો નથી...
હા, જરૂર એ સ્વાદ અનુભવી શકાયો છે અનંત-યોગી આત્માઓથી...
તારું સાંનિધ્ય એવા સ્વને સ્વસ્થતા બક્ષે છે.
એને તો માત્ર "સ્વ"ની જ અપેક્ષા રહે છે...
કોઈ પદાર્થથી જોડાણ નહિ... ખેંચાણ નહિ... ખેંચતાણ નહિ...

બસ, એક માત્ર પરમ-તત્ત્વ સાથે સાયુજ્ય...
ભક્તને પણ સાંનિધ્યની આશા-આધાર એટલે જ રહે છે...
તું અને તારું સાંનિધ્ય કોઈને ઓશિયાળુ-આળસુ બનાવતું નથી...
એ તો એના બદલામાં... સાંનિધ્યના-સમર્પણના વળતરમાં આત્મ-સન્માન, આત્મ-નિર્ભરતા અર્પે છે...
જ્યારે સંસારનું જોડાણ-ખેંચાણ
આત્માને આપે છે અપમાન, જાકારો, તુંકારો...
આત્મા રહે છે સદા માટે અપંગ, અંધ...
હંમેશ માટે માટીના થાંભલે જ મહેલ ચણવાના...
પારકે ભરોસે જ ચાલવાનું, પોતીકું કોઈ પરાક્રમ નહિ...
આ બધા વાઘા- ફોતરાં છોડી, તારા ચરણે આવે...
એટલે એને વિશ્વાસ થાય છે હું વિષ-વાસમાં હતો...
હવે મારે કોઈની જરૂર નથી... મારા સિવાય...
મારી કોઈને જરૂર પણ નથી... એમાં જરીય દીનતા ન હોય, રોદણાં ન હોય...
એનો જ ઉદ્‌ઘોષ રોજ સાધક કરે છે...
"एगोऽहं नत्थि मे कोई, नाहमन्नस्स कस्सइ
एवं अदीण मणसो, अप्पाणमणुसासइ"
આમ જો તારું સાંનિધ્ય સતત સાચવતો રહે જીવની જેમ તો...
એને કોઈ ઊણપ ખૂંચતી નથી... ઊણપ હોતી જ નથી...
એને કોઈ ખૂંચતું નથી...
એને કશું ખૂંટતું નથી... ચોમેર અખૂટ સંતોષ - સ્વતોષ...
કોઈ શોષ નથી... કોઈનું શોષણ નથી...
તું કોઈને આભારના ભાર નીચે નથી રાખતો...
"स्वतुल्यपदवीप्रद"
પછી એને તારા'ય આધારની જરૂર નથી રહેતી...
હા! એટલું જરૂર કે આધાર પોતાનો ન થાય ત્યાં સુધી તો
તારા સાંનિધ્યમાં રહેવું જ પડે...
"आत्मतत्त्व प्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः"
તું પણ કેટલો ઉદાર-ઉદાત્ત છે...
ઓળખ-અનુભવ માટે આલંબન આપીને પછી હટી જાય...



તારા સાચા ભક્ત મારે બનવું છે...

"સમર્પણ એ ભક્તના જીવનની મહામૂલી મિરાત
એના વિના એને ક્યાંથી હોય નિરાંત"
સમર્પણની મિરાત અને સમર્પણથી નિરાંત
બસ; એને એક જ સમર્પણની વાત.
હું હજી એ ભક્તોની હરોળમાં બેઠો નથી.
એક જ કારણ મારા જીવનમાં સમર્પણનો સાથ-સંગાથ નથી.
ભક્તિની યાત્રાનો સાથી સમર્પણ...
મુક્તિની યાત્રાનો સાથી ઈશ્વર...
સમર્પણથી ઈશ્વર... ઈશ્વરથી અક્ષર મોક્ષ-મુક્તિ
ભક્તિની પહેલી શરત સમર્પણ...
સમર્પણની પહેલી શરત નમન...
પ્રભુ ચરણે ઝૂકતાં રહો... પ્રભુની યાદે ઝૂરતાં રહો...
અહં સામે ઝઝૂમતા રહો... હૈયે પ્રભુના ઝૂલતાં રહો...
નમન એટલે શું? મોટો પ્રશ્ન...
જવાબમાં મળે છે "तत् कृत्यकरणं प्रति प्रह्वी भवति"
પ્રભુના ચીંધેલા રાહે જવા માટે ઝૂકી જવું...
તારા પગલે ચાલવું છે. એ પહેલા તારા પગે લાગવું છે... પડવું છે...
આ મહા-પરાક્રમમાં મારા આડે આવે ઓલો અહં
શી ખબર? ક્યારથી એણે ધામા નાંખ્યા છે...
ઉખડતો નથી... એના ઈતિહાસનું આદિ બિંદુ મળતું નથી...
ક્યારે એ વવાયું છે... ક્યારે એના વાવેતર થઈ ગયા છે...

અહંનું બીજ
અંકુરિત થયું
ને
મત-આગ્રહ તણાં
ડાળખાં
ઊગ્યા...





તારા વચનમાં પણ તું મળે

હે કરુણાકર પ્રભો!
તું મને વચનો દ્વારા રોજ મળવા આવે છે
પણ તારા વચનો મને ઊંઘતો જોઈ
મારી ઉદ્ધતાઈ જોઈ પાછા વળી જાય છે...
જો તારાં વચનો મને પૂરેપૂરા મળે તો! મારામાં ભળે તો...
હું પણ આટલું તો કહી શકું...
"અમૃત-સરખી મીઠી તુજ વાણી, જેમ અષાઢો ગાજે...
કાન-મારગ થઈ હિયડે પેસી, સંશય મનના ભાંજે રે..."
જીવન જેનું અમૃતની જ સરવાણી હોય...
એનું વચન-વાણી અમૃત સાથે સમાનતા ધરાવે એમાં નવાઈ શું?
ભીતર જે હોય એ ક્યારેય પ્રગટ્યા વિના રહેતું નથી...
ભીતર જે હોય એ જ પ્રગટે છે...
પ્રભુની સમગ્ર જીવન-લીલા માત્ર ગંગા જેવી પવિત્ર અને શીતળ...
પછી વચનમાં પણ એ જ હોય...
મારી અંદર નર્યો અશુચિ-વિલાસ... ગટરનો પ્રવાહ એ જ્યારે

પ્રગટે ત્યારે ગંદકી અને બદબૂ જ ફેલાવે છે...
મારી વાત તો છેડવા જેવી છે જ નહિ...
મારી ઊંઘે તારી એ કરુણાને કાનમાં મારગ નથી આપ્યો!
મારી ઉદ્ધતાઈએ તારી એ કરુણાને હૃદયમાં પ્રવેશ નથી આપ્યો! તારી અમૃત-વાણી તો નિરંતર એકધારી ગાજતી જ નહિ, વરસતી રહી છે... વરસતી જ નહિ... સ્પર્શતી પણ રહી છે... સ્પર્શતી જ નહિ સરકતી પણ રહી છે...
તાપ-સંતાપ શમાવતી રહી છે...
સંશયના પાપ ભાંગતી રહી છે...
એકવાર તારો અમૃતના આનંદ સાથે પ્રવેશ થયો કે -
અભગ્નતા ઊભીને ઊભી ભાગી જાય... પૂરેપૂરી ભાંગી જાય...
પછી ખાલી અભગ્નતા - અભિન્નતા જ રહે... મગ્નતા જ રહે...
જ્યાં મગ્નતા છે ત્યાં જ ઉત્તમ સુખ છે...
"ज्ञान मग्नस्य यच्छर्म, तद् वक्तुं नैव शक्यते!!!"
અનુભૂતિ એ તદ્દન નિરાળો અને અંગત વિષય છે...
એ તો આપણો જીવ જ જાણી શકે...!
આપણી જીભ એને જણાવી પણ ન શકે...
જીવન એના અણસાર આપી શકે...
અનંત ને અંતમાં સમાવી શકાય ખરું?
એનો અણસાર જરૂર મળી શકે તેમાંથી...
પૂર્ણ - મગ્નતા - આનંદ હોય ત્યાં સંશયને સ્થાન હોય જ નહિ...
બસ; કેવલ તારા વચનનો આશ્રય
કેવલ તારા ચરણનો વિનય...
હવે જે હોય તે બધું તારા માટે...





સ્થળ : મનમંદિર

હે પરમકૃપાળુ પરમાત્મન્ !
તું જ

લિ.

તારો !

પત્રનું સરનામુ મુક્તિનો મહેલ... !

હે પ્રભુ ! આ પ્રાર્થના મારી કાંઈક અનૂઠી છે !

આજે મેં તને એક ચબરખી લખી પણ એ નાના પત્રનો અર્થ વિશાળ છે મારે મન. પત્ર પર આજે સંવેદન કરવા બેઠો છું !

હું કંઈ ને કંઈ લખતો રહું... મારા હૈયે મારા હરિને સાચવતો રહું ! એ સિવાય કોઈ ન આશય....

એક જ આશય કે દુનિયાની કોઈ દોલત કે દંભ મને મારા હરિમાં સંશય ન પડાવે...

આજે મેં તને પ્રાર્થના-પત્ર લખ્યો !

પત્ર લખ્યો મેં મન-મંદિરથી... હા, તું અને હું જ્યાં મળ્યા ત્યાંથી...

મળ્યા પણ ભળ્યા નહિ... ભેદ-રૂપે જ મળ્યા... અભેદ-રૂપે નહિ. અભેદ-ભળવા જ આ પત્ર લખ્યો છે !

મેં તને પરમ-કૃપાળુ પરમાત્મન્! નું સંબોધન આપ્યું.

તારા જેવો કોણ બીજો કૃપાળુ ! હજુ કોઈ જડ્યો નથી !

તું મારા પત્રનો પ્રત્યુત્તર આપશે જ ! એવું ઉત્તરદાયિત્વ તારું છે એવું હું મક્કમ મને માનું છું...

પત્રમાં બે જ અક્ષર ટાંક્યા એ જ સાચા છે !

'તું જ' બસ મારે 'તું જ' બીજું કોઈ નહિ... તારા સિવાય કોઈ મારા નહિ... મારે હવે માત્ર તારો જ સ્વીકાર કરવો છે !

માત્ર તારો જ સ્વીકાર કરે એ જ તારા થવાને પાત્ર બને માટે મેં 'તું જ' એવા બે જ અક્ષર આલેખ્યા છે !

અરે ! પ્રભુ એક વાત જણાવી દઉં.

આ કલમથી બે જ અક્ષર લખ્યા પણ !

હવે કાળજુ મારું તને પોકારે બસ "તું જ"

તું હી તું હી ભાવે મને તું મળે...

"एस अट्ठे, एस परमट्ठे, सेसे अनट्ठे..."

કારણ આજ સુધી હું "તું પણ" કરતો રહ્યો છું. ભવની સાથે તું પણ... ભવ તો જોઈએ જ સાથે તું પણ જોઈએ... માત્ર તું જ જોઈએ એવો પોકાર પાડ્યો નથી...

ભવમાં ભમતો રહ્યો છું... દુઃખથી ભાગતો રહ્યો છું. દોષોથી ભંગાતો રહ્યો છું ! હજુ પણ આ ભ્રમણનું ચકડોળ ચાલુ છે !


હવે એમ લાગે છે ! અસહાય-નિરાધાર સ્થિતિમાં,

તારું "शरणदयाणं" બિરુદ તું સાચવશે જ પણ શરણ મળે ક્યારે ? જ્યારે સમર્પણ થાય છે ત્યારે શરણ મળે છે !

શરણ મળે છે ત્યારે રક્ષણ મળે છે !

શરણ અને રક્ષણ એક સિક્કાનાં બે પાસાં... "शरणं गृहरक्षित्रोः" શરણ શબ્દ ઘર અને રક્ષણ કરનાર માટે વપરાય છે. જેવું શરણ કરે કે જવાબદારી શરણ્યની કે શરણે આવનાર દીન-દુઃખીયાના જખમ રુઝવવા...





હું તારા હૃદયમાં ક્યારે વસીશ ?

હે અરિહંત પ્રભો !

કો'ક વાર તને બહુમાન આપતાં-આપતાં તારાથી માન મેળવવાની - મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠે છે. સાધકની-ભક્તની દુનિયામાં પ્રશંસા આપવી એ અમૃત છે પણ પ્રશંસા માંગવી એ તો વિષ છે... હું આ વિષચક્રમાં, વિષ-ચકરાવામાં ફસાયેલો છું... વળી આજે તો દુનિયાથી નહિ, દુનિયાના સ્વામીથી પ્રશંસાની ભીખ માંગી રહ્યો છું...

ખેર ! દુનિયા પ્રશંસાના આંચળા હેઠળ ખુશામત આપી દે છે !

આવી ખુશામત માંગવી અને મેળવવી કાંઈ બહુ મોટી સાધના નથી...

પણ ! તારી પાસે પ્રશંસા-માન પામવું એ તો "લોઢાના ચણા ચાવવા" બરાબર છે.

જ્યારે પ્રશંસાની ભૂખ પૂરેપૂરી ભાંગી નાંખવાનું પરાક્રમ જાગે... પ્રશંસાની ભૂખ મૃત્યુ પામે ત્યારે તારા શ્રીમુખેથી પ્રશંસાના ઉદ્ગાર મળે છે...

બાકી તું ખુશામતની ખીણમાં કોઈને પટકવા માંગતો નથી...

ભક્ત પહેલાં તો તારા ચરણોમાં સ્થાન લેવાની પ્રાર્થના-પ્રયત્ન કરે છે...

આ પ્રાર્થના એટલે તેનું સર્વાત્મભાવે સમર્પિત થવું તે...

બસ; તારા માટે આપેલી આ આહુતિ તેને ઊંચાઈ આપે છે...

જેણે પ્રચંડ પુરુષાર્થથી તારા પાદ-પદ્મમાં સ્થાન લીધું...

એને બહુ જ સરળતાથી-સહજતાથી તારા હૃદય-કમળમાં સ્થાન આપી દીધું...
મારી વાત કરું... હું હજી તારા ચરણમાં જીવન જમાવી શક્યો નથી...
તારા હૃદયમાં વસવાનાં વલખાં મારું... ક્યાંથી ફળશે લખમૂલા આ શમણાં ?
જેનું તારા હૃદયમાં સ્થાન થયું તેનું નામ તો કંઠની ખૂબ જ મધુરતાપૂર્વક માલકૌંસ વાણીમાં સરી પડ્યું છે...

જુઓ ને, આ તારા ચરણોના દાસ ! જેના પોતાના સમગ્ર અસ્તિત્વ પર તારા સ્વામિત્વની અમૃત વર્ષા થઈ રહી હતી...

તેવા ગોયમસ્વામી - ધન્ના કાકંદી - સુલસા - મયણા - શ્રીપાલ આખો ઈતિહાસ છે. શ્રી સંઘ સદા તારા અમૃત-વર્ષી ચરણ-ઝરણમાં ન્હાતો રહે છે... તારા હૃદય અને કંઠ પણ એના નમસ્કાર-પ્રશંસાથી ભારોભાર હોય છે...

"નમો તિત્થસ્સ" આ પરમ મંત્રથી તો તારી મૌલિક-મધુર વાણી સ્વરૂપ વર્ષાઋતુની ઝરમર ઝરમર શરૂ થાય છે...

વ્યક્તિગત પ્રશંસા પામવી હોય... સમષ્ટિગત પ્રશંસા પામવી હોય તો ! એક નાનકડું પણ રૂપકડું સૂત્ર છે...

"આણાજુત્તો સડ્ઢો" - આજ્ઞાયુક્ત હોય તે જ સંઘ... સંઘ સદા આજ્ઞાયુક્ત જ હોય.

તારી આત્મ-કલ્યાણી આજ્ઞાથી કોઈ પણ આત્મા જેવો બંધાયો કે એ પરમ-પાવન આત્માને આદર આપવા બંધાયેલો જ છે...
તારા ચરણોમાં-સંઘમાં સ્થાન મેળવ્યા પછી...
તારા હૃદયમાં-કંઠમાં સ્થાન મળ્યા પછી...
તું જ્યાં બેઠો છે ત્યાં સ્થાન મેળવવામાં ઝાઝી ફિકર કરવા જેવી નથી...
"તું જ્યાં વસે છે ત્યાં મને તું સ્થાન આપી દે !"
કો'ક કવિની આ કડી ખૂબ જ માર્મિક છે...
પ્રભુ તું વસે છે... સિદ્ધશિલા પર ત્યાં સ્થાન મેળવવાની આરઝૂ કરી છે...
એની વિધિ પણ એમાં જ છે.
તું સંઘના હૃદયમાં વસે છે... ત્યાં મને તું સ્થાન આપી દે... !
સંઘના હૃદયમાં તારું પરમાત્મ-રૂપ સદા વસ્યું છે માટે સંઘનું તારા હૃદયમાં સ્થાન છે... માન છે...

કેટલી અદ્ભુત પ્રક્રિયા છે!!! તારા કંઠમાંથી સ્તુત્ય રૂપે બહાર આવવા શુદ્ધ સમર્પણ અને કઠોર પરિશ્રમ માંગી લે તેવી છે...



પો. સુ. ૪(૨)
નાયકા

“ધ્યાન રાખજે મારી સાથે તું ભયમાં ન મૂકાય”

હે શુદ્ધેશ્વર અરિહંત!
મારી આદત છે, મને લત છે રોજની
મોટી-મોટી વાતો સાથે તારી સામે આવવાની
એનાથી જ લોકોમાં મોટા-મોટા દેખાવાની
હવે તો તૈયારી કરવી પડશે જ આ દેખાવને દફનાવવાની,
જુદા-જુદા નામોથી પ્રાર્થનાના નામે કામના જ કરવાની, વાસના જ પોષવાની.
મારી કપટ-પટુતા ગજબની છે ને!!!
માત્ર સ્વાર્થની ખીચડી રાંધવા થતી આ માંગની આગને પ્રાર્થનામાં ખપાવું પછી એ જ આગમાં ભડથું થઈ જાય મારું ધર્મ-શરીર.
સંસારમાં ખૂપતો જ જાઉં...
તને વચમાં રાખી તારામાં રમવાને બદલે તુજમાં મસ્ત બનવાને બદલે તને રમાડવામાં જ મારી આ રખડપટ્ટી-સદનપટ્ટી ચાલી રહી છે.

કામના હૃદયમાં ઉકળાટ જ પેદા કરે છે.
"उत्क्वथ्यते इव मे हृदयम्"
સંસારની પરિધિમાં મળતી નિષ્ફળતાઓનો નર્યો ઉચાટ હોય છે...
જ્યારે ખરી પ્રાર્થનાઓ તો હૃદયને તું મળ્યાના ઉમળકાથી, તને મળવાની ઉત્કંઠાથી સરભર સરભર કરી દે છે.
મળેલી તમામ સફળતામાં "તારો દોરી સંચાર છે... ઉપકાર છે"નું મોહક સંગીત રેલાતું હોય... આવી હોય ખરી પ્રાર્થનાઓ!!!
ક્યારે પ્રગટશે આ ઉમળકો-ઉત્કંઠા અને ઉપકારની ભાવનાઓ!
શુદ્ધેશ્વર! તારી પ્રાપ્તિ વિના શુદ્ધતાનો સ્પર્શ કે સંપ્રાપ્તિ થવાની નથી...
કામનાઓથી ક્યારે'ય પરમાત્મા મળતા નથી. મળે છે માત્ર કંટાળો...
શુદ્ધ પ્રાર્થના, એવો પ્રભુ તું શુદ્ધ પછી જ હું શુદ્ધ થઈશ...
આ વાત તત્ત્વ-ભક્તિ પ્રણેતા પૂજ્ય શ્રી દેવચન્દ્રજી દોહરાવી રહ્યાં છે...
"માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા
તેહનો હેતુ પ્રભુ તું હી સાચો"
જો મારે શુદ્ધ-સ્વરૂપ-સત્તા/શુદ્ધ-સ્વભાવ-સત્તા સંપૂર્ણ હાથવગી કરવી હશે તો જરૂર મારે સ્વરૂપ-શુદ્ધ, સ્વભાવ-શુદ્ધ પ્રભુ પાસે જવું જ પડશે...
કર્મ-સત્તા એ અશુદ્ધતાને-અપૂર્ણતાને પૂરેપૂરી સાચવે છે, તેનો હેતુ પદાર્થ પુદ્ગલ છે.
ધર્મ-સત્તા એ શુદ્ધતાને-પૂર્ણતાને જાળવે છે, તેનો હેતુ પ્રભુ તું જ છે...
કર્મ-સત્તા મહેમાન બનીને આવે છે... હેરાન-હેરાન કરે છે...
ધર્મ-સત્તા પોતીકી હોય છે... પ્રગટે છે... પ્રભુ તેનો સાચો હેતુ છે.
તું એ ધર્મસત્તા પ્રગટાવી ઉપકારના ભાર નીચે નથી દબાવી રાખતો... આપણા આત્માના ધર્મને - તત્ત્વને - સ્વભાવને પૂર્ણ રૂપે પ્રગટાવવો જ હોય તો...
ભક્તિ પૂરી તાત્ત્વિક હોવી જ જોઈએ... જરાય ભેળસેળ ન ચાલે...
(૧) આમાં હેતુ તરીકે પરમાત્મા સિવાય કોઈ હોવું ન જોઈએ.
(૨) એના ફલ તરીકે આત્મ-અનુભૂતિ વિના કાંઈ ન જોઈએ.
"તુજ સ્વરૂપે તેહ થયા, જેહને લહ્યું તારુ ધ્યાન રે" પંક્તિ... આ જ બે વાતને છતી કરે છે...
કોરી અને કપટી ભક્તિથી મારા દાડા વળશે નહિ...
આ ભૂતિયા મહેલ જેવો સંસાર ભાંગશે નહિ...
આ પાપોના-પ્રેતોનો વળગાડ ભાગશે નહિ...
બહુ મીઠાશ અને મહત્ત્વપૂર્ણ વાત તારા એ અલગ-અંદાજી ભક્ત કહી રહ્યા છે -

“દેવચંદ્ર સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો
તત્ત્વ ભક્તે, ભવિક સકલ રાચો.”
ભક્ત-ગણ ગુણને અને ગુણીને સતત સ્તુતિમાં ઉતારે છે.
પ્રભુના સત્યને અને પ્રભુના સૌંદર્યને શબ્દમાં ઉતારે છે.
જ્યારે સાધક સમુદાય તો ગુણ અને ગુણીના ઐશ્વર્યને જીવનમાં સાક્ષાત્ ઉતારે છે...
દેવચન્દ્રજી તો બંને દશાનો અનુભવાનંદ ભોગવી રહ્યાં છે. મને ઈર્ષ્યા આવે તેમ છે...
એમની આ બંને દશાની...
મોટા હંમેશાં નાનાને પ્રેરણા અને નાના માટે પ્રાર્થના કરતાં જ હોય છે...
પછીની પંક્તિમાં કપટી-ભક્તિવાળાઓ માટે કહે છે...
“તત્ત્વ ભક્તે ભવિક સકલ રાચો”
“રાચો” આમાં પ્રેરણા અને પ્રાર્થના બે’ઉનો સુભગ સુમેળ છે. પાછો પ્રેમ તો જુઓ એકલ-દોકલ નહિ સકલ ભવિક તત્ત્વ ભક્તિમાં રાચો-માચો-નાચો-પામોની ભાવના ઉમદા તો ખરી જ પણ ઉદાર પણ એટલી...
માત્ર પરમ-પ્રાગટ્ય કાજે આનંદ-અનુભૂતિ માટે જ રસ-પ્રચૂર પ્રયત્ન એટલે તત્ત્વ-ભક્તિ...
નહિ કોઈ આડી-અવળી ઘેલછા-ઝંખના...
આમ, શુદ્ધ થવાના એકમાત્ર કારણ રૂપે/અનન્ય હેતુ તરીકે તને સ્વીકાર્યા પછી... સ્તવ્યા પછી... અનુભવ્યા પછી... જે અભિવ્યક્તિ થાય-રજૂઆત થાય તે સહજતા અને સત્યતાથી છલોછલ હોય.
જો આમ ન બની શકે તો માત્ર લોકરંજન-ભવભ્રમણ-આત્મવંચનનું હલાહલ હોય...
આત્મ-અનુભૂતિ વિનાની અભિવ્યક્તિ માત્ર અભિનય-નાટક બની રહેતું હોય છે...
હું હાલ અભિનેતા-નટ હોવાની જ અનુભૂતિ કરું છું...
“ભવ-મંડપમાં નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ”
તારા તરફથી અનુભૂતિનું-તત્ત્વ, પ્રતીતિનું, સમ્યક્ત્વનું દાન મળ્યા પછી આ અભિનય પર પૂર્ણવિરામ...

“કા હે અપના ઠામ-ઠીકાના
કા હે અપના દેશ,
પોતામાંથી પોતે નીકળી
ભજવે જુદા વેષ.”

હું જે નથી, હું જ્યાંનો નથી તે થઈને, ત્યાંનો થઈ જીવું તો તે ભવાઈ નહિ તો બીજું શું?
અનુભૂતિ વિનાનું જ્ઞાન માત્ર વાતો છે.

અનુભૂતિ વિનાની ભક્તિ માત્ર વેવલાઈ છે.
અનુભૂતિ વિનાનું ચારિત્ર માત્ર વેઠ છે.
આ અલબેલા ભક્તિબાજ શ્રી દેવચન્દ્રજી ફરમાવે છે...
"આદર્યો આચરણ લોક ઉપચારથી, વળી શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો,
શુદ્ધ શ્રદ્ધાન વિણ, આત્મ- અવલંબન વિણ, તેહવે કો કારજ સીધો"
આ કડીના હિસાબે હમણાં હું સરેઆમ નિષ્ફળ છું...
બધું હશે કદાચ... આચરણ કે અભ્યાસ...
પણ... તારા પરમ તત્ત્વનો અને પ્રવચન તત્ત્વનો આમૂલચૂલ આદર કરવા માટે શુદ્ધ-શ્રદ્ધાન નથી. માટે જ મારું કોઈ કામ સિદ્ધિને વરતું નથી...
હું નિષ્ફળ છું પણ નિરાશ નથી...
મારી પાસે તું છે... તારો મંત્ર છે...
જે એક-એક નિષ્ફળ આત્માને કળથી ઊચકી લેવામાં પૂર્ણ રૂપે સફળ છે
માટે જ તો તેઓ પણ આ જ દિલાસો આપે છે.

"સ્વામી સેવા સહી નિકટ લાસે"

"નિષ્ફળતાનું સંકટ ભલે ઘેરાઈ વળ્યું
આશા જરૂર હૃદયમાં ઘર કરીને બેઠી છે..."
તારી સેવના-સ્તવના-પાલનાથી તું જરૂર નિકટ આવશે...
સેવના કરતાં- કરતાં સાચી સેવનાની નિકટ આવીશ.
તું મારી હાલની સેવના પર નજર ના નાંખીશ...
ચેતવણી છે... વિનવણી છે... તારા માટે મારી છેલ્લી માંગણી છે.
"તારજો બાપજી નિજ બિરુદ રાખવા
દાસની સેવના રખે ના જોશો!"
રખે દાસને ઉદાસ કરજો એ જ એક અરદાસ...
મારી ચાકરીને તું સાચી કરી દે તો જ તારું બિરુદ સચવાશે...
એવું ના થાય કે મારી સાથે તું પણ ભયમાં મૂકાઈ જાય!
"મુજ અવગુણ સામું મ જુઓ, બિરુદ તમારું સંભાળો."



સર્વ-સ્વીકાર

હે આનંદનિધિ અરિહંત પ્રભો!

અમારે તારી સ્તુતિ કરવી છે...

હર-હંમેશ હર-પળ હર-સ્થળ...

તું પૂર્ણ વાત્સલ્યમય છે. તું સર્વ-વ્યાપી છે... તું જ સંપૂર્ણ વિશુદ્ધ છે... મારે તારી સ્તુતિની કળા શીખવી છે... તું જ શીખવ...

અમારે સહુનો સ્વીકાર કરવો જોઈએ.

અમારે સહુએ સહુનો સત્કાર કરવો જોઈએ.

બધામાં તું જ વસે છે...

અમારો એક પ્રાણ મંત્ર તું જ... છે...

અમારા મંત્રનો પ્રાણ પણ તું જ... છે...

તું જ્યાં વસે છે ત્યાં જ અમારે વસવું છે,

તું જેમાં વસે છે તેને જ અમારે વસાવવા છે.

તું એક પરમ-પૂર્ણ તત્ત્વ છે.

અમારે પૂર્ણ થવું છે. અમારી અપૂર્ણતાએ જ અમારો ઈતિહાસ રગદોળી-ફંગોળી નાખ્યો છે...

અમારે પૂર્ણતા તરફ ડગ માંડવા...

પૂર્ણનું ધ્યાન ધરવા માત્ર પૂર્ણ જ દેખવું પડશે...

"અપ્પા સો પરમપ્પા..." આત્મા એ જ પરમાત્મા છે...

દરેક આત્માને અંગરાશિ-શરીરધારી તરીકે જ નથી જોવા...

દરેક આત્માને ગુણરાશિ-આનંદધારી તરીકે જ જોવા છે...

જેથી અમે સદા-સર્વત્ર પૂર્ણને નિહાળી અમારી
અપૂર્ણતાને દફનાવી જ નહિ, બાળી દઈએ!
માટે જ...

ભક્તો કહે છે -

"તું હી તું હી તું હી તું હી તું હી જે ચિત્ત ધારે
યાહી હેતુ જે આપ સ્વભાવે ભવજલ પાર ઉતારે!"

"महादेवाय सततं सम्यग्-भक्त्या नमो नमः।"



અર્પણ - આનંદનો ઉત્સવ



હે પ્રભો!

તારી સામે રોજ થતી પ્રાર્થના મારા આનંદની
આધાર-ભૂમિ છે...
તારી કૃપા વિના એ પ્રાર્થના હૃદયને ભેદી ઉગતી
પણ નથી, થતી પણ નથી.
તારી કૃપાના સાક્ષાત્કાર સમી તારી પ્રાર્થનાને
નમન...
તારી પ્રાર્થનાથી કૃપા મળે, તારી કૃપાથી પ્રાર્થના
મળે...

પ્રાર્થનાનું આ ચક્ર ચાલ્યા કરે છે...
પ્રાર્થના એ ભગવાનની સામે ઊભી થતી માંગણ-વૃત્તિ નથી...
હૃદય-શુદ્ધિની દિશાનું પહેલું ડગલું છે પ્રાર્થના-પ્રણામ...
ભક્તને શુદ્ધિથી ઓછું કાંઈ ખપે નહિ.
જે તારી સામે આવી અને તે જે તરછોડ્યું છે એની વાંછા કરે છે એ...
પ્રાર્થનાને વેચી ખાય છે... પ્રાર્થનાના નામે ચરી ખાય છે...
પ્રાર્થના એટલે ખુદા સાથે વાત કરતાં-કરતાં ખુદને ખંખેરીને
પરમ-તત્ત્વના અવતરણ માટે એક આકાશ રચી આપવું...
અવતરણ-પીઠ સજાવી આપવી તે છે...
'અખા' નામનો એક આખા-બોલો કવિ છે...

"પોતપણેથી જે નર ટળે, અણઆયાસે હરિ મળે."
બસ, હું એ જ તો કરવા આવું છું... મારા પોતીકા-પોતને તારા ચરણોમાં ધરવાનો આયાસ-પ્રયત્ન પછી... તને હરિ... મનહરિ... મનને હરનારો, પાપહરિ - પાપને હરનારાનો પ્રાદુર્ભાવ જે કેટલાય કાળથી અંદર લપાઈને બેઠેલો જ છે... એનું પ્રગટીકરણ...

બસ! તારી પાસે માંગવું... તે તો છૂટો દોર આપ્યો છે...
માંગ-માંગ તે આપું... પણ વિવેક તો અમારે રાખવાનો...
માંગવાનું કહે તો આ માંગી રહ્યો છું પ્રભુ!

દઈ દે મન એવું કે માંગે કશુંય નહિ...
કુમારપાલ મહારાજાની આ પંક્તિને ઉપરની કવિતામાં ઢાળી છે...
આ રહી એ પંક્તિ –
"मोक्षेऽपि अनिच्छो भवितास्मि नाथ!"
મને મોક્ષની પણ ઈચ્છા ન રહે...
બસ... આપણી દશા બગાડનાર આ જ આકાશ-સમી અસીમ ઈચ્છાઓ છે...
આપણને યાચનાના કાંટામાં રમાડનાર આ જ ઈચ્છા છે...
આનંદને ભાળી-ઝાળી રાખનાર આ જ ઈચ્છા છે...
"अवेक्खा अणाणंदे" ચિરંતનાચાર્યજીનું ચિરંજીવ જીવંત આ વાક્ય...
આપણી ઇચ્છાઓ બધેથી અપેક્ષા બાંધે છે... તૂટતાં અનાનંદના-આઘાતના પોટલા બાંધે છે...
માટે જ સ્તો તારી પાસેથી ઇચ્છિત ન મળતાં અમને તારા અસ્તિત્વમાં શંકા સહજતાથી થઈ આવે છે...
પણ બસ! અમને જે મળ્યું છે એમાં આનંદ લૂંટવો હોય તો ઈચ્છાઓ ને દફનાવવી પડે... માટે જ માંગવા ઉપર પ્રતિબંધ લાદવો પડે...
ભક્ત માટે માંગવું એ મૃત્યુ બરાબર છે...
અરે!!! આટઆટલું દીધા પછી આપવાને બદલે એની એ ભીખ...
અર્પવું એ આનંદનો ઉત્સવ
બસ! તે આપ્યું... તને આપવું, એ જ અમારો જીવન-ક્રમ...
તે જે નથી આપ્યું એને જ અમે અમારા પાપે, અમારી અંધતાએ ઊભું કર્યું... મતલબ...
જેને તે છોડ્યું... એ તો અમે જ ઊભું કર્યું છે...
છોડી દેવું એટલે એનો ઊભો થતો ઉદ્વેગ ખતમ કરી નાખવો... એ કંટાળો તને નહિ આપવો...
તને અર્પણ કરવામાં આનંદ અને આનંદ અર્પણ કરવામાં તત્પર...
મને જે કંઈ સારાંશ મળે છે એના સારાંશમાં તું જ છે...
દુનિયાના કોઈ પણ સત્/સત્ત્વ/તત્ત્વના સમીકરણમાં તારા જ ચરણ છે...
તેં જ ગુણની સ્થાપના કરતું શાસન સ્થાપ્યું...
મારે રોજ તારાથી પ્રગટેલો એક ગુણ તારી પ્રાર્થનાના નામે તારા ભંડારમાં નાંખવો...
કેટલાક લોકો પૈસા નાંખે છે ભંડારમાં. પણ હું પ્રાર્થના...
તું ખૂબ વ્યાપક છે, ગુણો બધા વ્યાપ્ય છે...
બધા ગુણો તારામાં છે જ... આ ગુણો છે ત્યાં તું છે જ...

જો ગુણો શોધતાં જઈએ તો જરૂર તારું પગેરું મળે, મળે ને મળે જ...
મારે આજથી તારો પરિગ્રહ કરવો...
મારે આજથી તારો અભિગ્રહ કરવો...
પરિગ્રહ = ચારે તરફથી તને વરસું-વરસું થતો જોવો...

"જ્યાં જ્યાં નજર મારી ઠરે, ત્યાં ત્યાં હસ્તિ તારી મળે..."

તું ક્યાં છે એમ નહિ, તું ક્યાં નથી એ પ્રશ્ન છે...
બસ; તને ગ્રહણ કરવા માટે આંખ જોઈએ, જ્ઞાન જોઈએ...
એ તો, તું જ આપીને ગયો છે...
'ભક્તામર' નામનું સ્તોત્ર... ભક્તિને અને ભક્તને અમર કરનારું સ્તોત્ર...
એક ગાથામાં તો કમાલ-કમાલ કરી દીધી છે...
એની ૧૪ મી ગાથાનો નાદ મધુર છે...

"संपूर्ण मण्डल शशाङ्क कलाकलाप
शुभ्रागुणास्त्रिभुवनं तव लङ्घयन्ति।
ये संश्रितास्त्रिजगदीश्वर नाथमेकं;
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥"14 ॥

ચન્દ્ર સરખા કિરણો... ત્રણે-ત્રણ ભુવનને ઓળંગી ગયા છે... વ્યાપી ગયા છે અમને કોઈ રોક-ટોક નથી. કારણ... અમનેં એકમાત્ર તારો આશ્રય-શરણ છે...
જગતમાં કોઈપણ ગુણને કોઈપણ ચમરબંધી દબાવી દેવાની તાકાતવાળો નથી...
બધા ગુણોએ તારું શરણું કર્યું છે...
માટે જ સ્તો બધા ગુણાભિલાષી, ગુણ-તરસ્યા તારું જ શરણ સ્વીકારે છે... માટે જ સ્તો એ ગુણી બની શકે છે...
હવે જ્યાં ગુણ ત્યાં તું... જ્યાં તું ત્યાં ગુણ... સીધો નિયમ...
અસ્ખલિતપણે તું બધે જ છે...
હા... ત્રણે-ત્રણ ભુવનની પેલે પાર પણ છે...
કઈ રીતે ? ત્રણ ભુવનની સીમા-રેખાની બહાર બે જ ચીજ હોઈ શકે છે...
આકાશ અને પ્રકાશ... ખૂબ સુંદર ચિંતન છે...
આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય છે... બીજો તારા જ્ઞાન નામનો પ્રકાશ ગુણ છે...
એટલે તારો ગુણ ત્રણ ભુવનમાં તો છે જ... પણ બહાર પણ છે...
તું જ્ઞાનના માધ્યમે બહાર પણ જાય છે... તે "स्त्रिभुवनं लङ्घयन्ति" પદની સાર્થકતા છે.
ગુણો જો તારા સાંન્નિધ્યથી અવરોધ વિના સેર કરી શકતા હોય તો !
હું તારો આશ્રય કરી ક્યાંય પણ આનંદથી લબોલબ ન રહી શકું ?

મારે તારો ચારે બાજુ આશ્રય કરવો જ રહ્યો...
તારા ગુણોના સેતુ જ તારી ચોમેરથી ભાળ આપે...
તારા ગુણો આખા'ય ત્રિભુવનમાં છે... તો તું ગુણ રૂપે ત્રિભુવનમાં છે...
મારે તને જ્યાં હોય ત્યાં દેખવો જોઈએ... આ જ તો તારો પરિગ્રહ છે...
આ અર્થમાં પુદ્ગલ પણ આખા વિશ્વમાં વ્યાપ્ત છે... બધેથી જ સંપ્રાપ્ત છે...
પણ એનો એક અંશ પણ પરિગ્રહ નહિ કરવાનો... એકે'ય બાજુથી એનું ગ્રહણ નહિ એ સાચો અપરિગ્રહ...
પરમાત્મા પણ ગુણોથી આખે-આખા જગતમાં વ્યાપાઈને - છાઈને-છવાઈને રહેલા છે.
એના એક પણ અંશને જતો કરવો જ નહિ... એકેક બાજુથી ચારે દિશા-વિદિશા - દશે દિશાથી ગુણ ગ્રહણ કરવા-કરવા ને કરવા...
એ જ સાચોસાચ પરિગ્રહ... લોકોત્તર પરિગ્રહ...
પછી મને કોઈ અવરોધ નહિ... કોઈ પણ સ્થાને!!! તારો પરિગ્રહ કરતાં આવડી જાય...
તું ત્રણ ભુવનમાં બધે જ છે... તું મારા જીવન-ભુવન અને એની પેલે પાર પણ પહોંચ... મારે તને ત્યાં પહોંચાડવો છે... માટે જ પ્રાર્થના છે...
મારા જીવના પણ ત્રણ ભાગ છે...
તન-વચન-મન અને એની પેલે પારનો પ્રદેશ એટલે ચેતન...
તન એ અધોલોક... ત્યાં દુઃખ સૌથી વધુ હોય છે...
નરકમાં કાયાના દુઃખોનું પ્રાધાન્ય હોય છે... થોડું ઘણું સુખ તનથી મળે માટે...
ભવનપતિ-વ્યંતર વગેરે અધોલોકવાસી દેવતા લઈ-લઈએ એટલે...
તન એટલે મારા જીવનનો અધોલોક... પાતાળલોક...
વચન... માનવજીવન આખું વચન વ્યવહાર પર ટકે છે.
ત્યાં મોક્ષ-શાસનની સ્થાપના અને મોહ-શાસનની ઉત્થાપના હોય છે.
વચન એ જ શાસન છે...
આ હિસાબે વચન એ મારો મધ્ય-લોક. મધ્ય-લોક વચનના મદાર પર છે.
માનવ-પ્રધાન, માનવ-વચન એ વૈભવ-પ્રધાન...
પછી ઉપરનો આખો દેવલોક... માત્ર મનોગતિ પર જ મદાર.





તું કાયાપલટ નહિ, કાયા-કલ્પ કર...

હે પ્રભો ! સંકલ્પેશ્વર અરિહંત...
મારે આ વિશ્વમાં સડો-ડખો ઊભો કરવો હોય તો
કેટલાંક ખાનગી પણ ખતરનાક સંકલ્પો કરવા પડશે...
હું સારો બનવા નહિ પણ સારો દેખાવા મથીશ...
મારો દેખાવ બધે દબદબો ફેલાવે એ માટે પ્રચાર પર જ આધાર રાખીશ...
પ્રભાવ અને વિચાર મને જરા'ય પાલવશે જ નહિ...
હું તો મારા વિષચક્રમાં-કપટચક્રમાં ફસાઈશ...
સાથે-સાથે બીજાને પણ સકંજામાં ઝડપી લઈશ કરોળીયાની માફક...
નિષ્ઠા-ઈમાન-ગૌરવ બધું ઉપર-ઉપર
અંદર તો બસ બધું ઇતર-ઇતર...
આમ તો આ કપટ-ચક્રો ઘણાં બધાં વ્યૂહવાળા છે...
પણ એની તો મને'ય ખબર નથી...
હે સંકલ્પના સ્વામી !

તારું દુનિયાના સંકલ્પ પર સ્વામિત્વ છે... કાબૂ છે...
મારો આ કાતિલ-સંકલ્પ ક્યારેય ફળે જ નહિ...
એ જ આશાએ તારે આશરે છું...
ક્યારે મારા સંકલ્પનો કાયા-કલ્પ થશે...
ક્ષુદ્ર સંકલ્પોને શુદ્ધ દિશા મળશે...
હું કરીશ સંકલ્પો... તને માથે રાખીને...
હું સારો જ, સાચો જ બનવા મથીશ...
હું વિવેકભર્યા વિચારો પર મદાર રાખીશ...
હું તો મારા બંધનમાંથી છૂટો થઈશ...
બીજાને છોડાવી ન શકું તો કંઈ નહિ પણ કોઈને મારા છટકામાં જકડીશ નહિ.
વેષ-પલટો તો થયો
પણ...
વૃત્તિ-પલટો, વેષ-કલ્પ થાય તો ભયો-ભયો...
કારણ કે...
"न वेषमात्रात् मुक्तिः"
"न लिङ्गेण धम्मनिष्फत्ति"...
નથી તો માત્ર વેષથી ધર્મની પ્રાપ્તિ... નથી તો ધર્મ નિષ્પત્તિ વિના મુક્તિ...
માત્ર વેશમાં જ મહાલતા મને તું મુક્તિ અપાવી દે !
વિશ્વને મારાથી પડતી મુશ્કેલીથી મુક્તિ અપાવી દે !
નથી હું વિશ્વને મદદરૂપ થતો !
નથી હું વિશ્વની મદદ વિના જીવતો !
છતાં મનનો મદ
મતિની મંદતા...
ઠેર-ઠેર મુશ્કેલી ખડી કરી છે !
મેં જ મારી જાતે મારી મશ્કરી કરી છે...





તારા ભરોસે મૃગજળથી જળ સુધીની યાત્રા

હે પરમ પ્રભો ! સુખેશ્વર ! નયનેશ્વર ! અરિહંત !
તારી પાસે આવવાનો નશો છે...
તારી પાસે ન રહેવામાં નાશ છે...
તું જે આપે છે તે લેવા હું આવું છું... !
મારી પાસે જ છે તે લેવા હું આવું છું... !
પ્રભો !
હૃદય જ્યારે નયનમાં આવી ચડે છે
ત્યારે અશ્રુ-મોતી થઈ સરી પડે છે...
આંસુ આંખની જ નહિ, જીવનની અસ્કયામત છે...
આંસુ આંખનો જ નહિ, જીવનનો અકસ્માત પણ છે...
સરતાં અશ્રુ... અમૃત પણ ઝરે... વિષ પણ ઓકે...
ખારા'ય હોય, નઠારા'ય હોય, મધુરા'ય હોય, સારા'ય હોય...
બધો જ દારોમદાર ભીતર પડેલા ભાવના વૈભવ પર...
આંખ ધોધમાર પણ અને કોરી ધાકોર પણ...
"કિંમત ન આંકી શક્યો હું, આંખની કે આંસુની...
ન કો'કના દુઃખે, અંતર ને નજર રડી પડ્યાં..."

ન કો'કના સુખે અંતર ને નજર હસી ઉઠ્યાં...
ન દીધી કો'કને શાતા...
ન પીધી કો'કની વેદના...
બસ! ખારો સમુદ્ર સાર્યો મેં...
માત્ર મારા દુઃખે... પીડે...
ન હૃદયમાં વાત્સલ્ય સચવાયું એટલે જ...
બસ આંસુ, ન ક્યારેય લાવણ્ય ઠલવાયું...
પરની પીડા ન માણી...
પરમાં ક્રીડા ન છાંડી...
"कृताऽपराधेऽपिजने कृपामन्थरतारयोः
इषद्बाष्पार्द्रयोर्भद्रं श्री वीरजिननेत्रयोः"
એ કેવું અદ્ભુત અશ્રુ-પર્વ...
હશે તારો અપરાધી... જે તારાથી કશું લઈ ન શક્યો...
એમાં તું ભીનો થઈ ગયો...
આ જ તો છે કમાલ જીવનની...
પણ મારી પાસે ક્યાં છે આવી કલા...
હું તો મારા અપરાધ પર પણ આંસુ પાડી શકતો નથી...
જ્યારે અપરાધ પર આંસુ સરે ત્યારે!!!
"કોઈ કહે અશ્રુ ચાલ્યા જાય છે...
તું કહે જિંદગી ધોવાય છે...
હું તો આંસુના દુકાળમાં જીવુ છું...
લાગે છે મારામાં અપરાધનો દુષ્કાળ જીવે છે..."
"નથી વિરક્તિએ આંસુ...
નથી પાપભીતિએ આંસુ
નથી પ્રાણીપ્રીતિએ આંસુ
નથી ભગવદ્-ભક્તિએ આંસુ...
તો પછી, શાને હરી ભરી - હરિયાળી રહેશે આ જિંદગી..."
પેલી રાજુલ... ગોખે ઝૂકી-ઝૂકી, ઝુરી-ઝુરી
પ્રભુ - સ્વામીની વાટ જોઈ રહી હતી...
ખબર પડી! જો, મારા નાથે તો બીજી વાટ ઝાલી દીધી છે... ત્યાં સોળે-સોળ શ્રૃંગાર જાણે બીમાર થયાં... ભંગાર થયાં...

"રાજુલ ગોખે રાહ નિરખતી રડતી આંસુ-ધાર..."
આમ જ બને જ્યારે ચેતનાના ચૈતન્યસ્વામી પ્રાણનાથનો પ્રેમ હોય છે ત્યારે...
રાહ જોવી, નિરખું કે ઝંખુ તને ઘણી ઘટનાથી. કથા આગળ જાય એને નિરખવામાં નીંદરે નથી આવતી...
ભક્ત સૂઈ ન શક્યો સહેજ પણ એ જ આશામાં કે આવશો પ્રભુ શમણામાં જ્યારે સાદ-યાદ ઉત્કટ બને ત્યારે જ તો સાક્ષાત્ થાય છે અને ત્યારે પણ આંસુ છલકાય છે...
પેલી બાલા ચંદનબાલા... અડદના બાકુલા...
જોયા જેવા પ્રભુજીને... આંખનું નભ ગોરંભાયું...
ઝરમર-ઝરમર મસ્ત મેહુલીયાથી નભ-ધરા એક થઈ ગયા...
બસ; એ જ તો બાકુલા નહોતા પરંતુ ભક્તિનું ભેટણું હતું...
આનંદનું અર્પણ હતું...
જેમ કહેવાય છે ને - શબરીએ ક્યાં બોર ચાખ્યાં' તાં?
એણે તો રામને ચાખ્યાં' તાં...
ચંદનબાલાએ ક્યા બાકુલા વહોરાવ્યા... માત્ર વીર મળ્યાનો આનંદ વીરને દીધો... ભક્ત કદી પ્રભુને કંટાળો દેતો નથી એ તો નર્યો આનંદ જ ધર્યા કરે...
મળવાના હોય ને છૂટી જાય ત્યારે રાજુલ રડે છે...
મળી જાય ત્યારે ચંદનબાલા છલકી ઊઠે...
મળ્યા હોય પણ પૂરેપૂરા પસર્યા ન હોય...
એવો પાક્કો આભાસ થઈ જાય ત્યારે તો; અને
છૂટી જાય ત્યારે રડે ધોધમારે ગૌતમસ્વામ...
"હજી પાથરી ન શક્યું સુમન પરિમલ જગતના ચમન સુધી
જો ધરાની હોય ન સંમતિ તો મને ન લઈ જશો ગગન સુધી..."
સુમને કહી દીધું કે ધરાના કણકણમાં ન પ્રસરું ત્યાં સુધી મને ન લઈ જાશો...
માટે સ્તો આકાશમાં કુસુમ નથી હોતું!!!
બસ! મારા ગુરુ ગૌતમસ્વામીએ તને કહ્યું હતું...
તું મારા પ્રદેશે-પ્રદેશે એવો એવો પ્રસરે નહિ!
તું મારાથી પીવાય ત્યાં સુધી જતો નહિ...
પછી જતો રહે તો શું થાય... ?
આક્રંદ... આનંદ ઓઝલ થયાનું આક્રંદ...
વીરના વિરહનો વરસાદ...
દર્દ ભર્યો સાદ...

શું હું તારો બાળકની માફક છેડો પકડત...
શું હું તારો કેવળજ્ઞાનમાં ભાગ માંગત...
જ્યાં સુધી પોતાના પાપથી
પારકાની પીડાથી
પ્રભુના પ્રેમથી હૃદય પલળતું નથી
ત્યાં સુધી આંખો'ય પલળતી નથી...
એમ કહી શકાય કે પાપની આગ...
પીડાની આગ...
વીરના વિરહનો અગન-જોર...
પકડે ત્યાં આંખના પોતાના સાથી આગ ઠરાવા દોડી આવે છે...
મૂળમાં આંસુ વિનાની જિંદગી મૂલ્યહીન છે...
આ સિવાયના આંસુઓનું કોઈ મૂલ્ય નહિ...
"તમે રાહના છો રતન સમા, ન મળે એ અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી તો હૃદયથી જાઓ નયન સુધી..."
અત્યારે! પ્રભો એ જ પ્રાર્થના...
પ્રભુ! મારા હૃદયને પલળતાં આવડે...
પ્રભુ! મારા હૃદયને પ્રજળતાં આવડે...
મારી આંખોને પલળતાં આવડે...
મારી આંખોને ઠારતાં આવડે...
બાકી હાલ અશ્રુજળ નથી પણ...
અશ્રુના મૃગજળ તો છે જ...
એમાં મૃગજળના દરિયે ઝીંકી નાવડી નોંધારી
ચૂકવું છું તરસ્યુંના મૂલ...
અશ્રુના મૃગજળમાં જીવનમાં કે હૃદયમાં અશ્રુજળ
મળશે...
એ જ આશાથી... અશ્રુની તરસ વધતી જાય...
ક્યારે મૃગજળ તારી કૃપાથી જળમાં પરિણમે!
બસ...
કોરા હૈયે પણ
ભીનાશની પ્રાર્થના કરતો
આભાસી ભક્ત!





ચૈ. વ. ૪(૨)

તારંગા

ઉત્તરાધ્યયનનો પ્રસાદ

ઘટનાઓ ઘટતી રહે, જિંદગી બસ આમ જ વહેતી રહે
જિંદગી આમ ઘટતી રહે, ઘટના કંઈ ને કંઈ કહેતી રહે...
ઘટનાનું ઘટવું અને જીવનનું ઘટવું
કાળના મુખ્ય બે પાસાં છે.
વિશ્વ એક ઘટનાચક્ર છે... જે સતત ચાલ્યા કરે છે... પણ આ ઘટના આપણા દિલમાં રહેલી સંવેદનાના આધાર પર અસર કરે છે.
ઘટનાનું અર્થઘટન ખૂબ મૂલ્યવાન છે...
બસ ! માનવ પાસે વાસ્તવિકતાની ધરા પર ચાલવા પગ પણ છે...
કાલ્પનિકતાના નભમાં ઉડનાર ખગ પણ છે...
દરેક વાસ્તવિકતાને માણસ પોતાને અનુકૂળ એક કલ્પન આપે છે...
એને જ કહેવાય ઘટનાનું અર્થઘટન...
માટે જ એક ચિંતકની વ્યાખ્યા ચિત્તપટ પર ઉપસી આવે છે...
"દૃષ્ટાંત એટલે દૃષ્ટનો અંત. દેખેલા પ્રસંગની પૂર્ણાહુતિ થઈ ચૂકી પણ દૃષ્ટિનો આરંભ થઈ ચૂક્યો..."
દરેક દૃષ્ટ એક દૃષ્ટિનો ઉઘાડ કરનાર હોવો જોઈએ...
આંખો સામેથી આવી કેટલીય ઘટના પસાર થતી રહે છે...
એમાં હે પ્રભો ! તારું અનુસંધાન મને મળે તો આનંદ...
આમ ! તો, તારું જિનશાસન નિમિત્તને માન નથી આપતું... સ્થાન નથી આપતું પણ એ વિષય જુદો છે...
પુદ્ગલના ક્ષેત્રે નિમિત્ત લેવાનું નથી જ...
અને અધ્યાત્મના ક્ષેત્રે કોઈને કોઈ પુષ્ટ નિમિત્તને લેતા જવાનું અને આત્માનું આરોગ્ય અને વૈરાગ્ય પુષ્ટ કરતાં રહેવાનું...
મને જગતની કોઈ પણ જગાએ તારું અનુસંધાન મળે...

"હું મારા અનુસંધાનથી છૂટો પડ્યો છું,
એટલે હું તારાથી વિખૂટો પડ્યો છું..."
જ્યાં જાઉં ત્યાં મને અને તને જોડી આપનાર કોઈ ને કોઈ કડી જડી આવે...
કો'ક હરિયાળા પ્રદેશને દેખી તારી લીલીછમ કરુણાનું સરનામું મળે...
અડીખમ ખડક દેખી તારી અટલતાનો અંદાજ મળે...
સાગરને દેખી તારામાં તારી મસ્તીનો અણસાર મળે...
ઉગમતા પહોરના સૂરજ-દાદા દેખી તારું હૂંફાળુ સાંન્નિધ્ય સમરી આવે...
ભર-બપોરના સૂરજના સામ્રાજ્યમાં વ્યાપેલો સૂનકાર દેખી તારા પ્રતાપે પલાયન થયેલા પાપ જણાઈ આવે...
કો'ક વૃક્ષના ઓથે હાશ લેતા મુસાફર ને જોઈને
"मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरोर्स्थितिः" ની પંક્તિ સ્મરી આવે. હે પ્રભો!!! બળ-બળતા આ પંચમ આરે તારા જિનશાસન માટે આદર-બહુમાન થઈ આવે...
ચન્દ્રને વીંટળાઈને મરક-મરક હસતાં તારકો દેખી તને વીંટળાઈને રહેતા જિન-શાસનના મહાપુરુષો ચમકતા સિતારા રૂપે જરૂર યાદ આવે... એક-એક ઘટનામાં હું તારો પ્રસાદ દેખું... તારી કૃપાનું ખળખળ ઝરણ મને સતત તરબતર રાખે... જ્યાં પણ જાઉં તું તું અને તું નો તેજ ફુવારો...
એક સાચા શિષ્યનું અને ભક્તનું વિશેષણ છે જે ઉત્તરાધ્યનના માધ્યમે આપણા સુધી પહોંચ્યું છે...
પ્રસાદ-પ્રેક્ષી = પ્રસાદ-અર્થી...
આખી'ય જીવન-ઘટનાને પ્રસન્નતાનું સરોવર બનાવવા બે વિશેષણોનો પ્રવેશ અશેષ રીતે, પૂરેપૂરી રીતે થવો જ જોઈએ.
દેવાધિદેવ - ગુરુદેવ તરફથી મળતી ગમે તેવી આજ્ઞા...
ભલે આપણને ગમે તેવી ન હોય પણ આપણને ઉપકારી છે. આવો નિશ્ચય...
મારા ઉપર ઉપકાર છે આવો નિર્ધાર...
ગમે તેવી પરિસ્થિતિમાં પાર પાડવા માટેનું પરાક્રમ એ જ પ્રસાદ-પ્રેક્ષિતા... જેવું મળે તેવું વધાવી જ લેવું... ભલુ પૂછવું પછી આવી ઉજળી તક મળે ના મળે
બન્ને તત્ત્વોના હૃદયમાં જીવમાત્રનું કલ્યાણ ઠસોઠસ ભર્યું છે...
પછી એમના આદેશમાં કાંઈ પણ આઘાત-જનક હોય જ નહિ...
એમનો નિગ્રહ પણ અનુગ્રહ છે. એમનું બંધન પણ મુક્તિની દિશાનું ડગલું જ છે.
અગ્નિમાં હાથ નાંખતા બાળકને માઁ બાંધે તો શું મૃત્યુથી કે દુઃખથી મુક્તિ ન કહેવાય...

"એ પાસે રાખે છે મુજને દૂર રાખીને ઉપેક્ષામાં
કિન્તુ શરણમાં રાખીને મને મુક્ત રાખે છે બંધનમાં રાખીને..."
આ સમયે હૃદયમાં થતા ઉકળાટને સમાવવા એક શીત- પેય આ જ ઉત્તરાધ્યયનમાં આપ્યું છે... જ્યારે શાસન-ગુરુદેવ કોઈપણ આજ્ઞા કે અનુશાસન-શિક્ષા ફરમાવે ત્યારે "अप्राप्तार्थ प्राप्ति रूप" મારે જે મેળવવાનું છે તેને મેળવવામાં મને માર્ગદર્શન પૂરું પાડે છે...
"यन्मां अनाचारकारिणं शासन्ति..."
મારે જે નથી મેળવવાનું/કરવાનું ત્યાંથી મને પાછો વાળે છે...
હા! હા! હા! કેવો અદ્ભુત માર્ગ છે...
જ્યાં જુઓ, જ્યારે જુઓ પ્રસાદ-કૃપાનું દર્શન...
જો આ પ્રસાદ પર મને રોષ ઉપજે તો
મારી સાધુતાનો ઘાત થાય. મારા ભક્તત્વનો નાશ થાય... મુખ્ય શરત એ જ છે... હવે મારામાં મારી હાજરી ન હોવી જોઈએ. મારા જીવનમાં મારી કોઈ મરજી ન હોવી જોઈએ. હોવી જોઈએ માત્ર પ્રભુ-શાસનની આજ્ઞા-પ્રસાદી...
અનુગ્રહ હોય, નિગ્રહ-વિકાસ હોય. સારા માર્ગે કે અટકાયત હોય માર્ગથી, બસ; પ્રસાદ જ હોય... માટે જ તો
"अणुसासिओ न कुप्पिज्जा" કહ્યું...
મારે એ જ કૃપાને સફળ કરવા અપવાદ વિના પ્રયત્ન કરવો જોઈએ...
બસ! આ જ માંગુ છું તારી કને...
મને હર-પલ, હર-સ્થળ તારો પ્રસાદ દેખવાની કૃપા દે...
તારા પ્રસાદ-વરસાદમાં પલળવા દે...
હા! એવું બને જ્યારે તું અમી ઝરે ત્યારે હું છત્રી સાથે હોઉં...
"પ્રસાદના ઝરમરતા વરસાદમાં
મેં ઉઘાડી દીધી અહંની છત્રી."
આ સંસાર તો આગ ઝરે ને ખુલ્લો હોઉં તો પછી ફોલ્લાં-ફોલ્લાં પડી જાય...
હવે તું મને અમી-ઝરણાં દેખવાની-નહાવાની પળ દે...
"નેહ-નયન સે નિત-નિત નિરખત, જન્મ સફળ ભયો મેરો"
કેટલાક તારા પ્રાસાદ-પ્રેક્ષી હોય છે, જેને સોમપુરા કહેવાય...
જેઓ તારા મંદિરીયા ધારી-ધારી જુએ છે...
કેટલાક તારા પ્રસાદ-પ્રેક્ષી હોય છે, જેને શ્રદ્ધાપુરા કહેવાય...

જેઓ મંદિરમાં બેઠા તારી અને તારી કૃપાની જ શોધ કરે છે...
મને શ્રદ્ધા-પુરા બનાવ...
પ્રસાદ ત્યારે જ સતત નિરખી શકાય જ્યારે તારા માટે હૃદયમાં નેહ હોય.
નેહ ત્યારે જ પ્રગટે જ્યારે તને પામવાની સતત તરસ હોય...
એને માટે શબ્દ છે. પ્રસાદ અર્થી = પ્રભુ-ગુરુ તોષ અભિલાષી, તોષનો તરસ્યો... હાલ
હું સંસાર તોષનો તરસ્યો છું, મને શાસન-તોષનો તરસ્યો બનાવ...
શાસનના દરેક અંગો મારા પર ખુશ રહે...
શાસન તો ખુશ રહે છે. એ તો પ્રસાદનો વરસાદ વરસાવે જ છે પણ...
"કોણ કહે છે મોસમ સરસ નથી.
એનો શો ઈલાજ કે આજે તરસ નથી."
કેટલાક પ્રભુના તોષથી તૃપ્ત થયા થશે અને થાય છે...
એમાં માત્ર બાકાત તો હું જ છું, કારણ મારી પાસે તૃષાનો દુકાળ છે.
હું પ્રસાદ-પ્રેક્ષી બનું.
પ્રસાદ-અર્થી બનું.
રોજ તારા મંદિરમાં આવું, આવો પ્રસાદ મેળવી જાઉં...
રોજ તારી કૃપાને દેખવાની દૃષ્ટિ લઈ જાઉં...
ઘટતી કોઈપણ ઘટનામાં તારો પ્રસાદ જ જોવો જોઈએ મારે.
જ્યાં પ્રસાદ ત્યાં પાવનતા.
જ્યાં પાવનતા ત્યાં પ્રસન્નતા...
પ્રભુના પ્રસાદને પામવો એ જ આપણી પૂજા...
આપણો પ્રભુના શરીરને સ્પર્શ તે દ્રવ્યપૂજા...
પ્રભુના શાસનનો આપણને સ્પર્શ તે ભાવપૂજા...
આ ભાવપૂજાનું ફળ છે. 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું...'
પ્રભુ-પ્રસાદ, પ્રભુની-આજ્ઞા...
આજ્ઞાનું આરાધન એ જ પ્રભુનું પૂજન...
હું પ્રભુની કૃપા પામનારો થાઉં...
હું પ્રભુની કૃપા ઈચ્છનારો થાઉં...
તારા દર્શન થાય એ પણ તારો પ્રસાદ...
તારું દર્શન થાય એ પણ તારો પ્રસાદ...
પહેલું વાક્ય પ્રભુને માનવા માટે તૈયાર કરે છે... પ્રભુ-દર્શન

બીજું વાક્ય પ્રભુનું માનવા માટે તૈયાર કરે છે... તત્ત્વ-દર્શન
આ સંદર્ભમાં એક પૂ. આગમોદ્ધારકશ્રી સાગરજી મ.નું તારણ સહાય કરે છે...
"તીર્થંકરને અભવ્ય પણ ભાગ્યશાળી ગણે...
તીર્થંકર વચનને તો ભવ્ય જ ભાગ્યશાળી ગણે...
વચનથી પોતાને ભાગ્યશાળી ગણે તે નિત્ય ભવ્ય. (આસન્ન ભવિ)
અભવ્ય પ્રભુને માને છે. ઋદ્ધિ-સમૃદ્ધિના લક્ષ્યથી અભવ્ય પ્રભુનું માનતો નથી.
પ્રભુ-વચન સ્વીકારતો નથી. એ તો ભવ્ય/સમ્યગદૃષ્ટિ જ માની શકે...
વચનથી પોતાને ભાગ્યશાળી ગણે તે નિકટ મોક્ષગામી..."
પ્રભુના વચન એ પ્રભુની કૃપા...
પ્રભુના વચનનું આરાધન પ્રભુની પૂજા...
"વીતરાગ સપર્યાતઃ તવાજ્ઞા પાલનં પરમ્"

– કલિકાલ સર્વજ્ઞશ્રી

બસ ! તારી આજ્ઞા એ જ અમારો આધાર, શાસનનો આધાર.
વચન એ જ શાસન...
બસ ! વચન પર મને અપાર આદર વધે...
વચન મુજબ અપાર આચાર વધે...
બસ ! કુમારપાલ રાજર્ષિની આ જ પ્રાર્થના...
"તન્નાતઃ પરમસ્તિ વસ્તુ કિમપિ સ્વામિન્ ! યદભ્યર્થયે ।
કિન્તુ ત્વદ્વચનાદરઃ પ્રતિભવં સ્તાદ્ વર્ધમાનો મમ ॥"
હે પ્રભો !
દેવાધિદેવ - ગુરુ શ્રી હેમચન્દ્રાચાર્ય મળ્યા, હવે કાંઈ નહિ માંગુ...
પણ... તારા વચનનો આદર વધતો જ રહે, વધતો જ રહે દિન દુગુણો, રાત ચોગુણો...
પ્રતિભવં - એક ભવમાં એથી આગળ વધી
એક પલમાં પ્રતિપલં...
"પ્રતિપલં ત્વદ્વચનાદર સ્યાત્ વર્ધમાનો મમ"



"હું" તારા હોવાની નિશાની



હે પ્રભુ! અરિહંત
હું કંઈક ગુંજ્યો તારા મૌનના પડછાયાની નિશાની
હું કંઈક મહેંક્યો તારા મહોર્યાની નિશાની
હું કંઈક ઝળક્યો તારા પ્રગટ્યાની નિશાની
હું કંઈક ઝુમ્યો તારા વિલસ્યાની નિશાની
હું કંઈક ચાલ્યો તારા ચીંધ્યાની નિશાની
હું કંઈક થંભ્યો તારા મળ્યાની નિશાની
હું કંઈક ઉડ્યો તારા વાયાની નિશાની
હું કંઈક ઉગર્યો તારા ઝાલ્યાની નિશાની
હું કંઈક તર્યો તારા વહ્યાની નિશાની...
બધામાં હું કંઈક-કંઈક છતાં તારી હયાતીની નિશાની...
હું કંઈ જ નથી તે તારા હોવાની નિશાની...
હું કંઈ જ નહિ, મારું કંઈ જ નહિ તો શું હું એકલો? ના!
હું ખાલી? ના! હું તારાથી ભરાયાની નિશાની!
મને બધામાં સાબિતિ જોઈએ હયાતીની...
જ્યારે તને નિસ્બત પ્રતીતિથી...
સાબિતિને અહંનો દોરી સંચાર...
પ્રતીતિને નાહં નો પ્રાણ-સંચાર...
ભાવ-વિશ્વમાં ઘણી વાર એવું બને તારા આવવાના અણસારા લાધે ને આખો ઓરડો ઉંબરે આવી બેસે...
પ્રીતિને ઉંબરે મારું આખું હોવાપણું ઠલવાઈ જાય તો પ્રતીતિના પંથે મારો પગ મંડાઈ જાય...
તને સમજવા પ્રજ્ઞા જોઈએ તો
તને પામવા પ્રીતિ જોઈએ...
દરેક ભક્તોનો સાધના-પંથ પ્રેમની કેડીએ થઈને જ આરંભાય છે...
કેડી પ્રવેશ મારે પામવો છે...
તું જ્યાં છે ત્યાં-ત્યાં મારે તને ચાહવો છે...

પછી ભલે પ્રીતિની ઉત્કટતા અને ઉત્કંઠા તારા પેલા અવ્વલ ભક્તયોગી જેવી ન હોય. જે એમ ગૂંજી શકે છે... "ઋષભ જિનેશ્વર પ્રીતમ મહારો, ઓર ન ચાહું રે કંત"
"જગજીવન જગવાલહો રે"
"ઋષભ જિણંદશું પ્રીતરે !"
દિશા-દૃષ્ટિ મારી એ જ... જો એ પેલે પાર તો હું આ પાર છું તારી પ્રીતિમાં...
વરસોથી વાગતી બેસૂરી વાંસળીમાં એકાદ સૂર થઈ જાય તો પણ...
હું કંઈક વાગ્યો તો તારા ફૂંક્યાની નિશાની...
થોડું પણ અભિવ્યક્ત થાય તો
તારા અનુભવાયાની નિશાની...
પછી એવું ના થાય કે તારી આવવાની નિશાની મળે ને પાછો ફરી જાય...
રાજુલને છોડતાં તને ક્યાં વાર લાગી'તી...
એના શૃંગારને અંગાર કરતાં તે ક્યાં તમા કીધી'તી...
બધા જ શણગાર હોય પણ... વાલમ ન હોય તો...
બધું જ હોય પણ તારો પગરવ સરખો ન હોય તો...
જે હોય તે ! બધું તારા ઉપર છોડ્યું...
જ્યારે આ પ્રેમ-વિશ્વ તે છોડ્યું જ છે તો હવે મારે બીજું ન વિચારવું...
"ગમવું કે ન ગમવું એના હાથમાં
બસ આપણે તો ફીદા થવાનું હોય..."
તું ક્યાં-ક્યાં પહોંચી શકે એમ છે એની મને પાકી ખબર છે...
જો મારા સુધી ન આવે તો ક્યા મારા વહાલમાં, ક્યાંક તારી વિરાટતા-વ્યાપકતામાં શંકા...
હવે મને તારામાં શંકા નથી, મારામાં છે... હું થોડો શંક્યો તારા જવાની નિશાની આમ તો ન જ થવા દેવાય...





બિનશરતી પ્રાર્થના = સફળતા

હે પ્રભો ! દયાનિધિ...
કંઈ પણ ચોરાય ત્યારે માલિકને કંઈ નું કંઈ થઈ જાય...
જો એ ચોરી કોઈ અંગત ઉપકારીએ આપેલી ચીજની થઈ જાય તો ?
તું જ મારો પરમ-ઉપકારી
તે જ મને એક પ્રેમભરી-ખોબોભરી ભેટ આપી...
એ છે... સંવેદના. હવે એ જ કોઈ ચોરી ગયું...
એ સંવેદના આનંદની હતી. એ આનંદ તારા થકી જ હતો...
"વાચક જશ કહે સાચું, વિમલાચલ ભૂષણ સ્તવનાથી આનંદ રસભર રાચું..."
તારી પ્રાર્થના કરતાં-કરતાં ઘણો આનંદ આવતો... પણ
હમણાં હમણાં નથી આવતો... !
મારા જીવનની ખુશ્બુભરી પળો ક્યાંક ખોવાઈ ગઈ...
આનંદની પળો વેરાઈ ગઈ, રસ ઢોળાઈ ગયો...
આ આનંદની સંવેદના વગર કંઈ પણ બોલવું વ્યર્થ છે...
સંવેદના પછી કંઈ બોલ્યા વગર રહેવું એનો પણ અર્થ છે...
તારી પાસે આવું ને મારી પાસે શું છે એનો તાગ ન કાઢું તો ?
શું અર્થ તારી પાસે આવવાનો. ?
તારી તુલના તૃણ સમાન નથી, આસાન નથી !

તારા ચરણમાં બેસવું પણ મુશ્કેલ...
"ભક્તિ મારગ છે દોહિલડો" તારી પાસે આવવા માટે પહેલી શરત કે
"કોઈપણ શરત વગર શરણમાં બેસવું... શરત વગર ન બોલવું એ જ તો પ્રાર્થના."
બસ! મારી સંવેદના આ જ શરત નામના શબ્દે ચોરી લીધી...
પ્રાર્થનામાં કંઈ પણ શરત મૂકી કે પ્રાર્થનાના પ્રાણ હરણ થઈ ગયા...
પ્રાર્થના ખતમ-ખલાસ...
પછી શું? ? ? ન અનુભૂતિ! ન અભિવ્યક્તિ!
ભક્તિ શરત હોય ત્યાં વસતી નથી...!
ભક્તિ વિના અનુભૂતિ થતી નથી...!
અનુભૂતિ વિનાની અભિવ્યક્તિની કોઈ કિંમત થતી નથી!
પૂ. ગુરુદેવ સૂરિપુરન્દર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા
હંમેશાં એક તરોતાજા વાત કરે છે... "प्रायशो भावाद् भावप्रसूतिः"
ભાવથી બોલાય તો જ ભાવ પ્રગટે...!
હું અંતરથી લખું તો સહુના અંતર આવકારે... નહિ તો નકારે...
મને નથી મારા અસ્તિત્વની કે દાસત્વની અનુભૂતિ કે કહી શકું...
"અવર જઈને ન યાચું."
મને નથી તારા પ્રભુત્વની કે સ્વામિત્વની અનુભૂતિ કે કહી શકું...
"તુજ સરીખો નહિ દેવ જગતમાં."
પછી ખાલી કલમ અને કાગળ લડાવું તો ક્યાંથી કાવ્ય પ્રગટે?
તો પછી હું શું કરું તારી પાસે આવીને?
કંઈ નહિ તારા નામે મારું વ્યક્તિત્વ ઉપજાવવા માંગું છું...
તારા વેષમાં પ્રવેશ થયાને વરસો વીત્યા!
પણ કંઈ વિશેષ મેળવી નથી શક્યો... જાળવી નથી શક્યો...
મારી વીતક સાંભળતા થાકી જવાય એવી હાલત છે.
મારો ઈતિહાસ હ્રાસનો, નકરા વિકાસના ભાસનો!
સમર્થ સંયોગો તો પુણ્ય સંયોગે મળ્યા
સમર્થને સાર્થક કરવા તારી સમર્થતાને અવતરણ-સ્થાન
બનાવવા પુરુષાર્થ ન કર્યો.
સબળ તત્ત્વો સફળ ન કરી શક્યો!
કમર ન કસી શક્યો...



શુદ્ધિની પ્રાર્થના એટલે પ્રાર્થનાની શુદ્ધિ

હે પ્રભો ! આ પ્રાર્થના મારા અંતરમલને સાફ કરવા કરી છે...
મારા અપરાધને માફ કરવા કરી છે...
દાસત્વની વાતો દૂર છે...
અંદરની ગંદકી હું બહાર ન કાઢું તો...
મને પ્રાર્થના કરવાનો પણ હક નથી, હું હકદાર નથી...
અંતરનું શુદ્ધિકરણ દુષ્કૃત-ગર્હા વિના શક્ય નથી...
આત્મ-શુદ્ધિ અને આત્મનિંદાને અવિનાભાવિ સંબંધ છે...
જ્યાં નિંદા ત્યાં શુદ્ધિ, જ્યાં શુદ્ધિ ત્યાં નિંદા...
હું આમાં જ કાચો...
પારકી નિંદામાં પાક્કો... એક્કો...
મારા પાપોની અવગણના, પારકા-પાપોની ગણના, ક્યાંનો ન્યાય ?
એક મોટું પાપ-મેલ કહી દેવાય તો પણ શુદ્ધિ થાય...
એક નાનું પાપ-મેલ ન કહું, છુપાવું તો શુદ્ધિ આકાશ-કુસુમ જેવી થાય...
એકમાં મેલ છે, માયા નથી, છૂપામણી નથી...

બીજામાં મેલ છે, માયા છે...
મારા તો મેલના પણ થરેથર બાઝેલા છે...
માયાની સાથે પાક્કી યારી...
આમ તો મને પ્રાર્થનાનો હક નથી...
હક વગર કરી છે પ્રાર્થના...
અણહકનું લીધું છે, માંગ્યું છે...
મારે તૈયારી તો હવે પહેલા શુદ્ધિની કરવાની છે.
હાલના તબક્કે તત્કાલીન સમસ્યા-કટોકટી દૂર કર...
પાપોને પ્રજળવાની શુદ્ધિ પેદા ન થાય તો કાંઈ નહિ.
પણ પાપોને પ્રગટ કરવાની તૈયારી/શુદ્ધિ તો હોવી જ જોઈએ...
તે મને તું જ આપી શકશે...
અશુદ્ધિને દૂર કરવાની સત્ત્વ-શુદ્ધિ ન હોય તો ચાલે...
અશુદ્ધિને પ્રગટ કરવાની-સ્વીકારવા જેટલી તો સત્ત્વ-શુદ્ધિ જોઈએ...
"જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જે નવિ હોય..."
તારી એક નજર થાય મારામાં તો, આ સ્વીકૃતિ-ગુણ પ્રગટે...
હે પરમ પ્રભો ! પરમ કરુણાનિધાન નાથ અરિહંત...!
તું ધન્ય થઈ ગયો તુજ ધર્મ સાધીને...
તું વંદ્ય થઈ ગયો જગ ધર્મ પ્રકાશીને...
ઝલકાય છે તુજ મુદ્રામાં મૌનની ઊંડાઈ-ગહરાઈ...
ઝીલાય છે તુજ મંત્રોમાં વાણીની ઊંચાઈ-ગરિમા...
તે બધી આપદા સહી... હસતે છલકતે હૈયે
તું બધું અનુભવી રહ્યો... મસ્ત-મલકતે મુખડે...
તું બધું અર્પતો રહે... વિશ્વના વિરાટ ખોળે...
તું જ બધું હુંમાં ઠાલવ્યું...
એ જ તો તું જ શાંતિનો સાર...
એ જ તો તું જ સિદ્ધિનો આધાર...
અમ શુદ્ધિનો-સમાધિનો-સમૃદ્ધિનો પારાવાર...
તું જ દરસ-ફરસ થકી તો
તારા વચન-વરસ થકી તો

પાંગર્યા છે જગ-જીવનના બાગ...
તું જ સાચવજે, જેને સીંચી ઉછેર્યા સહુના સોભાગ...
"यस्य दृष्टिः कृपावृष्टि, र्गिरः सम-सुधा किरः ।
तस्मै नमः शुभ ध्यान - ज्ञानमग्नाय योगिने ॥"
"તુજ વિના અમે તો ફાગની આગ...
તુંને ભૂલેથી રણમાં રહેતી ચૈત્ર-વૈશાખની લૂ...
હવે બોલ, શું હું તને શેના થકી ભૂલું?..."
"તુમ દરિસણથી સમકિત પ્રગટે નિજ ગુણ ઋદ્ધિ ઉદાર..."
"દોષ ટળે દૃષ્ટિ ખૂલે, પ્રાપ્તિ ભલી પ્રવચન-વાક્..."
કરું વંદના જેને તને સદેહે નિહાળ્યો...
કરું વંદના જેને તુજ વાણીથી આતમ પલાળ્યો...
કરું વંદના જેને તુજ કૃપાથી આક્રોશ ઠાર્યો...
તારું દિવ્ય જીવન-શાસન-પ્રવચન...
વરસી રહે અમૃત થઈ અમ જીવનમાં...
વિલસી રહે આનંદ થઈ આ ત્રિભુવનમાં...
શું કરું પ્રભુ! શું ધરું તુજ ચરણે!
તને જે જે આપું બધું થઈ રહે સામાન્ય...
છતાં'ય અમારી જિંદગીનો એ જ સાર હો!!!
"तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम् ।
इदं हि भवकान्तारे जन्मिनां जन्मनः फलम् ॥"
આ જ તારા પરમ ભક્તોનો છે ભક્તિ-માર્ગ...
આ જ હશે તારા ચરમ ભક્તોનો'ય ભક્તિ-માર્ગ...
માંગીશ તો'ય તારાથી જ
માંગીશ તો'ય તને જ તને...
त्वामेव पश्येऽहं...
त्वया हि पश्येऽहं...
एष एव मे परम विभवो विभो!
कस्य अन्यस्य वचसि मया स्थातव्यं?
चेतसि कस्य-अन्यस्य मया श्वसितव्यं?

"જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી વહે છે આપની..."
"જીવનમાં એ જ આશ છે, મન હો તો કર કબૂલ..."
"દુનિયા મને મળે તો જ, જો તારી નજર મળે..."
તારી - દૃષ્ટિ વિના મારી સૃષ્ટિનો કોઈ અર્થ નહિ...
તારી દૃષ્ટિ અને દર્શન સાથે સૃષ્ટિમાં ક્યાંય નરક નહિ...
સઘળે વિલસે બસ સ્વર્ગ ને અપવર્ગ...
"ને તુજ કૃપા કેરું અદકેરું અમૃત મળ્યું સંજીવન થઈ...
સમાયું સારા'યે નિખિલ મહીં આ તે કેવી કરુણા થઈ..."
હું તને જેવું તેવું ધરીશ પણ...
મને ખરી-ખરી છે ખાતરી...
તું મને જેવું-તેવું દઈશ નહીં જ...!!!
તું હંમેશ...
"न विकाराय विश्वस्योपकारायैव निर्मिता ।
स्फूरत् कारुण्य-पीयूष, वृष्टयः तत्त्वदृष्टयः" ॥
તું કદી કોઈ'દી વિકાર તો ઓકતો જ નથી.
પણ! સદીઓથી સદા-સદા માટે ઉપકારની જલધાર વરસાવતો રહે છે, રહેશે...
મારા જેવો કો'ક જો તારા ચરણે વિકારોનો ઢગલો કરી દેશે
તો'ય તારી આ તત્ત્વ-દૃષ્ટિનું સત્ય-ફળ છે...
"परोपकाराय सतां विभूतयः"
सन्तः सदा सति प्रवर्तते...
"રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની
સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી..."
બસ પ્રભો! વિરામ લઈશ...
આ એ જ કળી છે પ્રાર્થનાની જે તારા કૃપા પ્રસાદે વાવી હતી...
તારી સાથે વાતમાં પણ આરામ...
તારી સાથે મૌનમાં પણ આરામ...
જ્યારે-જ્યારે ભક્ત થાકે-પાકે
ત્યારે-ત્યારે તારા ચરણે આવે...
પછી, તુજ છાંયડે આવ્યા પછી એને જરાય થાક રહેતો નથી...

છાંયડે રહેવામાં થાક લાગતો નથી...
બાકી મારી વાત કહું તો...
અહંકારની આડ-ઓડાઈથી ઊંચો થયો હોઈશ પણ નમ્ર નહિ...
નમ્ર હંમેશ હાશ-હોંશ-હૂંફ દે છે...
"વૃક્ષોમાં ઊંચું તાડ છું...
એક મુઠ્ઠી છાંયડાનું ઝાડ છું..."
અહંકારની ઊંચાઈ વધુ - વધુ અહંકારીને જ છાયો આપી શકે...
એનો પડછાયો કો'ક થાક્યાનો પોરો ન જ બની શકે...
જ્યારે નમસ્કારના વૃક્ષમાં તો બધું છે
"હું વૃક્ષ ન બનું તો કશું નહિ...
પણ!
હવે મારે વૃક્ષ જતું નથી જ કરવું..."
તું જ મારું મૂલ... તું જ મારું થડ...
તું જ મારી શાખ... તું જ મારું પર્ણ...
તું જ મારુ પુષ્પ... તું જ મારી ફોરમ...
તું જ મારું ફળ...
બીજથી ફળ સુધી પહોંચવાની સાધનાની ઘટનાનું જ નામ વૃક્ષ...
આદરથી આનંદ સુધી પહોંચવાની સાધનાની ઘટનાનું જ નામ ભક્તિ...
તુંથી શરૂ થઈ... તુંમાં જ પૂરી થઈ...
સમગ્ર માત્રામાં તારા વિના મારી એક પળ ન વીતે
એ જ પ્રાર્થના... એ જ ભાવના... એ જ સાધના... મારી બની રહો!!!!....
પળથી પરમને પામવાની ઘટના એ જ પર્વ. મારું જીવન પર્વ બની રહો...
ખેર... વિશેષ... ક્યારે શેષ - અશેષ બનતો નથી...
તારા જ આધાર પર મારો કોલાહલ અટક્યો... અને કલરવ પ્રસર્યો...
"નાથ નિરંજન જપ નિરંતર, નાથ શબદ રસ પી લ્યો
ફૂટ ફૂટ કર રોના બંદે, દેખ પરમપદ મીલ્યો;
કૌન બડભાગી તું થી દૂજો પરમ સ્વરૂપે ઝીલ્યો...
નમન... ન-મન...





જે. વ. ૨/૫૭
ઉદવાડા.

"બધું તારું નહિ તો કાંઈ નહિ, થોડું પણ તારું જ !"

હે પ્રભો ! પ્રસાદેશ્વર અરિહંત!
તારી ધરતી પર વડલો બની ફેલાઈ ન શકું તો કાંઈ નહિ
અંકુર બનીને ફણગું તો મારા મૂલ તો તારામાં જ ને
તારા આકાશનો ચાંદો યા સૂરજ ન બની શકું તો કાંઈ નહિ
કો'ક ખૂણે ચમકતો સિતારો થઈ જીવું તો છત્રછાયા તો તારી જ ને...
તારી આરતીનો દીવો બની પ્રગટી ન શકું તો કાંઈ નહિ
તારી દીપ-જ્યોતિ બની પ્રસરું તો પ્રકાશ-વૈભવ તો તારો જ ને...
તારા દરિયાનું મોજું બની ઉછળું નહિ તો કાંઈ નહિ...
તારી તરંગ-લહરી બનું તો તારી અખંડતાનું અંગ તો ખરો જ ને...
તારા હિમાલયથી ગંગા બની વહી ન શકું તો કાંઈ નહિ...
નાનકડું સરોવર બનું તો'ય ગંગોત્રી તો તું જ ને...

તારા માર્ગનો રાહબર ન બનું તો કાંઈ નહિ...
તારા પથિકનો હમસફર બનું તો માર્ગ તો તારા જ ને
તારા જ્ઞાન જેવો ત્રિભુવન દીવડો મારા ચિદાકાશમાં ન ઊગે તો કાંઈ નહિ
મારા જીવનનો ઘર-દીવડો બનું તો વારસ તો તારા અજવાસનો જ ને...
તારા બધા ગુણોને જપી-ઝીલી-જીવી ન શકું તો કાંઈ નહિ...
એક ગુણમાં લય પામું તો આખરે તેમાં તું જ ને...
તારા થવા માટે મારું પ્રણ અને મારો પ્રાણ...
મારો નિયમ ને મારી નિષ્ઠા એક જ
મને બધું તારું જ જોઈએ...
મને બધે તું જ જોઈએ...
ભલે પછી તારા જેવાની હરોળમાં બેસું તો દૃષ્ટિમાં તો તું જ ને !!!
તારા બધા જ કર્મો ન સાધી શકું તો
એક કર્મ અખિલાઈથી કરું તો આનંદ-રસ તારો જ ને...
તે કહ્યું, 'અપ્પા સો પરમપ્પા'
"તું હું જ છું" જો ઊંચાઈને સર કરવા સત્ત્વ ને તમન્ના નથી. પણ તે કહ્યું "મમૈવાંશં" તારા અંશ ને પ્રતીતું તો સર્વાંશે તું જ પ્રગટશે ને!
હું જે કાંઈ છું, મારું જે કાંઈ છે (૧. ક્ષાયોપશમિક = શુભ આધ્યાત્મિક ભાવો, ૨. ઔદયિક = ભૌતિક શુભ સંયોગો) એમાં તારા કૃપાક્ષર છે.
"एकोऽपि शुभ भावः भगवद्-भवद्-तव प्रसादाद् एव जायते।"
જે કાંઈ થઈશ, જે કાંઈ હશે એમાં પણ તારું જ સામર્થ્ય હશે, એમાં કોઈ મીનમેખ નહિ ગુરુદેવશ્રી પૂજ્ય હરિભદ્રસૂરિપુરંદર હોય કે પછી ગુરુદેવશ્રી કલિકાલસર્વજ્ઞ હોય એક જ રણકો - એક જ અનુરણન
"सार्वानुभावाद् मे धर्म प्रवृत्तिः"
"यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम्, ।
तावन्मयि शरण्यस्त्वं, मा मुञ्च शरणं श्रिते... । ।"
તારી સમાનુભૂતિ નહિ થાય ત્યાં સુધી... તારી સહાનુભૂતિ-સેવાનુભૂતિ મારા જીવનનું લક્ષ્ય-કલ્યાણ કે મારી કૃતાર્થતા...
સમર્પણના પાત્રમાં જ અનુભાવ-પ્રસાદ-સામર્થ્ય અવતરણ પામે છે...
એ જ પાત્રતા છે... પરમના અણસાર ઝીલવાની.

એ જ પરમ પુરુષો પ્રાર્થે પરમ-પ્રીતિથી...
બસ ! અમે ઝુમ્યાં જ કરીએ... તારા ચરણોમાં
અમે ઝુર્યા જ કરીએ... તારા વિરહમાં
"અતિશય મહિમા, અતિ ઉપગારતા નિર્મલ પ્રભુ ગુણરાગ"
તારી ગુણગંગામાં નહાયા કરવું, મહાલ્યાં કરવું
એ જ તો સંસારમાં મુક્તિ મેળવવાનો મૌલિક માર્ગ છે...
"પ્રભુ તુમ ગુણગંગાજલે રંગે રાચ્યા ને વળી માચ્યા રે..."
કામ-કોપ-કંપનોથી ભરેલા સંસારની ક્લેશદાયી-કષ્ટદાયી પીડા-વ્રીડાનો અંત અહીં જ, અત્યારે જ...
માર્ગ એક જ હું જ્યાં હોય ત્યાં તારું હોવું અનિવાર્ય...
તારી તીર્થયાત્રા ન કરી શકું પણ...
તું મારા ગામને તો તીર્થધામ બનાવી શકે ને...
અમારા હૃદયમાં તમારો મુકામ.
આ હૈયું મરીને થયું તીર્થધામ.
પૂ. ગુરુદેવોના હૃદયમાં તારી પધરામણી થયા પછી તેઓ તીર્થ બની ગયા.
તારો પુણ્ય-પ્રસાદ...
બધા જ તારા ભક્ત-યોગીઓ તારું પ્રસાદ-તીર્થ...
ત્યાં કોઈ જ કષ્ટ નહિ કે કલેશનો કોઈ કેર નહિ...
"ધર્મબિંદુ" પૂ. આ. ગુરુદેવશ્રી હરિભદ્રસૂરિપુરંદરશ્રીનું આ મંત્રબિંદુ -
"પાણા ફેંકો તો પર્વત જેવો વજનદાર, બિંદુમાં સિંધુ આખે-આખો ઘૂઘવે..."
"હૃદિ સ્થિતે ભગવતિ ક્લિષ્ટ કર્મ વિગમઃ"
એ જ તારું આગમન - તારો આવિષ્કાર...
નિષ્કામ - નિષ્કોપ - નિષ્કમ્પ
ખળખળ વહેતી જીવન-સરિતા... અપ્રતિબદ્ધ...
નહિ રુકાવટ, નહિ થકાવટ...
મારી સંવેદનાઓ આ જ રસ્તે ભલે ધીમી પણ ધીર ગતિએ
અડગ ડગ ભરતી રહે એ જ તારા ચરણમાં અંતઃકરણની
પ્રાર્થના...





પ્રભુ ! મને પૂર્ણતાની પ્રતીતિ કરાવ...

સાધનાની વાત દૂર હોય એમ લાગે છે...
હાલ હું તો અંદર ઊતરી તપાસું-તલાશું એમ લાગે છે...
તું મને તારા જેવો બનાવવાનો કૃપા-પ્રયત્ન કરે છે...
મારી આડાઈ-અકડાઈ તને મારા જેવો કરવાના હવાતિયાં મારે છે...
પણ એમાં સફળતાને લેશ સ્થાન નથી. અહીં અટકી જાઉં તો ઘણું...
"રસ્તે પહેલાં આવ પછી નિશ્ચિત-નિશ્ચિંત પંથે વળી/ચાલી શકાશે...
ભળવું છે એ'ય ભૂલીશ તો જ સર્વ-સકળમાં ભળી શકાશે..."
તારા આદેશોને અનુકૂલ થવાને બદલે મને અનુકૂલના આદેશોની શોધખોળમાં ખોવાયેલો છું...
અર્થ એક છે : હું મને ભૂલી તારામાં ભળવા માટે સજજ નથી...
એ જ મારી ભ્રમણ-પટ્ટી રઝળપાટનું કારણ...
મારા જેવો સૂફીયાણી વાતો કરનારો ક્યારે પ્રભુ-પૂર્ણ-પ્રસાદ પામી શકતો નથી...
એક જ અંતરાય, બસ; પૂર્ણતાથી પ્રીતિ કરી શકતો નથી.
મારી પાસે બધું ક્ષણિક-સ્વપ્નીલ અને શબ્દ-વિલાસ હોય છે...

ભક્તનો માત્ર લેબાસ હોય છે...
અંદર કામ-કોપ-કંપ ઠસોઠસ ભર્યો હોય છે.
તું જ મને તારા રસ્તે લાવ. તું એકવાર મને પકડશે એટલે બસ...
"તમે આંગળી મારી પકડી અને પલકભરમાં રસ્તો થયો તમામ"
અથથી ઈતિનો તું જ મારો સારથિ...
તારા આવ્યાથી અમે ફાવ્યા અને પામ્યા...
"તારું જ્યાં આવવું ત્યાં-ત્યાં મંદિરનું રચાવું...
તારું કૃપામૃત-પ્રેમામૃત પીતાં અમારું કદી ના ધરાવું..."
"કાગળ સ્વયં છે મંદિર
એમાં પ્રાર્થના નામે ઈશ્વર
અમે અહીં તો ઉકેલી રહેતાં
ક્ષરમાં વસ્યાં જે અક્ષર
પરમેશ્વરનું પ્રેમામૃત પીતાં અમે નહિ કદી ધરાયાં..."
"વરસે તું આજે અનરાધારે
તરસે જીવ આજે વધારે
પણ પાત્રતા એવી ક્યાં છે?
જે તને પૂરેપૂરો સ્વીકારે!"
તારા ઉપર મારો પ્રેમ અનરાધારે ન વરસે તો કાંઈ નહિ
અંતર અંતરીક્ષેથી પ્રતિબિંદુ જે વરસ્યું એ તો તારા જ પ્રેમનું ને પુનઃ પાછું એ જ તને
આખે-આખ ન ઊતારું તો કાંઈ નહિ,
જે છે એમાં'ય અંશ તો તારો જ ને...
બસ!!!...
આજે અહીં જ,
"," અલ્પવિરામ...



વૈ. વ. ૨
વડાવલી

તું આવે પછી પ્રતીક્ષાની મુક્તિ


હે પ્રભો! અરિહંત મુક્તેશ્વર
પ્રભો!!! સાંભળ-સાંભળ...
"બલિ યૂપ" બલિદાનના ખીલે બંધાયેલા બકરાની માફક મારું પરિભ્રમણ...
મારી અંદર ભય-ફડક-ચિંતા-બોજ-તનાવ-વિડંબના અને યાતનાના ઓથાર...
મારી પાછળ સ્વાર્થ-કલેશ-ક્રૂરતા-કપટતા-કટ્ટરતાની કતાર...
બસ; તું બલવાન - હું બંદિવાન,
થવાનું આજે સંસાર-વેદીએ મારું બલિદાન આજે મારો એક જ ચિત્કાર...
મને બલિનો બકરો બનાવતો છોડાવ કાં તો આ સંસારને (મોહને) સમજાવી હવે મારી બલિ અટકાવ...
મને લાગે છે કે સંસારને સમજાવવા કરતાં મને છોડાવવામાં તું જલદી અને આસાનીથી ફાવીશ. તું તાકાતવર તો ખરો જ ને સમજદાર પણ...
પહેલાં મારી પાસે જ આવજે, મને મુક્તિ દિલાવજે...
પછી તારી સમર્થતાને સંસારને સમજાવવામાં સાર્થક કરજે.
મારી પ્રતીક્ષા...
તારા આવવાની, તારાથી જ મુક્તિ થવાની...
મારી પ્રતીતિ છે તું આવશે જ મને કેદ-છોડ દેશે જ.
બસ, હવે ખાલી પ્રતીક્ષા
મુક્તિની પ્રતીક્ષા અને પછી પ્રતીક્ષાની મુક્તિ
હાશ!!!



પો. વ. ૬
અયોધ્યાપુરમ

“બસ; પત્યું”


હે ! પ્રિયેશ્વર અરિહંત...
બિછાવું જાપની જાજમ...
વધાવવા આદરના ચોખા... કીર્તનના કંકુ સાલ ઘેરા લાલ...
ભીતર ઉછળે શરણનો દરિયો
પલળે અમારી નેણના પાલવ...
જેમાં તને આવતાંની સાથે ઝીલવો... ઝીરવવો...
ન આવે ત્યાં સુધી રોજ જોઉં વાટ ને કહું...
“એકવાર ! મળોને મોરા સાહિબા...”
અને જો તું આવી જાય તો...
મારી ખુલ્લી આંખોનાં શમણાં, શ્રમણ-જીવનનાં આંગણ
અમારો આહ્લાદ-અદકેરો જન્મારો અમારો ફળ્યો-ફળ્યો ! ! !
દેખો માઈ ! આજ ઋષભ ઘેર આવે !
તારો વિયોગ હોય કે યોગ
તારી પ્રતીક્ષા હોય કે પ્રાપ્તિ
બધું જ અમારે માટે તો આનંદદાયી
તું જ અમારો પ્રિયતમ
તુજ વિણ કોઈ દીસે નહિ રે ! ભવિજનને સુખકાર રે !
હવે તને છૂટ... આવવું કે ન આવવું...
પણ મારાથી કદી તને ન છૂટ...
“મારે તુમ સમ કો નહિ રે મુજ સરિખા તુજ લાખ !”
મૂળથી તારો છું ને તારો રહીશ...
“તુજ વિણ કોઈ ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુણી”
શું કરીશ ? કહેવા તો આવશે...
બસ; પત્યું...





પો. વ. ૧૦
અયોધ્યાપુરમ્

પ્રભો ! મમેશ્વર અરિહંત...
જે મારું છે એ જ તારું છે...
જે તારું છે એ જ મારું છે...
બસ; અંતર એમાં થોડું ન્યારું ને આકરું છે.
મારો વર્તમાનકાળ - આ જ તારો ભૂતકાળ-ગઈકાલ...
તારો વર્તમાનકાળ - આ જ મારો ભાવિકાળ-આવતીકાલ...
હવે તારો વર્તમાનકાળ - આજ જેવી આજે છે એવી જ આવતીકાલ. તું સનાતન એ આજની આજથી રાહ જોઈ રહ્યું...
તારી આજ મારી આજ સરખી-સરખી બની રહે ! ! !...
જ્યાં સુધી એવું નહિ બને તો મારી રોજ-રોજ એક અચલ-પ્રણ બની રહો. મારા જેવો પણ મારા પૂજ્ય ગુરુદેવ પૂ.આ.શ્રી હેમચન્દ્રાચાર્યશ્રીનો હતો.
"यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम् ।
त्वान्मयि शरण्यस्त्वं मा मुञ्च शरणं श्रिते..."
"વીતરાગ ભાવ આવે નહિ રે, જિંહા લગી મુજને દેવ,
તિંહા લગી તુજ પદ કમલની રે, સેવના હોજો એ ટેક..."
હું તને પકડી રાખીશ અને તું પણ...
"બાહ્ય ગ્રહી રાખો લાજ !"



પો. વ. ૧૦
અયોધ્યાપુરમ્

કોઈ મને ન કહી શકે તું મુજથી દૂર...
હું કહું તું તો હાજરાહજૂર...
વાગે મુજ ઘટ મંગલ-તૂર...
તારી સત્ય-રસઝરતી સૂત્ર-પંક્તિ જો મારા હૃદયમાં હોય
તારી શાંત-રસઝરતી મૂર્તિ જો મારા નયનમાં હોય.
તો
એકદમ તું જ હોય એમ લાગે છે...
બન્નેમાં તું જ તું વસ્યો...
"જિનબિંબ-જિનાગમ એક રૂપે
પૂજંતા ન પડો ભવ કૂપે..."
ઈશ્વર જ સત્ય છે... અરિહંતો મહ દેવો...
સત્ય જ ઈશ્વર છે... સચ્ચં ભયવં!!!



પો. વ. ૧૦
અયોધ્યાપુરમ્

આત્મા જ સત્ય છે... કારણ આત્મા જ પરમાત્મા છે.
હું આત્મા છું... સોઽહં... બ્રહ્માસ્મિ...
મારા સત્ય સ્વરૂપને કેદી બનાવી બેઠેલાં મારા ભ્રમ-ભરેલાં "હું"
ને ફેડતાં તારાં વચન.
તારી પ્રતિમામાં મને તારાં દર્શન થાય છે...
પ્રમોદ થાય છે...
જ્યારે તારા દેહ-વચન બંનેને
ભાવ-વિશ્વમાં એક સાથે નિહાળું ત્યારે તો...
બસ; કંઈક ઓર જ હોય છે...
"પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ સુણું જો માહરો
પાસે પ્રમોદ રસાલ એહ ચેતન ખરો"
મારો સાચો ચેતન નિજાનંદમાં ડૂબી-ડૂબી જાય...
ત્યારે કેવો આહ્લાદ...
"परमात्मेति संज्ञातः प्रदत्ते परमं पदम्..."



જે થવું હોય તે થાય

કોઈ કઠિન કાર્યને કોમળ અભિગમ આપવો એ જ જીવન-કળા...
જીવનમાં લહેરખી પણ આવે...
જીવનમાં વાવાઝોડા પણ ફૂંકાય...
જીવન એટલે જ આવા કેટકેટલાય જોડકાઓનું ઘર...
બન્ને સ્થિતિમાં હૃદયને કોમળ એકસરખું સૂવાળું રાખવા માટે મહેનત-કશ માનસની જરૂર હોય છે...
જે એકબાજુ ઢળી પડે છે... તે જ વારંવાર રડી પડે છે...
સમતુલા... ખૂબ વજનદાર શબ્દ છે...
બન્ને બાજુના પલ્લામાં સરખા વજનિયાં મૂકવાથી આ શબ્દ જીવતો થાય છે...
આવા જ ઉમદા અભિગમને ઊભો કરવા
લોચ કરાવવાનો હોય એમ લાગે છે...
આમ જોવા જઈએ તો લોચનો બહારનો દેખાવ ખૂબ કઠોર-કઠિન હોય છે...
કઠિનાઈમાં હૃદયની નાજુકાઈ જાળવવા જેવી જ આ ભાવ ભાવવા જેવો...


લોચમાં આપણે કઠોર થઈ જઈએ છીએ એવું નથી લાગતું...
"જે થવું હોય તે થાય.." સહન તો કરવું જ છે...
પણ જેમ ગલગલી થતાં મજા આવે છે.... કો'ક હાથ ગુલાબ-પાંદડીની જેમ બરડે ફરે
ત્યારે જે મજા મળે છે... એવી મજા જો આમાં આવી જાય તો લોચમાં મજા આવી જાય...
પણ આ તો આકાશના તારા તોડવા બરાબર છે....
આ ટેવ વધે પછી કોઈપણ કાળે દુનિયામાં કઠોરતા ઘટતી જ રહેશે...
આ તો એક પલ્લાની વાત થઈ...
બીજી બાજુના પલ્લાનું પણ જરા વિચારી લઈએ....
જ્યાં કેશને અહીં તૂટતા વાર લાગે છે....
જે આપણા શરીરનો વધતો એક હિસ્સો છે...
"ઘણી વાર એવી બીના બને છે...
આધાર વિના ચકડોળે ચડે છે..."
ફરે છે, કેન્દ્રથી જોડાઈને જ છતાં પણ એ એનાથી અલગ ઠરે છે...
હમણાં-હમણાં વિચારો-લહેરખી થઈને આવે, સ્પર્શીને વહી જાય...
કલ્પના થઈ જાય પણ કલ્પના તારી સાથે કેમ જોડવી એના ફાંફાં પડે છે...
સાગર-કિનારેથી જેટલી-જેટલી વાર પસાર થઈએ છીએ...
ત્યારે સાગરને એકલો-એકલો પણ કો'ક નાના-નાના બાળની જેમ મસ્તી કરતો જોવાની
કુતૂહલા વારી નથી શકાતી...
એકની એક છટામાં કોઈને પણ વારંવાર જોવો નથી ગમતો...
આ સમૃદ્રને'ય સાંજે-સવારે એકસરખી અદામાં જ નિહાળીએ છીએ...
કાં'તો કિનારે આવતો, કાં'તો કિનારાને પલાળીને પાછો ફરતો...
છતાં આ અદા એકાએક આદર જન્માવી જાય છે...
એકના એક સાગરને અનેક કવિઓએ અનેક રીતે મઠાર્યો છે...
શણગાર્યો છે... એ જ કાંઈ સમજાતું નથી.. એવું તો શું હશે
એનામાં ?
હું કવિ તો નહિ જ પણ કવિઓનો ચાહક તો ખરો જ...
આ જ ચાહકપણું મારામાં નાહક પણ શબ્દાળુતા ઊભી કરે છે...
આ શબ્દાળુતા મને આનંદમાં સરકાવી જ દે છે...
આનાથી કેટલા કંટાળુ બની બેસે છે... કેટલાકને કંટાળો ચડે છે...





પ્રભુ ! તું કેમ આમ કરે છે ?

હે પ્રભુ અરિહંત!
મને આ આપજે, તે આપજે, આ ન આપતો
મારું આમ કરજે, તેમ કરજે, આમ ન કરજે માં
વ્યસ્ત હોઉં છું...
ત્યારે તું આવે તો પણ તું આવીને જતો રહે ત્યારે માત્ર તારો આભાસ પણ
જ્યારે નિસ્તરંગ-તોફાન-રહિત હોઉં
ત્યારે તું આવતો નથી પણ સમાઈ જાય છે...
ત્યારે માત્ર તારો અનુભવ જ આનંદનો...
યાચનામાં તારા આવવાની વાત હોય
પ્રાર્થનામાં તારા રહેવાની વાત હોય
સાધનામાં તને માણવાની વાત હોય
જ્યાં બધું જ પૂરું થઈ જાય ત્યાં સમાધિ...
જોજે હું ક્યાં છું ?
તને તો ખબર જ હશે.
છતાં'ય ! ! !



“તું મારો પ્રણત-પાળ”

હે શિવેશ્વર...!
મારા હાથના જ ઉગાડેલા ઉપદ્રવોના વિષ-તરુ પર મારો સંસાર-માળો
“હતું અમથું’ય તો કંટક-કંટક... આકુળ-વ્યાકુળ મારું જીવન-કુળ...
હે અચલેશ્વર...!
પળ-પળ ચંચળ મારી હલચલ ભીતરમાં’ય સતત ને રહેતી ચહલ-પહલ ખબર નહિ કોની આવન-જાવન
હે અરોગેશ્વર...!
હું રોગના ઉકરડે એટલે શરીરમાં મારા બેસણાં પછી રોગ-રોગનો રોવો-ગાવો રાગ...
હે અનંતેશ્વર...!
અંધકારમાં જ મારો વાસ-નિવાસ ને ચોપાસ બસ; તમસનો વરસાદ...
હે અક્ષયેશ્વર...!
હું જીવું સતત હીણ-ક્ષીણ-દીન બની, પીગળતાં મીણની માફક... ખરતો રહું ખરવતો રહું આનંદ મારો નિજનો...
હે અવ્યાબાધેશ્વર...!

મારી સહુને અગાધ-બાધા, મને'ય સહુથી મળતી બાધા આડ-ખીલીમાં જતી જ જિંદગી...
હે અનુપરાવૃત્તિ-નાથેશ્વર !
નહિ તારે હવે ફરી-ફરીના આંટા-ફેરા, મારે તો લખ-લખ ચોર્યાસીના આંટા-ફેરા...
નહિ કોઈ એક ઠેકાણે તંબુ-ડેરા, ઉચાળા ભરવા ઉચાટથી મારે સઘળે-સઘળે...
તું નિવાસી સિદ્ધિગતિનો...
આવવું હવે તારું ક્યાંથી મારે ત્યાં ? ક્યાં'ય નહિ સમજાતું... દુઃખ-ભય અપાર થાતું...
પણ તું તો પાછો અભયદાનેશ્વર...!
નમી-ઊભી મારી સઘળી હયાતી, તું તો મારો પ્રણત-પ્રાણ !
દૂર દેશની સાવ પરાઈ પણ વીંધી નાંખતી પીડ સવાઈ...
સાંભળે તો ભાંગે મારી ભવની ભવાઈ...
તું ન આવી શકે તો મને બોલાવજે...
તું ન જ બોલે તો મને તો સાંભળજે...
ત્યાં સુધી હું શું કરું ? ખબર ! ! !
તને જ ચાહું, તને જ...
"નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ પરં જ્યોતિ નિપાઈએ..."
હું મને પણ ત્યારે જ ચાહું, જ્યારે તારી સાથે જોડાયેલો હોઉં...
રાહ જોઉં એ પળની શરૂઆતની જ્યારે અનંત-કાળ માટે માત્ર તું જ મારી સાથે
એ જ રસ્તાની શોધમાં રહું, પહોંચમાં રહું, જ્યાં માત્ર તું જ હોય...
જ્યાં અને જ્યારથી...
આપણે બન્ને હોઈએ પણ જુદાઈ તો ન જ હોય...
"જ્યોતિથી જ્યોત મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ...
આતમરામ-રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ..."





પો. સુ. ૪
અયોધ્યાપુરમ્

"મૈત્રીયોગ"

હે પ્રભો !
અરિહંત - મૈત્રીશ્વર
"અમે જઈએ" "અમે જીવીએ" આવું સહગતિ-સહસ્થિતિ ગાતા પ્રીતિ-મૈત્રીના વિશ્વ-કાવ્ય સાંભળતાની સાથે જ એક દુર્ઘટના ઘટી.
મારા ભીતર રહેલો 'મેં' જે આનંદ-વિરોધી, રસ-વિરોધી છે તે ઉછળી પડ્યો...
ગતિ લઈ ભાગ્યો એને બધું જ ખપે પણ "અ-મેં" ન ખપે પછી જીવવું-જવુંની વાત જ ક્યાં ?
'મેં' દૂમ દબાવી દોડવા લાગ્યો, કદાચ 'અમે' મને પકડી લે તો...
પાછળ આવતા 'અમે' ને જોયો જ નહિ, જોયો તો કરડાકી ભરી આંખે...
બસ; એને એકલા-એકલા જ ક્યાંક પહોંચવું હતું અને ત્યાં એ પહોંચી ગયો જ્યાં અમે પહોંચીએ જ નહિ.
'મેં' બધે જ પહોંચી વળશે પણ એને પહોંચી વળે એવો કોઈ બંકો ખરો ?
આ તો હંમેશાં એકલો અને અણલાધ્યો જ...
જે કોઈનો હોય જ નહિ તેનું તો કોઈપણ હોય જ નહિ ને માટે જ "મેં" મૂળમાં તો પર-વિરોધી નહિ, સ્વ-વિરોધી જ રહેશે... રહેવાનો...
"મેં"ની દોડ આંધળી-એકલી એ ક્યાં પહોંચ્યો ? ખીણમાં-ગટરમાં-આપખુદીમાં-બેવફાઈમાં અને તો બસ હવે જંગલીયત નિર્જનતામાં-અભિમાન-અશાંતિમાં કણસવાનું જ...
પ્રભુ મને મુકાવ હવે આ મહાબદમાશ "મેં"ની પીડામાંથી-વ્રણમાંથી
હું ક્યાંય નહિ પહોંચુ તો ચાલશે પણ મારે 'મેં'ના મર્મ સ્થાનને પહોંચવું-પકડવું જ પડશે !
નહિ તો હું ત્રાસવાદી બની જઈશ, સ્વનો અને વિશ્વનો'ય
તું આપ મને તારું મૈત્રી-મંત્રનું ચૈતન્ય-સંનિધાન-સાંનિધ્ય...
તારા મંત્રના અંશે-અંશે રમતી મૈત્રી આ રંઝાડતા 'મેં'ને વિલીન કરી નાંખે.
"અમે અને આપણા"માં મને રમતો-રસતો (રસ લેતો) કરી આપે !
મારો 'મેં' ચમચા જેવો છે... તપેલા જેવો છે...
એ કોઈને માપી શકે છે... ચમચો જેમ દૂધપાક બનાવે તેમ...

એ કોઈને રાખી શકે છે... તપેલાની જેમ દૂધપાકને રાખે તેમ...
ને એને પામી શકે કે પચાવી શકે...
પૂ. ગુરુદેવ શ્રી યશોવિજયજી મ. નાં આ જ્ઞાનપૂત વાણીના સંગ્રહસ્થાન જ્ઞાનસારનો શ્લોક -
केषां न कल्पनादर्वी शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वाद विदोनुभव जिह्वया ॥
આત્માના અનુભવ માટે... આનંદના અનુભવ માટે... શબ્દોમાં રમતી કલ્પનાઓની, અનુમાનોની ચમચી જે માત્ર માપી શકે પણ ચાખી ન શકે !
ધારણા-શક્તિ રાખી શકે પણ પચાવી ન શકે...
કો'ક જ એવી પાત્રતાની રસના... શાસ્ત્રોમાં વ્યક્ત થયેલાં યોગીઓના શુદ્ધ આત્મદશાના અધ્યાત્મ રસ-અનુભવને પામી કે પારખી શકે... પચાવી શકે...
મૈત્રીનો અનુભવ એ તો અધ્યાત્મ-યોગની પ્રથમ પણ પરમ જરૂરીયાત છે. એ તો તારે પૂરી પાડવી જ પડશે... આ જ ગુરુદેવે "મૈત્યાદિ ગર્ભં જીવાદિ ચિન્તનમ્" ને જ અધ્યાત્મ કહ્યું છે...
પ્રભુ ! તું એટલે જ અધ્યાત્મની ચરમ-સીમા... અનહદ સરહદ પરનો વિજેતા. આ જ ગુરુદેવે પણ તને આ જ રીતે માણ્યો... મૈત્રીની પૂર્ણ મિરાત મેળવીને બેઠેલા માલિક તરીકે...
"તુમે બહુ મૈત્રી રે સાહિબા...
તુમે બહુ મૈત્રી રે..."
તું મૈત્રીના વિસ્તારમાં, તે કોઈને લેશમાત્ર અળગા નથી રાખ્યા તું મૈત્રીચક્ર-ચક્રવર્તી...
તારા મૈત્રી-શાસનમાં સહુ ભવ્ય જીવો જીવન જીવે છે...
તાર્કિક શિરોમણી... ભક્તિ-શિરોમણી શ્રી સિદ્ધસેનજી ગુરુ-શ્રેષ્ઠ તો તને "चतुरशीति-लक्ष-जीवयोनि प्राणिनाथाय" કહીને નમસ્કાર કરે જ છે ને ! તું મારા અસ્તિત્વને પ્રાણીમાત્રમાં રહેલા પ્રેમના અફાટ રસામૃતને ચાખવાની-પચાવવાની આવી પાત્રતા દેશે ને ?
મારામાં બેઠેલો પેલો 'મેં' બસ પૃથક્કરણમાં જુદા પાડવામાં જ રસ લે છે, એની પાસે એક જ રસ જુદાઈ પામવા-ચાખવા માટે અંધ... બુટ્કો....
ગુલમાંથી ગુલકંદ - ગુલાબજળ - અત્તર પણ એમાં ગુલને પીલવું પડે છે... પુષ્પ એ ભૂતકાળ બની જાય છે. જ્યારે પુષ્પત્વ પામવા માટે એને જીવતું અને સબૂત રાખવું પડે છે. એ પાત્રતા માત્ર પતંગિયા-ભ્રમર પાસે જ હોય છે...
જે પુષ્પને જીવતું રાખે છે એ જ એની પાત્રતા છે...
જ્યારે "મેં"નું કામ જીવના-જીવત્વ-આત્મીયતા નહિ. પરંતુ ઉપયોગિતા માટે મથામણ-

મહેનત કરવાનું હોય છે.
એનાથી નથી એને સ્વાનંદ... નથી સ્વસ્યાનંદ...
પોતાનાથી આનંદ... પોતાના છે એનો આનંદ...
તારા ચરણે પૂર્ણ સમર્પણ કરી ચૂકેલા શ્રમણ-પતંગિયા-ભ્રમરનો અવાજ હોય છે...
આ જ ઉપાધ્યાય ગુરુદેવશ્રીની ગીતિ છે...
"જેમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે રે;
લેઈ રસ આતમ સંતોષે તિમ મુનિ ગોચરી જાવે રે"
કેટલી મહત્ત્વની વાત છે... આતમ-સંતોષ શું આહારથી નહિ...? આહાર લેતી વખતે પણ જીવત્વને જરાય અડફેટ ન લાગે - આઘાત ન લાગે આવી તકેદારી આત્મ-સંતોષ આપે છે...
અથવા જ્યારે એ ભાવ-આકાશમાં ઉડતો હોય છે તો ત્યાં પણ એની ચેતોવૃત્તિની અધ્યવસાય/હૃદયભાવની પાંખ કે આંખથી જરાય કોઈને ઈજા ન પહોંચે તેવી કાળજીમાં પરમ સંતોષ હોય છે...
તારા એ સાધુને, એમની સાધુતાને વંદન. જે સતત જયણાનંદ માટે જ જીવતી હોય છે... મારા પણ જીવનમાં આ જાદુ ક્યારે જાગશે...?
જયણા એટલે જાગરણ...
તમામ ફરજો પોતે લઈ એના જીવને, એના જીવનને માણવાનો-જીવવાનો હક. પૂર્ણ સુરક્ષિત રાખવાની મથામણ... આ જ એનું જીવન - જયણા-જીવન...
જીવને જીવાડવાની ફરજો પાળતો
જીવનો જીવવાનો હક સાચવતો...
માનવ-વિશ્વનો આધ્યાત્મિક નાગરિક એટલે જ શ્રમણ...
આવું બને પછી યુદ્ધયોગ નાબૂદ થાય... મૈત્રીયોગ વિશ્વની કુંડળીમાં છતો થાય છે.
હું છું તે હકની શોધખોળમાં રમું છું... ઝંખુ છું...
જ્યારે ખરેખર પ્રેમ એ, જે કશું માંગતો નથી.
પ્રેમ એ, જે બધું આપ્યા વિના રહી શકતો નથી.
"અમે સઘળું પામી તવંગર થયા
તમે સઘળું આપી દિલાવર થયા."
શું કરું ? પૂ. મહોપાધ્યાયજી મ. મારા ગુરુદેવે કહ્યું છે !
"अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्"
'મેં-મારું' એ ભાવ-વિશ્વ આંધળુ કરી નાખ્યું ! પાંગળુ કરી મેલ્યું !
ક્યારે હું પ્રતિજ્ઞાને સફળ કરી સાક્ષાત્ કરીશ...

"वयं च वित्तिं लब्भामो, न य कोई उवहम्मई..."
એવી રીતે અમે જીવીશું કે કોઈને'ય આઘાત-લેશ પહોંચે નહિ...
આ પ્રતિજ્ઞા પણ "વયં" એમની જ પ્રતિષ્ઠા-નિષ્ઠાના બેસણાં...
એના સિવાય તો જીવી જ કેમ શકાય...?
"ક્યારે બનીશ હું સાચો રે સંત,
ક્યારે જીવનમાં ખીલશે વહાલની વસંત..."
આ પ્રતિજ્ઞાના મૂલમાં "मित्ति मे सव्व भूएसु"નો મૈત્રી-મંત્ર છે...
કોઈને હણવા નહિ, મારવા નહિ કારણ કોઈ મારવા જેવા છે જ નહિ... મારી બધા સાથે મૈત્રી છે... મિત્રને મારવો એટલે જાતને હણવી... મિત્રમાં મૈત્રી છે...
એ જ મૈત્રી મારામાં એ હણાય એટલે હું પણ હણાઉં જ...
મૈત્રી ક્યારેય આત્મઘાતી હોઈ શકે ખરી ?
માટે "मा चभूत् कोऽपि दुःखितः" કહ્યું...
એ તો સૌંદર્ય-કવિતા ગાય છે...
"ડાળ પરથી
એક ફૂલ ચૂંટાય છે
તો આખો ને આખો બગીચો
એક ક્ષણ
સંકોચાય છે..."
"જ્યારે જીવના દશ-પ્રાણ કે ભાવ-પ્રાણ પર અજયણાનો ધક્કો
પહોંચતો હશે ત્યારે આખો ને આખો જીવાસ્તિકાયનો બગીચો ક્ષણભર સંકોચાતો નહિ હોય ?"
ડાળ પર જ્યારે કોઈ મિત્ર-માળી જીવની માવજત કરતો હશે ત્યારે બગીચો આખો મહોરી ઊઠતો હશે... કારણ કે મારી માવજત પણ કરવા તો આવશે જ ને; એવી આસ્થા હોય જ ને એને...
બસ; પ્રભુ મારા 'મેં'ની આતતાયી વિધિ મારાથી વધુ જાણે છે... એનાથી તને પણ દુઃખ થતું જ હશે...
હું પણ તારા મૈત્રી-પરિવારનો સદસ્ય જ ને !
તો હવે એવો મૈત્રી-મંત્રનો સંચાર કર કે
પથ્થર જેવા 'મેં'ની લાખ-લાખ રુંવાટી ફરકે
એની દોડનું મુખ ફેરવી પાછળ આવતાં 'અમે'ની સાથે જઈને ભળી જાય, જેમાં તું પણ છે જ...
એટલે અંત-તો-ગત્વા તારામાં જ
ભ . . . . . ળી . . . . . જાઉં ! ! !

તને..... સંભળાય છે ???

હે પ્રભો અરિહંત વિરહેશ્વર...!
શું ચાલી રહ્યું છે આપણા બે વચ્ચે કળી શકાતું નથી...
સંતાકૂકડી, જુદાઈ, બેવફાઈ કે પછી હરીફાઈ...
ક્યાંય, ક્યારે'ય આ વાતનો ક્યાસ કાઢી શકાયો નથી...
આજે પણ શું થશે જોઈએ... શું આવે છે આ વિરહનું પરિણામ...
જ્યારે તું મારું બધું જ ભૂલી મને મળવા-ભેટવા અતિથિ જ નહિ આત્મીય બનીને આવ્યો છું કે આવ્યો હોઈશ...
ત્યારે મારો દરવાજો કદાચ દીવાલ જેવો જ ભાસ્યો હશે તને, નહિ ?
તારી એ પ્રેમ ટકોરે મને ઊંઘણશીને જગાવ્યો તો નહિ, હલાવ્યો પણ નહિ...
"तुब्भेहिं चिअत्तेणं दिन्नं, मए अविणएण पडिच्छिन्नं !"
તે ખોબો ભરી દીધું...
મેં કોઈપણ આતુરતાપૂર્વક - આદરપૂર્ણ રીતે સ્વીકાર્યું નહિ...
એની માફી માંગતા પણ ખચકાવું પડે કે મેં સ્વીકાર્યું નથી...
"જેણે ન દીઠી તાહરી યોગમુદ્રા, પડ્યા રાતદિસે મહામોહ નિદ્રા..."
તો ! ક્યારેક એવું પણ બને છે...
હું તારા આવવાના ઓરતા કરી ઉંબરે બેઠો હોઉં
આંખોમાં આતુરતા જ ઊગ્યા કરતી હોય.
આ હરિયાળી ખેતીનો લણનાર ન મળે તો ખેતીનું શું ?
તું આટલો મોંઘો પણ હોઈ શકે એ મને સમજાય છે.
મારા એ ભાવોને તારા ભક્તોએ તો કેવી ઉત્કટતાથી પીધા છે...!
"મનમાં આવજો રે નાથ !"
"એકવાર મળોને મોરા સાહિબા !"
"મેરે મન આઈ બસો ભગવાન"
"પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિસણ વહેલું વહેલું દાખ...
તારી એ યોગમુદ્રા જોવાની તરસ... દરિસણ તરસીએ...



આ ટાણે મને પાછો તારો વિચાર આવે...
તારું આવવું અને મારું ઉવેખવું... શું થતું હશે તને?
તને મને મળવાનો તલસાટ કેવો હશે એનો અંદાજ મને મારી આ વિરહની દરિદ્રતાથી થોડો પણ આવ્યો તો ખરો જ...
તને મારા કલ્યાણ માટેની લત વળગેલી જ વળગેલી...
તારા ગંભીર આસન, સ્થિર નયન, તારી-મારી અવિચલ પ્રતીક્ષાની પ્રતિષ્ઠા જોઈ રહ્યો છું પણ હું ખૂલું-ખોલું તો ને!!!
બે'ય બાજુ વિરહ પણ બેમાંથી એકેય એક સાથે ભેગા થાય જ નહિ...
કોઈકે સરસ કહ્યું છે...
"રૂબરૂ જેને મળાયું ના કદી, એની પણ ઇંતેજારી જોઈ મેં...
શક્ય હો કે એ જ એનો ઈલાજ એટલે પીડા વધારી જોઈ મેં..."
આવી રીતે કહેવું પડશે...
તારો વિરહ-ઇંતેજાર જ તને મળવાનો માર્ગ છે માટે જ એ પીડા વધારી લેવી શ્રેયસ્કર છે... એમાં'ય આનંદ-પીડાનંદ-વિરહાનંદ...
તને મળવાનો ભક્તનો તલસાટ-ભાવ જ એને બોલવા-લખવા માટે મજબૂર કરે છે. એમાં મલાજો-મર્યાદા ન સચવાય એવું બને!
"શું બાળકો મા-બાપ પાસે બાળક્રીડા નવ કરે?"
જેમ બાળક માઁના ખોળામાં ક્રીડા કરે તો પીડા માઁને પડે ખરી?
એમ વિરહ-ક્રીડામાં પણ અમે બોલી નાંખ્યુ, તું આવતો નથી, ક્યારેક જ આવે...
એમ બોલાવે તું ન આવે...
ઉમળકાની ટહેલને જ્ઞાન, સમજ કે ધીરજથી નાથી કે બાંધી શકાતી નથી.
ઉમળકો ઉતાવળને-ઉત્સાહને તેડી લાવતો તેડાગર છે...
આ બધું કરી મેં તને સમર્થી દીધું... દાદા દેવી હો તો દેજે, નહીં તો ફેંકી દેજે...
હા અને એટલું જરૂર કહીશ - જાણ આગળ વધુ ન કહેવાય...
તું ત્યારે જ આવજે જ્યારે હું તારો અતિથિ-સત્કાર, આત્મીય - સ્વીકાર કરવા તૈયાર રહું તો જ...
તને પામવાની જોઈતી બધી જોગવાઈ તું જોજે...
નહિ તો તું આવે ને હું તને ન આવકારું તો લોકોમાં તારું સારું નહિ દેખાય. તારું અપમાન મારા અવગુણ ખુલ્લા પાડશે...
કદાચ આવી જ જાય તો જ્યાં સુધી મારી ઊંઘ ઊડે નહિ ત્યાં સુધી ટકોરા દેજે... એકવાર

દરવાજો ઉઘડશે બસ પછી પત્યું...
તારે જવું હોય તો જજે ને, પણ હું તને જવા દઉં તો ને !
“અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું”
તારી તાકાત હશે છટકવાની પણ મારી એ તરસ તને છટકવા નહિ દે... તું આખરે સઙ્કન્ન શિરોમણિ જ ને ! ! !
અહીં વિરહમાં આરઝૂ-શરણાં બસ તું જ છે.
હવે હકીકતમાં આવો તો જાણું... સંભળાય છે ?
અરે ! આ શું ?
એકાએક બે ભાઈઓ રમતાં-રમતાં લડવા-ઝઘડવા લાગ્યાં...
નાના-ભાઈ ને મોટાભાઈએ ધીબેડી નાંખ્યો, પગથી ઠોકર મારી, માથે ધૂળ નાંખી.
નાનો બિચારો શું કરે ? કંઈ પણ કરવા સમર્થ નહિ.
એની પાસે રસ્તો એક ભાઈના હુમલાના પ્રતિકારનો...
માત્ર રડવું... અને એણે ભેંકડો તાણ્યો...
આમે'ય એ ભાઈના હુમલાથી હેબતાઈ ગયો હતો...
બેબાકળો બની ગયો હતો... હળવો થવા શું કરે ? મોટાભાઈનો વારનો દોર ચાલુ જ હતો.
મોટો ગણકારતો નહોતો નાના'ના ચિત્કારને...
ડૂમા... ડૂંસકા... આંસુ વાતાવરણમાં પ્રસરવા લાગ્યા...
રુદન ઓર ઘેરું બન્યું...
કો'ક ઘરના ખૂણે બેઠેલી માઁના કાન સરવા થયા...
ઓહ ! આ શું ? આ તો મારા જણ્યા બાઝ્યા લાગે છે...
ઉતાવળી હાંફળી-ફાંફળી હેતાળ માઁએ દોટ મૂકી... દિલથી દીકરાની દિશ ભણી...
માઁનો અંદાજ સાચો જ હતો. માઁ હતી ને ! જોઈને તરત જ...
મોટાના ગાલે ચીમટી ભરી, માથે ટપલી...
અલા કેમ ! શું આ તારો દુશ્મન છે... જો તો ખરા ! શું હાલ કર્યા છે બન્નેએ! જરા છૂટા મૂક્યા નથી કે બસ પત્યું !
આવું કરાય... નાના ભાઈને રમાડવાનો હોય કે રડાવવાનો...
ન રમાડે તો કાંઈ નહિ પણ મારતો નહિ... થોડું તો સમજ ! હવે નહિ કરતો. જોજે કોઈ જુએ તો કેવું લાગે ! માની વાણીમાં ઠપકા સાથે નરી મમતા નીતરે છે... મોટો નીચા મોંએ સાંભળે છે...
નાનાની આંખોમાં હાશ, ડર અને દર્દ. મારી માઁ મારા ભાઈને વઢે છે.

હવે માઁની આંખો પણ પલળી ચૂકી છે... શું કર્યું મારા દીકરાએ... માઁએ નાનાને તેડી લીધો... હૈયે ચાંપ્યો... હેતાળ ચૂમી આપી... ધૂળ ખંખેરી નાંખી. માનો તાજા ઊગેલા સૂરજ સરખો સોનલ વરણો ચહેરો આંખો ખેંચી રાખે તેવો નાનાનો ચહેરો માઁને એકીટસે જુએ છે. મોટાના માથે માઁએ હાથ ફેરવ્યો, જાણે રજનીભરી અવની પર સૂરજનું પહેલું કિરણ...

દાઢીથી માઁએ મોટાનું મોઢું ઊંચુ કર્યું... મોટાની આંખમાં પણ આંસુ હતા...

મોટો માઁને બાઝી પડ્યો... માઁ એ પણ એક હાથેથી એને દબાવ્યો...

માઁના લાડકવાયાના સંવાદનું આ વિરલ દૃશ્ય તીર્થ-હૃદયમાં તરવરવા લાગ્યું...

માઁ એ કહ્યું, દીકરા ઘરે આવવું છે કે ! દીકરા ચૂપ હતા. ખેંચાણ માઁનું હતું. મન શેરીએ થતી રમત-ગમતમાં હતું.

તો ચાલો હવે ભાઈ-ભાઈ લડતા નહિ.

માઁ હળવા હાથે નાનાને મૂકી મોટાના ગાલ પંપાળી ચાલી નીકળી...

બંને ફૂલડા જેવા બાલુડા માઁ-ચાંદને તાકતા રહ્યાં...

બસ ! મારી સામે આવું દૃશ્ય જાણે ઓચ્છવ...

મેં પણ માઁને જોઈ જતી અને આવતી...

જતી વેળા ચાલમાં ખૂબ જ હાશકારો વરતાતો હતો. વહાલ એનું એ, ચાલ જુદી, આવી ત્યારે અને ગઈ ત્યારે કેમ ? એને એનું કામ ચીવટથી પાર પાડ્યું ને...

મારી આંખો માંડીમાંડીને જોતી રહી, જ્યાં સુધી એ દેખાઈ...

મારી આંખો સામે વિશ્વવાડીમાં પણ આવો એક વહાલ ઓચ્છવ ઉજવાયો...

મોટા પ્રાણીના હુમલાથી નાનું જીવ-જગત આભુ બની ચૂક્યું હતું...

જેમ આવે તેમ, જેમ ફાવે તેમ મોટાએ જો-હુમલા, જો-હુકમીની વણજાર ચલાવી છે.

નાના પાસે હવે ગભરામણ-ડરામણ એનું રુદન... પણ બીજું હોય પણ શું ?

મોટાની સામે નાનું બચ્ચું બેઠું... ત્રાસથી ત્રસાયેલું-ફંગોળાયેલું...

આભુ બની શું કરે ? માત્ર આત્મ-રુદન...

એના ડૂમા કે ડૂસકાં મોટાના કાન-મન વીંધે એવા નથી... નથી કોઈ એને શાંત પાડવાનો રસ્તો ચીંધે એવો...

ત્યાં એક વાત્સલ્ય-સભર અર્હં-માઁ જેના કાન સરવા થયા...

અરે! આ તો એક જમાનામાં એકસરખા પણ આવતીકાલે પણ સરખા જ. (હાલ નાના-મોટા)

અરે! મારા જણ્યા ઝઘડ્યાં ન ચાલે... દોડી આવી બન્નેની વહારે થયેલો ઝઘડો થાળે પાડવા... દોડતી-દોડતી.

એ જ તારી માઁની માફક આ તીર્થલોકનો તું જ હિતકારી...

"લોગહિઆણં", "સવિ જીવ કરું શાસન રસી", "શિવમસ્તુ સર્વજગતઃ"થી થયેલી અનેક ભવોની પરહિત-લત-યાત્રા...

તારું અમારી પાસે આવીને અમારું ભાઈ-યુદ્ધ ટાળવું એ તારું કેવલજ્ઞાન-કલ્યાણક, કરુણા-વચનથી ભેટો...

આવતાંની સાથે જ કહ્યું કે-

અરે ! શું કર્યું ? આ માટે મોટો થયો છું કહ્યું કે -

"दुल्लहं माणुसत्तं" यह नर-तन अनमोल है ।"

નાનાને મરાય નહિ... તારો જ ભાઈ છે ને... એને દુઃખ નહિ થતું હોય.

"सव्वे पाणा न हिलेयव्वा।

"जं हन्तुं इच्छसितं अप्पाणमेव जाणिहि"

થોડું તો સમજ !

"अप्पा चेव दमेअव्वो"

શાંતિ થશે તને, શાંતિ વળશે તારા ભાઈને

"अप्पा दंतो सुही लोए"

"सव्वे जीवा संति एसिणो"

ખૂબ જ વહાલથી તું કહેતી રહી...

મોટા જીવો સાંભળતાં રહ્યા... ખૂબ જ ખેદની લાગણી સાથે...

અને કહ્યું - શું તારો દુશ્મન છે, તે મારે છે !

"अत्तसम मन्नेज्ज छप्पिए काए"

નાના જીવની હાલત જોઈએ. તે ખૂબ હેત-હિતભર્યા હાથે-હૈયે ઊંચકી છાતી-સરસા ચાંપ્યા... એટલે "षड्जीव निकाय संयमम्"માં બતાવેલું તારું વાત્સલ્ય... તેને જાણે પેલા મોટા જીવો સાંભળી રહ્યા છે. નાના એકીટસે ટીકી-ટીકી જોઈ રહ્યા વિશ્વ-માવડીને...

માઁ મારું કેટલું ધ્યાન રાખે છે...

હવે માઁની આંખો પલળી ચૂકી છે...

મોટા જીવને માથે હાથ ફેરવ્યો...

"तुममेव सच्चं"

મોટો જીવ આંખોમાં આંખ મેળવી માઁને ભેટ્યો એ શું તો ?

"मिच्छामि-दुक्कडं"

માઁએ પણ સ્વીકારી લીધો... દબાવ્યો એક હાથે એ શું તો ?

"अप्पा सो परमप्पा"

કેવું આ વિરલ શ્રવણ-દર્શન-તીર્થ...

સર્વત્ર હાલ આની જ શ્વાસની માફક માંગ છે...
ફરી તે કહ્યું, ચાલ હું ઘરે જાઉં છું... જોજે હવે લડતાં નહિ... એ તારું "जीवाजीवविभत्ति अज्झयणम्"
તારે આવવું છે... બંને લાડકવાયા માઁના નોંતરા સ્વીકારી શક્યા નહિ... કારણ સંસાર-શેરી રમત વહાલી. માઁ એ કહ્યું, કાંઈ નહિ હવે ધ્યાન રાખજો... "अप्पा खलु सययं रक्खियव्वो" સંપી સદ્ગુણ લેજો-દેજો "परस्परोपग्रहो जीवानाम्"
ને માઁ બન્ને બાલુડાને આશિષ દેતી ગઈ...
હળવા પગે જતી રહી પોતાના લાડકવાયાને વહાલ કર્યાના પરમ તોષ સાથે...
તારું ઘર "सिद्धिगईनामघेयं ठाणं संपत्ताणं"
તારું જવું "इइ पाउकरे बुद्धे" परिनिव्वुडे त्तिबेमि
કેવો આ પ્રસંગ... મને મળ્યો કેવો આગમ-આકાશનો સંગ...
દૃષ્ટિને મળ્યો આછો પણ ચોખ્ખો રંગ...
"થોડી પાંખ ઉઘાડી ત્યાં તો પવન વહારે આવ્યો
હમણાં તો હતી ધરા, પલકમાં પહાડ ક્યારે આવ્યો?"
બસ; આનંદનો અવસર મારે ત્યાં અંત વગરનો આવ્યો...
તારી નરી શુદ્ધ મમતા નીરખવાનો-ચાખવાનો ઓચ્છવ ઉજવાયા કરે...
'તું મને પણ આશિષ દેજે!!!'
દોરી જજે સન્માર્ગે તારા આ ભોઠ બાલુડાને...
કહેજે - રખે કદી ના હસવું ભૂલતો... એટલે મૈત્રી-મસ્તી...
નિજાનંદમાં રહેજે... પ્રમાદ કેરો ઘેરો અંધકાર રખે ક્યાં ન ઘેરે...
"समयं गोयम मा पमायए" કહેજે...
"સુખે પરવારો
ભવસાગરના તરંગ હલે.
નંદનવનના વાયુની લહેરો
અંતરતમ ઉલ્લાસે હિલોળે
સુખ-દુઃખ ક્યાંયે તમ પંથ રુંધે ના
ભલે નાચતા રહે ચોપાસે
બસ; સાગરના મોજાં પરે..."



મ. વ. ૧૪/૫૬
અઠવાલાઈન્સ, સુરત

"એ - માનવી"

વિશ્વના કો'ક એક ખૂણે મંદિર રચવું કે મસ્જિદના નિર્ણયમાં/જીદમાં જીવનના ખૂણે-ખૂણે
પસરેલી માનવતાના નિયમને ભૂલી ગયો માનવી...
નગર-નગર કબર બનાવવા બેઠો માનવી.
ગામે-ગામ સર્જ્યા એણે યમધામ. આ તે શું? માનવી!
યમ પણ આવતાં અટક્યો, અચકાયો ને લાગ્યો ખરેખર આંચકો...
હું સમય પરનો પ્રાણહર કહેવાઉં...
પણ આ માણસજાતને શું ધારવી?
ખુદા જ જાણે કેવા લીધા છે એણે પણ...
પ્રાણ હરે હારોહાર દઈ દે અગ્નિદાહ...
અરે! આની ઉતાવળ તો જો, ભૂતાવળ તો જો...
એક ચિતામાં જ સેંકડો બાળે છે માનવી
મૂઠી ઉંચેરો માનવી પણ કોનાથી... ?
યમથી ને ચંડાલથી'ય
એક સમયસર મારે ને આ ક-સમયે...
એક મરેલાને એક ચિતામાં બાળે ને આ અનેક જીવતાને એક ચિતામાં!!!
આમાં કંઈ જાત ધારવી? ક્યાં તો એને પધરાવવી...
માન-અભિમાન, ઝનૂન ને જડતા કેવા રાખે છે જાળવી
માનવીને હવે તો પોતાની આખી જાત જ છે બાળવી...
સહુની જીવાદોરી-મૃત્યુદોરી એને જ હાથ રાખવી.
કેવી રીતે એને હાથમાં હવે રાખવી?
હજુ'ય યમ વિચારે જ છે.
આ વાત સાચી કેમ માનવી કે
કેમ એકાએક બદલાઈ ગયો એ માનવી...!!!
એક વેદના ઊઠી...
જ્યારે એકાએક દુર્ઘટના ઘટી!
પ્રભો!
હવે વધુ સાચી ન ઠરે તો સારી...



આ. સુ. ૩/૫૬
પાલિતાણા

"થોડો આનંદ ધર્યાનો-થોડો મેળવ્યાનો આનંદ."

હે આનંદનિધિ પ્રભો!
મારા ઉંબરે આવી ચડેલું દુઃખ
બીજાના દુઃખોની ધરાર ઉપેક્ષાનું ભૂત...
ભૂત મારા ઘરમાં આવ્યું મારી ઉપેક્ષાની આમંત્રણ-પત્રિકાએ!
આ ટાણે મને દુઃખ ઉપર રડવા કરતાં પ્રભો! મને બલ દેજે... સંબલ દેજે...
રુદન મને એ ઉપેક્ષાઓ ઉપર દેજે, જેના પુણ્ય-પ્રતાપે આ પીડાનું પ્રેત મને વળગ્યું છે...
"અન્ય કેરા દર્દને દેખી, જેના જીવનમાં ગમ નથી...
એના જીવનમાં સાચું કહું, જરીય દમ નથી..."
સરળ પણ મર્મ-સ્થળ સમી આ પંક્તિનું કહેવું આ જ છે...
કો'કના દુઃખ વખતે તને ઊભા રહેવાની ફુરસદ નથી... તો તારા દુઃખ
વખતે તો તું કેવી રીતે ઊભો રહીશ... ભાંગી પડીશ... તું પોતે
પછી કો'ક તારી પાસે આવીને ઊભો પણ રહે તો શું?
તારી ઉપેક્ષા દુઃખીની જેટલી તીવ્ર એટલી જ દુઃખની ભૂતાવળ તારી તીવ્ર...
કમ્મર તોડ...
આમે'ય દુઃખ સ્વભાવે હઠીલું અને હંગામી...
આવે પછી જલદી જાય નહિ, જંપીને બેસે નહિ, જપવા દે નહિ...
પણ આ હાલતમાં પ્રભુના ચરણોમાં દુઃખ દૂર કરવા ઘા નંખાય...
એ મોટો પ્રશ્ન!!!
હાથે ઉછરેલા બાવળો હવે નાથના હાથમાં સોંપવા છે.
આના નખરાં ને ઉધામા તો જો... ભક્ત થવા હાલી નીકળ્યો છે...
આનંદ-મય! ના ચરણોમાં કંટાળો-કકળાટ ધરવા તૈયાર થયો છે...
ખેર! આ વાત જુદી છે કે દુઃખોના ડાકલાથી પ્રભુ ગભરાતો નથી...
બાકી આપણને જે વળગણ હોય એ પ્રભુને ભેટના નામે વળગાડવું... એ જરાય ઉચિત નથી.
તારાથી પ્રભુના આનંદના ખજાનાને અભડાવવાની આવી બેહૂદી ચેષ્ટા નો થાય. હા!
એટલું જરૂર તારા ખજાનામાં મેળવી હું મારી કંગાલીયત ખસેડી શકું!



એ જ માંગુ પ્રભુ ! મને મારા દુઃખનું સંવેદન થાય એના કરતાં બીજાના દુઃખોનું સંવેદન કરવાની શક્તિ દેજે...

મારા માથે આવેલા દુઃખના ભારને વહન અને સહન કરવાની હિંમત-હામ દેજે... !

મારો આત્મા દુઃખને વહન કરવાનો હુન્નર શીખે !

એટલે દુઃખને આવકાર આપવાની કલા શીખે...

મારો આત્મા દુઃખને સહન કરવાની હિંમત-હામ કેળવે !

સત્ત્વથી ભર્યો-ભર્યો થઈ જાય ને એનો સામનો કરે !

આ ચીજ ! મારા જેવા નાચીજ પાસે સંભવી જ ન શકે... માટે તારી પાસે પ્રાર્થવી પડે !

તે દુઃખને વહી જાણ્યું, સહી જાણ્યું, મારા નાથ !

મારું કામ તો બસ;

મારી પાસે સુખ આવે તો હું સહુની ઉપેક્ષા કરું !

સહુ પાસે દુઃખ આવે તો હું સહુની ઉપેક્ષા કરું !

પરની ઉપેક્ષા સર્વત્ર-સર્વદા કરવાની...

પરની અપેક્ષા સર્વત્ર-સર્વદા રાખવાની... આવી બેવડી નીતિ મારી !

પછી મારે ત્યાં દુઃખ બારણાં ખખડાવે તો કોણ મારી પાસે આવે ?

નથી હું કોઈને મારું સુખ દઈ શકતો, નથી કોઈનું દુઃખ લઈ શકતો...

પછી કોઈની'ય પાસે કંઈ પણ આશા રાખવાનો અધિકાર ખરો ! ! !

આવા ભયાનક પાપાચરણમાં ક્યાંથી ઊંચો આવી શકું !

પાવન આ ચરણોમાં મારું આ પાપ-ચરણ શાને આવવા દે !

હવે તારી પાસે દુઃખની સહાનુભૂતિ ઉઘરાવવા નીકળ્યો છું !

કરોળિયાની જાળમાં ભલભલાને ફસાવી, ચૂસી હવે હું ફસાણો... ! ! !

હવે માથા-પટકથી શો ફાયદો...!

હવે તો તું જરી'ય કરુણા ન કરતો, દુઃખ દૂર ન કરતો !

સ્વાર્થની બદબૂમાં મને ગોંધાવા જ દેજે ! એ જ તારી કરુણા કહેવાશે !

'दुष्टस्य दण्ड' ની સજા મારા માથે આવવી જ જોઈએ !

મારા ભૂતકાળને ભૂલી તે ઘણી વાર તારી ઉદારતાની પ્રતીતિ કરાવી છે...

પણ મેં ! ઉદારતાની કદર ન જાણી !

હું કો'ક ના દર્દનો હમદર્દ ન બની શક્યો !

જ્યાં સુધી હું સાચા અર્થમાં હમદર્દ ન બનું ત્યાં સુધી તું મારી વહારે ના થઈશ !


તારી કૃપાનો અંશ મારામાં કો'કના દુઃખનો ભાગીદાર થવાની ભાવના - ભાગીરથી પ્રગટાવે...
ભાગીદાર ન થાઉં તો જરૂર કારુણ્ય-ભાવના તો વહે જ વહે !
ત્યાં સુધી જાતે આવી પડતા દુઃખને સહન કરવાની સત્ત્વ-ભાવના પ્રગટે !
મારું દુઃખ પૂરું કરવા ન આવતો ! પણ પાર પાડવાની કૃપા વરસાવજે !
મારા દુઃખને હું પાર કરું એવું બળ દેજે ! જરી'ય દીનતા ન ઉપજે મને !
જો કો'ક ભક્તો તારી પાસે તારી ભક્તિનું ફળ પણ ન ઈચ્છતા હોય તો પ્રાર્થનાઓમાં "मोक्षेप्यनिच्छो भवितास्मि नाथ" નો નાદ ગૂંજતો હોય...
જો તેઓ ઉત્તમની પણ ખેવના-સેવના ન રાખતા હોય તો !
મારાથી તારી સેવાના પ્રતિફલ રૂપે આવી અધમ ખેવના રાખી શકાય ખરી ?
હા, હજી એવું સત્ત્વ-તાકાત-પરાક્રમ ન ઉછળતું હોય તો !
વ્યાધિને દૂર કરવાની પ્રાર્થના કરવા કરતાં
"सन्ति समाहि दिसउ"
તું મને સમાધિનો શાંત સાગર દેજે !
એવું જરૂર પ્રાર્થી શકાય...
જ્યારે વ્યાધિમાં-વેદનામાં તું સમાધિ થઈને આવે તો ન રહે વ્યાધિ, ન રહે વેદના. બસ રહે નરી તારી સંવેદના, તારી અનંત-સમાધિનો આછેરો આસ્વાદ-આનંદ.
જો હું આ વેદનાઓ દૂર કરવાની પ્રાર્થના કરું તો !
મારું રહ્યું-સહ્યું ભક્તત્વ પણ ભાંગીને ભુક્કો થઈ જાય...
આ તો ભાંગ્યુ-ભાંગ્યુ તો'ય ભરૂચ તો ખરું !
જે શબ્દોની ભીતરમાં ભીતરના આત્માનો સ્વાર્થ યા પદાર્થ દેખાય તો પ્રાર્થના કહેતાં ધ્યાન રાખવું...
દુઃખને દૂર કરવું એ તો મારે સ્વાર્થ થયો ! એમાં પાછી બીજી - માંગણી...
પદાર્થની માંગણી થઈ કે કો'ક એવી જાદુઈ ચીજ આપે કે મારા દુઃખ મારાથી જોજન દૂર થઈ જાય...
"તારી કૃપા ફળી તો ખરી, તારી કૃપાથી..."
કે જો દુઃખ દૂર કરવાનું ન કહેતા, દુઃખમાં સમાધિમય તને બોલાવ્યો !
ભલે શબ્દો ભાંગ્યા-તૂટ્યા પણ એમાં તારી ખેવના તો તરવરે છે ને !
તૂટી તિરાડમાંથી અંદર બળતી જ્યોતિ બહાર દેખાય છે...
નહિ તો અંદર જ અંધારું હોય તો તડમાંથી તેજ ક્યાંથી પ્રસરે !
તું અંદર હજુ પ્રગટી જ રહ્યો છે, એની આ ખાતરી આપે છે !
એને બહાર આવવા મારી પાસે બસ નાની અમથી તડ છે... વધુ કાંઈ નહિ તું અંદર

તો અખંડ જ પણ મારા ખંડને લાગેલા આવરણ એમાં અડચણરૂપ બને છે. તું જ મારા આવરણને અંદર બેઠો ખસેડજે ને! સહેજ તો ખસેડાયું છે!
હવે જે કાંઈ પણ થાય તારાથી જ થાય...
હમણાં સુધી જે કાંઈ થયું છે તે તારા થકી જ...
હવે એમાં હું ઘુસી જઈ કાંઈ તને અને તારું બગાડું નહિ એ જ પ્રાર્થના!!!
તકેદારી રાખજે!
"તુજ દીધી શક્તિઓ જે-જે સ્વારથમાં ખરચું નવ તે-તે
મુજ જીવનમાં તુજ ઈચ્છાને પૂર્ણ બનાવજે..."
તારી ઈચ્છા એટલે તારા ગ્રંથમાં તારા પંથના સંત વડે પથરાયેલી નિર્મળ-નિર્ભેળ આજ્ઞાઓ.
એનાથી જ પૂર્ણ બનાવજે મારું જીવન...
મારા જીવને પૂર્ણ બનાવજે!
એક અપૂર્ણએ ખખડાવેલા તારા દ્વાર...
એક પૂર્ણ ખોલતાં ન લગાડે જરા વાર...
"મારી પાસે મારી અપૂર્ણતાની પણ આછી-પાતળી પ્રતીતિ પૂર્ણ પ્રગટ્યાની નિશાની"

આજે તુજ ચરણે થોડો-થોડો આનંદ ધર્યાનો - થોડો આનંદ મેળવ્યાનો.
નહિ તો નર્યો કંટાળો સોંપતો આવ્યો છું.
બદલામાં આનંદ માંગતો આવ્યો છું!!!



આનંદ થોડો મેળવ્યો તો તારાથી
આનંદ થોડો મમળાવ્યો તો તારાથી
આનંદ થોડો ધર્યો તો તારાથી
આનંદથી થોડો ધરાયો તો તારાથી
જે કાંઈ આનંદ આવ્યો તો તારાથી
ન કાંઈ થયું અહીં તો મારાથી
જે કાંઈ પણ જ્યારે થયું તે તારાથી
આકાશ જેમ છવાયું તો તારાથી
આનંદ છવાયો મારામાં તો તારાથી...



ભા. સુ. ૯/૫૬
પાલિતાણા


પ્રભુએ પોતાનો દીક્ષાકાળ જાણ્યો...

હે કરુણા-સાગર નાથ!
હમણાં જ મારા કર્ણને તારા જીવન-ચરિત્રના એક અંશનો સ્પર્શ થયો...
એ વાક્યનો મારી ભાષામાં અર્થ આવો હતો! "પ્રભુએ પોતાનો દીક્ષા-કાળ જાણ્યો."
બસ; મારા હૃદયમાં એક ઝીણી ઝણઝણાટી થઈ. અરે! આમ કેમ?
એક નાની-નાની પ્રાર્થના પ્રગટી. આમે'ય ભક્ત ક્યાંય પણ હોય ભક્તિમાં તો હોય જ.
જ્યાં સુધી ભક્ત સમર્પણમાં - ભક્તિમાં ન હોય, પ્રાર્થનામાં ન હોય ત્યાં સુધી એને દિવસ હોય છે...
જ્યારે ભક્તિ ભળે છે ત્યારે અવસર સર્જાય છે...
"મારા બધા દિવસોમાં કદી ફેર ક્યાં હતો?
તું જ્યારે જ્યાં મળ્યો અવસર કરી ગયો..."
આત્માનો અનાદિથી અનંતકાલનો ઈતિહાસ દિવસોનો સરવાળો સંસારનો હોય છે.
જ્યારે ગમે તે કાલે-પળે જ્યાં ગમે-તે-સ્થળે-ક્ષેત્રે આત્મ-પ્રતીતિ થાય... તત્ત્વ-ભક્તિ ઊપજે... એ જ પળે એના સાધના-અવસરના મંડાણ થાય છે. ચડાણ પ્રાપ્તિ તરફનું, પૂર્ણતા તરફનું શરૂ થાય છે... જ્યારે પ્રતીતિ મળે! ભક્તિ મળે તે પળ અવસર ! એ પળ-

પર્વ !
દિવસોનો અંત નથી હોતો, સફળતા નથી હોતી...
અવસરોનો અંત હોય છે, સફળતા પણ હોય છે...
આવી જ કો'ક પળ આવું જ કો'ક સ્થળ મને મળે એ જ પ્રાર્થના... આરઝુ...
આ સાથે બીજી એક પ્રાર્થના બીડું છું...
હે પ્રભો !
તે તારી દીક્ષાનો કાળ જાણ્યો એક જ વાર, પછી મહાભિનિષ્ક્રમણ આદર્યું...
પણ તે મારી દીક્ષાનો કાળ કેટલી વાર જાણ્યો એ તો બતાવ....
મારા ઈતિહાસમાં કેટલી'ય વાર બન્યું હશે, બનશે'ય ખરું...
મારું શરીર કાળધર્મ પામે એ પહેલાં મારું સંયમ, મારું સમર્પણ, મારો ધર્મ કાળ કરી ગયો હશે...
તે તારું શ્રામણ્ય અમર બનાવવા કમર કસી ને અમર બનાવ્યું...
મારું શ્રામણ્ય પ્રમાદની પથારી એટલે મૃત્યુની પથારી. શ્વાસ છોડી ચૂક્યું હશે !
પછી હું ખાલી ખોખા જેવો ખોખલો શ્રમણ બની રહ્યો હોઈશ !
આ બધુ તારી જાણ બહાર નથી...
તે તારી દીક્ષાનો ગ્રહણ-કાળ જાણ્યો પણ મરણ-કાળ ન જાણ્યો !
તે મારી દીક્ષાનો ગ્રહણ-કાળ જાણ્યો ને મરણ-કાળ પણ જાણ્યો !
તે એકવાર પ્રવ્રજ્યાના પંથે પગ મૂક્યો પછી તું પાછો ન ફર્યો...
પદાર્થથી પરમાર્થ તરફની ખેપ એટલે સંયમ...
લૌકિકથી લોકોત્તર દિશાનું ઉડાણ એટલે પ્રવજ્યા...
પરમાર્થથી પીછેહઠ કરી પદાર્થમાં આવી જવું તે દીક્ષાની મૃત્યુ શય્યા...
લોકોત્તરથી લૌકિકમાં આવવું એ જ દીક્ષાનો કાળધર્મ...
પ્રમાદ જ મને ત્યાંથી પાછો પાડે, મારા પ્રાણ હરે !
"प्रमादो हि मृत्यु" - પ્રમાદ જ મૃત્યુ...
પદાર્થમાં જવા અંધાપો જોઈએ, જડતા જોઈએ !
પરમાર્થમાં જવા આંખ જોઈએ, જાગરુકતા જોઈએ !
તે એકવાર પરમાર્થના-અપ્રમત્તતાના સીમાડામાં પગ મૂક્યો પછી પરમાર્થની પરમ-સીમાએ
જાગરુકતાની પરાકાષ્ઠાએ પહોંચીને જ જંપ્યો !
તને કોઈ નડતર નડ્યા નહિ ! કોઈ કષ્ટો તને કનડ્યા નહિ !
"नत्थि णं तस्स भगवंतस्स कत्थइ-पडिबन्धो..."
તને કોઈ પડકારી શક્યું નહિ, હરાવી શક્યું નહિ... તે બધા બંધનો ફગાવી દીધાં...
તારા ચરણે એ જ આશ લઈને આવું છું....
તારો પ્રતિબંધ, તારી સાથે નાતો એટલા માટે જ સ્વીકારું છું...

તને કોઈ નડતર નથી, મારી પાસે અડચણ સિવાય બીજું કાંઈ નથી...
પંચસૂત્રમાં એ જ વાત કરી છે...
"गुरु पडिबद्धो वच्चेज्जा..." તુજ શું લાગ્યો પ્રતિબંધો રે !
પદાર્થનો પ્રતિબંધ તોડવા... પરમાર્થનો પ્રતિબંધ સાધવો પડે...
તારી સાથે- અપ્રતિબંધ સાથે બંધાયા પછી મને કોઈ બાંધી નહિ શકે !
પ્રમાદ મને મારી ન શકે. અજાતશત્રુની દોસ્તી બાંધી પછી શત્રુ હોય ?
બસ ! મારે એક જ વાત કહેવી છે...
મારી દીક્ષાનો કાળ ક્યારેય ન થાય એની જવાબદારી તારા શિરે !
હે કૃપાળુ !
તારું શ્રામણ્ય તે તારા કૌવતથી-કૌશલ્યથી અમર બનાવ્યું...
મારું શ્રામણ્ય તું તારી કૃપાથી-કરુણાથી અમર બનાવ...
"ખોટ ખજાને કો'નવિ રે દીજીએ વાંછિત દાનો રે"
તારું શ્રમણ્ય અને કારુણ્ય અમર-અનંત-અખંડ...
મારી પાસે મારું શ્રામણ્ય અમર બનાવવા તારી કરુણા સિવાય બીજો આશરો નથી.
"બીજાનો આશરો કાચો રે, શંખેશ્વર સાહિબ સાચો રે"
હવે મારા સંયમ-ગ્રહણને કોઈ કાળ-યોગ, મોહ-ગ્રહણ ન લાગે...
એ જવાબદારી તારી...
મારી તો બસ તારી શરણાગતિ સ્વીકારવાની તૈયારી.
તારી શરણાગતિથી જ મારી અને મારી દીક્ષાની ઊર્ધ્વગતિ-ઉચ્ચગતિ... !
મને અ-સંયમનો સ્પર્શ આજે નહિ તો કાલે થશે !
મારે ત્યાં હવે દિવસો જશે
અને અવસરના તોરણ બંધાશે !
તારા ચરણથી તારું ચરણ... મને મળશે જ મળશે !
ચરણ જે અટકે નહિ તે ! ચરણ જે થાકે નહિ તે !
"मुमुक्षुभिः आसेव्यते आचर्यते इति चरणम्..."
સતત આસેવન જરા'ય રુકાવટ નહિ... થકાવટ નહિ !
"આ પછી પણ કોઈ ચાલી રહે છે રસ્તા પર
અહીં અટકી જે પડ્યા એને ચરણ ના કહેતા"
પ્રભુ તારા ચરણ-માર્ગમાં આજે કેટલાય મહાત્માઓ અણથક પ્રવાસ ખેડી રહ્યા છે...
જ્યારે હું તો અટકી પડ્યો છું... મારી પાસે તારો ચરણ-માર્ગ છે...
પણ ચરણ મારી પાસે નથી...
જે મુનિવરો તારા ચરણ-માર્ગ, ચારિત્રમાર્ગ પર તારા માર્ગથી બંધાઈને ચાલે છે, એમના

ચરણોમાં અટકી ગયેલા આ શ્રાન્ત પ્રવાસીના વંદન...
એમને પણ એ જ પ્રાર્થના!
હે નાથ... હે નાથના ચરણ-(ચારિત્ર) માર્ગના પ્રવાસી
મારા ચરણ આપની શરણાગતિને ગતિ આપે! અસ્ખલિત ગતિ, લલિત ગતિ આપે. હું માર્ગથી બંધાઈને ચાલું...
કારણ... માર્ગથી આડા ફાટવું એ જ પાપ...
માર્ગમાં અટકી જવું એ જ પ્રમાદ...
હું આડો પણ ન ફાંટું, વાંકો પણ ન ચાલું!
તારી શરણાગતિ મારી વક્રમતિ અને વક્રગતિ પર પૂર્ણવિરામ આણે... બસ! વધુ તારી જીવન-કથાનો એક નાનકડો ટુકડો-ખંડ અખંડ બનાવવા તત્પર છે,
તારી આખી જીવન-કથા જો સ્પર્શી જાય તો ન્યાલ થઈ જવાય...
ગુરુદેવશ્રી ભદ્રબાહુસ્વામીજીનું આ નાનકડું આગમ-કાવ્ય ખૂબ અર્થ-ગર્ભ છે અને અર્થ-સ્પર્શ પણ! ખૂબ ઉપયોગી...
આ કાવ્ય મારા જીવનને કાવ્ય બનાવશે જ...





પૂર્ણતાની પ્રતીતિ

અધૂરાશની ભીતરમાં તરવરતી અખિલાઈને તેં નિહાળી છે.
માટે જ સ્તો તું મને ચાહતો રહે છે...
આ મારા તરફની તારી અમરત-અપરિમિત-પ્રીતિ જ તારી પૂર્ણતાની સાબિતી છે.
મારી કમજોરી એ જ છે કે !
તારી આ પૂર્ણતાને પામવાનું-પારખવાનું-પ્રશંસવાનું મારાથી બનતું નથી.
એક ક્ષણ પણ તારી સામે ધ્યાન લગાવી શકતો નથી.
તારા સૌંદર્ય-વિશ્વમાં લટાર મારી શકું એવા પગ નથી, પગરવ નથી.
તે છતાં તું ટગર-ટગર મારી સામે જોયાં જ કરે છે.
તું મારો પૂર્ણેશ્વર ! પ્રીતીશ્વર ! અરિહંત ! પ્રભો !
પ્રીતિની આ જ પ્રતીતિ હોય છે...
ઊણપ સાથે સંધિ કરી લે છે... તકલીફો વહોરી લે છે.
પોતાની સાચપ-મધુરપ કે સૂંવાળપ ગુમાવવી પાલવે જ નહિ.
તું સમગ્રને ચાહે છે. સમગ્રતાને નહિ...

કોઈ બાકાત નહિ... બસ; એક જ એની પૂર્ણ થવાની લાયકાતને આંબી ચૂક્યો છે તું બસ; અપૂર્ણને પણ ચાહે તે પ્રેમપૂર્ણ...

પૂર્ણપણે પ્રેમને ચાહવો એ જ અપૂર્ણતા હટવાના અણસારો છે...

"મુખ દેખી ટીલું કરે રે તે નવિ હોય પ્રમાણ
મુજરો માને સવિ તણો રે, સાહેબ તેહ સુજાણ..."

તું સાહિબ છે...

પણ !

સવાલ તો મારો દાસ હોવાનો કે નહિ હોવાનો છે...

તે મારી અધૂરાશને ચાહી છે... એ તારી પૂર્ણતા...

હું તારી અખિલાઈને જાણી પણ શક્યો નથી... એ મારી અપૂર્ણતા...

પ્રીત તારી પૂરી થાય નહિ...

"ચાહી શક્યો ના તુજને આ ભવ મહીં
અમરત-આરત એક જ રહી
ભવોભવ આમ જ મળતાં રહી
ઊંચાઈ તારી મેળવવી જ રહી..."

હે પ્રભો !

તું સતત મારી ચિંતામાં-કાળજીમાં રત છે અને "હું" તો જ્યારે મારો "હું બોલાવે તો જ તારી પાસે આવું છું... બહુ બેહૂદો લાગુ છું... મારો સ્વાર્થ મને તારી પાસે લાવે છે. મારો પ્રમાદ મને તારાથી દૂર લઈ જાય છે...

પ્રેમ નામનું તત્ત્વ તો મને માત્ર તારી પાસે જ રાખે છે...

હું જ્યાં હોઉં ત્યાં તું આવજે કરતાં તું જ્યાં હોય ત્યાં હું હોઉં એનાથી પણ વધુ તું અને હું સાથે જ રહીએ... નહિ કોઈ કાળભેદ, ક્ષેત્રભેદ નડે. સતત તારી પ્રીતિ ઝરે, તેજ પુંજ વિસ્તરે, તિમિર ધીરે-ધીરે ખરે, મારા દશે દરવાજા ખૂલી જાય. તારા નાદ-સ્નાનમાં પલળતાં રહે. મારી આસપાસ રચાયેલું બાહ્ય-વિશ્વ પણ તારાથી રસાયેલું-રંગાયેલું જ. એના પડછાયા વિશ્વ પણ દેખતા રહે...

ચાહવુ એટલે જીવવું

તને જ્યારે લોકો કહેશે પથ્થર કે પથ્થરની પ્રતિમા
ત્યારે મારામાં ઉછળે શ્રદ્ધાનો પારાવાર
મેં તને માત્ર પથ્થર કે શિલ્પના સૌંદર્યથી નથી ચાહ્યો...
સચ્ચાઈ એ પણ છે કે તને પ્રતિમા વિના પણ નથી ચાહ્યો...
ચાહવાની ક્ષણોનો સાક્ષાત્કાર ને ગુણાકાર...

❀

મંદિર થાય મારું મન...
મન થાય મારું મંદિર...
ઘંટ ને અડતાં પહેલાં થાય ઘંટારવ...
દૃષ્ટિ-પાતથી જ થાય પ્રકાશ-પરવ...
અંગે-અંગે સ્પર્શન અગર-ચંદનનું
રોમ-રોમ ફરી વળે આરતીનું અજવાળું...
ધૂપસળી જેમ હરખી ઊઠે આંગળીઓ
પૂજા શરૂ થાય ગમે ત્યાંથી...
પૂરી થાય ગમે ત્યાં. મારી પંચેન્દ્રિયમાં પરિક્રમા તારી-તારી...
આંખો બંધ કરી જોયાં શમણાં અનાપ-સનાપ...
હવે જોઈ રહ્યો ખુલ્લી આંખે સપનું સાફ-સાફ અમાપ.
હું તને જોઈશ... ક્યાંય પણ
"તું તો ચમકે તેજ તિમિરમાં અહર્નિશ આધાર...
અમે રહ્યાં માટી દીપક, તરતાં ક્ષણ બે-ચાર...
તું અમ-વિધાતા, વિશ્વ-ત્રાતા મંગલનો દાતાર
અમે ક્ષુધાતુર પ્રેમ-પિપાસુ કણના માંગણહાર...
તું મારા મૌનમાં, ભરી દઈશ શ્વાસોચ્છ્વાસમાં,
અને છેલ્લે બોલાવજે... "સોડહં"...

❀



ચાલ ! તો આજે સાંભળી લે...



મેં કહ્યું સૂરજને !
હે સૂરજ... ! ! !
તું ખરો રોજ ઊગે રોજ ડૂબે...
બસ; આ તારું અસ્ત-ઉદય ચક્ર જ ચાલશે...
કે મને કાંઈ કહેશે પણ ખરા...
સૂરજે મને કહ્યું ભાઈ રોજ તને કહું છું...
પણ તને ક્યાં તારા અંધારામાંથી નીકળીને મને સાંભળવાની હોશ !
ચાલ ! તો આજે સાંભળી લે !
મારી સવાર... સ્ફૂર્તિની. પૃથ્વી પરની સવારી
મારી સાંજ... શાંતિની. પૃથ્વી પરની પથારી
મારું ઊગવું પૃથ્વી પરની નિર્જનતાને દેકારો દે...
મારું આથમવું પૃથ્વી પર નિરવતાનો વરતારો દે...
જે લોકો મારા પ્રથમ પરોઢ-કિરણના અર્ઘ્યને સ્વીકારવાનું દૈવત્વ ન ધારે એના માટે કાંઈ નહિ... હું કિરણ-કિરણથી લોકના રણ-ઝરણ - વન-ઉપવનમાં રહેલા તમામ પ્રાણતત્ત્વને પૂજુ છું...
પૂછું એને જે અંધારાથી લપેટાઈ પડ્યાં છે...
આવતીકાલના ભરોસે જ સૂતો રહીશ તો
આવતીકાલ તારા આંખની પાંપણે જ ભટકતી રહેશે પણ...
તારી આંખોમાં રહેલા તિમિરને એ ભેદી નહી શકે...
તો મારો આ અંદેશો-સંદેશો મારા કિરણના પાનાં-પાનાં પર વિશ્વની પરમ સત્તાએ સૂક્ષ્મ મહાકાવ્ય તરીકે ગૂંજી રહ્યો છે...
થોડી આળસ મરોડ, થા ઊભો !
નિર્જનતા ખંખેરી, નિષ્ઠા સાથે, નિરવતા સાથે પહોંચ...
જેને કાંઈ કરવા જેવું નથી એ પરમ તત્ત્વ છે.
જેને કશુંક કરવા જેવું લાગે છે એ તો જીવંત છે - પ્રાણતત્ત્વ છે...
જેને કંઈ કરવા જેવું લાગતું જ નથી એ તો જડવત્ યા જડ છે... આળસુ છે...
બસ ત્યારે આવા ઘણાં નાદ-કિરણમાં રમાડી રહ્યો છું...
વગાડી રહ્યો છું...
બસ; તારા કાને-આંખેથી ?
સમજ્યો !

ચૈ. સુ. ૫
અયોધ્યાપુરમ

નમવું એટલે જીવનની ઊંચાઈ



હે પ્રભો ! અરિહંત મમેશ્વર...
તારા ચરણોમાં નમવું એટલે જ જીવનની ઊંચાઈ-ઊર્ધ્વગતિ...
તારા હૃદયને હૃદયથી કહેવું એટલે જ વચનની ઊંચાઈ-ઊર્ધ્વગતિ...
કસબીની નજરે ચડે તે પથ્થર પણ કૃતિ કહેવાય છે...
હૃદયની જીભે ચડે તે શબ્દ પણ સ્તુતિ કહેવાય છે...
જેમ ક્રિયાપદ વિનાના શબ્દ રંગીન, લીસ્સી, સરકી જતી લખોટી જેવા હોય છે તેમ "તું" પદ વિનાની પ્રાર્થના માત્ર કલમ અને કરથી કાગળના મેદાનમાં થયેલી કસરત હોય છે.
"તું" પદથી પ્રગટેલી પ્રાર્થના એ તો કાળજાની ભૂમિ પર ઊગેલા ભાવબીજમાં પ્રગટેલી સોડમ અને સુંદરતાથી લચોલચ ફૂલ ભરેલા છોડવા જેવી કરામત લાગે છે...
આજ મારે તને એ જ કહેવું છે મારા ઈશ્વર !!!
"કોઈપણ હોતું નથી, એવી ક્ષણે સંસારમાં
તું જ હાજર હોય છે, મારી પ્રાર્થનાના સારમાં..."
એક આખા વૃક્ષમાં જેમ બીજ જ સમગ્રપણે છવાયેલું રહે તો "તું" મારી પ્રાર્થનામાં છાયેલો જ છે.
મારી પ્રાર્થનાની લાંબી કે નાની, જેવી કે તેવી, નાની કે મોટી, સાચી કે ખોટી બારાખડીનો મૂળાક્ષર માત્ર "તું"...
તારી કૃપાનું-અનુગ્રહનું આકાશ મળતું હોય તો
શા માટે "હું" પદની છતમાં રહી સાંનિધ્યની અછતમાં રહી તારાથી અછૂત બન્યો રહું?
એક એવી પ્રેમની અગ્નિ પેટવ કે બીજું બધું આપોઆપ થઈ આવે...

પૂ. ગુરુદેવશ્રી ચિદાનંદજી મ. એ જ કહે છે -
"જલત નિઃશંક દીપ કે માંહિ, પીડ પતંગ કું હોત નાહિ;
પીડા હોત તદ્ પણ તિહાં મહિ, રાંક પ્રીતિવશ આવત નાહિ..."
પતંગિયા માટે દીપ-જ્યોતિ જીવન જીવવાનું કેન્દ્ર લાગે છે કેમ? પ્રીતિ છે... તારા માટે જ્યારે હું પતંગિયું બની જઈશ ત્યારે તું મારા માટે પીડાનું પેટાળ નહિ પણ સમર્પણનું ક્રીડાંગણ બની રહેશે...
"પ્રાર્થનાનો દેહ છે પ્રાણ રૂપે પ્રભુ તું જ છે તેમાં
હું શમા તું જ્યોત જેવા શ્વાસના દરબારમાં...
મન માપવા અને બાંધવા બથ્થાં-બથ્થાં કરે છે
નમન પામવા અને આપવા લાલાયિત હોય છે..."
પ્રીતના પારાવારને હદમાં બાંધી શકાતી નથી... અનહદ એ જ એની હદ...
તારા ચરણોમાં પડું તો...
મને એવું લાગે જાણે હું આકાશે ઊડું...
બોલું ત્યારે ખારા સંસારમાં ઊભા-ઊભા પ્રાર્થનાના શ્રીફળમાં મીઠાં જળ તારા વિના કોણ ભરી શકે?
બધું જ છોડવું છે પણ મારે તને છોડવો નથી...
છોડવું નથી, વિશ્વને નથી છેતરવું, નથી છંછેડાવું વિશ્વથી...
તારા આકાશમાં જ ઊડતાં રહેવું છે...
આકાશ આખી સૃષ્ટિને સાંનિધ્ય આપે છે...
પણ સાંનિધ્યનો અહં નથી, તેના ઉપકારમાં કંઈક કરવાનો ભાવ નથી...
તારામાં "હું" નથી, મારામાં "હું" છે...
એટલે એવાને શોધતો તું મને જડી ગયો...
પૂ. ભક્તિરસભોગી આનંદઘનજી મ. હૃદયથી પ્રગટે છે...
"દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી"
તારી સુલભ કૃપા પામવા હું મારી જાતને ખોલી દઉં, ખુલ્લી મૂકી દઉં...
પૂ. ઉમાસ્વાતિજીના પરમ અનુકંપાના બાગમાં મહોરેલા, સદા મહેકતાં
તત્ત્વાર્થ સૂત્રની કારિકામાં તારી આ આગ્રહ-મુક્ત, સુલભ કૃપાની પ્રતીતિ...
"યસ્તુ કૃતાર્થોપ્યુત્તમ - મવાપ્ય ધર્મ પરેભ્ય ઉપદિશતિ।
નિત્યં સ ઉત્તમેભ્યોઽપ્યુત્તમ ઇતિ પૂજ્યતમ એવ ॥"
તારું જે હતું તે પૂરેપૂરું તું પામ્યો, પછી એ સહુ પામે એ માટે તેં કેવો ભવ્ય પુરુષાર્થ આદર્યો... તારી ઉત્તમતાને, સર્વની ઉત્તમતાને ઉજાગર કરવામાં લગાવી દીધી એટલે તું

ઉત્તમોત્તમ છું...
પૂ. જ્ઞાનવિમલજી મ. પણ આ જ હૃદયરવ ફેલાવી રહ્યા છે
"જ્ઞાનવિમલ પ્રભુ સહજ કૃપા સે, સમકિત પૂરણ સવાયો."
તું જે રીતે આપે છે એ રીતે લે તે જ સાચો ભક્ત...
તારી જેમ મારે પણ સહજ-ગતિ થવું જ જોઈએ...
પદાર્થની ગતિ નીચે-નીચે જવાની હોય છે.
પરમની ગતિ ઉપર-ઉપર ઉઠવાની હોય છે.
જીવનનો એક જ હેતુ છે. એ હેતુ છે પ્રભુને શોધી કાઢવા...
અહંકાર-આસક્તિ-અપ્રીતિ પ્રભુને શોધી કાઢવા માટે મને ઊંચો જ નથી થવા દેતા.
સ્વયંનો મિથ્યા બોધ એ અહંકાર છે... સ્વયંનો સત્ય બોધ જ્ઞાન છે...
સુખનો મિથ્યા બોધ આસક્તિ છે... સુખનો સત્ય બોધ આનંદ છે.
વિશ્વનો મિથ્યા બોધ અપ્રીતિ છે... વિશ્વનો સત્ય બોધ કરુણા છે...
આ બધા જ પદાર્થ-ધર્મો હોવાથી... એ મને તારા તરફથી ઊર્ધ્વમાંથી નથી મળ્યા... આ તો નીચેથી મને પકડી રાખનારા પરિબળો છે.
આથી જ સ્તો હું સહજ નથી...
પ્રભુ તું દૂર નથી પણ આ આવરણો મને તને દેખવા માટે અટકાવે છે...
પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. સમાધિ-શતકમાં ફરમાવે છે કે -
"અભિનિવેશ પુદ્ગલ વિષય જ્ઞાની કું કહી હોત;
ગુણ કો ભી મદ મીટ ગયો પ્રગટત સહજ ઉદ્યોત..."
સહજને ક્યારેય પકડી રાખવું પડતું નથી...
પકડી રાખવું પડે તે ક્યારેય સહજ હોતું નથી...
હું હજુ મારી કાયા-કીર્તિ-કાર્ય બધું પકડી બેઠો છું... વિચારો પણ...
જ્યારે સહજ તો ગુણનો પણ મદ પકડી રાખતાં નથી.
આજ્ઞાની અગ્નિ પર ચડ્યાં પછી મારા આત્મ-સુવર્ણમાં જે રજ છે તે બધી બળી ગયા પછી હું સોનું છું એવો પણ બોધ ન કરવો જોઈએ...
હું જે છું તે છું તો પછી કહેવાની જરૂર નથી.
હું જે નથી તે નથી જ તો પછી પકડવાની જરૂર નથી...
શ્રી દશવૈકાલિક સૂત્ર પણ કહે છે -
"अप्पाणं न समुक्कसे जे स भिक्खु"
"मयाणि सव्वाणि विवज्जइत्ता जे स भिक्खु"
"તારું બધું જ છે તો છોડી બતાવ તું

તારું કશું નથી તો છોડીને આવ તું...”
મારે સત્ત્વ પ્રગટાવવું છે...
જે મારું છે એને તો છોડું કારણ એ મને છોડી ક્યાં'ય જવાનું નથી - જેમ તું!!!
મારે સહજતાથી છોડી દેવું છે, જે મારું નથી... એ મને છોડ્યા વગર રહેવાનું નથી...
એની સૂચિથી તો પ્રાર્થનાનું ગૌરવ થઈ જશે... જરૂરી પણ નથી...
આમ છતાં...
કશું ખૂટે છે, કશું તૂટે છે એવો ભાવ નહિ... તારી સહજ કૃપાથી મારું કલ્યાણ પણ સહજ બને એમાં જ મારા તમામ પુરુષાર્થ-યોગની સફળતા રહેલી છે...
હું જે કંઈ કરું એ મહત્ત્વનું નથી પણ એમાં મારે કઈ ચેતના મૂકવી એ મહત્ત્વનું છે. બસ; માત્ર તારી ચેતના
નીચેથી છેક સુધી તું જ મારા પર છવાયેલો રહે...
“जयं चरे जयं चिट्ठे जयं मासे जयं सए जयं भुजंतो भासंतो पावं कम्मं न बंधई”
બસ; મને નીચે લઈ જાય એવું કોઈપણ હોય એ જ છે... પાપ-પદાર્થ-પુદ્ગલ અભિનિવેશ-આગ્રહ એ મને નીચે લઈ જાય છે.
એ છોડી દઉં બસ; માત્ર “જયં એટલે તું.”
તારી દૃષ્ટિથી જીવવું, તારી સૃષ્ટિમાં જીવવું તારી વૃષ્ટિમાં પલળવું...
તું મારા પુરુષાર્થનો નાથ, સાધનાનો અહંકાર ત્યાગવામાં કૃપા કરીશ ને ?
તું મારા પરમાર્થનો નાથ, સિદ્ધિનો અહંકાર ત્યાગવામાં કૃપા કરીશ ને ?
સૂરિપુરંદર પૂ. ગુરુદેવશ્રી હરિભદ્રસૂરિ મ. જણાવી રહ્યા છે કે -
“कुतर्के अभिनिवेशः तन्न युक्तो मुक्तिवादिनाम् ।
युक्तः पुनः श्रुते शीले समाधौ च महात्मनाम् ॥”
જે જીવનમાં મુક્ત થવા માંગે તેને કુતર્કમાં આગ્રહ ન રાખવો...
તો ક્યાં રાખવો... ?
જ્યાં કુતર્કને સ્થાન નથી એવા શ્રુત-શીલ અને સમાધિમાં...
પણ... આ આવ્યું ક્યાંથી ?
સંપૂર્ણ સફળ અને સંપૂર્ણ શુદ્ધ પરોપકાર એ ત્રણ-ત્રણ ગુણ- તરુનું બીજ છે...
એ આવ્યું ક્યાંથી ?
તો વાચકશ્રી ઉમાસ્વાતિજી કહે છે...
“केवलमधिगम्य विभुः ज्ञानदर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम् ॥”
લોકહિત માટે પ્રભુએ આ તીર્થ જે શ્રુતમય, શીલમય, સમાધિમય છે... તે પ્રગટાવ્યું છે...

તારા પરાર્થકરણની પરમ અભિવ્યક્તિ સમા શાસનની ભક્તિમાં મારો આગ્રહ-અભિનિવેશ
રાખવો એટલે તારામાં જ આગ્રહ એટલે
એમાં મારું પણ કશું રહ્યું જ નહિ ને...
એમે'ય તારી બાંહેધરી છે...
જે મારી શાસન-શક્તિ ઉપર આધાર રાખે છે...
એની યોગ્ય સંભાળ લેવાથી મારી જાત એક પળ પણ અટકાવી નથી...
આ રહ્યાં એ વચનો -
"आकालमेते परार्थव्यसनिनः"
"જિન ઉપગાર થકી લહે રે, ભવિ જન સિદ્ધિ જગીશ."
"જયવંતુ જગમાં તુજ શાસન કરતું બહુ ઉપગારોજી..."
"અવિસંવાદિ નિમિત્ત છો તું જગજંતુ હિતકાજ..."
મારી આજે એ જ પ્રાર્થના...
તું ઊર્ધ્વગતિ સહજગતિ
મને પણ એવો બનાવી દે...
તને સ્પર્શી આવેલા પવનને અડકતા હું બની જાઉં છું વૃક્ષ...
તને નમ્યા પછી મારા હૃદયથી થઈ છે એક પ્રાર્થના...
જેને હૃદયની નાનકડી ડબ્બીમાં સાચવીને મૂકી દઉં...
આ બધાનું પણ ગૌરવ મને રહે તે માટે
માત્ર એક...
न मम कोऽपि इश्वरः
त्वमेव मम इश्वरः...
પ્રીતિના પુષ્પો છે એ તો હૃદયની ડાળ પર ઝૂલે છે...
કાગળની છાબડીમાં તો ફૂલોની છાયા
.....એક જ.....
તું જ મારો
તારું શું છે એની ચિંતા ન લગારે...
દુનિયામાં તું છું કે તુજમાં છે દુનિયા આખી...
ભેદભાવની રેખા પળમાં તે તો સાવ ભૂંસી નાંખી...
આ વાતની તો આખી દુનિયા છે સાખી...
સ્વાદ તો પ્રેમરસના હોય, એ જ શકે છે ચાખી...





તારી પ્રીત કરતાં મને શીખવ !!!

હે પ્રભો અરિહંત!
શું તને થાક નહિ લાગતો હોય ?
તને કંટાળો નહિ આવતો હોય ?
તને ગ્લાનિ નહિ આવતી હોય ?
તને માનહાનિ નહિ અનુભવાતી હોય ?
કેટલાય સમયથી તું સતત મારી ઉત્તમતામાં પ્યારભરી નજર રાખીને બેઠો છે... મારી પોઢેલી ઉત્તમતાને ઉજાગર કરવા તારામાં કેવો અણતાક્યો ઉત્સાહ ઉછળી રહ્યો છે...
તારી પાસે કેવો સભાન-સતત ઉદ્યમ ઊગી રહ્યો છે...
હું તારી નજરમાં નજર કરવાની ઉત્તમતા'ય કેળવી શક્યો નથી...
તે જે મારા માટે સહ્યું તે તારું કૌવત.
તે જે મારું અણછાજતું વર્તન-વલણ સહ્યું તે તારી કરુણા...
તે જે મારી અધમતાને ઓળંગી ઉત્તમતા પીછાણી અને કહ્યું તે તારું કૈવલ્ય...
મને ક્યાં ફુરસદ છે કે એની નોંધ પણ લઉં...
તે મારી ઉત્તમતાને ઉજાગર કરવા રચ્યું એ જ તારું કલ્યાણમય જિન-શાસન... જ્યારે હું તારી નજરમાં નજર મેળવવા જેટલી ઉત્તમતા કેળવીશ ત્યારે મારા જીવનને સાર્થક લેખીશ...
"નેહ નયન સે નિત નિત નિરખત જનમ સફલ ભયો મેરો..."
"ચાર આંખો જ્યાં મળે ત્યાં તીરથ થાય છે...
તું જ્યાં હોય છે ત્યાં તો તીરથ જ હોય છે..."
તું જેમાં હોય છે તે પણ તીરથ હોય છે...
આજે મારે શરૂઆત કરવી છે... સાચા અરથમાં તીરથ થવાની...
પ્રભો ! આમ તો મારી શરૂઆતનો પણ કોઈ અંત નથી...
પણ બધી નાની હતી અને નબળી હતી...
તને મળવાની-ભળવાની શરૂઆત નાની સાથે નક્કર અને મક્કમ હોવી ઘટે...
પહાડમાંથી પ્રગટતું ઝરણું...
પૃથ્વીમાંથી ઊગતું તરણું...
શરૂઆતમાં નાનું હોય છે... સાગરમાં વિલીન થવાની અદમ્ય ઝંખના... વૃક્ષ રૂપે વિકસિત

થવાનો અખંડ-આયાસ-પુરુષાર્થ તેમની લઘુતાને મહાનતા બક્ષે છે... આવતા અંતરાયોને વિકાસનો પથ બનાવે છે...

બસ; પ્રભુ આવું જ એક ઝરણું ને તરણું મારી ભીતરમાં પ્રગટે...

તું જ્યાં સુધી ન મળે ત્યાં સુધી તું છે જ અને મળશે જ એવા વિશ્વાસ સાથે જીવતો રહું...

જાતમાંથી વિશ્વાસ ગુમાવવો એ એક આપઘાત છે...

જ્યારે ઝરણું આવો આપઘાત શરૂ કરે છે તો એનો છેડો રણમાં હોય છે...

જ્યારે તરણું આવો આપઘાત શરૂ કરે છે તો એનું અસ્તિત્વ સૂકાઈ જાય છે...

આ જ વાત પરમ-ભક્તિરસિક

જેની સ્તવનામાં અણદીઠી ભવ્યતા હોય છે...

જેની સંવેદનામાં અણસૂઝતી રસિકતા હોય છે...

એવા પરમ પૂજ્યપાદ શ્રી દેવચન્દ્રજી મહારાજ વદે છે...

“પ્રીત અનાદિની વિષભરી તે રીતે, હો કરવા મુજ ભાવ...;

કરવી નિર્વિષ પ્રીતડી કિણ ભાંતે, હો કહો બને બનાવ...

ઈશ્વર-શાશ્વત સાથે પ્રીતિ મેં અશાશ્વતમાં-નશ્વરમાં રાચવા-રમવા કરી

એ જ મારો આપઘાતી મારગ હતો...

તારામાં વિલીન થવામાં અને મારા પૂર્ણ વિકસવામાં

તારી પ્રીત કરતાં તું મને શીખવ...

તારા સ્મરણનું અમૃત મારા વિષનું મારણ છે...

વિષ-વનમાંથી અમૃતના ઉપવનમાં તું દોરી છે...

તુજ સ્મરણથી ભીતરે સાચી દિશા પ્રગટી છે...

નકર ભૂલભૂલૈયાં કેટલીય આજના જગમાં મળી છે...

ભલે! પ્રભુ! મારી પ્રાર્થનામાં કસ ના હોય પણ રસ જરૂર હશે...

મારી શરૂઆત નાની પણ નક્કર બની રહે...

તે માટે મને ઈચ્છું એ નહિ પણ યોગ્ય હોય એ આપજે...

મારી પ્રાર્થના કરતાં પુરુષાર્થને ઊંચેરો રાખજે...

તારો પ્રસાદ અને પ્રવચન

મારી પ્રાર્થના અને પુરુષાર્થ.

ચારનું મિલન એ જ યોગ છે. આ યોગ મારી જાતને પૂર્ણ બનાવાને જ છે...

જાતને નિષેધવા માટે તો સંસાર સંયોગ છે જ...



વિરહની વેદના પ્રાર્થનાનું ચૈતન્ય

હે પ્રભો અરિહંત!
પ્રાર્થના શબ્દોથી નહિ, સંવેદનાથી મપાય છે.
પૂજાના પૂજાપાથી નહિ, પૂજ્યત્ત્વભાવથી મપાય છે.
પ્રાર્થના એટલે
પ્રભુને પામવાની નરી અભિપ્સા
પ્રભુને પામવાનો નિષ્કામ પરિત્યાગ
પ્રભુને પામવા નિરંતર સમર્પણ...
વિરહની વેદના જ પ્રાર્થનામાં ચૈતન્ય પૂરે છે...
વેદનાનો વિરહ પ્રાર્થનાને માત્ર શબ્દ-ગોઠવણ બનાવી મૂકે છે...
વિરહ જ્યાં ઘૂંટાય ત્યાં શબ્દો બેવડાતાં નથી, ઘૂંટાય છે...
ભક્તની દુનિયામાં પ્રભુનો વિરહ હોય પણ વિસ્મરણ નહિ...
વિરહમાં પ્રીતિ ટકી શકે છે... પણ
વિસ્મરણમાં તો નહિ જ...
સંભારવાનો એને હોય છે જે એક ક્ષણ પણ હૃદયથી વિસરાય છે...
જે પ્રેમને સંભારવો પડે તે તો તે જ ઘડીએ નિરાધાર બને છે...

માટે જ... ભક્તો કહેતાં હોય છે.
"સમય સમય સો વાર સંભારું"
પ્રભુ તારો વિરહ ચાલે પણ વિસ્મરણ નહિ...
તારું સ્મરણ પણ મિલનનું એક સ્વરૂપ છે...
માટે જ યોગાચાર્ય પૂ. આ. ગુરુદેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ
"જિનેષુ કુશલં ચિત્તમ્"
ને જ પ્રથમ યોગ-દૃષ્ટિમાં યોગનું જ બીજ જણાવે છે.
પ્રભુમાં સતત હૃદયનું ધબકવું... આ માટે જ તત્પરતા પૂ. વાચક શ્રી દેવચન્દ્રજી "તાર હો તાર" ઘૂંટી-ઘૂંટીને ગાઈ રહ્યા છે કે
પ્રભુ મારી પાસે તારું વિસ્મરણ તો નથી પણ વિયોગ છે...
આ વિયોગનો વિરહ એમને સતાવી રહ્યો છે...
તું ક્ષણભર માટે તારી તાત્ત્વિક પ્રતીતિ દઈ દે!!!
પ્રભુ! તારી પાસેથી કંઈ જ નથી માંગતો... હું આસક્ત નથી...
પણ તને જ માંગુ છું... હું ભક્ત છું...
આમ તો જ્યારે હૃદય પ્રેમથી છલોછલ હોય ત્યારે હંમેશાં આપવાનું હોય છે... માંગવાનું તો નહિ!
મારે તારી ભક્તિને સ્વીકારવા ગ્રહણ-શીલ થવું પડશે... સ્થિર થવું પડશે... નીરવ થવું પડશે. તો જ મારી ભીતરમાં પડેલા ચિદાનંદના સંગીતને માણી શકીશ...
હે પ્રભુ! મારી અનાદિની આદતો-લતો મને બેદરકાર અને બેફામ બનાવી મૂકે છે.
તેથી તારો સંકલ્પ મારામાં કામ કરી શકતો નથી.
એક બાળ જેમ કોઈ પણ તર્ક વિના અને ચિંતા વિના પોતાની જાત માઁના ખોળે આપે છે એમ હું તને ક્યારે સોંપીશ મારી જાત...
હે પ્રભુ! મારામાં મારી ઈચ્છા નહિ, તારી આજ્ઞાને સક્રિય કર...
મારી આદતો મને મારી જાતની ઓળખ જ થવા નથી દેતી...
જો હું મને સાચી રીતે ઓળખી જ ન શકું તો
તને સાચી રીતે સમર્પિત જાત કઈ રીતે કરી શકીશ...?
"જાત જડે તો હરિગુણ ગાવે, આપ અધૂરાઈ જાણે રે..."
મને ખબર પડે તો હું તારી પાસે આવું ને કહું... પૂ. દેવચન્દ્રજીની જેમ...
"તારજો બાપજી નિજ બિરુદ રાખવા, દાસની સેવના રખે ન જોશો..."

"વિનંતી માનજો, શક્તિ આપજો."
પોતાની સેવનાની-સાધનાની કચાશ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી આ વચન બોલાય જ કેમ ?
પૂ. ગુરુદેવની સામે... પસંદગીના બે વિકલ્પો હતાં...
એક હતી વ્યક્તિગત તૃપ્તિ... જે અનાદિ-ક્ષણજીવી હતી, તુચ્છ હતી...
એક હતી પ્રભુની કૃપા... તારી કૃપાની પસંદગી ન કરી. વિનતી માનજો - શક્તિ આપજો.
આવો વિવેક મને ક્યારે મળશે...?
બસ; એમ તો હવે તારી ઉપર જ છોડી દીધું... તારે જ તારું કૃપા-સાગર બિરુદ સાચવવું રહ્યું...
હું મારુ કશું છોડી શકતો જ નથી... પછી કૃપા-અસર થાય જ કેવી રીતે ?
"સેવના રખે ન જોશો" કેવો ભાવ - ઉભરી આવ્યો છે...
"થાકી ગયા છે સાવ, ચરણ ચાલશે નહિ...
કંઈક એવું શોધ જેથી, સડક ચાલતી રહે... !"
પ્રભુ ! હવે તો હું થાકી ગયો છું...
મારા આચરણમાં ગતિ તો નથી પણ થાકીએ ગયા છે...
હવે તો તું મારો માર્ગ છે. તારે જ ચાલવું પડશે...
બીજું વધારે તો શું કહું...?
સૂરજની માંગણી ક્યારેય ધરાએ કરી નથી.
સાગરથી રત્નોની માંગણી કોઈએ કરી નથી.
નદીથી શીતળતાની માંગણી કોઈએ કરી નથી.
ચન્દ્રથી નિર્મળતાની માંગણી કોઈએ કરી નથી...
છતાં બધા પોતાનું સર્વસ્વ ખોલીને પોતાની અમીરાઈ બતાવે છે.
તારી'ય અમીરાઈ ક્યાં ઓછી છે...?
મારી અધૂરપો અને ઉણપો જોવામાં તારી કંઈ શ્રેષ્ઠતા પુરવાર નહીં થાય.
છેવટે પેલા કવિએ મારી વાતને ઊંડાઈથી ખોલી છે...
"જાવું પડે ન ક્યાંય, જો મુજમાં વસો તમે,
સરનામુ મારું, મંજિલો'ય માંગતી રહે..."
જો તું મારામાં આવીને એકવાર વસી જાય તો મારી સેવના-પૂર્ણતા પણ મારું સરનામું શોધતી-શોધતી આવી ચડે...
પ્રભુ-હાજરી જ મારા જીવનને મૂલ્યવાન બનાવશે...
હાજરી સર્વ શાન્તિ, સર્વ આનંદ અને સર્વ સુરક્ષાનું મૂળ છે...

એ હાજરીને તમારી અંદર ખોળી કાઢો તો સઘળી મૂંઝવણો-મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જશે.
સૂરજના કિરણથી જેમ અંધકાર...
એને ખોળવાનું કામ મારે ભક્તિને સોંપવું પડશે...
"મુક્તિથી અધિક તુજ, ભક્તિ મુજ મન વસી"
એ જ મુક્તિને, તને શોધી કાઢશે...
છેવટે પ્રાર્થના તો બધી તારા ઉપરની હોય જ છે ને!...





તારા હોવાથી જગ આખું તીરથધામ

હું મારી કાયાને ચાહું છું એ તારી પાવન છાયામાં છે.
હું મારા હાથને ચાહું છું એ તારા મૃદુ સ્પર્શમાં છે.
હું મારા માથાને ચાહું છું એ તારા પવિત્ર ચરણોમાં છે.
હું મારી આંખોને ચાહું છું એમાં તારું પ્રતિબિંબ છે.
હું મારી જીભને ચાહું છું એ તારી સ્તુતિમાં છે.
હું મારા હૃદયને ચાહું છું એ તારી ભક્તિ-સ્મૃતિમાં છે.
હું મારી ગતિને ચાહું છું એ તારા ભણીની છે.
હું મારી મતિને ચાહું છું એ તારી શોધમાં છે.
હું મારું બધું જ ચાહું છું એ બધું તારામાં છે...
આ બધાથી'ય વધુ હું મને ચાહું... કે એ તું જ છે...

"सो जिन अहमेव च"

હું અખિલ વિશ્વને ચાહું છું બધે તું છે...
કેવલ રૂપે - કરુણા રૂપે
"જ્યાં જઈએ ત્યાં પૂરણ સઘળે, દીસે છે તું હી જ તું હી રે!"

"जिनः सर्वमिदम् जगत्"

હું તને ચાહું કેમ? તું મને ચાહે છે...
તું મને ચાહે છે તેમ વિશ્વને ચાહે છે...
તો!

..... હું તને ચાહું છું તેમ વિશ્વને કેમ ન ચાહું ?
તારી કરુણા એ તારી મુક્તિનો આધાર હશે પણ ?
મારી મુક્તિનો આધાર તો તારી કરુણા જ છે...
હું કશું જ નહોતો.....
મારું કશું જ નહોતું.....
તેં મને પર્વત કરતાં પણ મોટો કર્યો...
હું તો સાવ પછવાડે હતો
તે મને આગળ કર્યો...
મારું હૃદય છિન્ન-ભિન્ન થઈ ગયું હતું
તે મારા ઘાવ રુઝાવ્યાં.
હું પ્રેમી થયો, હું મને ચાહતો થયો...
તારો સ્પર્શ પારસનો, હું હતો લોહ...
"ફળ મને મળશે મુક્તિનું
બીજ વાવ્યું મેં તુજ પ્રીતિનું..."
"પ્હોં ફાટ્યું જીવન-ધરાએ, પળભરમાં ઓગળવા લાગી છે
તમસની ઘેરી અસર...
બસ; હવે તો એક એવી આરત મુજ અંતર
પળ આવે કો'ક એવી જ્યાં તુજ વિણ કશું ન આવે નજર..."
"જ્યારે ભેદ મીટશે પછી, શું બહાર ને શું અંદર?
થઈ જાશે સઘળે, નિર્મળ સરભર-સરભર..."
"ઘટમાં શિવ નજરમાં સુંદર
મનમાં સત્યનું અક્ષય ઠામ
આજ તારા પુણ્ય-પ્રતાપે
તન છે અમારું તીરથ-ધામ..."
"થઈ જશે આમ કામ મારું તમામ
હોઠ પર હૈયે રહે કેવળ તારું નામ...
જ્યાં જઈએ જ્યારે જઈએ ઝળહળ
તારા હોવાથી જગ આખું તીરથધામ..."



તારી મહાનતામાં મારી મહત્તા



હે પ્રભો અરિહંત, સમેશ્વર, સ્મૃતિશ્વર...!
તું અફાટ-અપાર સુખ-સાગર વચ્ચે ખડગની જેમ અડગ હતો...
તો તું દુઃખોના તોફાની ઝંઝાવાતોની સામે મેરુની જેમ અડોલ હતો...
કોઈએ તને કંચનથી શણગાર્યા તો તે જરા'ય લાલસા ધારી નહીં...
કોઈએ તને કરવાલે કે કાંકરે પડકાર્યો તું જરા'ય લાલ થયો નહી...
તારા હક્કારો ગીત ગવાયા તું જરા'ય ઉદ્ધત થયો નહીં...
તને કોઈકે ગાળ આપી તું જરા'ય ઉદ્વિગ્ન થયો નહીં...
આવું હોવા છતાં...
સકલ જીવને તારી કરુણા-કલાથી સુખ વહેંચ્યું...
દુઃખ માત્ર તારા જીવે એકલે જીરવ્યું...
ઉપસર્ગ કે ઉપાસના વચ્ચે તારી સમતા શ્રેષ્ઠ હતી...
સમતા થતી તને, આત્માનુભૂતિ અનંત હતી...
જ્યારે હું!!!
સુખમાં..... સંપત્તિમાં..... સન્માનમાં છલકાઈ જાઉં છું...
દુઃખમાં..... વિપત્તિમાં..... અપમાનમાં સલવાઈ જાઉં છું...
આસપાસથી ઊભરાઈ જતી સાહ્યબી... જોકે તારી ઠકુરાઈની શરમે સાવ નજીવી અને નિર્જીવ છે...
છતાં ભ્રમ માણસને ગુલામીનો-ગરીબાઈનો બોધ થવા દેતો નથી... બોજ વધે જ જાય છે...
ભ્રમ માણસને ભૂલાવે છે...
આ અવસરોમાં પ્રભો!
હું તને અને મને ભૂલી જાઉં છું...
તને છોડી મને છોડી પરપોટા પર પગ મૂકી હરખાતો રહું છું...

દુઃખ જ્યારે એની દાદાગીરીથી મને દબાવે છે... દબડાવે છે ત્યારે હું તને યાદ કરવા બેસું છું... મારી જાતને ત્યારે હું કાયર-કાયર બનાવી વિપત્તિઓ-અપમાનોને સહવાને બદલે ખસેડવાના ધમપછાડાં કરું છું...

ક્યાં તું અને ક્યાં હું...

"અંતર મેરુ સરસવ બિંદુ સિંધુનું,
શી રીતે હવે ઉભય સંગ સધાય જો..."

બસ પ્રભો ! મારી તને એટલી જ પ્રાર્થના છે...

જ્યાં સુધી ઉભય સંગ સધાય નહિ, સમદૃષ્ટિ થાઉં નહિ,
તારી નજરોની સામે નજરો રાખી ઊભો ન રહું ત્યાં સુધી,
હું મેરુ ન થાઉં ત્યાં સુધી,
મારી નજરો નીચેથી પણ તને જ દેખ્યા કરે એવું જ કરજે...
તારી નજરમાં કૃપાપાત્ર બની રહું. તારી કૃપાદૃષ્ટિ મારા પર પડતી જ રહે.
તું મને એવી સ્થિતિમાં મૂકીશ જ નહિ... જેમાં હું તારી પ્રીતિ-ભક્તિ-સ્મૃતિથી અળગો પડી જાઉં...! જો એ સ્થિતિ દુઃખની હશે તો મને મુબારક છે...
પણ તારી સ્મૃતિનો વિરહ જરાય પાલવે તેમ નથી.
જો એ દરદ ગયાથી મારા દિલમાં તારું સ્થાન જતું રહેતું હોય તો ! હું ચોક્કસ કહીશ

"હરદમ તને જ યાદ કરું, એ દશા મળે
એવું દરદ ન આપ કે, જેની દવા ન મળે..."

હજુ તો પ્રભુ ! એ જ સ્થિતિમાં છું... દુઃખ આવી પડેને, હૃદયમાં તારી યાદોનો સૂરજ ઊગે...
પણ ! તારો અધમ ભક્ત એવો છે...
દુઃખ પડે ને તું યાદ આવે, સ્મરણ-ઝરણ પ્રગટે...
તારા પરમ ભક્તો એવા છે...
તું યાદ આવે ને દુઃખ થાય...
ઓ પ્રભુ ! હજુ તારા-મારા વચ્ચે કેટલું અંતર છે ?
ક્યારે આપણી અભેદાવસ્થા સર્જાશે ?
હું બીજું કોઈ કામ ન આવે તો તારી પાસે આવું છું...
તેઓને તો તારા સિવાય બીજું કોઈ દેખાતું નથી...
તારી સાથે આટલો છીછરો અને ક્ષુલ્લક સંબંધ...

છતાં તે મારી સાથે આટલો ઊંડો અને ઉમદા સંબંધ જાળવી રાખ્યો છે...
એ જ તારી મહાનતા છે...
એટલે જ આ દુનિયામાં મારી મહત્તા છે...
તું મારી સાથે છે માટે જ આ દુનિયામાં મારું સ્થાન છે.
તે મારી કચાશને-મારી અધૂરાશને...
અધીરાઈ હોય, નબળાઈ હોય કે ઓછપ પણ તે મને પૂર્ણપણે પ્રેમ કર્યો છે... ઉગાર્યો છે...
મેં તારી પૂર્ણતાને ચાહવામાં હંમેશાં ઓછપ જ રાખી છે...
તું મારી સાથે ઘણું રહ્યો પણ હું તને પૂરેપૂરો ઓળખી-પારખી ન શક્યો, પામી ન શક્યો.
તને મારી જાત આપવાની તાકાત નથી...
તારી પાસેથી માંગવાની લાયકાત નથી...
રોજ-રોજ સવારે હાથ જોડી ઢોંગ કરું છું...
"પ્રભુ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જો ને;
માંહી પડ્યાં તે મહાસુખ માણે, દેખનારા દાઝે જો!..."
ઉપાધ્યાયજી યશોવિજયજી મ. એ પણ તારી સ્તવના કરતાં તને કહ્યું હતું કે -
"શ્રી શીતલ જિન ભેટીયે, કરી ચોખું ભગતે ચિત્ત હો!
તેહથી કહો છાનું કિશું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો!"
જેમ સોનું પાવક પડે છે ત્યારે ચોખ્ખું થાય છે...
તેમ હું તારી આજ્ઞાના પાવક પર પડતું મૂકવા માટે ડરું છું... થથરું છું... સમગ્ર અસ્તિત્વ
તારાથી રંગાઈ જતું નથી... મંજાઈ જતું નથી. કાંઈક-કાંઈક ગુમ હોય છે...
જે ખરેખર સાધનાની મોટામાં મોટી ખામી છે...
કશું જ છાનું નહિ રાખવું એ જ તો મોટી ખુમારી છે...
જોકે તું તો અંતર્યામી છે પણ...
હું કહીને મારું ચિત્ત ખુલ્લું નથી કરી શકતો...
મારું જીવન ચોખ્ખું કરી શકતો નથી...
તારી આગળ માંગવામાં તો હું જરીય જીજક નથી રાખતો
તારી આગળ ખૂલવામાં અધૂરો-અધૂરો જ રહું છું ને!
એ ખુમારી ને ખમીરી પ્રગટે
એ લાચારી ને બીમારી ઉખડે.
તારા કૈવલ્યના સૂરજ અને કિરણોમાં જિજ્ઞાસાનો ઝાકળ બની ભેટું...

તારા આતમ-પ્રદેશો રૂપ પુષ્પે-પુષ્પે પ્રસરતાં ગુણ-રસને ભક્ત-ભ્રમર બની ચાહું...
ચાખું...
અને જો તું ક્યાંક ખોવાઈ જાય તો જાતને જલાવી શોધી શકું...
ક્યાંય પણ હોઉં બસ; તને શોધતો રહું...
તારી સામે જ રહું... તને પીઠ ન કરું...
સૂર્યને પીઠ કરવાથી હંમેશાં અંધારું જ હોય...
એથી વધુ તને પીઠ કર્યા પછી મારો પડછાયો જ મારા ગર્વને ચૂર-ચૂર કરીને રહેશે.
તારા વિના મારા જીવતરનો કશો અર્થ નથી...
તારી સ્મૃતિ અને પ્રીતિ મારી સંગાથે...
તારી દૃષ્ટિ અને સૃષ્ટિ મારી સંગાથે...
તો... કહું છું હિંમતથી ઓ! હામ અને હુન્નરથી તોફાની સાગર ! તરીશ મારા હાથે...
મારી કાયાને તો જ ચાહું જો તારા પાવન સાંનિધ્યમાં હોય.
મારા મસ્તકને તો જ ચાહું જો તારા વાત્સલ્યભર્યા ખોળામાં હોય.
મારા હૃદયને તો જ ચાહું જો તારા પરમ-સ્મરણમાં હોય.
મારા હાથને તો જ ચાહું જો તારા પાવન-દેહને સ્પર્શતા હોય.
મારી નજરને તો જ ચાહું જો તને અપલક નિરખતી હોય.
મારા જીવનને તો જ ચાહું જો તારા નિર્મળ ચરણમાં હોય.
મને પણ તો જ ચાહું જો તારા અનુભવમાં મગ્ન હોય...
હું મને ચાહું કે ન ચાહું
પણ તું તો મને ચાહે જ છે...
એટલે જ તો હું જીવું છું....
બાકી મારામાં-મારી પાસે એવું શું છે કે હું મને ચાહું...?
બસ; એક કે તું મને ચાહે છે... પૂર્ણરૂપે.
તું મને આપે છે... પૂર્ણરૂપે.
તું પૂર્ણરૂપ છે જ...
કારણ અપૂર્ણને તું પૂર્ણપણે ચાહે છે...



પો. વ. ૨/૬૦
અયોધ્યાપુરમ્



હવે મારાથી કેમ રહેવાય?
તું આવજે !!!

હે મુક્તીશ્વર !...
રોજ રોજ તારી પાસે આવું છું...
તારાથી કંઈક ને કંઈક મેળવીને જાઉં છું...
મારી પ્રત્યેક પ્રાર્થના મારી ભીતર એક
અનેરી મથામણ-મૂંઝવણ ઊભી કરે છે...
મારે ક્યાં સુધી ગંધાયેલા રહેવાનું પદાર્થોમાં પડ્યા રહીને...?
મારે ક્યાં સુધી બંધાયેલા રહેવાનું અજ્ઞાનના અભેદી કિલ્લામાં ?
મારે ક્યાં સુધી ગોંધાયેલા રહેવાનું શરીરના લોખંડી ચોકઠામાં ?
ક્યારેક મને મુક્તિ મળશે ?
આટલું બધું હોવા છતાં મારી સૌથી મોટી આદત અને ખોટી આદત પરને ઉપદેશ આપતાં રહેવાનો... સૌથી અઘરું અન્તર્નિરીક્ષણ-જાતતપાસ હોવાથી એની પળોજણમાં પડતો જ નથી. સૌથી સહેલી લોકોને સલાહ આપવાની હોવાથી એમાં હું માંહેર છું...
મસ્ત છું... મારી મહેનત માત્ર એના માટે જ હોય છે...
એના માટે હું મારી જાતને ઢાંકું છું... જે કપટ છે...
હું મારી જાતને કાઢું ક્યાંથી ? સરળતા નથી...
પછી રોજ ગાઉં...
"મનમાં આવજો રે નાથ, મનમાં આવજો રે નાથ"
પણ મને એ ખબર નથી... "સરલ તણે જે હિયડે આવે."
તારું સ્થાન-ધ્યાન નરી સરળતામાં છે...
હું બદ્ધ હોવા છતાં ઉપદેશ મુક્તિનો હોય છે... બસ; મને સતત મુક્તિની ખેવના-ઝંખના-સાધના રહે માટે જ તારી પાસે આવું છું...
તું જ મને મારી મુક્તિનું આકાશ ચીંધી શકે છે...
ક્યારેય બંધાયેલા હાથ પિંજરાના પંખીને આકાશની દિશા ચીંધી નથી શકતા... તારું વચન એટલે મુક્ત ચેતનાનું વચન... એ જ મારા આતમ પંખી ને મુક્ત થવાનો રાહ ચીંધે છે...
તે જ મને કહ્યું ને કે "સંયોગ-વિપ્રમુક્ત" બન...

સંસારના દરેક સંયોગોથી પૂરેપૂરા અળગા થવું... થવું એટલે થવા પહેલા સંયોગો સાથે હોવા છતાં અળગા રહેવું પડશે...
તારું અનુપમ દેહ-સૌંદર્ય
અફાટ-લખલૂટ-ઐશ્વર્ય
આશ્ચર્ય આપે તેવું તારું માન-સન્માન...
આ બધા ઘૂઘવતા સાગર વચ્ચે ખડગ જેવો અડગ તું આખરે અળગો થઈને જ રહ્યો.
બસ; હું પણ 'અળગો રહું' પછી થઈ જઈશ...
પણ ત્યાં સુધી... હું કઈ રીતે કોઈને કહું કે...
મુક્તિની દિશામાં ઊડાણ ભરો...
હે મુક્તિના સ્વામી...!
મારી તને આજે એટલી આરઝુ છે -
મારી તાલાવેલી-તમન્નાને બીજાને મુક્ત કરવામાં લગાડવાને બદલે મારી મુક્તિ માટે વપરાવ...
પણ તું આવે કેવી રીતે ?
અરે ! તું તો દરવાજે જ ઊભો છે, પણ મેં કમાડ વાસી દીધા છે... હવે તો તારે મારી આ કાયરતાને તોડીને આવવું જ પડશે...
તું મારી સામે ન જુએ... એમાં જ તારી મહાનતા છે... મહારાજા કુમારપાલે કહ્યું છે એ જ કહેવાનો અધિકાર મને પણ છે...
"भवजलनिधि मध्यान्नाथ ! निस्तार्य कार्य
शिवनगर कुटुम्बी निर्गुणोऽपि त्वयाऽहम् ।
नहि गुणमगुणं वा संश्रितानां महान्तो
निरुपम करुणार्द्राः स्वार्था चिन्तयन्ति ॥..."
મને ઉગારનાર હે નાથ !
કારણ હું તારો કુટુંબી છું... તું જે જીવરાશિનો પરમ શુદ્ધતાનો સ્વામી છે... ધનાઢ્ય છે....
એ જ જીવરાશિનો હું ગુણ-દરિદ્ર નારાયણ છું... શું તું સાધર્મિક ભક્તિ નહિ કરે ?
સીદાતા શ્રાવકની જેમ પુણ્યશાળી-સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વાત્સલ્યભાવે ભક્તિ કરે છે
અને પગભર કરે છે એમ... હું પણ ગરીબ છું... ગુણની ગરીબાઈ... પુણ્યની મોંઘવારી...
અશુભ નિમિત્તોની ગંદકી વચ્ચે
રઝળતા તારા બંધુને તું ઊંચકી લેને... !!!
તું... અનાહૂત સહાયસ્ત્વમ્
ત્વમ્ અસંબંધ બાન્ધવઃ

त्वम् अकारण वत्सलः

શું પ્રભુ મારે તને બોલાવવો પડે સહાય માટે ? ના. ના. ના.

શું મારે તને મારી ઓળખાણ-લાગવગ આપવી પડે પછી જ જોડાય ? ના. ના. ના.

શું મારી ઉપર તારી કરુણાનું અમરત જળ-વરસાવવા કોઈ કારણ જોઈએ ? ના. ના. ના.

પણ;

આ તો મારી ઉતાવળ-અધીરાઈ છે...

"નિર્ગુણ છું પણ તારો છું... તારા પરિવારનો છું... માટે તું મારા ગુણ-અવગુણ તરફ જોતો નથી. ક્યારેય નહિ...

હું કેવો છું એ નહિ પણ હું કોણ છું એ જોવાની તારી દૃષ્ટિ...

આ દૃષ્ટિએ જ વિશ્વમાં વાત્સલ્યની સૃષ્ટિનો બેતાજ બાદશાહ તને બનાવી દીધો.

તે ક્યાં ચંડકોશીયો કેવો હતો એ જોયું છે ?

તે ક્યાં ઈન્દ્રભૂતિ કેવો હતો એ જોયું છે ?

તે ક્યાં દૃઢપ્રહારી કેવો હતો એ જોયું છે ?

તે ક્યારેય જોયું નથી એ કેવા છે...? પરંતુ એ કોણ છે એ જ જોવાનો પ્રયત્ન કરી એમને ઉગારવાનો પ્રયત્ન કર્યો છે...

આમે'ય પ્રભુ... वज्राद् अपि कठोराणि सुकोमलानि कमलाद् अपि...

કરુણા એ જ સૌથી વધુ કોમળ તત્ત્વ છે વિશ્વનું... અને તું "નિરૂપમ-કરુણાર્દ્ર" એમાં હૃદયડૂબ પૂરેપૂરો ડૂબેલો પછી ક્યાંથી હું કેવો છું એવું તું વિચારે જ...

હા ! ભલે દુષ્ટ-શિરોમણિ હોઉં...

તારો-તારા શાસનનો માત્ર મારી ભૌતિક-કામના કે વાસના-પૂર્તિ માટે ઉપયોગ કર્યો હશે પણ તેં ક્યારેય મને તિરસ્કાર્યો નથી... પડકાર્યો નથી...

"શૂળો રાત-દિવસ ભલેને ડંખતી રહે
'સાહિલ' પડ્યો ન ફેર ફૂલોના સ્વભાવમાં..."

હું શૂલ ને તું ફૂલ... તારી સૂંવાળપ અને સુવાસમાં લેશ-અંશ માત્ર ફેર પડ્યો નથી...

"પથ્થરો કરતાં રહે, મનફાવતી રીતે પ્રહાર
ફૂલના અંતરથી ચિનગારી કદી ઝરશે નહિ ! ! !"

મેં તારી સાથે કેટકેટલા'ય અડપલાં-યુદ્ધો છેડ્યા છતાં તારા હૃદયથી નાની ચિનગારી પણ પ્રગટી નથી... એકધારું કરુણા-જળ વરસતું જ રહ્યું છે... મારા મદ-મેલા પણ અનંત અસ્તિત્વ પર ધીમે-ધીમે એ મંદતા-મલિનતા - ઓગળતી-બળતી જશે આખરે

"જ્યોતિ સે જ્યોતિ મિલી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ..."

પ્રભુ આ પ્રાર્થનાઓ બીજું કાંઈ નહિ પણ મને મારી અપૂર્ણતાનો બોધ કરાવતી રહે છે અને પૂર્ણતાની શોધમાં સતત ઉધમ કરાવતી રહે છે...
પ્રાર્થના મારી યાત્રાનું ભાથું છે... એના બળે અને સહારે-સહારે તારા સુધી હું પહોંચીશ...
શું કહું પ્રભુ! તું મુક્ત છે પણ મને મુક્ત કરાવવા માટે કેટલો બધો પુરુષાર્થ કરે છે!
સૌથી મોટી વાત તો એ છે કે -
તું મારી અપૂર્ણતાને પૂર્ણતાથી ચાહે છે...
મારી અધૂરાશને, મારી ઓછાશને-અધીરાઈને અખિલાઈથી ચાહે છે..
એ તારી વાત્સલ્યની પરમ-સીમા છે...
આ કેવો નાતો!!!
હું ભર-બપોરનો ધખધખતો તડકો
તું મલયગિરિને અડીને આવતો શીતળ અને પરિમલ ભર્યો વાયરો.
હું ભ્રમણથી થાક્યો-પાક્યો... તું મારો વિસામો...
હું ભ્રમણાના ભાર ભર્યો, તું મને હળવે હાથે ઉપાડી લે તરણાની જેમ...
હું સહરાના નિર્જન રણની રેતી, તું મારામાં પગલાં પાડી હરખાતો...
મારી એકલતાની પાનખરમાં, તું રાગ વસંતી ગાતો...
તું જીવનના ખાલીખમ આકાશને આનંદના મેઘધનુષથી પૂરી દેતો મનોરમ...
"તુજ સ્વભાવથી અવળા મારા, ચરિત્ર સકલ જગ જાણ્યાં!"
એ પંક્તિ છે પણ મારા આ અવળા સ્વભાવમાં-રણમાં તારા સવળા પદ-ધ્વનિ સવેળાએ સંભળાય છે... હવે મારે નહિ કહેવું પડે!
"હરિવર! મારા અવગુણ ઓળંગી આવજો!"
હવે મારાથી કેમ કહેવાય કે તું આવજે!!!
તું તો હતો જ પણ મને હું કહીશ, તું દેખજે!!!
"નેહ નયન સે નિત-નિત નિરખત જનમ સફળ ભયો મેરો!!!..."
નિત્ય-નિત્ય તને નિરખવો એ જ મારી મુક્તિનો પંથ... સફળતાનો સંગ...
ઉમંગ-અમંદ...
એટલે જ હું તને નિત-નિત નિરખતો રહું!!!
અને કહેતો રહું...
હું ને તું એક જ... હું = સોઽહં
આવું ન થાય ત્યાં સુધી "શિર તુજ આણ વહું..."





કા. સુ. ૧૩
અયોધ્યાપુરમ્

તું "મહામૈત્ર" છું...

હે પ્રભો અરિહંત !
મને આશ્ચર્ય થાય છે...!
તારી આંખોમાંથી સતત કરુણાનું નીર વરસતું રહે છે.
મારી આંખોમાં સતત શંકાના વિષની વર્ષા...
તારા મુખ પર સતત સમતાભર્યું સ્મિત...
મારું મુખ સદા ઉદ્વેગ અને ઉદાસીનો ઉકાળો...
તું કરુણાના સાજ પર સત્યનું સંગીત વહાવે છે.
મારા શબ્દોમાં અતિશયોક્તિ અને અસત્યનો ઘોંઘાટ...
તારું હૃદય સતત અહંકારરહિત...
સ્પૃહા-મુક્ત...
મારા અંતરમાં સતત અહંની જ્વાળાઓનો, સ્પૃહાનો કીચડ...

અપેક્ષાઓનો અવાજ કીચૂડ-કીચૂડ...
તારી પાસે આવનારા સદા આનંદ-આસ્થા મેળવીને જાય.
મારી પાસે ફરકનાર સદા ગભરાતો અને લથડતો રહે.
તારું બધું જ સહુના માટે હોય છે છતાં અપેક્ષાનો અંશ પણ તારામાં દેખાં ન દે. મારો દેખાવ સેવાનો હોય અને લગાવ સતત કંઈક મેળવવા તરફનો હોય. તને જોતાં જ ઊર્ધ્વગામિતાનો બોધ થાય, મારી વર્તણૂકો અધોગામી બની રહે. તારા પ્રત્યેક વચનો અંતરને અંતર્મુખી બનાવે છે.
મારા પ્રત્યેક બોલ જબરજસ્તી બહાર લાવી મૂકે છે...
તું તારા એક પ્રદેશને શુદ્ધ જુએ છે... ગુણાનંદ માણે છે...
મારા પ્રદેશે-પ્રદેશે કર્મની કાળાશ છે... અધ્યવસાયોમાં કલેશ છવાયો છે...
હું સતત વિષયાનંદી બની રહું છું...
તારાથી તારો સ્વ અને વિશ્વ સ્પષ્ટ બને છે...
હું મારી જાતને જાણી શકતો નથી...
તે પારકાને'ય પોતીકાં કરવાની ટેક કેળવી...
મારી એબ પોતીકાંના'ય પાતિક ખોળી દૂર રહેવાની...
તું સહુ જેવા છે તેવા સ્વીકારીને તેઓની સુષુમ-શક્તિને ચરિતાર્થ કરવા પુરુષાર્થ કરે છે! અપાર આનંદ-સ્રોતમાં નવરાવી દે છે.
જ્યારે હું તારી કૃપા અને પોતાના કૌવતથી ખીલેલી કોઈની આત્મ-શક્તિઓને ઓળખી શકતો નથી.
તે તારા સુખને સહુમાં વહેંચતું કર્યું.
હું મારા દુઃખોના દરિયામાં લોકોને દુઃખ-સમાધિ આપવાની મથામણો કરું છું... સામેવાળાની મહાન ભૂલો પણ તું અવગણીને તારા પ્રેમની અમૃત-લહેરોથી પલાળી દે છે...
હું નાની સરખી ભૂલમાં અમિત્ર થઈ જાઉં છું...
કેટલું કહું! ટૂંકમાં કહું...
"તુજ સ્વભાવથી અવળા મારા, ચરિત્ર સકલ જગ જાણ્યા..."
તારા ગુણ કહી ન શકાય...
મારી અવળચંડાઈથી તું સુજાણ છે છતાં તું મને સ્વીકારે છે...
એ મારા માટે આશ્ચર્ય છે. મારી તને રોજ એ વિનંતી હોય કે -
પ્રભુ! મારી પાસે કરવા જેવું કાંઈ નથી.

કરું તો થાય એવું કાંઈ નથી...
માટે જ પૂ. ઉદયરતનજી કહે છે -
"મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે રાય...
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની..."
તારી એક જ મહેરબાની, મારી બધી જ ગંદકી માફ કરવાનું સત્ત્વ-સામર્થ્ય પ્રગટાવશે.
મારી બધી જ દરિદ્રતા દફનાવી દેશે...
જેણે તારી-મારી વચ્ચે આટલો મોટો ભેદ સર્જ્યો છે...
તારી કૃપાની કરામત એ જ છે...
"ભેદ સર્જ્યા છે મેં અને
ભેદ ભાંગવાનું-ભૂંસવાનું બીડું ઝડપ્યું છે તેં!!!"
તે મને જેવો છું એવો સ્વીકાર્યો એથી મને પ્રતીતિ થઈ કે -
તું "મહામૈત્ર છું" "सर्वात्मसु कृपा अद्भुता"
હવે મારી તુચ્છતા-ક્ષુદ્રતા ઓગળતી થશે.
આકાશ જેવી વિશાળતા-અલિપ્તતા મળશે...
દુનિયાની દરેકે-દરેક વસ્તુ માણસને નિરાશ કરે છે.
એક માત્ર તું છે જે ક્યારે'ય કોઈને નિરાશ કરતો નથી.
તું મહાન છે. કારણ તને માન નથી.
તારા માટે મને બહુમાન છે...
તું પ્રેમ-પૂર્વક પૂર્ણપણે સાંભળે છે... તું એટલે જ મહાન છે...
તારી નમ્રતા મહાન છે.
તેં મને તુચ્છતા છોડી નમ્ર બનવાનો સંદેશો આપ્યો છે.
નાનો પણ નિખાલસ અને નમ્ર પોકાર તને સંભળાય છે...
પોકાર મારી ભીતર મારા તુચ્છ આવરણોને તોડવાનું પરાક્રમ પ્રગટાવે છે...
બાળક જેમ માઁને પોકારે છે
વૃક્ષો જેમ રાતે તારાઓને... તેમ
હું તને પોકારું છું...
નાનું તરણું વિશાળ વસુંધરામાં જ પ્રગટી શકે છે.
નાનું ઝરણું મહાકાય પહાડમાંથી જ ફૂટી શકે છે.
નાનો તારલો આકાશમાં જ નિર્ભય વિચરી શકે છે.

એ જ એનું સૌંદર્ય છે.
એમ પ્રભુ હું પણ તારા હૃદયમાં વસું, ભલે; ખૂબ નાના તરીકે પણ તારામાં હોવું મારા માટે મુક્તિનો દૂત છે... પૈગામ છે.
એક કવિએ કહ્યું છે...
"અંતર વગરના રસ્તા ઉપર
અંત વગરનો સાથ લઈ
દિવસભરના થાક પછી તું આવ
મહેંકતી રાત થઈ..."
તારું આવવું... એટલે તારા-મારા વચ્ચેનું અંતર લોપાઈ જવું...
તારો અને મારો સાથ અંત વગરનો...
પૂ. આનંદઘનજી જણાવે છે તેમ,
"રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત"
તારી સાથેના જોડાણનો કોઈ અંત નથી હોતો પણ અનંતકાલની પરીક્ષા અને પ્રતીક્ષા પછી તારી સાથે મારો મેળ ખાય પછી;
તું મારા માટે વિશ્રામ છે તો સંસારનો વિરામ છે...
તારા મળ્યા પછી મારી ગતિને દિશા મળે છે.
તારા મળ્યા પછી મારી મતિને દૃષ્ટિ મળે છે...
મારી દશામાં ક્યાંક દિવ્યતાનો સંચાર થાય છે...
જો, તું મને આટલી લઘુતા સાથે પણ ઉપકારભાવ વિના સ્વીકારી શકતો હોય તો હું શા માટે નિર્દોષ-પ્રભુતાને અહંકારભાવ વિના સ્વીકારી ના શકું...!
અહંભાવના ધુમ્મસને મારી આ વામણી અને પાંગળી પ્રાર્થનાઓ હટાવી દેશે. રુમી કવિએ સાચું જ કહ્યું છે કે -
"પ્રાર્થના ધુમ્મસને હટાવે છે
હૃદયને ફરી શાંતિ અર્પે છે..."
રોજ સવારે રોજ સાંજે...
હૃદય મારું ગાતું રહે છે
હે ઈશ્વર ! હે પ્રભુ !
ઈશ્વર સિવાય કોઈ વાસ્તવિકતા નથી.
તારો અનન્યભાવે અનુભવ એ જ મારું ધ્યેય-લક્ષ્ય બની રહો...

સવારે કે સાંજે... એક જ ગીત...
"જ્ઞાતા-ત્રાતા ત્વમેવૈક"
"એસ અટ્ઠે, એસ પરમટ્ઠે, સેસે અન્નટ્ઠે..."
મને ઈશ્વર સિવાય ક્યાંય વાસ્તવિકતા દેખાય નહિ...
હવે વાસ્તવિકતા સિવાય બીજું કાંઈ અનુભવાય નહિ...
"જ્યાં જઈએ ત્યાં પૂરણ સઘળે
દીસે છે તું હી જ તું હી રે !"
"તુજ સ્વરૂપે તે થયા, જેણે લહ્યું તારું તાન રે !"
મારી પ્રાર્થનાના દરેક શબ્દોમાં તું - તું... તેથી તેજ અને તાજગી પ્રગટે...
ઠેર-ઠેર પ્રાર્થનાઓ, યાચનાઓ કરી ખરેખર કંટાળી ગયો, કાયર થઈ ગયો હવે મારે તારા ચરણે જ વારંવાર પ્રાર્થના કરવામાં હિત છે...
"અવર આગળ જઈને કેમ યાચું, મહિમા અધિક તુમારો રે !"
"એકવાર નમાવી ચરણોમાં
ના શીશ ઉઠાવી જાણું છું
એ ગર્વ નથી પણ શ્રદ્ધામાં
મસ્તક હું અણનમ રાખું છું..."
પ્રભુ હવે તું વિખૂટો ન પડે એટલે તને કહું...
જવું હોય તો જજે પણ રસ્તામાં તારા સ્મરણને ઠેસ ન વાગે એમ વિદાય લઈને જજે...
બહુ બોલી દીધું નાથ...
હવે તું મારા શબ્દોને લઈ લે... તારું મૌન મને દઈ દે !
મારું મૌન એ મારી પ્રાર્થનાનો આપેલો તારો પ્રત્યુત્તર છે...
બાણ વરસાવતા આ સંસારમાં અનેરી ટાઢક અને નિરાંત એ તારા હસ્તાક્ષર
જે ઊતર્યા મારા હૃદયમાં...



તારી હાજરી મારું કલ્યાણ



હે પ્રભો અરિહંત...!
મારી પ્રાર્થનાને તું કલકલ કરતાં ઝરણાંની જેમ તારી તરફ વહેવા દે!
ઝરણું અદમ્ય ઉદ્યમ અને અદ્ભુત ઉત્સાહ લઈને સાગર તરફ વહેતું રહે છે.
પ્રાર્થના એટલે તારી પૂર્ણતાની મારામાં પ્રેમમય પ્રતીતિ...
પ્રાર્થના એટલે મારી પૂર્ણતાને મારામાં ખુલ્લી મૂકવાની આજીજી...
પ્રાર્થના એટલે તારા તરફથી મળેલા પ્રેમની કૃતજ્ઞતાનું કાવ્ય...
પ્રાર્થના એટલે તારી પ્રસાદીને પામી કૃતાર્થતાનું કૂંજન...
પ્રાર્થનામાં તું, તારાથી પ્રાર્થના...
સૂરજના સ્પર્શનો પડઘો પંખીઓના ગાનમાં પૃથ્વી આપે છે...
હૃદયની ધરા પર થતો તારો સ્પર્શ મારી પ્રાર્થનાઓમાં પડઘાય છે...
પરમ-ભક્તિ-મસ્ત પૂ. ગુરુદેવ દેવચન્દ્રજી તારી સાથે કરેલી ગોઠડીમાં આ જ સૂર રેલાવે છે...
"જગત જંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે વાલેસર...
ચિદાનંદ સુવિલાસિતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે..."
સૂરજ-દાદા ઉગમણાના પાટલે બેસીને દાન દેવાની શરૂઆત કરે છે...
એના કિરણોમાં માત્ર પથને બતાવતો પ્રકાશ જ નહિ પણ...
પથમાં પુરુષાર્થ આપતા પ્રાણને પણ આપે છે...
જે જીવો આને મેળવે છે એના જીવનમાં કાર્યની ઘગશ ખીલી ઊઠે છે...
તારા ધ્યાનનો સૂરજ ઊગતાં મારા પથમાં-ડગમાં અજવાળાં રેલાય છે...
અને ડગ ભરવાનો ઉત્સાહ ઉભરી આવે છે...
જે જીવોમાં કાર્ય-રુચિ નથી એને સૂર્ય કશું કરી શકતો નથી.
જે જીવોમાં કાર્ય-રુચિ છે એ સૂર્ય વિના કશું કરી શકતા નથી.
બસ; એમ જો મારામાં
મારા સ્વરૂપને બદલવાની તીવ્ર ભાવના-રુચિ નહિ હોય તો!
તારું ધ્યાન મને બદલી નહિ શકે!
મારું સ્વરૂપ બદલવાની તીવ્ર રુચિ હશે તો તારા ધ્યાન વિના કશું થઈ નહિ શકે...
તારા ધ્યાનમાં મારા સાચા સ્વરૂપને ખોલવાની અખૂટ શક્તિ રહેલી હોય છે. તે મને એ લેવાની છૂટ પણ આપી છે...

તું કેમ મને મળવા નથી આવતો ? ! ! !
તને એમ છે કે આ નરી કામના-વાસનાઓ ભરી બેઠો છે...
એટલે લાંબુ-લાંબુ માંગશે...
"નાહકનું કૈંક દાસ માંગશે રે,
તુંને કનડે છે ક્યાસ ?
નવનિધિ માંગીને શું કરું રે;
ચાહું ચપટી સહવાસ..."
બસ; પ્રભુ ચપટી સહવાસ... એવો પવિત્ર હોય જેમાં તારી અસર સિવાય બીજી કોઈ અસરનો અણસાર પણ ન વરતાય...
તું મને ચપટી આપીશ તો મારે માટે તો અખય ખજાનો...
તું ખાલી માવઠું જ આપ પણ મારે મન ચોમાસું ચોધાર...
એક જ દે ચિનગારી મહાનલ ! ! !
તારી એક પાંખડી મારે માટે તો વસંત-ઉત્સવ...
"મેરે મન આઈ બસો ભગવાન તું આવ !
મેં નિર્ગુણી ઈતના માંગત હૂં થાય મેરા કલ્યાણ..."
આટલું જ... હવે તારા સિવાય કોઈનું દાસત્વ ન રહે એ જ મારું કલ્યાણ છે...
"પરમ-કલ્લાણા, પરમ-કલ્લાણ હેઉ"
આ કેવી અલૌકિકતા ! ! ! કાર્ય પણ તું, કારણ પણ તું ! ! !
સઘળે બસ તું જ તું... મને સ્વીકાર તું...
હું ભારે છું માટે ડૂબી રહ્યો છું...
દાસત્વની ગેરહાજરી એ જ ડૂબવું છે... હાજરી એટલે પાર-પાર...
"હળવો થઈને આમ તો ભારે થતો રોજ,
ઝાકળ જેવો છું છતાં પર્વત જેવો ભાર..."
માટે પૂ. દેવચન્દ્ર ગુરુવર્ય એ જ કહી રહ્યાં છે કે -
મને તાર-તાર એટલે બીજું કાંઈ નહિ પણ દાસ તરીકે સ્વીકાર...
આ રહ્યાં એ ઉદ્ગાર
"પ્રભુ મુજ સેવક ભણી"
તું મને સેવક કહે એટલે હું તર્યો...
ત્યાં સુધી હું તણાયો... તરડાયો... તરછોડાયો...



તારે પણ વરસ્યા જ કરવાનું છે...

હે પ્રભો અરિહંત ! પરમાર્થેશ્વર...!
તું પ્રાણીમાત્રની હિત-ગંગાની ગંગોત્રી છે...
તું સંસારના કાદવમાં ઊગેલું કમળ છે...
તારી દરેક પ્રવૃત્તિ પાછળ પરમાર્થનો પંથ સર્જાય છે...
તે સંસારના ઉંબરે પગ મૂક્યો ને અનાસક્ત ભોગી થયો... રહ્યો...
તે સંસારની તમામ ઉચિત પ્રવૃત્તિ આદરી પણ બધામાં તું નિષ્કામ બની રહ્યો...
તું મારા જેવા જીવોને જડના જંગલમાંથી પાર કરવા, જિનશાસનની સ્થાપના કરવા
યોગ-ભોગ બધાથી અળગો થઈ અસંગની અલખ જગાવી, નિષ્કંપ થઈ, સાધક બન્યો
ને જિન-શાસન પ્રવર્તાવી અમારા પર ઉપકારની રસલહાણ વરસાવી રહ્યો છે...
એ અમૃત-ધાર હજુ સુધી અનવરતપણે વરસ-વરસ કર્યા જ કરે છે...
અનાદિથી ઊઠેલી જઠરાગ્નિ-કામાગ્નિ-ક્રોધાગ્નિ-કર્માગ્નિ પૂરેપૂરી શમશે નહિ ત્યાં સુધી
તારી કૃપા-ધારામાં નહાયા જ કરવું છે...
તારે પણ વરસ્યાં જ કરવાનું છે...
પૂ. માનવિજયજી મ. એ જે વિનંતી તને કરી એને હું મારી જ માની કહું...
“પ્રભુ મહેર કરીને આજ, કાજ અમારા સારો;

મુકાવ્યો પણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો,
ભક્તિભાવ ઊઠ્યો જે અંતર, તે કેમ રહે શરમાણો...”
કેવી દૃઢ પ્રતિજ્ઞા છે... અરે ! એ પહેલાં કેવી દિલની પ્રાર્થના છે...
હે નાથ ! અમારા કાજ સારો...
પેલાં વાદળ ટોળેટોળાં અષાઢે જળભરી-ભરી ધરા પર જળના વજનથી વાદળના દળ વરસી પડે છે... તું અમારા પર વરસી પડ...
તું અમારા પ્રદેશે-પ્રદેશે તારી અનુભૂતિની અમીવર્ષા કર...
અમે તારા પદે-પદે, પગલે-પગલે પ્રીતિ-પ્રતીતિની પ્રતિપત્તિની વર્ષા કરીએ...
તારા તનના પદમાં (પગમાં) અમારું મસ્તક...
તારા જીવનના પદમાં (અરિહંતપદમાં) અમારું હૃદય
તારા વચનના પદમાં (પ્રવચનમાં) અમારું જીવન વરસ્યાં જ કરે...
અંતરથી ઉઠ્યો જે ભક્તિ-ભાવ, વરસ્યા વગર રહેશે નહિ... જેમ વાદળ જળના ભારથી વરસ્યાં વગર રહેતાં નથી તેમ...
તારી કૃપા-અમીને તો કોઈ વરસતું રોકી શકે તેમ નથી...
પણ અમારા મસ્તકને-હૃદયને-જીવનને ખૂબ ઝંઝાવાતો વરસીએ એ પહેલાં જ ક્યાંય ફંગોળી નાંખે છે.
માટે જ તો પ્રતિજ્ઞા છે પ્રભુ મુકાવ્યો પણ નહિ મૂકું, નવિ ચૂકું એ ટાણો...
ફૂલ-ચાહક ક્યારેય બાગમાં કાંટા ઉગાડતો નથી. ફૂલદાની ફૂલ સિવાય કોઈનાથી સજાવતો નથી. “હું તો થયો છું તુજ ગુણરાગી...”
હું ક્યારેય તારા સિવાય કોઈના પરમ-બ્રહ્મ સિવાય કોઈના પણ અનુભવને જીવનમાં ઉગવા દઈશ નહિ...
તારા વિના કોઈના પણ ગુણ ગાઈશ નહિ...
આવી ભીષ્મ-પ્રતિજ્ઞા પૂ. માનવિજયજી જેવી મારી થાય એવી આશા રાખું છું...
પણ બીજી કોઈ નહિ... પણ મારી પોતાની નબળી કડીઓ મારી પ્રતિજ્ઞાના પ્રાણને ક્ષણે-ક્ષણે ઘાયલ કરે છે.
કો'ક વાર તો મૃત પ્રાયઃ કરે છે.
તારું સ્મરણ એને માટે સંજીવની છે. એનો સ્પર્શ થતાં જ પાછી ચેતનવંતી બની જાય છે માટે જ વારંવાર મન-મરજીથી અને કોઈક વાર નબળી કડીઓ ચડી બેઠી હોય મારા પર ત્યારે મન મારીને પણ તારી પાસે આવું છું...
કારણ મારા મૃત્યુનો તું જ ઈલાજ છે...
“એ જિન ધ્યાને ક્રોધાદિક જે આસપાસથી અટકે,

કેવલનાણી બહુ સુખ ખાણી કુમતિ-કુગતિ પટકે;
એ જિનને જે દિલમાં ન આણે તે તો ભૂલ્યા ભટકે,
પ્રભુજીની સાથે ઓળખ કરતાં વાંછિત સુખડાં સટકે...”
મારું વાંછિત એક જ તારાથી હું ક્ષણભર દૂર ન થાઉં... માટે
વારંવાર તારું સ્મરણ કરું છું પણ...
તારું સ્મરણ જે અંતર-અવાજ સાથે થવું જોઈએ એ નથી થાતું માટે મારી તને નહિ મૂકવાની એ પ્રતિજ્ઞાથી હું વેગળો થઈ જાઉં છું... મરી જાઉ છું. માત્ર સ્વકેન્દ્રી હોઉં છું... સ્વ એટલે મારો બનાવટી રૂપ-અહંકાર અને મારી બનાવટી સંપત્તિ... એટલે ટૂંકમાં હું પદાર્થ- કેન્દ્રી હોઉં છું. સ્વ પણ અસત્ય હોય છે. જૂઠાણું હોય છે...
નટ જ્યારે મંચ પર નાચે છે ત્યારે પોતાની અસલિયત અને શખ્સિયત, વાસ્તવિકતા અને વ્યક્તિત્વ ભૂલી જાય છે તેમ હું મારું ભાન ભૂલી જાઉં છું ને મારી સામે માત્ર સ્વાર્થ રમવા માંડે છે, જે હકીકત મારી નથી.
હું પરમાર્થની જગ્યાએ અધમાર્થનાં વડવાનળમાં ભુંજાઈ જાઉં છું અને ફરી મૃત્યુને શરણ થાઉં છું...
ઉંદરડા ભૂખ લાગે ત્યારે ભૂખના દુઃખ ભૂસવાના ભૂલી ચપટી અનાજ માટે સાપના મોઢામાં મોઢું નાખે છે ત્યારે સાપ એનું જ ભોજન કરી લે છે. ભોજનની વાત તો દૂર પણ પોતે જ કાળનો કોળિયો બની જાય છે...
બસ; એમ મારો આત્મા પુદ્ગલાનંદી-ભવાભિનંદિતાથી ભાન ભૂલી સંસારમાં જાય ને ભવનો ભોરીંગ મને ઓઈયા કરીને પાછા ચક્કરમાં નાંખી ચૂરેચૂરા કરી નાંખે.
હું શું કરું છું એ પણ વિચારતો નથી.
મારું શું થશે એ'ય ગણકારતો નથી.
૫ + ૧ = ઈન્દ્રિય-અતિન્દ્રિયની ક્ષણિક ભૂખ ભાંગવા અક્ષણિક આત્માને કર્મનો કોળિયો બનાવી દઉં છું...
તો બીજી બાજુ
મારું કામચલાઉ-બિકાઉ સ્વાર્થ સધાતાં બીજાનું વિચારતો નથી...
સુંદર કવિતા જો ને આ જ ગર્ભિતાર્થ વાત સૂચવે છે...
“ઈશ્વરની અસીમ કૃપાથી તમારું પેટ સદા'ય ભરેલું ને ભરેલું જ હોય છે પણ કોઈના ઉણા ઉદરનો વિચાર સરખો'ય ન આવે તેવું તમારું મન ઘડાયું શી રીતે?”
મારું પેટ ભરતાં બીજાનો વિચાર સરખો કરતો નથી એ વાત તો જવા દો... મારું પેટ-બીજાના પર સંહાર કરતાં'ય મને વિચાર-લાજ સરખીયે આવતી નથી. આવું મન મારી આ સ્વકેન્દ્રિતા (પદાર્થ કેન્દ્રિતા) એ ઘડ્યું છે...

હવે તારી પાસે આવ્યો છું...
તું "આકાલમેતે પરાર્થ વ્યસનિનઃ"
તું હંમેશાં કોઈ પણ સ્પૃહા વગર, અભિમાન વગર નિરીહં-નિરહંકાર ઉપકાર કરતો રહે છે... નથી તને ગર્વ ઉપકાર કર્યાનો...
નથી તો તને ગ્લાનિ ઉપકાર કરતાં...
તારો ઉપકારભાવ કેવો... ! ! !
પૂજ્યપાદ શ્રી દેવચન્દ્રજી મ. ગાઈ રહ્યાં છે કે - તારી કરુણા...
"સર્વ જન્તુ હિત કરણી કરુણા...
પર દુઃખ છેદન ઈચ્છા કરુણા..."
હિત કરવામાં... હતાશા દૂર કરવામાં...
મન, પોતીકાં હોય તો એના માટે માખણ જેવું...
દુશ્મન માટે સહરાના ધગધગતા રણ જેવું...
તારા અને જીવ વચ્ચે કોઈ પરાયાપણું નથી. એના માટે તારી કરુણા માખણ જેવી છે...
જીવ અને શિવ વચ્ચે, આત્મા અને આનંદ વચ્ચે દુશ્મનાવટ ખેલતી કર્મ-ચેતના માટે તું રણ જેવો છે. એના શોષણ માટે, છેદન માટે તું પરમ-સમર્થ છે... માટે તું અજાત-શત્રુ, કોઈ તારો શત્રુ નહિ...
જીવમાત્રનો તું પરમ-કલ્યાણમિત્ર.
મિત્ર એટલે જેના હોવાથી આનંદ બેવડાય અને દુઃખ વહેંચાઈ જાય, વેરાઈ જાય, વહેરાઈ જાય, તારા સહવાસ માત્રથી...
અમને તું માખણ છે એવો અનુભવ થાય છે.
અમારા દુશ્મનો માટે તું રણ જેવો લાગે છે, જ્યાં તેઓ ફરકી પણ શકતાં નથી... કદાચ ફરકી જાય તો ટકી શકતાં નથી.
મારું દુઃખ પણ તું દૂર કરી શકે.
મારાથી પડતું બીજા પ્રાણીઓનું દુઃખ પણ તું દૂર કરી શકે છે...
(જે હકીકતમાં બીજા નથી, હું પોતે જ છું... છતાં મારી ક્રૂરતા-સ્વાર્થાંધતા-ભોગાંધતા અભેદતાને નિહાળવા દેતી નથી... ભેદની ભયંકર ભુજાઓ વચ્ચે ભીંસાતો રહું છું...)
મારી બન્ને નબળી કડી તું કચડી નાંખ...
(૧) નાનકડા નાશવંત સુખ માટે, મોટું દુઃખ વહોરી લઉં છું...
(૨) નાનકડું નાશવંત સુખ મળતાં બીજાનું દુઃખ વિસારી દઉં છું...
તું ભક્ત-વત્સલ છે... નિષ્કામ છે...
તને મારાથી કોઈ કામના નહિ હોય પણ મારી તો આ પ્રાર્થના રહેવાની જ...

"ભક્ત-વત્સલ તારું બિરુદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે ઉમાહું..."
મારી તને લેશભર આશા નથી પણ મને તો તારી આશા વિના લેશભર પણ ચાલે તેમ નથી માટે જ ઉપરની કડીના સર્જક પૂ. જ્ઞાનવિમલજી મ. કહે છે... પડકારે છે...
"જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો મોરા સાંઈ રે."
એનો રસ્તો તને પણ નહિ જડે, મને પણ નહિ જડે એટલે હું તને છોડવાનો નહિ જ...
પૂ. ગુરુદેવશ્રી હેમચન્દ્રાચાર્યજી ફરમાવી રહ્યાં છે - તને જ તેમણે કહ્યું હતું...
"ज्ञाता ताता त्वमेवैक, स्त्वत्तो नान्यः कृपापरः ।
नान्यो मत्तः कृपापात्र, मेधि यत्कृत्य कर्मठः।।"

ઉપા. શ્રી યશોવિજયજી મ. પણ આ જ અનુભવે છે...
"મોટો જાણી આદર્યો, દારિદ્રય ભાંજો જગ તાત હો;
તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો..."
તું મારો એક માત્ર રાખણહાર છે.
તારા જેવો કોઈ કૃપા-સાગર નથી... ક્ષીરસમુદ્ર છે તું તો કૃપાનો...
મારા જેવો કોઈ કૃપાપાત્ર નથી, તરસ્યો નથી. હવે તારા માટે...
મારા માટે કોઈ જ આરો-ઓવારો નથી. મારી તરસ મટશે નહિ ત્યાં સુધી તારા સાગરને મારા માટે અનામત રાખવો જ પડશે. એમાં કોઈ બેમત નથી.
એટલે! મારી આ પ્રાર્થના
મારી આ પ્રતિજ્ઞા... તારે પાર પાડવી પડશે...
"મુકાવ્યો પણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો..."
તું તો મુકાવશે જ નહિ...
પણ! કો'ક મારામાંનો દોષ-દુઃખ-પાપ-પીડા મુકાવવા માટે આવે તો જ તારે મારું પ્રણ કરવું પડશે... તું મારી સાથે હશે તો હું પણ એમની સામે હામ ભીડીશ અને કહીશ...
"મોતને કહી દે ન મૂકે હોડમાં નિજ આબરૂ
શૂન્ય છે એ કોઈનો માર્યો કદી મરશે નહિ..."
તારી કૃપાથી પ્રગટેલું કૌવત એમની આબરૂના ધજાગરા
કર્યા વિના રહેશે નહિ...





આ. સુ. ૧૦
અયોધ્યાપુરમ

૬૬ થઈ ૬વે !!!

હે પ્રભો ! અરિહંત સમર્થેશ્વર !

તું સર્વજ્ઞ છું. હું અલ્પજ્ઞ છું.

તું સમર્થ છું. હું પરાધીન છું.

હું ક્યારે મારા પગ પર ઊભા રહેવાનો યત્ન કરીશ. મારો આત્મા હંમેશાં માટી-પગા પદાર્થો પર સુખની આશા રાખતો આવ્યો છે...

માટીના થાંભલા પર મસ્તીના મહેલ ચણતો આવ્યો છે. થોડો ટકે ના ટકે-કકડભૂસ થઈ જાય છે.

મને ભીતર રહેલી શક્તિમત્તા પર ભરોસો નથી, મને મારી ઉત્તમતાનું ભાન નથી. આ અલ્પજ્ઞતાએ મને શક્તિહીન બનાવ્યો, અધમતાના ઉકરડામાં સબડાવ્યો છે... તને જોયાં પછી એમ લાગે છે કે - મારે મારી અલ્પજ્ઞતા અને પરાધીનતાને ફંગોળવી જ પડશે... મારી સામે આવતી લાલચો-લોભામણી જાહેરાતોને જલાવવી જ પડશે. વર્ણ-ગંધ-રસ-

સ્પર્શની આકર્ષક જાહેરાતોની લલચામણી મારી છેતરામણી કર્યા પછી મારા પર સતામણી ચલાવે છે. શોષણ કરે છે... પરિણામ.

શુદ્ધ આત્મા સતત અશુદ્ધિમાં

સ્થિર આત્મા સતત અસ્થિરતામાં

પૂર્ણ આત્મા સતત અપૂર્ણતામાં

પૂ. દેવચન્દ્રજી મ. ખૂબ જ ઊંડાણથી આ વાતને સ્વીકારી કહે છે...

"મન-તનુ ચપલ સ્વભાવ વચન એકાંતતા

વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે છે છતાં..."

નિર્બળ હંમેશાં ચંચલ હોય છે... સબળ હંમેશાં અચલ હોય છે...

મારા તમામ યોગો ચંચળ તેને પરિણામે મારે પરાધીન બનવું પડે છે...

મેરુ અચલ છે... નિર્બળ નથી, સ્વાધીન છે...

જ્યારે તણખલું નાની-સી લહેરખીમાં ફંગોળાતું રહે છે... એ પરાધીન છે... સ્વત્વ નથી... સત્ત્વ નથી...

યોગોની ચંચળતા કર્મબંધ કરાવે છે... તું નિષ્કંપ છે... એટલે તને નથી તો કર્મો આધીન કરી શકતા... નથી તો તું કર્મોને આધીન...

મન-તન-ચપળ છે... નિર્બળ છે...

વચનમાં એકાંતતા છે... એકાંતતા એટલે અધૂરાશ...

વચનમાં કો'ક એક જ અંશના બોધને સંપૂર્ણ માની અજ્ઞાનમાં અને અભિમાનમાં ચકચૂર રહેવું...

બધાનું મૂળ કારણ છે... વસ્તુની-પદાર્થની-પુદ્ગલની અનંત પર્યાયમયતા જોઈ શકતો નથી.

કોઈ એક જ પર્યાયને શાશ્વત માનીને તેના પર દારોમદાર રાખવો...

વસ્તુના કોઈપણ એક અંશને પૂર્ણ માનવું એ મિથ્યાત્વ છે...

વસ્તુના કોઈપણ એક અંશને શાશ્વત માની વ્યવહાર કરવો એ અવિરતિ છે... એટલે પાપોની પરંપરા ચાલતી રહે...

પર્યાય નષ્ટ થઈ જાય પછી ત્યાંથી અટકવાનું નથી રહેતું...

બીજા પર્યાય ઉપર આધાર રાખવો પડે છે.

વિરતિ એટલે માત્ર પોતાની ગુણ-સૃષ્ટિ પર જ આધાર રાખવો...

આમ અલ્પજ્ઞતાથી પરાધીનતા.

પરાધીનતાથી અલ્પજ્ઞતા.

આ ચક્રમાં ચાલ્યા જ કરું છું...
મારી પદાર્થમાં-જડમાં રહેલી શક્તિમત્તાની બુદ્ધિએ અને ઉત્તમતાની બુદ્ધિએ...
મારી વિલસી રહેલી ચૈતન્ય-શક્તિ અને શુદ્ધિને બહાર ઉગવા જ ન દીધી...
એક અલૌકિક તેજ-પુંજ અંદર ને અંદર રીબાતું રહ્યું...
બુદ્‌બુદ્‌ વિકાસ પર ક્યારેય મોતીઓ મૂંઝાતા નથી.
ઝાકળને મળેલી મનોહરતાને ક્યારેય મોતી જેટલા મૂલ્ય મળતાં નથી કારણ બધા જ નબળા છે, ચંચળ છે...
મેં બુદ્‌બુદ્‌-પરપોટાની લાલચમાં આવી અનંતકાળની રખડપટ્ટી પાછી કેવી ભાંગેલી-તૂટેલી સામે ચડીને વહોરી લીધી.
ઝાકળને મોતી માની લીધા.
મને સંસારની તુચ્છતાએ નથી ડૂબાડ્યો પણ એ તુચ્છતાને મેં જે મહાનતા બક્ષી અને મારી પોતાની જાતને પીઠ ધરી એથી જ નિર્બળતા મળી છે...
"સૂર્ય સામે પીઠ ધરનારા તને ક્યાં ભાન છે...?
તારો પડછાયો જ કરશે ગર્વ તારો ચકચૂર..."
બસ; જેમ તને પીઠ દેવી એ આશાતના છે... એમ આત્માને પીઠ આપી પુદ્ગલો તરફ ધસી જવું એ જ યાતના છે...
પુદ્ગલોની તો શું તાકાત કે મને ત્રાસ આપી શકે...
"પૂર્વ ને પીઠ કરવાથી મારો પડછાયો મને મારશે.
પશ્ચિમનો અંધકાર તો પછી મારશે..."
આજે તારે ચરણે આવ્યો છું !
અધમને પીઠ કરી પરમને પ્રાર્થું છું...
અધમતામાં દફન થઈ ગયેલી ઉત્તમતાને બહાર ખેંચી કાઢવાની શક્તિ દે...
પૃથ્વી કેરા ગર્ભમાંથી પ્રગટતી પ્રકાશ ભણી જતી ઝંખના એ પ્રાર્થના છે...
મારી એ ઝંખના મને પ્રકાશ ભણી લઈ જશે...
મને સમર્થ કરશે...
મને સર્વજ્ઞ કરશે...
તારી કૃપા-દૃષ્ટિ મારા આ અજ્ઞાન-અશક્ત વાસનાઓના નાગચૂડ વિષને હરી લેશે...
તારી કૈવલ્યદૃષ્ટિનો રસ-પ્રવાહ તારા પ્રવચનો પર સવાર થઈ મારા કાનથી-હૃદયમાં સ્થાન પામશે...

ત્યારે શક્તિમત્તાને કોઈ પછાડી શકશે ?
ઉત્તમતાને કોણ દબાવી શકશે ?
“ગયું બધું જે જે હતું નબળું...
બચ્યું એ બધું થયું સબળું...”
હવે... હું સબળ થઈશ, નિર્મળ થઈશ... અચલ થઈશ...
ન થાઉં ત્યાં સુધી બસ મને તારા ચરણે રહેવા દે...
તારું મૌન કે તારી વાણી
મારા માટે ઉપકારી છે...
હું સતત એમાં જ લીન બનું... મારી બધી જ હદો વટાવી તારામાં ભળી જઉં...નહિ તો
“એક બિંદુ ન થઈ શકે સિંધુ
દેહધારીને એ જ અડચણ છે...”
મારું બિંદુ તારામાં ભળી જાય તો જ સિંધુ બની શકે...
“એકની એક વાત તને કરું છું...
અમર થઈને વારંવાર મરું છું...
અદાહ્ય થઈને દાવાનળે બળુ છું...
હદ થઈ હવે માટે આ પોકાર કરું છું...”



‘પ્રાર્થના’ પછીની મારી પ્રાર્થના

આ
પ્રાર્થનાઓમાં
કવિવર
ટાગોરના
ગીતની
સોડમ
અનુભવાય છે.
વિશ્વપ્રેમ,
વિશ્વકલ્યાણ અને
અંતરની શુદ્ધિ
એ
આ સંગ્રહનું
હાર્દ છે.

ISBN : 9789348101778